

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**
(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI DASHAVAIKALIK SUTRA



## PART : 01

## શ્રી દશવૈકાલિક સૂત્ર : ભાગ– ૦૧

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्रीघासीलालव्रति-विरचितया आचारमणि-
मञ्जूषाख्यया व्याख्यया समलङ्कृतं

# श्रीदशवैकालिकसूत्रम्

[प्रथमो भागः अध्ययन १-५]

नियोजकः-

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात प्रियव्याख्यानि-पं० मुनिश्री कन्हैयालालजी
महाराजः ।

*

प्रकाशकः

परमश्रद्धासंपन्न अ. सौ. पानकुंवरबाई धींगडमलजी कानुगा प्रदत्त
द्रव्यसाहाय्येन श्रीअखिल-भारत-श्वेताम्बर-स्थानकवासि-
जैनशास्त्रोद्धार समितिः
प्रमुख श्रेष्ठि-श्री· शान्तिलालमंगलदासभाई महोदयः
राजकोट.

*

तृतीयं संस्करणम्-५००

मूल्यम् रु. २५

| तृतीय-आवृत्तिः | वीर-संवत् | विक्रम संवत् | इस्वीसन् १९७४ |
|---|---|---|---|
| प्रति ५०० | २५०० | २०३१ | |

પ્રકાશક : પ્રાપ્તિ સ્થાન
શ્રીઅ.ભા.શ્વે સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ગ્રીન લૉજ પાસે, રાજકોટ.

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastrodhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurash tra), W. Ry, India

卐

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥१॥

卐

हरिगीतच्छन्दः

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्व इससे पायगा ।
हैं काल निरवधि विपुलपृथ्वी ध्यान में यह लायगा ॥१॥

卐

ત્રીજી આવૃત્તિ : પ્રત ૫૦૦
વીર સંવત્ : ૨૫૦૦
વિક્રમ સંવત્ : ૨૦૩૧
ઇસ્વી સન : ૧૯૭૪

મુદ્રક :
મહન્ત સ્વામી શ્રીત્રિભુવન દાસજી શાસ્ત્રી
રામાનંદ પ્રિંટિંગ પ્રેસ
કાંકરિયા રોડ અહમદાવાદ-૨૨

શ્રી વર્ધમાન શ્રમણ સંઘના આચાર્યશ્રી

# પૂજ્ય આત્મારામજી મહારાજશ્રીએ

શ્રી દશવૈકાલિક સૂત્ર માટે

*

આપેલ

# સમ્મતિપત્ર

ઉપરાંત

## પૂજ્ય શ્રીઘાસીલાલજી મહારાજનાં

બનાવેલાં બીજા સૂત્રો માટે તેઓશ્રીનાં મંતવ્યો

*

તેમજ

અન્ય મહાત્માઓ મહાસતીજીઓ, અદ્યતન પદ્ધતિવાળા કૉલેજના પ્રોફેસરો

તેમજ

શાસ્ત્રજ્ઞ શ્રાવકોના અભિપ્રાયો

ઠે. ગ્રીન લૉજ પાસે
ગરેડીયા કૂવા રોડ
રાજકોટ : સૌરાષ્ટ્ર

શ્રીઅખિલ ભારત શ્વે. સ્થા. જૈન
શાસ્ત્રોદ્ધાર સમિતિ

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रात: ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रात:काल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

શ્રી દશવૈકાલિક સૂત્ર કી

# વિષયાનુક્રમણિકા


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **પ્રથમ અધ્યયન** | |
| ૧ | મંગલાચરણ ધર્મમહિમા | ૧ |
| ૨ | અહિંસા કા સ્વરૂપ | ૨ |
| ૩ | સંયમ કા સ્વરૂપ એવં મુખવસ્ત્રિકા કા સંબંધિ વિચાર | ૩ |
| ૪ | તપ કે ભેદોં કા નિરૂપણ | ૧૭ |
| ૫ | ગોચરી વિધિમેં ભ્રમર કા દ્રષ્ટાંત | ૨૪ |
| ૬ | ભિક્ષાગૃહણ વિષયક શિષ્યકી પ્રતિજ્ઞા | ૨૮ |
| ૭ | સાધુઓં કા સ્વરૂપ કથન | ૨૮ |
| | **દૂસરા અધ્યયન** | |
| ૮ | શ્રામણ્ય મેં અધિકારી કા લક્ષણ | ૨૯ |
| ૯ | ત્યાગી કા સ્વરૂપ કથન | ૩૦ |
| ૧૦ | કામરાગ કે દોષોં કા વિચાર | ૩૧ |
| ૧૧ | કામરાગ નિવારણ કા ઉપાય | ૩૨ |
| ૧૨ | છોડે હુએ ભોગોં કા પુનઃ અંગીકાર કરનેમેં સર્પકા દ્રષ્ટાંત | ૩૭ |
| ૧૩ | રાજીમતી કે દ્વારા પ્રતિબોધ કો પ્રાપ્ત હુઆ રથનેમી કા સંયમમેં સ્થિર ભાવ રહને સે પુરૂષોત્તમત્વ કી સિદ્ધિ | ૩૯ |
| | **તીસરા અધ્યયન** | |
| ૧૪ | મુનિયોં કે આચાર નિરૂપણ મેં મહર્ષિયોં કે સ્વરૂપ નિરૂપણ | ૪૧ |
| ૧૫ | (૫૨) અનાચીર્ણ | ૪૨ |
| ૧૬ | શય્યાતર વિચાર | ૪૪ |
| ૧૭ | વસતિ યાચન વિધિ | ૪૫ |
| ૧૮ | શયયાતર કે ઘરમેં કલ્પ્યકલ્પ્ય કી વિધિ | ૪૬ |
| ૧૯ | (૫૨) અનાચીર્ણ | ૪૮ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૦ | અનાચીર્ણ ત્યાગી મુનિ કા સ્વરૂપ | ૪૯ |
| ૨૧ | ઉપસંહાર અધ્યયન સમાપ્તિ | ૫૦ |

## ચતુર્થ અધ્યયન


| | | |
|---|---|---|
| ૨૨ | પ્રવચન સંબંધી આપ્તોપદેશ | ૫૧ |
| ૨૩ | ભગવત્ શબ્દ કા અર્થ તથા ષટ્ જીવનિકાય કા સ્વરૂપ | ૫૧ |
| ૨૪ | ષટ્ જીવનિકાય કે દંડ પરિત્યાગ કા ઉપદેશ | ૫૮ |
| ૨૫ | પ્રાણાતિપાતાદિ પંચઅપ્રત એવં રાત્રી ભોજન વિરમણ | ૬૧ |
| ૨૬ | શિષ્ય કા મહાવ્રત સ્વીકાર | ૬૬ |
| ૨૭ | પૃથ્વિકાયાદિ ષટ્કાયયતના કા સ્વરૂપ કથન | ૬૬ |
| ૨૮ | અયતના સે દુઃખ ફલ પ્રાપ્તિ કા કથન એવં યતનાવાન કો પાપબન્ધન ન હોને કા કથન | ૭૧ |
| ૨૯ | જ્ઞાન પ્રાપ્તિ કા ઉપાય | ૭૨ |
| ૩૦ | સંયમજ્ઞ કા પરિચય | ૭૨ |
| ૩૧ | પુણ્ય કા સ્વરૂપ એવં જીવોં કે કર્મબન્ધ કે સ્વરૂપ કથન | ૭૩ |
| ૩૨ | કોક્ષ કા સ્વરૂપ | ૭૯ |
| ૩૩ | પુણ્યાદિ જ્ઞાન સે ભોગ કા વિચાર | ૮૨ |
| ૩૪ | ભોગ કે વિચાર સે સંયોગાદિ કા ત્યાગ એવં સંવરધર્મ તથા શુક્લ ધ્યાન વ લોક સ્વરૂપ કા કથન | ૮૨ |
| ૩૫ | શૈલેશીકરણ કા સ્વરૂપ તથા અયોગી ધ્યાન કી સિદ્ધિ ઔર ખિદ્ધોં કે ઉર્ધ્વ સ્વરૂપગમન કા કથન | ૮૭ |
| ૩૬ | સુગતિ ધર્મ ફલ કિસ કો દુર્લભ એવં કિસ કો સુલભ હૈ ઉસકા કથન | ૮૯ |
| ૩૭ | ચારિત્ર કા મહત્વ એવં અધ્યયન કા ઉપસંહાર | ૯૦ |


## પાંચવા અધ્યયન


| | | |
|---|---|---|
| ૩૮ | પાંચવા અધ્યયન કી અવતરણિકા | ૯૧ |
| ૩૯ | ભક્તપાન ગવેષણ કી વિધિ | ૯૨ |
| ૪૦ | ગોચરી મેં ચિત્ત કી સ્થિરતા કા ઉપદેશ | ૯૨ |
| ૪૧ | ગોચરી ગમન કી વિધિ | ૯૩ |
| ૪૨ | વિષમ માર્ગસે જાને મેં સંયમ વિરાધના કા સંભવ | ૯૩ |

| अनु. | विषय | પાના નં. |
|---|---|---|
| ४३ | गमनमें पृथ्वीकायकी यतना रखने का विचार | ९३ |
| ४४ | अप्कायादि की यतना का विचार | ९४ |
| ४५ | चतुर्थ महाव्रत-ब्रह्मचर्य यतना का विचार | ९४ |
| ४६ | मार्ग गमनमें यतना का विचार | ९५ |
| ४७ | गोंचरीमें कायचेष्टा का विचार | ९५ |
| ४८ | गोचरीमें कुल (गृह) प्रवेशविधि का विचार | ९६ |
| ४९ | भिक्षा के लिये स्थितमुनिकी कायचेष्टा का विचार | ९७ |
| ५० | गृहस्थ के घर स्थित रहने का विचार | ९७ |
| ५१ | पाकादि कार्यमें स्त्री की उपस्थिति का विचार | ९८ |
| ५२ | संहरणमें चतुर्भंगी का विचार | ९९ |
| ५३ | पुरः कर्म का कथन | १०१ |
| ५४ | पश्चात्कर्म का कथन | १०२ |
| ५५ | आहार गृहणमें विवेक विचार | १०३ |
| ५६ | शंकित-मुद्रित आहार गृहण का निषेध | १०४ |
| ५७ | दानादि के लिये या पुण्यके लिये उपकल्पित आहार गृहण का निषेध | १०४ |
| ५८ | औद्दोशिक क्रीतकृतादि आहार का विचार | १०६ |
| ५९ | निःशङ्कित आहार गृहण की आज्ञा | १०८ |
| ६० | तेजोविराधनामें आहार गृहण का निषेध | १०८ |
| ६१ | दुर्गममार्ग में गमन का निषेध | १०९ |
| ६२ | मालाहृत भिक्षाका निषेध | १०९ |
| ६३ | आहार गृहण विवेक विचार | ११० |
| ६४ | त्याज्य फलों के नामोल्लेख | ११० |
| ६५ | पान गृहण विधि | १११ |
| ६६ | कारणोपस्थितिमें गोचरीमें आहारविधि | ११२ |
| ६७ | आहारमें आये बीजादि का परिठवन की विधि | ११३ |
| ६८ | उपाश्रय में आकरही आहार करने का कथन | ११४ |
| ६९ | गोचरीमें अतिचारों की आलोचन विधि | ११४ |
| ७० | कायोत्सर्गमें चिन्तनप्रकार | ११५ |
| ७१ | अन्यमुनियों को आहार गृहण के लिये प्रार्थनाका विचार | ११५ |
| ७२ | आहार का उपभोगकी विधि | ११५ |
| ७३ | मुधा दाता एवं उपभोक्त्का का मोक्षगमन का कथन | ११६ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **પાંચવેં અધ્યયન કા દૂસરા ઉદ્દેશ** | |
| ૭૪ | અપર્યાપ્ત આહાર હોને પર પુનર્ગોચરી ગમન કી વિધિ | ૧૧૭ |
| ૭૫ | સમયકી મર્યાદાનુસાર ગોચરી ગમન કા કથન | ૧૧૭ |
| ૭૬ | ગોચરી મેં ક્ષેત્ર યતના કા કથન | ૧૧૮ |
| ૭૭ | ભિક્ષાકે લિયે ગૃહ પ્રવેશ વિધિ | ૧૧૮ |
| ૭૮ | પુષ્પ સંસ્પર્શહસ્તસે ભિક્ષા લેને કા નિષેધ | ૧૧૯ |
| ૭૯ | સચિત્ત હરિતકાય ગૃહણ કા નિષેધ | ૧૧૯ |
| ૮૦ | સચિત્ત આહાર પાન લેને કા નિષેધ | ૧૨૦ |
| ૮૧ | ભિક્ષાચરણમેં વિવેકશીલ હોને કા કથન | ૧૨૦ |
| ૮૨ | ભિક્ષામેં ચોરીકા નિષેધ એવં ચોરી કે દોષ | ૧૨૧ |
| ૮૩ | મદ્યપાન કા નિષેધ | ૧૨૨ |
| ૮૪ | મદ્ય સેવન કરનેવાલે કે દોષ કા કથન | ૧૨૩ |
| ૮૫ | મદ્યપાન કે દોષોં કા ત્યાગ કરનેવાલે કા ગુણ | ૧૨૪ |
| ૮૬ | તપચોર કે દોષ કથન | ૧૨૪ |
| ૮૭ | તપચોર કો અનિષ્ટ ફલ પ્રાપ્તિ કા કથન | ૧૨૫ |
| ૮૮ | ઉપસંહાર | ૧૨૬ |


## ॥ સમાપ્ત ॥

## ગુજરાતી-ભાષાનુવાદ.

**'धम्मो मंगल'** ઈત્યાદિ. જે નરક આદિ દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવે અને સ્વર્ગ મોક્ષ આદિ શુભ સ્થાનોમાં પહોંચાડે તેને ધર્મ કહે છે.

કહ્યું પણ છે કે-"દુર્ગતિમાં પડતા જીવોની રક્ષા કરે છે અને પછી તેમને શુભ ગતિમાં પહોંચાડે છે, તેથી તે ધર્મ કહેવાય છે." અર્થાત્ દુઃખોથી છોડાવીને પ્રાણીઓને અનંત સુખની પ્રાપ્તિ જે કરાવે છે, તે ધર્મ છે.

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, અહિંસા, સંયમ અને તપ, એ ત્રણ તેનાં લક્ષણો છે.

**અહિંસા**-હિંસાનો ત્યાગ કરવો અર્થાત્ પ્રાણીઓના પ્રાણની રક્ષા કરવી અને તેમના પ્રાણોની રક્ષા કરવાની ઇચ્છા રાખવી એ અહિંસા છે. હિંસાના અભાવને અહિંસા કહેવામાં આવે તો અહિંસા અભાવ-રૂપ થઈ જશે. અભાવ કોઈ કાર્યને પ્રતિ કારણ થઈ શકતું નથી, તેથી કરીને અહિંસાથી સ્વર્ગ મોક્ષની પ્રાપ્તિ નહિ થાય. એટલે અહિંસાને ભાવરૂપ (વસ્તુરૂપ) માનવી જ ઉચિત છે. અને જો તે વસ્તુરૂપ છે, તો પ્રાણોની રક્ષા કરવી એવો અહિંસા શબ્દનો અર્થ સિદ્ધ થયો. જેઓજી વોની રક્ષા કરવી-કરાવવી એને અહિંસા નથી માનતા તેઓ અહિંસાના યથાર્થ તત્વને જાણતા નથી.

ભગવાને પ્રશ્નવ્યાકરણના પ્રથમ સંવરદ્વારમાં કહ્યું છે કે-"બધા જીવોની રક્ષા (મરતા જીવોને પોતે અથવા બીજાઓ દ્વારા બચાવવા) અને દયા (દુઃખથી છોડાવવાની ઇચ્છા)ને માટે આ પ્રવચનનો ઉપદેશ આપ્યો છે."

વાચસ્પત્ય મહાકોશમાં પણ કહ્યું છે કે-"હે ભૂમિસુરશ્રેષ્ઠ ! પ્રયત્ન વડે પર પ્રાણીઓના કલેશનું નિવારણ કરવાને માટે હૃદયમાં જે ઇચ્છા ઉત્પન્ન થાય છે તેને દયા કહે છે." ॥૧॥

સંથારગપઇન્નાની ટીકામાં કહ્યું છે કે- "એ દાન દાન નથી, એ ધ્યાન ધ્યાન નથી, એ જ્ઞાન જ્ઞાન નથી, એ તપ તપ નથી, એ દીક્ષા દીક્ષા નથી, અને એ ભિક્ષા ભિક્ષા નથી કે જ્યાં દયા નથી; અર્થાત્ દયારહિત બધી ક્રિયાઓ મિથ્યા એટલે નિષ્ફળ છે." ॥ ૨ ॥

ધર્મરત્નપ્રકરણમાં પણ કહ્યું છે કે—"ધર્મનું મૂળ દયા છે; દયાપૂર્વક કરેલી બધી ક્રિયાઓ સફળ થાય છે, તેથી જીનેન્દ્રના માર્ગમાં દયાવાન જ ધર્મનો અધિકારી થઈ શકે છે." ॥૩॥

ઉક્ત કથનથી એ સ્પષ્ટ થઇ ગયું કે મરતા પ્રાણીને બચાવવો એ પણ અહિંસા છે. ભગવતીસૂત્રના પંદરમા શતકમાં ભગવાન્ શ્રી ગૌતમને કહે છે કે—"હે ગૌતમ ! બાલતપસ્વી વૈશ્યાયન દ્વારા કાઢવામાં આવેલી ઉષ્ણ તેજોલેશ્યાના તેજને શીતલ તેજોલેશ્યાથી શાંત કરીને; મંખલિપુત્ર ગોશાલકની ઉપર દયા કરવા માટે મેં તેને બચાવ્યો."

અહીં એવો સંદેહ થઈ શકે છે કે—જો બચાવવામાં ધર્મ થાય છે તો ભગવાને પોતાના સમવસરણમાં રહેલા સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર નામના શિષ્યોને કેમ ન બચાવ્યા ?

એનું સમાધાન એ છે કે-ભગવાન્ સર્વજ્ઞ હતા, તેથી કોનું આયુષ્ય કેટલું અવશેષ રહ્યું છે અથવા સમાપ્ત થઈ ચૂક્યું છે તે ભગવાન્ પોતાના નિર્મળ કેવળ જ્ઞાનથી જાણતા હતા. સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર શિષ્યોનું વર્તમાન આયુષ્ય સમાપ્ત થઇ ચૂક્યું હતું.

**પ્રશ્ન**—જેમ વર્તમાન આયુષ્ય સમાપ્ત થવાથી કોઈ કોઈને બચાવી શકતું નથી; તેમજ આયુષ્ય બાકી હોય તો કોઈ કોઈને પ્રાણરહિત પણ કરી શકતું નથી.

**ઉત્તર**—એવી શંકા કરવી જ ઉચિત નથી, કેમકે ત્રિષષ્ટિશલાકાપુરૂષ, દેવતા અને નારકીઓ સિવાય બીજા બધા પ્રાણીઓનું આયુષ્ય બાકી હોય તો પણ વિષ, શસ્ત્ર, આદિ કારણોથી તેમનું અકાળમૃત્યુ પણ થઈ શકે છે. એ વાત શાસ્ત્રસિદ્ધ છે. એટલે આયુષ્યનો સદ્ભાવ હોવા છતાં પણ પ્રાણોનું વ્યપરોપણ થઈ શકે છે.

વધારે વિસ્તાર નહિ કરવાના હેતુથીઆ પ્રકરણને અહીં જ સમાપ્ત કરીએ છીએ.

પ્રાણિપ્રાણરક્ષણ અને તેની ઇચ્છાને અહિંસા કહે છે એવો સિદ્ધાન્ત થયો.

## અહિંસા કા સ્વરૂપ

અહિંસા શબ્દમાં જે હિંસા શબ્દ છે એનો અભિપ્રાય શું છે ? આ સંબંધમાં કહે છે— પ્રમાદને વશ થઇને પ્રાણનો અતિપાત કરવો તે હિંસા છે.

(૧) મદ્ય, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા અને (૫) વિકથા, એ ભેદે કરીને પ્રમાદ પાંચ પ્રકારનો છે. અથવા (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) વિપર્યય, (૪) રાગ (૫) દ્વેષ, (૬) સ્મૃતિભ્રંશ, (૭) યોગદુષ્પ્રણિધાન, (૮) ધર્મનો અનાદર, એ ભેદે કરીને પ્રમાદ આઠ પ્રકારનો છે

હિંસા ત્રણ પ્રકારની છેઃ— (૧) દ્રવ્યહિંસા, (૨) ભાવહિંસા, અને (૩) ઉભયહિંસા.

**(૧) દ્રવ્યહિંસા**—આત્માના પરિણામ વિશુદ્ધ હોવા છતાં અકસ્માત્ ઇચ્છા વિના જંતુઓની વિરાધના થઈ જાય તે દ્રવ્યહિંસા છે. જેમકે—આહાર વિહાર આદિમાં પ્રવૃત્ત, સમિતિ અને ગુપ્તિને ધારણ કરવાવાળા મુનિએ જ્યારે એક પગ ઉપાડયો ત્યારે ઉપાડેલા પગની નીચે કાંઇ જીવને લીધે અથવા બીજા કોઈ કારણથી કોઈ બેઇંદ્રિય આદિ લઘુકાય

જીવ અચાનક પગ નીચે આવી જાય, અને મુનિ એની રક્ષા કરવાનો પ્રયત્ન પણ કરી રહ્યા હોય, તો પણ અચાનક દબાઈ જવાથી વિરાધના થાય. આ પ્રકારની હિંસા, શરીરના યોગની ચપલતાને સર્વથા દૂર કરવી અત્યંત કઠિન હોવાને કારણે વ્યવહારનયમાત્ર છે.

**(૨) ભાવહિંસા**—પ્રાણથી રહિત કરવાની ઇચ્છારૂપ આત્માનું અવિશુદ્ધ પરિણામ એ ભાવહિંસા કહેવાય છે.

જેમકે-મગર નામના એક જળચર પ્રાણીની ભમ્મર પર ચોખા જેવા બારીક શરીર-વાળો એક તંદુલ નામનો મત્સ્ય થાય છે. એ મત્સ્ય અંતર્મુહૂર્ત ગર્ભમાં રહીને જન્મ લે છે. તેનું આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું હોય છે. તે ગર્ભજ જીવ હોવાને લીધે તેને મન થાય છે. તે મગરની ભમ્મર પર બેઠોબેઠો મગરનું કૃત્ય જુએ છે કે આ મગર જળમાંના જીવોને ખાવાને માટે પહેલાં પોતાના મ્હોંમાં પાણીને ખેંચે છે, પછી પાણીના વેગથી આવેલી માછલીઓને મ્હોંમાં રોકીને જ્યારે પાણીને કાઢી નાંખે છે, ત્યારે દાંતના છિદ્રો દ્વારા પાણીની સાથે સાથે ઘણીય નાની નાની માછલીઓ બહાર નીકળી જાય છે. એ નીકળી જતી માછલીઓને જોઈને. તંદુલ મત્સ્ય વિચારે છે કે આ મગરના દાંતનાં છિદ્રોની વાટે ઘણીય માછલીઓ બહાર નીકળી જાય છે, પરન્તુ જો મારૂં શરીર મગરના જેટલું મોટું હોત તો હું એમાંથી એક પણ માછલીને બહાર નીકળવા ન દેત બધીયનું ભક્ષણ કરી જાત.

આ પ્રમાણે એ પરમ કલુષિત અધ્યવસાયરૂપ ભાવહિંસાથી તેત્રીસ સગરનું નરકાયુષ્ય બાંધીને અંતર્મુહૂર્તનું આયુષ્ય સમાપ્ત કરે છે અને તમતમા નામની સાતમી નરકપૃથિવીની અંદર નારકીપણે ઉત્પન્ન થાય છે.

અથવા જેમ-મંદ મંદ પ્રકાશમાં કોઈ હિંસકે દોરડાને સર્પ સમજીને ક્રૂર પરિણામથી માર્યો, અથવા મારવાનો પ્રયાસ:કર્યો, તો તેમાં દોરડું અચેતન હોવાથી જો કે પ્રાણનું વ્યપરોપણ થયું નહીં, તો પણ આત્મામાં અશુદ્ધ પરિણામનો ઉદય હોવો એ પણ ભાવહિંસા છે. આ હિંસાથી નિશ્ચિતપણે ચતુર્ગતિમાં પરિભ્રમણ કરનારાં કર્મોનો બંધ થાય છે.

**(૩) ઉભયહિંસા**—અશુદ્ધ પરિણામોથી જીવનો ઘાત કરવો એ ઉભયહિંસા છે; કેમકે એ હિંસામાં આત્માના અશુદ્ધ પરિણામ તથા પ્રાણનો નાશ બન્ને રહેલા હોય છે. જેમકે-કોઈ પારધી હરણને મારવાની ઇચ્છાથી બાણ છોડે છે અને એ રીતે હરણના પ્રાણનો નાશ થઇ જાય છે.

## સંયમ કા સ્વરૂપ એવં મુખવસિત્ર કા સંબંધિ વિચાર

**સંયમ**—સાવદ્યયોગથી સમ્યક્ પ્રકારે નિવૃત્ત થવું તેને સંયમ કહે છે. સંયમ સત્તર પ્રકારનો છે. સમવાયાંગના સત્તરમા સમવાયમાં તે પ્રકારો કહ્યા છે. (૧) પૃથિવીકાયસંયમ, (૨) અપ્કાસંયમ, (૩) તેજસ્કાયસંયમ, (૪) વાયુકાયસંયમ, (૫) વનસ્પતિકાયસંયમ, (૬) દ્વીન્દ્રિયસંયમ, (૭) ત્રીન્દ્રિયસંયમ, (૮) ચતુરિન્દ્રિયસંયમ, (૯) પંચેન્દ્રિયસંયમ, (૧૦) અજીવકાયસંયમ (૧૧) પ્રેક્ષાસંયમ, (૧૨) ઉપેક્ષાસંયમ, (૧૩) અપહૃત્યસંયમ (પરિષ્ઠાપના-સંયમ), (૧૪) પ્રમાર્જનાસંયમ, (૧૫) મનઃ સંયમ, (૧૬) વાક્સંયમ, (૧૭) કાયસંયમ.

**(૧) પૃથિવીકાયસંયમ**—હાથ પગ ઇત્યાદિથી સચિત્ત પૃથિવીનું સંઘટન (સ્પર્શ) વગેરેને વર્જવું.

(૨) **અપ્કાયસંયમ**—સચિત્ત જલનું સંઘટન આદિ ન કરવું

(૩) **તેજસ્કાયસંયમ**—રાંધવું, રંધાવવું વગેરે કોઈ પ્રયોજનને માટે અગ્નિના સંઘટન આદિને વર્જવું.

(૪) **વાયુકાયસંયમ**—વસ્ત્ર, પાત્ર, પંખો, ફૂંક ઇત્યાદિથી ઉત્પન્ન થએલા વાયુદ્વારા વાયુકાયની વિરાધના વર્જવી.

વસ્ત્ર, પાત્રો ઇત્યાદિને અયતનાપૂર્વક રાખવાથી, અયતનાપૂર્વક લેવાથી, ફેંકવાથી પાડવાથી, તથા વસ્ત્ર–પાત્ર–પંખો વગેરેને હલાવીને વાયુકાયની ઉદીરણા કરવાથી તથા બોલતી વખતે મુખના ઉના વાયુથી વાયુકાયની વિરાધના થાય છે.

(૫) **વનસ્પતિકાયસંયમ**—વૃક્ષ, લતા આદિ હરિતકાયના સંઘટન આદિથી નિવૃત્ત થવું.

(૬-૭-૮-૯) **દ્વીન્દ્રિયાદિસંયમ**—દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોનું સર્વથા ઉપમર્દન ન કરવું, તે તે પ્રકારનો સંયમ, અર્થાત્ દ્વીન્દ્રિયસંયમ, ત્રીન્દ્રિય સંયમ, ચતુરિન્દ્રિયસંયમ અને પંચેન્દ્રિયસંયમ કહેવાય છે.

(૧૦) **અજીવકાયસંયમ**—મૂલ્યવાન વસ્ત્ર પાત્ર આદિને ગ્રહણ ન કરવાં, તથા કલ્પે તેવાં જ વસ્ત્ર પાત્ર આદિને યતનાપૂર્વક લેવાં તથા રાખવાં.

(૧૧) **પ્રેક્ષાસંયમ**—વસતી, વસ્ત્ર, પાત્ર, પાટ, પાટલા ઈત્યાદિને યતનાપૂર્વક તથા વિધિસર પ્રતિલેખન કરવાં.

(૧૨) **ઉપેક્ષાસંયમ**—સંયમમાર્ગમાં અનુકૂળ–પ્રતિકૂળ પરીષહોથી કલેશનો અનુભવ કરનારા, અથવા અસંયમમાં પ્રવૃત્તિ કરનારા, સ્વપરના આત્માઓને સંયમના ગુણ તથા અસંયમના દોષ સમજાવીને પછી સંયમમાર્ગમાં પ્રવૃત્ત કરવા અથવા વસ્ત્ર–પાત્ર આદિનો ઉપભોગ કરતી વખતે એકવાર પ્રતિલેખન કરવું એ પ્રેક્ષાસંયમ છે, અને વારંવાર ચારે બાજુએથી પ્રતિલેખન કરવું એ ઉપેક્ષાસંયમ છે.

(૧૩) **અપહૃત્ય (પરિષ્ઠાપના) સંયમ**—યતનાપૂર્વક ઉચ્ચાર–પ્રસ્રવણને પરઠવવાં –ત્યજવાં.

(૧૪) **પ્રમાર્જનાસંયમ**—યતનાપૂર્વક વસતી વસ્ત્ર પાત્ર આદિને પૂંજવાં (પ્રમાર્જવાં).

(૧૫) **મનઃ સંયમ**—અકુશળ મનનો નિરોધ કરીને કુશળ મનની પ્રવૃત્તિ કરવી, અર્થાત્ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન તથા શુકલ–ધ્યાનમાં મનને લગાડવું.

(૧૬) **વચનસંયમ**—અશુભ વચનનો ત્યાગ કરીને શુભ વચન બોલવાં.

(૧૭) **કાયસંયમ**—અયતનાને ત્યજીને યતનાપૂર્વકજ કાયાની પ્રવૃતિ કરવી.

સંયમના સત્તર ભેદ બીજે પ્રકારે પણ થાય છે. જેમકે પ્રાણાતિપાત આદિ પાંચ આસ્રવોનું વિરમણ (૫), પાંચ ઇન્દ્રિયોના ઈષ્ટ વિષયોમાં રાગ ન કરવો, અનિષ્ટ વિષયોમાં દ્વેષ ન કરવો (૧૦), ઉદયમાં ન આવેલા ક્રોધ આદિ ચાર કષાયોનો નિરોધ કરવો અને ઉદયમાં આવેલાને નિષ્ફળ કરવા. જેમકે ક્રોધનો ઉદય થતાં ક્ષમા રાખવી, માનનો ઉદય થતાં માર્દવભાવ રાખવો, માયાનો ઉદય થતાં સરલતા રાખવી, અને લોભકષાયનો ઉદય થતાં નિર્લોભતા ધારણ કરવી (૧૪), જ્ઞાન આદિ ગુણોનું અપહરણ (નાશ) કરીને આત્માને દરિદ્ર બનાવનારા મનદંડ, વચનદંડ અને કાયદંડનો ત્યાગ કરવો (૧૭).

પૂર્વે વાયુકાય-સંયમમાં જે કહ્યું છે કે—ખુલ્લે મોંઢે બોલવામાં મુખમાંથી નીકળતા ગરમ વાયુ વડે વાયુકાયના જીવોની વિરાધના થાય છે. ત્યાં કેટલાક લોકોનું કહેવું એવું છે કે આત્મા ચાર સ્પર્શવાળા ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને ચાર સ્પર્શવાળા પુદ્ગલોથી વાયુકાયની વિરાધના થઈ શકતી નથી. કેમકે વાયુકાયના જીવો પણ ચાર સ્પર્શ-વાળા હોય છે. એમનું એ કથન અધૂરૂં છે. વસ્તુતઃ વાત એવી છે કે આત્મા ગ્રહણ તો ચાર સ્પર્શવાળા પુદ્ગલોનું જ કરે છે, કિન્તુ બોલતી વખતે તૈજસ શરીરને ગ્રહણ કરીને જ ભાષાપુદ્ગલો નીકળે છે. તૈજસ શરીરના સંબંધથી ભાષા-પુદ્ગલ આઠ સ્પર્શવાળા થઈ જાય છે, અને આઠ સ્પર્શવાળા થવાથી, તેનાથી વાયુકાય આદિની વિરાધના અવશ્ય થાય છે.

## મુખવસ્ત્રિકાવિચાર

જો મુખમાંથી નિકળનારા વાયુથી વાયુકાયની વિરાધના થાય છે, તો મુનિ વાયુકાયનો સંયમ કેવી રીતે પાળી શકે છે ? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે વાયુકાયના સંયમને માટે જ તીર્થંકર ગણધર ભગવાને મુખવસ્ત્રિકા ધારણ કરવાનું બતાવ્યું છે. શ્રીભગવતી-સૂત્રના સોળમા શતકના બીજા ઉદ્દેશામાં મુખવસ્ત્રિકા વિનાના ઇન્દ્ર મહારાજના ભાષણને પણ ભગવાને સાવદ્ય બતાવ્યું છે :-'गोयमा' ઇત્યાદિ.

તાત્પર્ય એ છે કે મુખવસ્ત્રિકા ધારણ કર્યા વિના ભાષણ કરવાથી વાયુકાયની વિરાધના અનિવાર્ય છે, તેથી કરીને એ ભાષા સાવદ્ય છે. એનું વ્યાખ્યાન કરતાં અભયદેવ સૂરિ લખે છે કે " जीवसंरक्षणतोऽनवद्या भाषा भवति अन्या तु सावद्या " અર્થાત્ જીવોની રક્ષા થવાથી ભાષા નિરવદ્ય થાય છે અને એથી ભિન્ન ( જીવોની ઘાત કરવાવાળી ) ભાષા સાવદ્ય હોય છે. મૂળ પાઠનાં 'सुहुमकायं अणिज्जूहित्ताणं' પદનો અર્થ એ છે કે 'મુખ પર વસ્ત્ર ન ધારણ કરીને' જ્યાં વસ્ત્ર ધારણ નથી, ત્યાં ભાષા સાવદ્ય છે અને જ્યાં વસ્ત્ર ધારણ થાય છે ત્યાં ભાષા નિરવદ્ય છે. ભાષા મુખમાંથી નીકળે છે તેથી મુખ પર ધારણ કરવામાં આવનારૂં વસ્ત્ર 'મુખવસ્ત્રિકા' કહેવાય છે.

મૂળમાં 'શક્ર' કહેવાથી ઇન્દ્રનો બોધ થઇ શકતો હતો, પરન્તુ દેવેન્દ્ર અને દેવરાજ વિશેષણો એ સિદ્ધ કરે છે કે જો દિવ્ય શક્તિમાન હોવા છતાં પણ મુખવસ્ત્રિકા ન ધારણ કરવાથી એની ભાષા સાવદ્ય થાય છે તો ઔદારિક-શરીરધારીઓની વાત જ શી ? એની ભાષા પણ જરૂર જ સાવદ્ય જ થાય.

એ મુખવસ્ત્રિકા વાયુકાય આદિના પ્રાણીઓની રક્ષાને માટે ઉપયોગી, મુખ પર બાંધવા યોગ્ય મુખની બરાબર, દોરાસહિત આઠપુટવાળો વસ્ત્રનો ખંડવિશેષ છે. અહીં સંગ્રહ ગાથાઓ છે—'वाउ०' ઇત્યાદિ

અર્થાત્—વાયુકાય આદિની રક્ષાને માટે જે સદા મુખ પર બાંધવામાં આવે છે, તે દોરાસહિત આઠવુટવાળું વસ્ત્ર 'મુખવસ્ત્રિકા' કહેવાય છે. (૧) એ મુખવસ્ત્રિકા મુખ-પ્રમાણ હોય છે. એ મુનિનું ચિહ્ન સર્વ સંયમનું કારણ તથા પ્રશસ્ત ભાવનાની વૃદ્ધિનું કારણ છે. (૨)

વળી કહ્યું છે કે—

"મુખે બાંધી તે મુહપતી હેઠે પાટો ધારી,
અતિ હેઠી દાઢી થઈ જોતર ગળે નિવારી. (૧)
એક કાને ધજ સમ કહી, ખંધે પછેડી ઠામ,
કેડે ખોસી કોથળી, નાવે પુણ્યને કામ." (૨)

(શ્રાવક-ઋષભદાસ-કૃત 'હિત-શિક્ષા-રાસ' પૃષ્ઠ ૩૮ પં. ૧૬)

"સુલભ બોધી જીવડા, માંડે નિજ ષટ્-કર્મ.
સાધુ જન મુખ મોંપતી બાંધી હૈ જિન-ધર્મ" (૧)

(હરિબલ-મચ્છી-રાસ-મુનિ લબ્ધિવિજય કૃત પૃષ્ઠ ૭૩, દોહા ૫)

અહીં એવી આશંકા કરી શકાય છે કે જ્યારે બોલવાનું કામ પડે ત્યારે હાથમાં કપડું લઈને મ્હોં ઢાંકી લેવાથી વાયુકાય આદિ જીવોની રક્ષા થઈ શકે છે. જ્યારે બોલયા ન હોઈએ, ત્યારે પણ મુખવસ્ત્રિકા બાંધી રાખવાથી શો લાભ છે ?

એનો ઉત્તર એ છે કે કેવળ બોલતી વખતે જ મુખમાંથી હવા નીકળતી નથી કે જેથી હાથમાં વસ્ત્ર લઈને મ્હોં ઢાંકી લેવાથી જીવોની રક્ષા થઈ જાય. કિન્તુ દીર્ઘ શ્વાસોચ્છવાસ લેવાથી, બગાસું ખાવાથી, સ્વભાવથી અકસ્માત્ તથા નિદ્રાવસ્થામાં મ્હોં ખુલ્લું રહેવાથી પણ હવા નીકળે છે. તેથી મ્હોં પર હાથ વડે વસ્ત્ર લગાડલાથી જીવોની સમ્યક્ પ્રકારે સર્વદા રક્ષા થઇ શકતી નથી. વસ્ત્રથી મ્હોં ઢાંકીને સૂતેલી વ્યક્તિ ઉંઘમાં જ્યારે પાસુ બદલાવે છે ત્યારે વસ્ત્ર ખસી જાય છે. તે સમયે સૂક્ષ્મ, વ્યાપિ અને સંપાતિમ જીવ તથા સચિત્ત રજ આદિ મુખમાં જવાથી કેવી રીતે રોકાઇ શકે ? તથા દીર્ઘ શ્વાસોચ્છવાસથી થનારી વાયુકાયની વિરાધનાનો કેવી રીતે પરિહાર થઇ શકે ? તેને રોકવાનો ઉપાય જ શો છે. ?

હેમચંદ્રાચાર્ય કહે છે કે "મુખવસ્ત્ર૦" ઇત્યાદિ.

અર્થાત્-મુખવસ્ત્ર સંપાતિમ જીવોની રક્ષા કરે છે, મુખથી નીકળતા ઉષ્ણ વાયુ દ્વારા વિરાધિત થતા વાયુકાયના જીવોની રક્ષા કરે છે, તથા મુખમાં ધૂળ પેસવા દેતું નથી, તેથી તે ઉપયોગી છે.

શ્રીઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા ઉદ્દેશની ટીકામાં કહ્યું છે કે 'तथा सम्पातिमाः' ઇત્યાદિ અર્થાત્-"સંપાતિમ, સૂક્ષ્મ અને વ્યાપી જીવોની રક્ષાને માટે મુખવસ્ત્રિકા સમજવી જોઈએ" (૧)

ઓઘનિર્યુક્તિ ૭૧૨ મી ગાથામાં કહ્યું છે કે—संपातिम૦ ઇત્યાદિ. અર્થાત્-"સંપાતિમ જીવ. સચિત્ત રજ, તથા રેણુની રક્ષા કરવાને માટે મુખવસ્ત્રિકાનું કથન કરે છે. અને જ્યારે વસતિની પ્રમાર્જન કરે ત્યારે નાક અને મુખ બેઉ બાંધ."

અર્થાત્—અન્ય સમયમાં સિર્ફ મુખજ બાંધે, એ તાત્પર્યાર્થ થયો, અગર એવો અર્થ નહીં કરવામાં આવે તો શ્રીભગવતીસૂત્ર આદિ અનેક આગમોનો વિરોધ અનિવાર્ય બનશે.

એવીજ રીતે પ્રવચનસારોદ્ધારની ૫૨૩ મી ગાથામાં કહ્યું છે તથા પ્રકરણરત્નાકરના ત્રીજા ભાગમાં, અને શ્રીઉત્તરાધ્યયન સૂત્રની કમલસંયમોપાધ્યાયરચિત સર્વાર્થ-સિદ્ધિ નામની ત્રીજા અધ્યયની ટીકામાં પણ એવું જ કહ્યું છે, એવીજ રીતે વિશેષાવશ્યક બૃહદ્વૃત્તિમાં પણ કહ્યું છે.

જેઓ મુખ પર મુખવસ્ત્રિકા બાંધતા નથી, તેમના મતમાં આગમ-વિરોધ અનિવાર્ય છે. ભગવતીસૂત્ર ૨ શ. ૧ ઉ. માં સ્કંદક અનગારના અનશન સમયમાં '**नमोत्थु णं**' ના પાઠની વિધિમાં કહ્યું છે-"**पुरत्था०**" ઇત્યાદિ.

એમાં વિચારણીય વિષય એ છે કે અંજલિ બાંધીને, બેઉ હાથ શિર પર ધારણ કરીને, પદ્માસન, લગાવીને, પૂર્વ દિશા તરફ મુખ કરીને બેઠેલા સ્કંદક અનગારે '**नमोत्थु णं**' પાઠનું ખુલ્લા મુખે કેવી રીતે ઉચ્ચારણ કર્યું ? કેમકે બેઉ હાથ માથા પર રાખેલા હતા. અને ખુલ્લે મુખે તો મુનિ બોલે નહિ, કારણ કે એમ બોલવું શાસ્ત્રથી નિષિદ્ધ છે.

અન્તકૃતદશાંગના ૬ વર્ગમાં '**अतिमुक्त**' શીર્ષક પંદરમા અધ્યયનમા કહ્યું છે '**तए णं**' ઇત્યાદિ.

આ કથન મુજબ ભિક્ષાચરી (ગોચરી) ને માટે ગએલા શ્રી ગૌતમ સ્વામીએ એક હાથમાં ભિક્ષાનું પાત્ર લીધું હતું એ વાત સ્વયંસિદ્ધ છે અને બીજા હાથની આંગળી અતિમુક્ત કુમારે પકડી લીધી હતી. એ પ્રકારે જો શ્રી ગૌતમ સ્વામીના બેઉ હાથ રોકાઈ ગયા હતાં, તો તે વખતે હાથવડે મુખવસ્ત્રિકા મુખ પર કેવી રીતે રાખી હોય ? કિન્તુ સૂક્ષ્મ, વ્યાપી, સંપાતિમ જીવો તથા સચિત્ત રજનો પ્રવેશ રોકવાને માટે એ સમયે પણ મુખવસ્ત્રિકાની આવશ્યકતા હતી.

આવશ્યક-સૂત્રમાં '**इच्छामि खमासमणो वंदिउं**' ઇત્યાદિ ક્ષમાશ્રમણદાન સૂત્રની વ્યાખ્યામાં વ્યાખ્યાકાર હરિભદ્રસૂરિએ પણ કહ્યું છે કે—'**अयं**' ઇત્યાદિ.

અહીં 'બેઉ હાથમાં રજોહરણ લઈને' એમ કહેતાં હરિભદ્રસૂરિએ એમ પ્રકટ કર્યું છે કે મુખ પર મુખવસ્ત્રિકા બાંધવાની ભગવાનની આજ્ઞા છે. નહિ તો જો બેઉ હાથમાં રજોહરણ લઈ લીધો એટલે મુખ પર મુખવસ્ત્રિકા ધારણ કરવાને માટે અન્ય ઉપાય અસંભવિત છે, અને ખુલ્લે મુખે બોલવાથી ક્ષમાશ્રમણ આપવાનું જ વ્યર્થ બની જાય. સાધુઓએ ખુલ્લે મુખે બોલવું એ શાસ્ત્રવિરૂદ્ધ છે, એ સંબંધમાં તો કોઇનો વાંધો નથી. બીજી વાત એ છે કે ક્ષમાશ્રમણદાનમાં 'હે ક્ષમાશ્રમણ' એવો સંબોધનનો પ્રયોગ કહેલો છે. તેથી કરીને ગુરૂને પોતાની તરફ અભિમુખ કરવાને માટે વિશેષ-પ્રયત્ન-પૂર્વક સ્પષ્ટ ઉચ્ચારણ કરવાની જરૂર છે. અવ્યકત ભાષાથી સંબોધન કરવાનો સંભવ નથી. એ રીતે જો બીજા ઉપાયથી મુખ ન ઢાંકી શકાય તો ઉપર લખ્યા મુજબ જીવોની વિરાધના થયા વિના રહે નહિ. એ ઉપરાંત ક્ષમાશ્રમણદાનમાં ગુરૂની આજ્ઞાની પછી '**अहोकायं कायसंफासं**' એવું

ઉચ્ચારણ મુખવસ્ત્રિકા બાંધ્યા વિના થઈ શકતું નથી. અને એ સમયે હાથથી મુખવસ્ત્રિકા ધારણ કરવાનું સંભવિત નથી, કારણ કે બેઉ હાથ રજોહરણને ગ્રહણ કરીને કપાળે અડાડવાના હોય છે.

જ્ઞાતાધર્મકથાંગ સૂત્રના ચૌદમા અધ્યયનમાં કહ્યું છે કે—'तए णं' ઈત્યાદિ. અર્થાત્— પોટ્ટિલાનાં ઘરમાં સાધ્વીઓ ભિક્ષાને માટે ગઈ. તેણે પોતાના પતિને વશ કરવાને માટે એક સાધ્વીને ચૂર્ણયોગ અને મંત્રયોગ આદિ ઉપાયો પૂછયા, ત્યારે સાધ્વીએ તત્કાળ બેઉ કાને હાથ મૂકીને કહ્યું—હે દેવાનુપ્રિયે ! અમે નિર્ગ્રંથ આર્યિકા છીએ. તેમજ યાવત્ ગુપ્તબ્રહ્મચારિણી છીએ. આવી વાત સાંભળવી પણ અમને કલ્પતી નથી તો પછી ઉપદેશ આપવાની તો વાત જ શી ?"

અનુચિત વાત સાંભળતી વખતે લોકોમાં પણ ઝટપટ હાથથી કાન ઢાંકવામાં આવે એવું જોવામાં આવે છે. એવી હાલતમાં બેઉ હાથથી બેઉ કાન ઢાંકી લેતાં, મુખવસ્ત્રિકા બાંધ્યાં વિના ઉત્તર આપવો યુક્ત નથી હોતો જો મુખવસ્ત્રિકા બાંધ્યા વિના ઉત્તર આપવામાં આવે તો વાયુકાય આદિ જીવોની વિરાધના અવશ્ય થાય.

મુખવસ્ત્રિકા બાંધ્યા વિના ષટ્કાયની વિરાધનાનો પરિહાર થઇ શકતો નથી. મુખમાં સૂક્ષ્મ સચિત્ત રજનો પ્રવેશ થવાથી પૃથ્વીકાયની વિરાધના થાય છે. (૧) વરસાદ પડતાં સચિત્ત જલકણો અકસ્માત્ મુખમાં જવાથી અથવા મોઢામાં ઝાકળ જવાથી અપ્કાયની વિરાધના થાય છે (૨) અહીં-તહીં ઉડતી અગ્નિની ચિણગારી કદાચ મુખમાં પેસી જાય તો તેજસ્કાયની હિંસા થાય છે (૩) મુખમાંથી નીકળતા ગરમ શ્વાસથી બાહ્ય વાયુકાયની વિરાધના થાય છે (૪) જ્યાં અપ્કાય છે ત્યાં વનસ્પતિ કાયપણ હોય છે' (जत्थ जलं तत्थ वणं) એપ્રમાણથી મુખમાં સચિત્ત જલ પડવાથી વનસ્પતિકાયની પણ વિરાધના થાય છે. (૫) તથા સંપાતિમ, વ્યાપી અને સૂક્ષ્મ જીવો પેસી જવાથી ત્રસકાયની પણ વિરાધના થાય છે (૬).

મુખવસ્ત્રિકા બાંધવામાં જે સાધુ પ્રમાદી હોય છે તેને ષટ્કાયની વિરાધના અવશ્ય થાય છે કેમકે ભગવાને ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે-"પ્રતિલેખન કરતી વખતે જો સાધુ પરસ્પર વાર્તાલાપ કરે, દેશકથા આદિ કથા કરે, પચક્ખાણ કરાવે, પોતે વાંચે અથવા વંચાવે તો તે ષટ્કાયનો વિરાધક થાય છે" જો એમ છે તો જે મુખવસ્ત્રિકા બાંધ્યા વગર રહે છે તેને પ્રમાદદોષ અને પ્રમાદજન્ય ષટ્કાયની વિરાધનાનો દોષ કેમ નહીં લાગે ? અર્થાત્ અવશ્ય લાગે. મુખવસ્ત્રિકા નહીં બાંધવામાં આગમોમાં દોષ બતાવ્યા છે તે તો પહેલાં કહી ચુકયા છીએ.

એ પ્રકારે જેમ નાવમાં નાનું છિદ્ર પડવાથી તે નદી આદિમાં ડૂબી જવાથી ભારે હાની થાય છે, નાની સરખી હીરા કણીનું ભક્ષણ કરવાથી પ્રાણનો નાશ થાય છે, વીંછી જરા કરડવાથી આખા શરીરમાં ભયંકર વ્યથા થાય છે, કાંટા યા તીરની નાની સરખી અણી કોઇ

અંગમાં પેસી જવાથી અંગમાં પીડા થવા લાગે છે, આંખમાં નાનું સરખું કણું પેસી જવાથી આંખમાં તકલીફ થાય છે, નાનું સરખું નાક કપાઈ જવાથી આખા શરીરની સુંદરતા નષ્ટ થઈ જાય છે, આધાકર્મ આદિ આહારનું એક કણુ પણુ મળી જવાથી બધો આહાર પૂતિકર્મ દોષથી દૂષિત થઈ જાય છે. જિનવચનોમાં લગાર પણુ સંદેહ કરવાથી સમસ્ત ચારિત્રનો નાશ થઈ જાય છે, તેમ થોડો વખત પણુ મુખવસ્ત્રિકા બાંધવાની ઉપેક્ષા કરવાથી ષટ્કાયની વિરાધના થાય છે. તેથી ચાતુર્માસિક પ્રાયશ્ચિત લાગે છે, નિશીથસૂત્રના બારમા ઉદ્દેશાના આઠમા સૂત્રથી બારમા સૂત્ર સુધીમાં કહ્યું છે કે 'जे भिक्खू०' ઇત્યાદિ,

વળી નિશીથસૂત્રના ભાષ્યમાં 'સંયમઘાત' નામના દ્વારમાં ઝાકળ આદિ અપ્કાયની યતના કરતી વખતે કહ્યું છે કે 'वासत्ताणा०' ઇત્યાદિ,

આથી સિદ્ધ થાય છે કે સાધુઓના મુખ પર મુખવસ્ત્રિકા બાંધેલી હતી. આ કારણુને લીધે જ 'पोत्तंतरियावभासंति' આ પદની ચૂર્ણિ કરતાં ચૂર્ણિકાકારે કહ્યું છે કે—"સાધુ ઈશારાથી ન સમજે અને બોલવું જ પડે તો તો મુખવસ્ત્રિકાની અંદર જ યતનાથી બોલે"

વળી 'વિધિપ્રપા' નામના ગ્રન્થમાં પણુ ચારિત્રનાં અતિચારોની શુદ્ધિના પ્રકરણુમાં મુખવસ્ત્રિકા વગર બોલવાનો નિષેધ કર્યો છે !

તથા-પૂર્વોક્ત રીતથી ષટ્કાયની વિરાધના કરનારને ભગવાનની "ષટકાયની વિરાધનાનો ત્યાગ કરવો" આ આજ્ઞાનો ભંગ કરવાનો દોષ લાગે છે. આ દોષ લાગવાથી અવિધિનું વિધાન, અવિધિ-વિધાનથી મિથ્યાત્વ, મિથ્યાત્વથી ચારિત્રની વિરાધના અને ચારિત્રની વિરાધનાથી દીર્ઘસંસારિત્વની પ્રાપ્તિ થાય છે. એથી આજ્ઞાભંગનું ગુરૂતર પ્રાયશ્ચિત લાગે છે.

બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે—'अवराहे' ઇત્યાદિ.

સમસ્ત ચારિત્ર ભગવાન્ની આજ્ઞામાં જ રહેલું છે. ભગવાન્ની આજ્ઞાનો ભંગ થવાથી મૂળગુણુ ઉત્તર ગુણ આદિ બધું નષ્ટ થઈ જાય છે. તેથી આજ્ઞાભંગમાં ગુરૂતર પ્રાયશ્ચિત્ત આવે છે. એ રીતે સિદ્ધ થયું કે મુખ પર મુખવસ્ત્રિકા બાંધવી એવું બધાં જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે. એટલા માટે ભગવતી-સૂત્રના 'सुहुमकायं अणिज्जूहित्ताणं' એ વાકયનો અર્થ એમ સમજવો જોઈએ કે 'મુખવસ્ત્રિકાનો ત્યાગ કરીને અર્થાત્ ન બાંધીને.' એજ પ્રમાણે બધી જગ્યાએ સમજવું.

**પ્રશ્ન**—આચારાંગ-સૂત્રમાં ઉચ્છ્વાસ આદિ લેતી વખતે મુખ ઢાંકવાનો ઉપદેશ આપ્યો છે. એથી એમ પ્રતીત થાય છે કે મુખવસ્ત્રિકા હાથમાં જ રાખવી જોઈએ, દોરાથી બાંધવી જોઈએ નહિ. અમુક અમુક સમયે જ જ્યારે ઉચ્છ્વાસ આદિ આવે ત્યારે જ નાક યા મુખ ઢાંકી લેવું જોઇએ, દોરાથી મુખવસ્ત્રિકા ધારણુ કરવી ઉચિત હોય તો પછી પુનઃ મુખ ઢાંકવાનો ઉપદેશ વ્યર્થ થઇ જશે.

**ઉત્તર**—એવો પ્રશ્ન કરવો અજ્ઞાનતા છે. આચારાંગ-સૂત્રનો પાઠ એવો છે—

"ભિક્ષુ શ્વાસોચ્છવાસ લેતી વખતે, ઉધરસ ખાતી વખતે છીંકતી વખતે, બગાસું ખાતી વખતે, ઓડકાર ખાતી વખતે તથા અધોવાયુનો ત્યાગ કરતી વખતે, પહેલાં મુખ અથવા મળદ્વારને હાથથી ઢાંકીને પછી યતના પૂર્વક શ્વાસ યાવત્ અધોવાયુનો ત્યાગ કરે."

અહીં 'आसयं' (મુખ) શબ્દ લક્ષણાદ્વારા ઘ્રાણનો પણ બોધક છે. 'उस्सासमाणे वा निस्सासमाणे वा छीयमाणे वा' એ પદો લક્ષણામાં તાત્પર્યનાં ગ્રાહી છે. आसयं શબ્દથી કેવળ મુખનો અર્થ લેવામાં આવે તો હાથથી મુખ ઢાંકી લેવા છતાં પણ નાકથી નીકળનાર ઉચ્છ્વાસ આદિની યતના થઇ શકતી નથી.

આ સૂત્રથી ઉચ્છ્વાસ લેતી વખતે આસ્યક અને પોષક (મલદ્વાર) ને હાથથી ઢાંકી લેવું જોઇએ એમ ભગવાન બતાવે છે, છતાં પણ નામધારી પંડિત મુખવસ્ત્રિકાથી ઢાંકવું જોઇએ' એવો અર્થ કાઢે છે. એમને અમે પૂછીએ છીએ કે તમે હાથનો અર્થ મુખવસ્ત્રિકા કરો છો, તો એ અર્થ વાચ્ય છે, યા લક્ષ્ય છે કે વ્યંગ્ય છે ? પહેલો પક્ષ તો બરાબર નથી કારણ કે અભિધા શક્તિના ગ્રાહક વ્યાકરણ કોષ આદિમાં એ અર્થ નથી મળતો. અમર-કોષમાં હાથનાં ત્રણ નામ આપ્યાં છે. (૧) પંચશાખ, (૨) શય અને (૩) પાણિ. તેની વ્યાખ્યામાં બતાવ્યું છે કે શાખા જેવી પાંચ આંગળીઓ હોય છે તેથી તેને 'પંચશાખ' કહે છે. એમાં બધી વસ્તુઓ સૂએ (રાખવામાં આવે) છે તેથી તેને 'શય' કહે છે. તે વડે બધો લેણદેણ વગેરેનો વહેવાર થાય છે તેથી એને 'પાણિ' કહે છે अशिपणाय्यो रुडायलुकौ च (ઉ૦ ૪ ૧૩૩) એ સૂત્રથી इण् શાય છે અને आय પ્રત્યયનો लुक् થાય છે. એવી વ્યુત્પત્તિ કરવાથી कर નો વાચક જ બને છે.

બીજો પક્ષ પણ (લક્ષ્ય અર્થ માનવો) બરાબર નથી. લક્ષ્ય અર્થ ત્યાં માનવામાં આવે છે કે જ્યાં મુખ્ય (શાબ્દિક) અર્થ લેવામાં કોઈ પ્રકારની બાધા આવે. અહીં 'હાથથી ઢાંકીને' એવો અર્થ કરવામાં કોઈ બાધા આવતી નથી, તેથી લક્ષણા થઈ શકતી નથી, એટલે એ લક્ષ્ય અર્થ પણ નથી.

ત્રીજો પક્ષ (વ્યંગ્ય અર્થ માનવો) પણ બાધિત છે. જ્યારે પ્રધાન અર્થ લેવાથી એક હાથથી મળદ્વાર ઢાંકવું અને બીજા હાથે નાક-મુખને ઢાંકવુ યુક્ત છે તો વ્યંગ્યાર્થ (મુખ-વસ્ત્રિકાના તાત્પર્યની કલ્પના કરવી) અનાવશ્યક અને અનુચિત છે. અધોવાયુ નીકળતી વખતે જ કોઈને છીંક આવવા લાગે તો એ અધોવાયુથી વાસિત મુખવસ્ત્રિકાથી મુખ અને નાક ઢાંકવાં એ બિલકુલ અનુચિત છે. અને એ અનૌચિત્યને સૌ કોઈ સમજી શકે છે.

જો 'પાણિ' શબ્દમાં અજહલ્લક્ષણા વૃત્તિ માનીને, 'પાણિ' (હાથ) થી પાણિમાં સ્થિત મુખવસ્ત્રિકાનો અર્થ લેશો તોપણ અનૌચિત્ય દોષ દૂર થઈ શકતો નથી. બીજી વાત એ છે કે મુખ અને મળદ્વાર ઢાંકવાનું પાણિરૂપ એકજ સાધન બતાવ્યું છે. જો એનો અર્થ મુખ-વસ્ત્રિકા કરવામાં આવે તો જ્યારે એકી સાથે અધોવાયુ અને દીર્ઘ ઉચ્છ્વાસ આવશે ત્યારે એક જ મુખવસ્ત્રિકા મળદ્વાર પર લગાડવામાં આવશે કે મુખ પર ? અને જો સાથે જ છીંક પણ આવશે તો તે નાક પર કેવી રીતે લગાડવામાં આવશે ? કારણ કે એક મુખવસ્ત્રિકાથી એકી સાથે બધાં દ્વાર ઢાંકી શકાતાં નથી. તેથી 'पाणिणा परिपेहित्ता' એવું ભગવાનનું વચન બરાબર બંધ બેસશે નહિ. જો એવું સમાધાન કરવા ઇચ્છો કે એક

હાથની મુહપત્તિથી મુખ અને બીજા હાથના પાયુવસ્ત્રથી મળદ્વાર ઢાંકી લેવાશે, તો તે બરાબર નથી, કારણ કે **सकृदुच्चरितन्याय**થી એવી કલ્પના કરવી શકય નથી.

અધોવાયુ અને છીંક આદિ એકી–સાથે ન હોય તો પણ અધોવાયુની યતના કરનારા વસ્ત્રને મુખવસ્ત્રિકા કહેવી એ મોટી ભૂલ છે, કારણ કે મુખ અને મળદ્વાર એક ચીજ નથી. બેઉ અલગ અલગ છે. જો ખુલ્લે મુખે બોલવાનું તાત્પર્ય હોય તો **परिपेहित्ता** શબ્દમાં **परि** ઉપસર્ગ વ્યર્થ થઇ જશે કારણ કે **अपि** ઉપસર્ગ પૂર્વક ધાતુથી પણ **ल्यप्** પ્રત્યય થાય છે.

'ઢાંકેલાને ફરીથી ઢાંકવું એ વૃથા છે, તેથી ઢાંકયા વગરનાને ઢાંકવાને માટે આ ઉપદેશ આપ્યો છે.'—જો હાથમાં મુહપત્તી રાખનાર એમ કહેશે તો એમ સિદ્ધ થશે કે એનું મળદ્વાર સદા અનાવૃત ( ઉઘાડું ) રહે છે. નહિ તો આવૃતને ફરી આવરણ કરવાનો ઉપદેશ વ્યર્થ બની જશે. તેથી કરી **आसयं वा पोसयं वा पाणिणा परिपेहित्ता**' એ ભગવદ્-વાકયનો એવો અર્થ કાઢવો કે 'મુખવસ્ત્રિકા હાથમાં જ રાખવી જોઈએ, દોરાથી મુખ પર બાંધવી ન જોઈએ' એવી કલ્પના કરવી એ સાહસમાત્ર છે.

અમારે મતે સૂક્ષ્મ, વ્યાપી, સંપાતિમ તથા વાયુકાય આદિ જીવોની વિરાધનાથી બચવાને માટે મુખવસ્ત્રિકા બાંધી હોવા છતાં ઉચ્છ્વાસ આદિને સમયે મુખથી નીકળતા વાયુના વેગથી મુખવસ્ત્રિકા ખસી જવાની સંભાવના રહે છે. તેથી એ સંભાવનાને દૂર કરવાને માટે મુખસ્ત્રિકાથી ઢાંકેલા મુખને પણ હાથથી ઢાંકવાની આવશ્યકતા છે. એજ રીતે ચોલપટ્ટ હોવા છતાં પણ અધોવાયુના વિષયમાં સમજવું. ઉચ્છ્વાસ આદિ જો એકી સાથે જ થાય તો એક હાથથી મુખ અને નાક ઢાંકી લેવાં અને બીજા હાથથી અધોવાયુની યતના કરવી.

**पाणिणा** જો કે એકવચન છે તોપણ પાણિત્વ જાતિમાં અન્વય થવાથી બેઉ હાથનો બોધક થાય છે તેથી અમારે મતે તે શબ્દ અનુકૂળજ છે.

અહીં **पाणि** શબ્દના મુખ્ય અર્થમાં બાધા નથી તેથી લક્ષણા પણ માનવા યોગ્ય નથી, કારણ કે લક્ષણા ત્યાં થાય છે કે જ્યાં મુખ્ય અર્થમાં બાધા આવતી હોય તેથી કરીને ઉકત સૂક્ષ્મ, વ્યાપી વગેરે વિવિધ જીવોની વિરાધનાથી બચવાને માટે સદૈવ દોરા સાથે મુખવસ્ત્રિકા બાંધવી એ સૂત્રથી વિરૂદ્ધ નથી, પરન્તુ **परिपेहित्ता** અહીં **परि**. ઉપસર્ગના પ્રયોગથી સ્પષ્ટ થાય છે કે મહાવીર પ્રભુએ મુહપત્તિથી પિહિત (ઢાંકેલા) મુખને પુનઃ ઢાંકવાનું પ્રતિપાદિત કર્યું છે.

કોઈ કોઈ એમ કહે છે કે વિપાકસૂત્રમાંમૃગાપુત્રના અધ્યયનમાં લખ્યું છેકે—'**तए णं सा**' ઇત્યાદિ. એનો આશય એ છે કે મૃગાદેવી જ્યારે મૃગાપુત્રને આહાર દેવાને માટે ભોંયરાનાં કમાડ ખોલવા લાગી ત્યારે નાકમાં દુર્ગંધ આવતી નિવારવાને માટે ચાર પડવાળું વસ્ત્ર મુખ પર બાંધીને ભગવાન ગૌતમ સ્વામીને કહેવા લાગી કે–હે ભદન્ત ! આપ પણ મુખ-વસ્ત્રિકાથી મુખ બાંધી લ્યો. મૃગાદેવીનું કથન સાંભળીને ભગવાન્ ગૌતમ મુખવસ્ત્રિકાથી મુખ બાંધે છે ( બાંધી લીધું. ) આથી એ તદ્દન સ્પષ્ટ થાય છે કે પહેલાં ગૌતમ સ્વામીના મુખ પર મુખવસ્ત્રિકા બાંધેલી નહોતી, કિન્તુ હાથમાં હતી, તેથી મૃગાદેવીએ મુખવસ્ત્રિકા બાંધવાની પ્રાર્થના કરી હતી. એમનું એ કહેવું બરાબર નથી; કારણ કે મુખના ઉષ્ણ વાયુથી સંપાતિમ, સૂક્ષ્મ અને વ્યાપી જીવોની રક્ષા કરવાને માટે તથા બાહ્ય વાયુકાયની

રક્ષા કરવાને માટે મુખવસ્ત્રિકા બાંધવી એવું બધાં જૈન—આગમોમાં તાત્પર્યરૂપે વિધાન કરવામાં આવ્યું છે. તેથી એમના મુખ પર મુખવસ્ત્રિકા બાંધેલી નહોતી એમ કહેવું એ મિથ્યાત્વનો જ પ્રતાપ છે અને બધાં શાસ્ત્રોથી વિરૂદ્ધ છે. તાત્પર્ય એ છે કે દુર્ગંધથી બચવાને માટે મુખ બાંધવાની પ્રાર્થના ઉચિત નથી, કારણ કે મુખથી ગંધનું ગ્રહણ થતું નથી. એટલે અહીં મુખથી કેવળ મુખનો જ અર્થ થતો નથી. જેમ "ગંગામાં ઘોષ (આહીરોની વસતી) છે" એ વાકયથી એવી મતલબ નથી નીકળી શકતી કે ગંગાની વચ્ચે પાણીના પ્રવાહમાં અહીરોની વસતી છે, કેમકે એમ હોવું અનુપપન્ન છે. એટલે કે જ્યારે વાકયના મુખ્ય (શાબ્દિક) અર્થમાં બાધા આવે છે ત્યારે લક્ષણાથી બીજી મતલબ લેવી પડે છે, કે ગંગાને કિનારે અહીરોની વસતી છે. એ રીતે મુખવસ્ત્રિકા જો પહેલેથી બાંધી રાખેલી છે તો પુનઃ બાંધવાની પ્રાર્થના વ્યર્થ બને છે. તથા દુર્ગંધ નાકમાં ન પેસવા દેવાને માટે મુખ બાંધવાની પ્રાર્થના કરવી યુકત નથી. કારણ કે મુખ બાંધી લેવા છતાં દુર્ગંધ આવવાનું રોકી શકાતું નથી. એટલે અહીં મુખ બાંધવાનો અર્થ અયુકત હોવાથી મુખની નિકટ આવેલું નાક બાંધવાનું તાત્પર્ય લક્ષણાથી વિહિત થાય છે લક્ષણાનો આશ્રય લેવો આવશ્યક હોવાથી જ આચારાંગ સૂત્રનો "**से भक्खू वा०**" ઈત્યાદિ પાઠ બરાબર બંધ બેસે છે.

તેમાં પણ જો **आसयं** (મુખ) શબ્દમાં લક્ષણાનો આશ્રમ લેવામાં ન આવે તો હાથથી મુખ ઢાંકી લેતાં મુખજન્ય ઉચ્છ્વાસ નિઃશ્વાસ આદિની યતના સંભવિત થઇ શકે છે, કિંતુ ઘ્રાણજન્ય ઉચ્છ્વાસ—નિઃશ્વાસ છીંકની યતના થઈ શકતી નથી. એટલે એ લોકોના મતમાં આગમથી વિરોધ થાય છે એ સ્પષ્ટ છે.

**પ્રશ્ન**—એ પ્રકારે મુખ પર મુખવસ્ત્રિકા બાંધવાનું તો સિદ્ધ થયું, પરન્તુ દોરો લગાવીને બાંધવાનું આગમમાં કયાંય મળી આવતું નથી. તેથી કરીને મુખવસ્ત્રિકાના છેડાથી પણ તેને બાંધી શકાય છે. દોરાની શી આવશ્યકતા છે.?

**ઉત્તર**—એવું કથન બરાબર નથી; કારણ કે એ સિદ્ધ થઇ ચૂકયું છે કે આગમમાં મુખવસ્ત્રિકા બાંધવાનું પ્રતિપાદિત કરવામાં આવ્યું છે તો નાના સરખા દોરાથી નિર્દોષિતા પૂર્વક બંધનની સિદ્ધિ થતાં ચરિત્રને મલિન કરનારો બીજો પ્રકાર કામમાં લેવો એ અનુચિત છે, મુખવસ્ત્રિકાના છેડાથી શિરની પાછળ ન્યૂનતાને કારણે ગાંઠ ન બાંધી શકવાથી મુખવસ્ત્રિકાને ઉચિત પ્રમાણથી વધારે (લાંબી) રાખવાની કલ્પના કરવી પડશે, અને એવી કલ્પના કરવાથી ઉત્સૂત્રપ્રરૂપણાનો દોષ લાગશે.

બીજી વાત એ છે કે દોરાથી જ મુખ પર મુખવસ્ત્રિકા બાંધવી ઉચિત છે અને એ જ વાત ભગવાનને પણ ઈષ્ટ છે. લોકોમાં કોઈ વસ્તુને બાંધવાનું કાર્ય દોરાથી જ પ્રસિદ્ધ છે. તેમાં પણ યથાયોગ્ય સૂતરનો દોરો વગેરે બાંધવાના કામમાં લેવામાં આવે છે, જેમકે ફૂલ, પુસ્તક યા કપડું બાંધનારા ક્રમશઃ કોમળ દોરાને જ કામમાં લે છે.

સામાચારી ગ્રંથમાં દેવચન્દ્રસૂરિએ લખ્યું છે: "**मुखवस्त्रिकां प्रतिलेख्य मुखे बद्ध्वा प्रतिलेखयति रजोहरणम्**" એ વાકયમાં મુખવસ્ત્રિકાને બાંધવારૂપ ક્રિયાનું કર્મ બતાવ્યું છે અને તે ઉચિત પણ છે. તેથી કરીને એ (ક્રિયા) મુખવસ્ત્રિકાને અનુરૂપ દોરારૂપ કરણની અપેક્ષા રાખે છે. તાત્પર્ય એ છે કે જો મુખવસ્ત્રિકા કર્મ છે તો કરણ પણ હોવું જોઈએ. અને એ કરણ અર્થાત્ જેવડે બાંધવારૂપ ક્રિયા થાય છે તે દોરો જ હોવો જોઈએ. ગાંઠ

બાંધવામાં કરણુત્વની કલ્પના કરવી એ દેવચન્દ્રસૂરિથી વિરૂદ્ધ છે અને અયુકત છે, કારણુ કે કર્મત્વ અને કરણુત્વનો વિરોધ છે.
મુખવસ્ત્રિકા બાંધવાને કાનમાં છિદ્ર પડાવી લેવા એ તો ભારે અજ્ઞાનતા છે, કારણુ કે સાધુપણાને માટે કોઈ અવયવને છેદવું શાસ્ત્રમાં નિષિદ્ધ છે અને શસ્ત્રસાધ્ય હોવાથી દુષ્કર પણુ છે. એને બદલે નિર્દોષ રૂપે દોરાનો આશ્રય લેવો જ ઉચિત છે.

**પ્રશ્ન**—દોરાનો આશ્રય લેવાથી દોરા—સહિત મુખવસ્ત્રિકા મુખ પર ધારણુ કરનારાઓની મુખવસ્ત્રિકા ભાષણુ કરતી વખતે મુખમાંથી નીકળતા પાણીના કણોથી ભીની થઈ જશે અને ભીની થવાથી અશુચિસ્થાન થઇ જવાના કારણે ત્યાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થશે, હાથમાં મુખવસ્ત્રિકા ધારણુ કરવાથી સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થતી નથી. તેથી કરીને દોરાનું ગ્રહણુ કરવું એ દુરાગ્રહ થાય છે.

**ઉત્તર**—એમ કહેવું ઉચિત નથી, કારણુ કે મુખથી નીળતાં જળનાં કણોને ભગવાને જીવોત્પત્તિનું સ્થાન બતાવ્યું નથી એમ પણુ ન કહી શકાય કે એ જળકણુ ખેલ (કફ) ના અંશરૂપ હોય છે અને તેથી અશુચિ—સ્થાન છે અને અશુચિસ્થાન હોવાથી જીવોત્પત્તિનાં સ્થાન છે. એ જળકણોમાં કફનો અંશ સમજવો એ ભ્રાન્તિમૂલક છે. ખેલ શબ્દનો અર્થ શ્લેષ્મ છે. આમાશય, હૃદય, કંઠ, શિર અને સંધિ એ શ્લેષ્મનું સ્થાન છે ભાવપ્રકાશમાં લખ્યું છે કે—

**आमाशयेऽथ हृदये, कण्ठे शिरसि सन्धिषु ।**
**स्थानेष्वेषु मनुष्याणां, श्लेष्मा तिष्ठत्यनुक्रमात् ॥**

અર્થાત્—"આમાશય હૃદય કંઠ, શિર અને સંધિભાગ એ સ્થાનોમાં મનુષ્યોને અનુક્રમથી કફ રહે છે"

સુશ્રુતસંહિતામાં શ્લેષ્મનું સ્વરૂપ અને ગુણુ આ પ્રકારે બતાવ્યા છે :—

**श्लेष्मा श्वेतो गुरुः स्निग्धः पिच्छलः शीत एव च ।**
**मधुरस्त्वविदग्धः स्यात् विदग्धो लवणः स्मृतः ॥**

અર્થાત્—"શ્લેષ્મ (કફ) સફેદ, ગુરૂ, ચિકણો, પિચ્છલ, અને શીત હોય છે. નહિ બળેલો યા કાચો કફ મધુર હોય છે અને પાકો યા બળેલો કફ ખારો હોય છે."

મુખજળનાં માત્ર બે ઉત્પત્તિ સ્થાન હોય છે : (૧) જીહ્વાનું મૂળ અને (૨) જીહ્વા (જીભ)નો અગ્રભાગ એ મુખજળ આવેલા અન્નનો પિંડ બનાવવાનું તથા કંઠની નળીની નીચે લઇ જવાનું તથા પચાવવાનું કારણુ છે. તેથી યોગચિન્તામણિ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં **रसासृङ्मांसमेदोऽस्थि मज्जाशुक्राणि धातवः** એમ કહીને સાત ધાતુઓ બતાવી છે તે પછી કઈ ધાતુને કયો મળ છે તે બતાવવાને માટે કહ્યું છે કે **जिह्वानेत्रकपोलानां जलं पित्तं च रञ्जकम्।** અર્થાત્—જીભ નેત્ર અને ગાલનું જલ—રસ ધાતુનો મલ છે તથા રંજક પિત્ત રૂધિરનો મલ છે. એ રીતે જીભ અને ગાલમાં ઉત્પન્ન થનારૂં જલ મુખનું જલ કહેવાય છે અને તેની કણિકાઓ ભાષણુ કરતી વખતે કોઈ—કોઈ વાર બહાર નીકળી જાય છે તે વાત સ્પષ્ટ છે. શ્લેષ્મ કોઇ ધાતુનો મલ નથી, તે ત્રણુ દોષોમાંનો એક દોષ છે. તેથી યોગચિન્તામણિમાં ધાતુઓના મલોથી જૂદા પાડીને ત્રણુ દોષ અલગ બતાવેલા છે. જુઓ શારીરક પ્રકરણુ "**कलाः सप्ताशयाः**" ઇત્યાદિ શ્લોક ૫.

**એ રીતે સ્પષ્ટ થાય છે કે મુખનું જલ એ શ્લેષ્મથી ભિન્ન છે.**

**પ્રશ્ન**—'ખેલ' શબ્દનો અર્થ 'થૂંક' છે, અને થૂંક તથા મુખજલ એક જ છે. એટલે મુખજલમાં ખેલ શબ્દની પ્રવૃત્તિ થવાથી તે જીવોત્પત્તિનું સ્થાન થશે જ.

**ઉત્તર**—એમ કહેવું બરાબર નથી. નિષ્ઠીવન શબ્દ 'નિ'-ઉપસર્ગ-પૂર્વક **ષ્ઠીવુ નિરસને** ધાતુથી બન્યો છે. એટલે મુખથી નીકળતો કોઈ પદાર્થ નિષ્ઠીવન કહેવાય છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ત્યાગેલો ખેલ આદિ નિષ્ઠીવન કહી શકાય છે, પરન્તુ નિષ્ઠીવન 'ખેલ' નથી કહી શકાતો તેથી મુખથી નીકળતા જલકણોમાં જીવોત્પત્તિની સિદ્ધિ થતી નથી, કારણ કે જીવોત્પત્તિનાં સ્થાનોમાં 'નિષ્ઠીવન' શબ્દ આપ્યો નથી વસ્તુતઃ નિષ્ઠીવન શબ્દ ભાવલ્યુડન્ત હોવાથી પ્રક્ષેપણરૂપ નિરસન ક્રિયાનો વાચક છે. એમ માનવું યુક્ત છે. અર્થાત્ નિષ્ઠીવનનો વાસ્તવિક અર્થ છે—ક્ષેપણ કરવું યા ત્યાગવું. તેથી 'માધવનિદાન' કર્તાએ રક્ત-જ્વરનાં લક્ષણો બતાવતી વખતે નીકલવાના અર્થમાં નિષ્ઠીવન શબ્દનો પ્રયોગ કર્યો છે,

**रक्तनिष्ठोवनं दाहो, मोहश्छर्दनविभ्रमौ ।**
**प्रलापः पिटिका तृष्णा, रक्तप्राप्ते ज्वरे नृणाम् ॥१॥**

ભાવપ્રકાશમાં કોળીયાનું બહાર નીકાળવું એને નિષ્ઠીવન કહેલ છે— **वातपित्त०** ઇત્યાદિ.

"તિબ્બ અકબ્બર" નામક યૂનાની વૈદક ગ્રંથમાં પણ જીભના મૂલમાંથી મુખજલની ઉત્પતિ સ્પષ્ટરૂપે બતાવી છે, "જીભના મૂળમાં માંસનો લોચો છે જેમાંથી લુઆબ અને મુખનું પાણી નીકળે છે અને જીભને તર રાખે છે અને ખાવાની ચીજોમાં મળ્યા કરે છે," અને "શરીરવિજ્ઞાન" નામના ગ્રંથમાં મુખજલના વિષયમાં લખ્યું છે કે એમાં પચાવવાની શક્તિ હોય છે.

'અશુચિસ્થાન હોવાથી મુખજલ જીવોત્પત્તિનું સ્થાન છે' એમ કહેવું બિલકુલ અમૂલક છે. જીવોત્પત્તિનાં જેટલાં સ્થાનો છે એ બધાંનો નિર્દેશ પ્રજ્ઞાપના-સૂત્રમાં કરેલો છે : **उच्चारेसु वा** ઇત્યાદિ. "ઉચ્ચાર ( વિષ્ઠા )માં, પ્રસ્રવણ ( પિસાબ )માં, કફમાં, નાકના લીંટમાં, વમન ઉલટીમાં પિત્તમાં, પરૂમાં; લોહીમાં, શુક્ર-વીર્યમાં, શુક્રપુદ્ગલપરિશાટમાં ( શુક્રના સુકાયલા પુદ્ગલ ભીના થવામાં ), પ્રાણીના મુડદામાં સ્ત્રીપુરૂષના સમાગમમાં, નગરની ખાળો (ગટરો) માં એ બધાં અશુચિનાં સ્થાનોમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે." અહીં સર્વ અશુચિ-ઓનું તાત્પર્ય એ છે કે જ્યાં ઉચ્ચાર આદિ અનેક અશુચિઓની સ્થિતિ હોય તે સ્થાન.

મતલબ એ છે કે—પરકાય શસ્ત્રથી પરિણુત થતાં પૃથ્વીકાય આદિ અચિત્ત થઈ જાય છે, એ રીતે જ્યારે ઉચ્ચાર આદિ પ્રસ્રવણ આદિની સાથે મળી જાય છે, ત્યારે તેમાં સંમૂર્ચ્છિમ જીવોને ઉત્પન્ન કરવાની શક્તિ રહે છે કે નહિ ? શિષ્યના એવા પ્રશ્નની સંભાવના હોવાથી ખુલાસો કરવાને માટે જૂદું કહ્યું છે કે "સર્વ અશુચિઓનાં સ્થાનો સિવાય અન્ય સ્થાનોમાં" આ વાક્યનો અર્થ "ઉક્ત અશુચિઓનાં સ્થાનો સિવાય અન્ય સ્થાનોમાં"

એવો નથી. ઉપર મુજબ કથન કરવાથી એ સ્વયંસિદ્ધ થઇ ગયું કે જો ઉચ્ચાર આદિ સંમૂચ્છિંમ જીવોની ઉત્પત્તિનાં સ્થાન છે તો એ સ્થાનોમાં જો બે યા ત્રણ આદિ મળી જાય તો પણ તે જીવોની ઉત્પત્તિનાં સ્થાનો રહેશે. તેથી કરીને જે લોકો એમ કહે છે કે પૂર્વોક્ત અર્થ કરવાથી **सव्वेसु चेव असुईट्ठाणेसु** કહેવું વ્યર્થ અને અસંગત થઈ જશે, તેઓ પરાસ્ત થઈ ગયા. કારણ કે શિષ્યની પૂર્વોક્ત શંકાનું નિવારણ કરવા માટે એ કથનની આવશ્યકતા છે.

આ અર્થ ભગવાન્નાં વચનોમાંથી જ નીકળે છે. કારણ કે જો મુખથી નીકળનારા બધા પદાર્થો જીવોત્પત્તિનાં સ્થાનો હોત તો સંક્ષેપ કરવાને કેવળ એટલું જ કહી દેત કે '**मुहनिग्गएसु सव्वेसु चेव दव्वेसु** અર્થાત્ મુખથી નીકળનારા બધા પદાર્થોમાં સંમૂચ્છિંમ જીવો ઉત્પન્ન થાય છે. '**खेलेसु वा वंतेसु वा पित्तेसु वा**' એ પ્રમાણે ભગવાન્ અલગ અલગ કહેત નહિ. તેથી કરીને સૂત્રમાં નિર્દેશેલા પદાર્થો સિવાય અન્ય કોઈ પદાર્થમાં જીવોની ઉત્પત્તિ થતી નથી. એ વાત સ્પષ્ટ પ્રતીત થાય છે અથવા જો ભાષણ કરતી વખતે નીકળતા થોડા જલકણોમાં જીવોની ઉત્પત્તિ થતી હોય તો શિષ્યોને સ્પષ્ટ બોધ કરાવવાને ભગવાને જેમ '**खेलेसु वा वंतेसु वा**' ઇત્યાદિ અલગ અલગ નામ ગણાવ્યા છે તેમ '**मुहजलकणेसु वा**' એવો એક વધારે સૂત્રપાઠ રાખ્યો હોત. તેથી કરીને નિશ્ચિત છે કે મુખથી નીકળનારાં જલકણોમાં સંમૂચ્છિંમ જીવો ઉત્પન્ન થતા નથી, કારણ કે ભગવાને એને જીવોત્પત્તિનું સ્થાન બતાવ્યું નથી.

તાત્પર્ય એ છે કે—જ્યાં સુધી શિષ્ય જાણી ન લે કે જીવોનાં ઉત્પત્તિ સ્થાન ક્યાં ક્યાં છે, ત્યાં સુધી તે સંયમનું સમ્યક્ પ્રકારે પરિપાલન કરી શકતો નથી. તેથી ભગવાને જીવોત્પત્તિનાં સ્થાનોનું ખુલાસાથી જ્ઞાન કરાવવાને અલગ અલગ નામો ગણાવ્યા છે. જો જીવોની ઉત્પત્તિનાં બધાં સ્થાનો ગણાવવાની મતલબ ન હોય તો માત્ર '**सव्वेसु चेव असुइट्ठाणेसु**' (અશુચિનાં બધાં સ્થાનોમાં) એટલું જ કહી દેત. કારણ કે ઉચ્ચાર પ્રસ્રવણ આદિ બધાં અશુચિસ્થાનો હોવાને કારણે સંમૂચ્છિંમ જીવોની ઉત્પત્તિનાં સ્થાન છે, એ વાત પ્રતીતિથી સિદ્ધ છે એવી સ્થિતિમાં અલગ અલગ નામો ગણાવવાં અહેતુક થઇ જાય. અગર એમ માનો કે જીવોની ઉત્પત્તિનાં સ્થાનો ગણાવવાની મતલબ છે તો જિજ્ઞાસુ શિષ્યોનો સંદેહ ત્યાં સુધી દૂર નહિ થઇ શકે કે જ્યાં સુધી તેમને સાફ ન બતાવી દેવામાં આવે કે કઇ કઇ જગ્યાઓમાં સંમૂચ્છિંમ જીવોનો જન્મ થાય છે, તેથી કરીને અલગ અલગ ગણાવવું એ વૃથા નથી, કિન્તુ આવશ્યક હોવાથી સાર્થક છે. કારણે '**उवत्थिंदियनिग्गएसु वा**' (**उपस्थेन्द्रियनिर्गतेषु**) એમ ન કહેતાં વારંવાર '**पासवणेसु वा सुक्केसु वा सुक्कपुग्गलपरिसाडेसु वा सोणिएसु वा थीपुरिससंजोएसु वा**' એ રીતે દરેકનાં અલગ અલગ નામો ગણાવીને ભગવાને કથન કર્યું છે. એવું કથન ન કરત તો એ સંશય પડત કે સ્ત્રી-પુરુષના સંયોગ વિના કેવળ શુક્રશોણિત આદિમાં સંમૂચ્છિંમ જીવો ઉત્પન્ન થાય છે કે નહિ ? એ પ્રકારના સંદેહથી મુનિઓને સંયમ પાલન કરવાનું મુશ્કેલ થઈ પડત.

વાસ્તવમાં મુખમાંથી નીકળનારા જળકણોને અશુચિ કહેવા એ ખોટું છે, કારણ કે શાસ્ત્રમાં પ્રજ્ઞાપનાસૂત્રોક્ત ઉચ્ચાર આદિને જ અશુચિ શબ્દથી ઓળખાવવામાં આવ્યા છે અને મુખમાંથી નીકળનારા જળકણના અર્થમાં અશુચિ શબ્દનો પ્રયોગ મળી આવતો નથી. વ્યવહાર સૂત્રના ભાષ્યમાં, ત્રીજા ઉદ્દેશમાં '**दव्वे भावे असुई**' ઇત્યાદિ ૨૮૬ મી ગાથાનું વ્યા-

ખ્યાન કરતી વખતે કહ્યું છે કે—

અશુચિ બે પ્રકારની છે : (૧) દ્રવ્ય અશુચિ અને (૨) ભાવ અશુચિ. જે વ્યક્તિનું શરીર અશુચિથી લેપાયલું હોય અથવા જે વિષ્ઠાનો ત્યાગ કરીને (જાજરૂ જઈને) મળદ્વાર નથી ધોતો એ વ્યક્તિને દ્રવ્યથી અશુચિ કહે છે; ઈત્યાદિ.

તથા—એ વ્યવહારસૂત્ર ભાષ્યની **'दव्वे भावे असुई दव्वंमि विट्ठमादिलित्तो उ'** એ ૨૮૭ મી ગાથાની વ્યાખ્યા કરતી વખતે કહ્યું છે કે—

વિષ્ઠાઆદિથી લિપ્તને દ્રવ્ય અશુચિ કહે છે. અહીં 'આદિ' શબ્દથી મૂત્ર અને શ્લેષ્મ આદિનું ગ્રહણ કરવું જોઈ એમ કહ્યું છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલા ઉચ્ચાર આદિ જ અશુચિ શબ્દનો અર્થ છે, એ આશયથી પ્રકૃતમાં દ્રવ્યભાવનો ભેદ બતાવતા છતાં પણ અશુચિ પદાર્થોમાં મુખથી નીકળતા જળકણોને ગ્રહણ કર્યાં નથી.

આવશ્યક સૂત્રના વંદના નામક ત્રીજા અધ્યયનમાં હરિભદ્ર સૂરિએ ૧૧૧ મી ગાથાની વ્યાખ્યા કરતાં અશુચિ શબ્દનો અર્થ વિટ્પ્રધાન સ્થાન એમ કર્યો છે. દર્શનશુદ્ધિ નામક ગ્રંથમાં પણ એવું જ પ્રતિપાદન કર્યું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ૧૯ મા અધ્યયનની બારમી ગાથાની વ્યાખ્યા કરતાં ભાવવિજયગણિએ કહ્યું છે કે—**अशुचिभ्यां = शुक्रशोणिताभ्यां संभवम् = उत्पन्नम् अशुचिसंभवम्** । આ સૂત્રની સર્વાર્થસિદ્ધિ નામક ટીકામાં કમલસંયમ ઉપાધ્યાયે એવું વ્યાખ્યાન કર્યું છે કે—**अशुचिसंभवम् अशुचिरूपं शुक्रशोणितोत्पन्नम्** ।

સૂત્રકૃતાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં નરકના વર્ણનમાં ૬૬ મા સૂત્રમાં **असुई** શબ્દની ટીકામાં શીલાંગાચાર્યે કહ્યું છે કે **अशुचयो विष्टासृक्क्लेदप्रधानत्वात्** । અહીં ક્લેદ પરસેવાને કહ્યો છે. એ વાત સૌ જાણે છે કે મુખથી નીકળતા જળકણ અને પરસેવો એક નથી-બેઉ જૂદા-જૂદા છે. પરસેવામાં પણ સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થતા નથી, કારણ કે સંમૂર્ચ્છિમ જીવોનાં ઉત્પત્તિસ્થાનોની ગણત્રી કરતી વખતે ભગવાને પરસેવો કહેલો નથી. પિંડનિર્યુક્તિમાં પૂતિકર્મદોષના ભેદ દ્રવ્યપૂતિના ઉદાહરણમા **अशुचि गंध** શબ્દનો વિષ્ટા-ગંધવાળા અર્થમાં પ્રયોગ કર્યો છે.

માનવધર્મશાસ્ત્રમાં ભાષણ કરતી વખતે નીકળતા જળકણોને અશુચિ કહ્યા નથી. મનુસ્મૃતિના પાંચમા અધ્યાયમાં કહ્યું છે—

**मक्षिका विप्रुषश्छाया, गौरश्वः सूर्यरश्मयः ।**
**रजो भूर्वायुरग्निश्च, स्पर्शे मेध्यानि निर्दिशेत्** ॥५-१३३॥

દોરો ધારણ કરવાને જ હિંસાનું કારણ માનીને હાથથી અથવા શિરની પાછળ ગાંઠ વાળીને મુખવસ્ત્રિકા ધારણ કરનારાઓએ પણ આ પ્રમાણોનું શરણ લેવું જોઈએ, જે એ બતાવવાને માટે અહીં આપવામાં આવ્યાં છે કે-ભાષણ કરતી વખતે મુખથી નિકળતા જલકણોમાં સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન નથી થતા, અન્યથા વ્યાખ્યાન વાંચતી વખતે બબ્બે ત્રણ-ત્રણ કલાક સુધી બોલે છે, ત્યારે મુખવસ્ત્રિકા ધારણ કરવી આવશ્યક હોવાથી મુખથી નીકળતા જલકણોથી મુખવસ્ત્રિકા ભીની થઈ જશે અને એ આપત્તિ નિવારવાનુ શકય નથી.

લોકોમાં ખુલ્લે મુખે પુસ્તક વાંચનારના તથા બીજાઓ સાથે વાર્તાલાપ કરનારના

મુખમાંથી જલકણ નીકળીને પુસ્તક પર તથા બીજાના શરીર પર પડતા જોવામાં આવે છે. તો પછી મુખની પાસે જ રહેનારી મુખવસ્ત્રિકા પર કણ નહિ પડે, એવી કલ્પના કરવી એ દુરાગ્રહને પ્રકટ કરે છે.

**પ્રશ્ન**—સૂક્ષ્મ, વ્યાપી, સંપાતિમ તથા વાયુકાય આદિ જીવોની વિરાધનાથી બચવાને માટે જ જો સદા દોરા સાથે મુખવસ્ત્રિકા બાંધવામાં સાવધાની રાખવામાં આવે છે તો ભોજન કરતી વખતે એ જીવોની વિરાધનાથી કેવી રીતે બચી શકાય ? કારણ કે એ વખતે મૂખવસ્ત્રિકા છોડી નાખવાની જરૂર પડે છે.

**ઉત્તર**—ચિત્ત રાખીને સાંભળો. આ (દશવૈકાલિકના) જ ચોથા અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે **'जयं भुंजतो भासंतो पावं कम्मं न बंधइ'** અર્થાત્ યતનાપૂર્વક આહાર કરવાથી પાપકર્મનો બંધ થતો નથી. પૂર્વોક્ત પ્રમાણોથી મુખવસ્ત્રિકા બાંધવી એ સિદ્ધ થયા છતાં પણ એને કાઢી નાંખ્યા વિના **भुंजंतो** શબ્દથી બોધ્ય ભોજનક્રિયા થઇ શકતી નથી. તેથી એવું તાત્પર્ય નીકળે છે કે ભોજન કરતી વખતે મુનિએ મુખવસ્ત્રિકા હટાવી દેવી જોઈએ. એટલે **'जयं भुंजतो** પદનો અર્થ 'કલ્પને અનુસાર પ્રાપ્ત થએલો અંત પ્રાંત આદિ આહાર મંડલ-દોષોનો ત્યાગ કરીને ભોગવતાં'' એ પ્રમાણે સમજવો જોઇએ. એમ ન સમજવું જોઇએ કે મુખવસ્ત્રિકા બાંધી રાખીને આહાર કરે. એટલે ઉક્ત-યતનાપૂર્વક ભોજનકાળમાં મુખવસ્ત્રિકાનો ત્યાગ કરવો એ આગમને અનુકૂળ છે. તેથી પાપકર્મનો બંધ થતો નથી. એ આશયથી ભગવાને **पावं कम्मं न बंधइ** કહ્યું છે.

એ પ્રકારે ભગવાન્ તીર્થંકર ગણધરાદિનાં વચનોની પર્યાલોચના કરવાથી સકલ સંશયરૂપ અંધકાર દૂર થઇ જવાને લીધે પ્રકાશમાન એવા હૃદયમાં, વાયુકાય આદિની વિરાધનાનો દોષ ટાળવાને માટે દોરાસહિત મુખવસ્ત્રિકાનું બાંધવું તે આહ્લાદપૂર્વક સ્થાનને ધારણ કરે છે.

રાગદ્વેષ રૂપી દોષથી દૂષિત, ભગવદ્‌વચનામૃતના રસાસ્વાદથી વંચિત એવા પુરૂષોના અનેક દુર્વિકલ્પોથી પરાસ્ત એવા ચિત્તમાં આ અર્થને દુર્લક્ષ્ય સમજીને તેમને માટે હાથથી ન પ્રાપ્ત થનારી વસ્તુની પ્રાપ્તિને માટે સોપાન (સીડી)ના જેવું આલંબન આગળ રાખીને આ બધું સપ્રમાણ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

અહીં વિનીત શિષ્યની બુદ્ધિના વિકાસને માટે પ્રમાણરૂપે આપેલા ગ્રંથોની નામાવલી સંસ્કૃતટીકામાં આપવામાં આવી છે, ત્યાંથી પાઠકોએ જોઈ લેવી.

**ઇતિ મુખવસ્ત્રિકાવિચાર** સમાપ્ત

## તપ કે ભેદોં કા નિરૂપણ

**તપ**—જેથી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ભસ્મીભૂત થઇ જાય તેને તપ કહે છે. તપ બે પ્રકારનું છે. (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. બાહ્ય તપ છ પ્રકારનું છે—(૧) અનશન, (૨) ઊનોદરી, (૩) ભિક્ષાચર્યા, (૪) રસપરિત્યાગ, (૫) કાયક્લેશ, (૬) સંલીનતા.

(૧) **અનશન**—ઇહલોક પરલોક સંબંધી કામના રહિતપણે, ચતુર્થ ભક્ત, ષષ્ઠ ભક્ત, અષ્ટમ ભક્ત ( સળંગ એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ ) આદિ છ માસી તપ સુધી અથવા જીવનપર્યંત સંપૂર્ણ આહારનો પરિત્યાગ કરવો એ અનશન-તપ કહેવાય છે.

(૨) **ઊનોદરી**—જેટલા અન્નથી ઉદર ભરાય તેથી એક કોળિયો માત્ર પણ ઓછો આહાર કરવો તે ઊનોદરી તપ કહેવાય છે. તેથી સ્વાધ્યાય, ધ્યાન, આદિ ક્રિયાઓનો સારી રીતે નિભાવ થાય છે.

(૩) **ભિક્ષાચર્યા**—જેથી સ્વાધ્યાય, ધ્યાન આદિ ક્રિયાઓમાં વિઘ્ન ન આવે, એ પ્રકારે શાસ્ત્રાનુકૂલ વિધિથી વિશુદ્ધ ભિક્ષાને માટે પર્યટન કરવું એ ભિક્ષાચર્યા તપ કહેવાય છે.

(૪) **રસપરિત્યાગ**—દૂધ, દહીં, ઘી, તેલ, મીઠાઈનો ત્યાગ કરવો એને રસપરિત્યાગ કહે છે.

(૫) **કાયક્લેશ**—ટાઢ, તાપ, આદિને સહન કરવાં. અથવા કેશલોચ કરવો એ કાયક્લેશ તપ કહેવાય છે.

(૬) **સંલીનતા**—સ્ત્રી-પશુ-પંડક-રહિત વસતીમાં (સ્થાનમાં) કાચબાની પેઠે અંગોપાંગ સંકોચીને રહેવું તે સંલીનતા તપ કહેવાય છે.

આભ્યંતર તપના પણ છ ભેદો છે. (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન, (૬) વ્યુત્સર્ગ.

(૧ **પ્રાયશ્ચિત્ત**—લાગેલા અતિચારોની વિશુદ્ધિ કરવી એ પ્રાયશ્ચિત તપ છે; જેમકે આલોચના, પ્રતિક્રમણ વગેરે કરવાં.

(૨) **વિનય**—ગુરૂ આદિની આરાધના કરવી એ વિનય છે. ગુરૂ આદિ આવે ત્યારે ઊભા થવું, આસન આપવું, વંદના કરવી, એમના મનને અનુકૂળ પ્રવૃત્તિ કરવી વગેરે અનેક પ્રકારે વિનય થાય છે.

(૩) **વૈયાવૃત્ય** —અશન પાન આદિ લાવીને મુનિઓને સહાય આપવી આદિ વૈયાવૃત્ય (વૈયાવચ્ચ) તપ કહેવાય છે.

(૪) **સ્વાધ્યાય**—શ્રુતજ્ઞાનની આરાધના કરવી એ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયના પાંચ ભેદો છેઃ (૧) વાચના, (૨) પૃચ્છના, (૩) પરિવર્તના, (૪) અનુપ્રેક્ષા, અને (૫) ધર્મકથા.

શિષ્યોને આગમ ભણાવવા અને પોતે ભણવું એ વાચના. કહેવાય છે. સદ્ભાવપૂર્વક

સંશય દૂર કરવા માટે, અથવા તત્ત્વનો નિશ્ચય કરવા માટે પૃચ્છા કરવી–પૂછવું એ પૃચ્છના કહેવાય છે. શુદ્ધ ઉચ્ચારણ કરીને વારંવાર આવૃત્ત કરવું તે પરિવર્તના કહેવાય છે. ભણેલા અર્થનું વારંવાર મનન કરવું એ અનુપ્રેક્ષા છે. ધર્મની ચર્ચા અથવા ઉપદેશ કરવો એ ધર્મકથા કહેવાય છે.

(૫) **ધ્યાન**—વાયુનો સ્પર્શ નહિ થવાથી જેમ દીવાની જ્યોત સ્થિર રહે છે, તેવી રીતે મનને કોઇ એક અવલંબનમાં સ્થિર કરી લેવું એ ધ્યાન કહેવાય છે. ધ્યાન આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એવા ભેદે કરીને ચાર પ્રકારનું છે, તો પણ અહીં. ધર્મ અને શુકલ એ બે શુભ ધ્યાન જ ઉપાદેય છે. એ બે ધ્યાન તપમાં અંતર્ગત છે, પહેલાં બે અશુભ ધ્યાન કર્મબંધનાં કારણ છે.

(૬) **વ્યુત્સર્ગ**—કાયા આદિના વ્યાપારને તદા કષાય આદિને ત્યજીને ઉપયોગ સહિત રહેવું એ વ્યુત્સર્ગ કહેવાય છે.

એ પ્રમાણે બાહ્ય અને આભ્યંતરના ભેદ મળીને તપના એકંદર બાર ભેદ થાય છે.

**પ્રશ્ન**—અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મને ઉત્કૃષ્ટ મંગલ બતલાવેલ છે, પરન્તુ અનશન આદિ તપ ભોજનાદિનો ત્યાગ કરવાથી થાય છે, તેથી એ દુઃખ છે અને દુઃખ મોક્ષનું કારણ થઇ શકતું નથી; કારણ કે દુઃખ અસાતાવેદનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. ભગવાને પણ એમ જ પ્રતિપાદન કર્યું છે કે–"ભૂખ તરસ આદિ પરીષહ વેદનીય કર્મના ઉદયથી જ થાય છે." કર્મનો ક્ષય તો મોક્ષનું કારણ હોઈ શકે છે. પરંતુ એવું ક્યાંય સાંભળ્યું નથી કે કર્મનો ઉદય પણ મોક્ષનું કારણ છે. એ વાત કોઇ શાસ્ત્રમાં નથી તેમજ લોકમાં પ્રસિદ્ધ નથી; તેથી જો તપ કર્મોદયજન્ય હોઇને મોક્ષનું કારણ થઇ શકતો નથી તો તેને ઉત્કૃષ્ટ મંગલ કેમ કહ્યો છે ? જો દુઃખરૂપ તપને મોક્ષનું કારણ માનવામાં આવે તો અનેક દોષો આવે છે, જેમકે–જે પુરૂષ રોગથી અત્યંત પીડા પામી રહ્યો હોય તેનો મોક્ષ થઇ જવો જોઇએ, રાજદંડથી દુઃખ ભોગવવા વાળા ચોર ડાકુઓનો મોક્ષ થવો જોઇએ, ઘોડા પર ચાબુકનો માર પડે છે તેથી તે દુઃખી થાય છે, તેથી તેને પણ મોક્ષ મળવો જોઇએ. એજ પ્રમાણે ક્ષેત્રવેદનાથી દુઃખી એવા નારકી જીવોને તથા એક શ્વાસો-ચ્છવાસમાં સાડી સત્તરવાર જન્મ–મરણનાંદુઃખો અનંતકાળ સુધી પામનારા નિગોદિયા જીવોને પણ મુક્તિની પ્રાપ્તિ થવી જોઇએ. વધારે શું કહીએ ? જગતનાં બધાં પ્રાણીઓ જન્મ, મરણ, ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ વગેરે તરેહ તરેહનાં દુઃખોથી દુઃખી છે. એટલે એ બધાંને મોક્ષ મળી જવો જોઇએ, કારણ કે દુઃખને અહીં મોક્ષના કારણ રૂપ માન્યું છે.

જે અનશન આદિ તપ કરે છે તેને ભૂખ-તરસ આદિ પરીષહ થાય છે. પરીષહથી તીવ્ર દુઃખ થાય છે. દુઃખથી ચિત્તનો વિક્ષેપ થાય છે. ચિત્તના વિક્ષેપથી અશુભ ધ્યાન થાય છે. અશુભ ધ્યાનથી કર્મનો બંધ થાય છે. કર્મબંધનથી ચારે ગતિઓમાં પરિભ્રમણ કરવું પડે છે. એ રીતે એ મોટું અમંગળ છે. જે પ્રબળ અમંગળ છે તે અહિંસા અને સંયમથી યુક્ત થવા છતાં પણ ઉત્કૃષ્ટ મંગળ થઈ શકતું નથી. અમૃતમાં વિષ મેળવવાથી શું વિષ અમૃત થઇ શકે છે ? કદાપિ નહિ. તેથી તપને મોક્ષનું કારણ માનવું એ ઉચિત નથી.

**ઉત્તર**—તપને દુઃખ કહેવું એ યુકત નથી. તે દુઃખરૂપ નથી કારણ કે એ સાતાવેદનીય કર્મ કે જે આત્માનો જ એક વિભાવ પરિણામ છે અને પીડારૂપ છે, તેને દુઃખ કહે છે. અનશન આદિ તપ પીડારૂપ પરિણામ નથી, તેથી તેને દુઃખ કહી શકાય નહિ. બીજી વાત આ છે. શંકાકારે કહ્યું કે તપ મોક્ષનું કારણ નથી, કારણ કે તે દુઃખ છે; પરન્તુ અહીં " તપ મોક્ષનું કારણ નથી " એ પ્રતિજ્ઞા છે અને " કારણ કે તે દુઃખ છે " એ હેતુ છે. હેતુનો પ્રયોગ સદા એવો કરવો જોઇએ કે જે પ્રતિવાદીને મતે પણ સિદ્ધ હોય. જો "તે દુઃખ છે" એ હેતુ સિદ્ધ હોત તો શંકાકારનું સાધ્ય સિદ્ધ કરી શકાત, પરંતુ એ સિદ્ધ નથી; કારણ કે પહેલાં બતાવી ચૂકયા છીએ કે તપ એ દુઃખ નથી. એટલે એ હેતુ સ્વરૂપથી જ અસિદ્ધ છે. તપ દુઃખરૂપ નથી, બલ્કે દુઃખ ઉપર વિજય મેળવવો એ તપ કહેવાય છે.

અનશન આદિ તપથી થનારા ક્ષુધા આદિ પરીષહ આત્માના વધતા જતા વિશુદ્ધ પરિણામથી જીતાઈ જાય છે. ક્ષુધા એ દુઃખ અવશ્ય છે. પરંતુ તેને તપ કહી શકાય નહિ, બલ્કે ક્ષુધા પર વિજય પ્રાપ્ત કરવો એ તપ કહેવાય છે. ક્ષુધાને જીતવી એ દુઃખ નથી પરન્તુ સુખ છે એટલે તપ સુખરૂપ છે, કેમકે તપશ્ચર્યા કરનારાઓને ભૂખની પરવા જ નથી હોતી. તેથી શંકાકારનું એ કહેવું બરાબર નથી કે-'તપથી પીડા ઉત્પન્ન થાય છે.' આ કથનથી એ વાત સારી રીતે સિદ્ધ થઇ ગઈ કે ક્ષુધા આદિ પરીષહ વેદનીય કર્મના ઉદયથી થાય છે પરન્તુ તે પીડા ઉત્પન્ન કરી શકતી, નથી. અને જો તેથી પીડા ઉત્પન્ન નથી થતી. તો ચિત્તમાં વિક્ષેપ પણ થઇ નથી શકતો. ઉલ્ટું ક્ષુધા આદિને જીતવાથી કર્મની નિર્જરા થાય છે અને આવતાં કર્મોનો નિરોધ થવાથી સંવર પણ થાય છે. તેથી ભગવાન્ મહાવીર સ્વામીએ ક્ષુધા આદિ પરીષહ અને તપને જુદાં-જુદાં કહેલાં છે.

એક બીજી વાત એમ છે કે-સિદ્ધ ભગવાન કદાપિ આહાર લેતા નથી. જો અનશનને દુઃખ માની લેવામાં આવે તો તેમને પણ દુઃખી જ માનવા પડે. જો સિદ્ધ પણ દુઃખી હોય તો મોક્ષમાર્ગની પ્રરૂપણા કરનારૂં શાસ્ત્ર વ્યર્થ બની જાય, અને એ શાસ્ત્રોને અનુસરીને કરવામાં આવતી ક્રિયાઓ પણ વ્યર્થ થાય, કારણ કે દુઃખી થવાને કોઈ બુદ્ધિમાન તૈયાર નહિ થાય. મતલબ એ છે કે-જેમ પોતાનો રોગ દૂર કરવાને માટે રોગી પોતાની મેળે જ લાંઘણ કરવામાં પ્રવૃત્ત થાય છે; અથવા હીરા, મોતી, માણેક, સોનું. ચાંદી આદિની પ્રાપ્તિ માટે મનુષ્ય દુસ્તર સમુદ્રને તરે છે; અથવા પોતાની ઇચ્છાથી જ મોતી આદિની પ્રાપ્તિ માટે ઊંડા સમુદ્રમાં ડુબકી મારે છે, મોટાં મોટાં ઘોર અને ભયાનક જંગલોમાં ટાઢ તાપનાં અનેક કષ્ટો ઉઠાવે છે, દુર્ગમ રસ્તાઓમાં લાભને માટે ભટકતો ફરે છે. તોપણ પોતાનાં મનમાં તેને દુઃખ માનતો નથી કે પીડાનો અનુભવ કરતો નથી, જો લંઘન કરવામાં અને ડુબકી મારવા આદિમાં કષ્ટનો અનુભવ થતો હોત તો કોઈએ દબાવ્યા કે આગ્રહ કર્યા વિના પોતાની જ ઇચ્છાથી મનુષ્ય ઉત્સાહ પૂર્વક કેમ પ્રવૃત્તિ કરત ? એજ રીતે મુનિરાજ પણ પોતાના આત્માની વિશુદ્ધિને માટે પોતાની મેળે જ પ્રમુદિત ભાવથી અનશન આદિ તપશ્ચર્યા કરે

છે. એમ કરવામાં તેને જરા પણ દુઃખ થતું નથી.

(૧) જગતમાં પોતાનાં કરેલાં કર્મોને કારણે કેટલાક જીવો નરકમાં જઈને પરમાધર્મી-દ્વારા ભાલાં આદિથી છેદાય-ભેદાય છે. કેટલાંક ઘાણીમાં તલ અથવા સરસવની પેઠે પિલાય છે. કેટલાકો તાંબાપીતળનાં વાસણોની જેમ કુટાય-પીટાય છે. કેટલાકો લાકડાની પેઠે કરવતથી વહેરાય છે. કેટલાકને તીક્ષ્ણ કાંટાનાં બિછાનાં પર સુવાડવામાં આવે છે. કેટલાકને કપડાની પેઠે શિલાપર પછાડવામા આવે છે, અને અનંત ભૂખ-તરસ આદિ નાના પ્રકારના અસહ્ય કલેશ પમાડવામાં આવે છે. એ પ્રમાણે તરેહ તરેહનાં દુઃખોનો અનુભવ એ જીવો કરે છે.

(૨) તિર્યંચ ગતિમાં પણ કોઈ કોઈ તિર્યંચ દુઃખ સાથે ટાઢ-તાપ સહન કરે છે, કેટલાક પર ભારે બોજો લાદવામાં આવે છે, કોઈ કોઈ ચાબુકના માર ખાય છે, કોઈ કોઈને કાતીલ શસ્ત્રોથી છેદવામાં આવે છે, કોઈ કોઈ ખૂંટિએ બંધાએલા ભૂખ-તરસ આદિ નાના પ્રકારનાં દુઃખો ભોગવતા જોવામાં આવે છે.

(૩) જો ભાગ્યોદયથી મનુષ્યગતિ મળી જાય તો તેમાં પણ સેંકડો દુઃખો ભોગવવાં પડે

છે. એમ કરવામાં તેને જરા પણ દુઃખ થતું નથી.

(૧) જગતમાં પોતાનાં કરેલાં કર્મોને કારણે કેટલાક જીવો નરકમાં જઈને પરમાધર્મી-દ્વારા ભાલાં આદિથી છેદાય-ભેદાય છે. કેટલાંક ઘાણીમાં તલ અથવા સરસવની પેઠે પિલાય છે. કેટલાકો તાંબાપીતળનાં વાસણોની જેમ કુટાય-પીટાય છે. કેટલાકો લાકડાની પેઠે કરવતથી વહેરાય છે. કેટલાકને તીક્ષ્ણ કાંટાનાં બિછાનાં પર સુવાડવામાં આવે છે. કેટલાકને કપડાની પેઠે શિલાપર પછાડવામા આવે છે, અને અનંત ભૂખ-તરસ આદિ નાના પ્રકારના અસહ્ય કલેશ પમાડવામાં આવે છે. એ પ્રમાણે તરેહ તરેહનાં દુઃખોનો અનુભવ એ જીવો કરે છે.

(૨) તિર્યંચ ગતિમાં પણ કોઈ કોઈ તિર્યંચ દુઃખ સાથે ટાઢ-તાપ સહન કરે છે, કેટલાક પર ભારે બોજો લાદવામાં આવે છે, કોઈ કોઈ ચાબુકના માર ખાય છે, કોઈ કોઈને કાતીલ શસ્ત્રોથી છેદવામાં આવે છે, કોઈ કોઈ ખૂંટિએ બંધાએલા ભૂખ-તરસ આદિ નાના પ્રકારનાં દુઃખો ભોગવતા જોવામાં આવે છે.

(૩) જો ભાગ્યોદયથી મનુષ્યગતિ મળી જાય તો તેમાં પણ સેંકડો દુઃખો ભોગવવાં પડે

છે. કોઈ માણસ આંધળો થઈ જાય છે, કોઈ બહેરો બની જાય છે, કોઈ લંગડો થાય છે. કોઈને શ્વાસ યા ખાંસીનો રોગ થાય છે. કોઈ દરિદ્રતાનાં દુઃખોથી દીન-હીન થઇને અનેક પ્રકારની દુર્દશાનો અનુભવ કરે છે. વૃદ્ધાવસ્થામાં પત્ની પુત્ર આદિ તેનો તિરસ્કાર કરે છે. છેવટે ભૂખ-તરસ આદિનાં દુઃખો પણ વેઠીને તેને મરણ શરણ થવું પડે છે.

(૪) કદાચ દેવગતિ પામીને દેવતા થઇ જાય તો ત્યાં પણ તરેહ તરેહનાં દુઃખો વિદ્યમાન હોય છે. કોઈ દેવતાની વિભૂતિ અધિક હોય છે, કોઈની ઓછી હોય છે. ઓછી વિભૂતિ-વાળા અધિક વિભૂતિવાળા દેવતાને જોઈને ઈર્ષા-દ્વેષ કરે છે. એમ કરવાથી મનમાં અત્યંત સંતાપ થાય છે. એ સંતાપને શમાવવાને જ્યારે તે પોતાને અસમર્થ જુએ છે ત્યારે તે દુઃખી થાય છે. તેથી સંસારમાં ક્યાંય પણ સુખ જોવામાં આવતું નથી.

જેવી રીતે અપાર સાગરમાં ચંચલ તરંગો ઉત્પન્ન થાય છે, તેવી રીતે સંસારમાં જન્મ, મરણ, બુઢાપો, માનસિક ચિંતાઓ, શારીરિક વ્યાધિઓ. ઇષ્ટ વસ્તુઓનો વિયોગ અનિષ્ટનો સંયોગ આદિ અનેક પ્રકારનાં નવાં નવાં દુઃખો ઉત્પન્ન થતાં રહે છે. એ વિવિધ પ્રકારનાં

દુઃખોને સારી પેઠે સમ્યગ્જ્ઞાનદ્વારા જાણવાથી એવી જિજ્ઞાસા થાય છે કે આ દુઃખસમૂહથી આપણે કેવી રીતે છૂટીશું ? એ રીતે છૂટવાનો ઉપાય શોધતાં મુનિ મહાત્મા જીનેન્દ્ર ભગવાને પ્રતિપાદિત કરેલા મોક્ષના માર્ગ પર આરૂઢ થઇ જાય છે. પછી ક્રમશઃ શુક્લધ્યાનદ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને અવ્યાબાધ અનંત આત્મિકસુખ અને પુનરાગમનરહિત મોક્ષને પ્રાપ્ત કરે છે. પોતાના મનમાં એવો વિચાર કરીને તપમાં લીન થનાર તપસ્વીજન ભૂખ–તરસના થોડા દુઃખને લગારે ગણતા નથી. તેમની સામે અનંત સુખના સ્થાન મોક્ષનું ધ્યેય સદા રહે છે અને એ ધ્યેયની પ્રાપ્તિમાં ક્ષુધા આદિ પરીષહોથી થનારૂં દુઃખ નહિવત બને છે. તે પોતાના અંતઃકરણમાં એ તુચ્છ દુઃખોનું સ્મરણ પણ કરતા નથી. તાત્પર્ય એ છે કે–અનશન આદિ તપ, પરમપદ મોક્ષના અનંત અવિનાશી સુખનું પ્રબલ કારણ હોવાથી મુનિઓના આત્માના પરિણામોમાં વિકાર ઉત્પન્ન કરી શકતું નથી. અને એ ઔદયિક ભાવમાં પણ નથી અર્થાત્ તપ ક્ષાયોપશમિક–ભાવમાં છે. આ વિષયનું પ્રતિપાદન પહેલા વિસ્તારથી કરવામાં આવ્યું છે. હવે યે વાત સારી રીતે સિદ્ધ થઈ ચૂકી કે તપ મોક્ષનું કારણ છે અને ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મ છે.

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, પરંતુ ધર્મમાં એવો કયો વિચિત્ર મહિમા છે કે જેથી તેને ઉત્કૃષ્ટ મંગલ કહ્યો છે ? આ પ્રશ્નનું સમાધાન કરવાને કહે છે :—

જે પ્રાણીના મનમાં અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનો નિરંતર નિવાસ રહે છે. તે ધર્માત્મા પ્રાણીને ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક એ ચારે નિકાયોના દેવતા નમસ્કાર કરે છે અર્થાત્ તેમનું સંમાન કરે છે. ગાથામાં આવેલા 'अपि' શબ્દથી સ્પષ્ટ થાય છે કે જ્યારે દેવતા પણ ધર્માત્મા પ્રાણીનું સંમાન કરે છે તો રાજા, મહારાજા, સમ્રાટ અને ચક્રવર્તી આદિની તો વાત જ ક્યાં રહી ? તેઓ પણ તેમના ચરણમાં પડે છે. એ રીતે ઉત્કૃષ્ટ ધર્મની આરાધના કરનારો પ્રાણી દેવો વડે વંદનીય બને છે. જો કોઈ ત્રણ કરણ અને ત્રણ યોગથી એ ધર્મની આરાધના ભલી પેઠે કરે તો તે અવશ્ય એવી સિદ્ધિ-ગતિ (મોક્ષ) ને પ્રાપ્ત કરે કે જે પરમકલ્યાણરૂપ છે, અચલ છે, તેમાં કોઈ પ્રકારનો રોગ-દોષ નથી, જેનો કદાપિ અંત આવતો નથી જેમાં પહોંચવાથી ક્ષય થતો નથી અને કોઈ પ્રકારની બાધા–પીડા થતી નથી. અહા ! એ મોક્ષની શી વાત કહીએ, જેની આગળ નરેંદ્ર ઇંદ્ર અહમિંદ્ર આદિનુ સુખ એવું તુચ્છ છે કે જેમ ધાન્ય આગળ ફોતરાં તુચ્છ છે.

**પ્રશ્ન**—સંયમ તપ આદિ સર્વ ધર્મોનું મૂલ અહિંસા છે, તેથી સંયમ અને તપનો સમાવેશ અહિંસામાં જ થઈ જાય છે. તો સંયમ અને તપને જુદા-જુદા કેમ કહ્યા છે ? સાંભળો—

ઉત્તર—જુદા જુદા કહેવાનું કારણ એ છે કે તપ વિના સંયમની જોઈએ તેવી નિર્મળતા થતી નથી અને સંયમ વિના અહિંસાનું બરાબર પાલન થઇ શકતું નથી. એ કારણથી અહિંસાનું પ્રતિપાદન કરીને તેને નિર્મળ બનવવાને માટે તપનું જુદું કથન કરવામાં આવ્યું છે. એથી ત્રણેનું જુદું-જુદું કથન ઉચિત છે.

સંયમ અને તપના અર્થમાં બીજી પણ વિશેષતા છે અને તે એ કે-સંયમથી સંવર થાય છે, પણ તપથી સંયમ અને નિર્જરા બેઉ થાય છે.

અથવા એમ સમજવું જોઈએ કે સંયમ અને તપ એ બેઉ રાજાના આત્મરક્ષકોની પેઠે અહિંસાવ્રતના રક્ષક બને છે. જ્યાં સુધી સંયમ અને તપ ન થાય ત્યાં સુધી અહિંસાનું સમ્યક્ પાલન થઇ શકતું નથી.

એક સમાધાન બીજું પણ છે. અહિંસામાં પ્રાણોના વ્યપરોપણની નિવૃત્તિની પ્રધાનતા છે. અને સંયમમાં શ્રોત્ર આદિ ઈન્દ્રિયોના નિગ્રહની પ્રધાનતા છે. એ રીતે એમાં અનેક પ્રકારની મોટી મોટી વિશેષતાઓ જોઈને સૂત્રકારે પૃથક્ કથન કર્યું છે. તપના સ્વરૂપમાં તો એટલો ભેદ છે કે કોઈને સંદેહ થઈ શકે નહિ. પોતાની અથવા બીજાની દ્વારા પ્રાણના વ્યપરોપણની નિવૃત્તિ કરવી તેને અહિંસા કહે છે, અને ભૂખ તરસ ટાઢ તાપ આદિને સહેવાં તે તપ કહેવાય છે.

પ્રશ્ન—ભગવાને અહિંસા સંયમ અને તપ એ ત્રણેમાં તપને છેલ્લું કેમ કહ્યું ?

ઉત્તર—કરોડો ભવોમાં સંચિત કરેલાં અત્યંત કઠોર કર્મ તપની દ્વારા શીઘ્ર નષ્ટ થઇ જાય છે. એથી દુસ્તર સંસારરૂપી સાગરને શીઘ્ર પાર કરવાની અભિલાષા રાખનારા, અહિંસા અને સંયમની આરાધનામાં તત્પર રહેનારા, મોક્ષાભિલાષીઓએ અવશ્ય ઉગ્ર તપસ્યા કરવી જોઈએ. એ ઉદ્દેશથી ભગવાને તપને છેલ્લું જુદું કહ્યું છે. ॥ ૧ ॥

ધર્મનું રક્ષણ શરીરથી થાય છે. અને શરીરનો નિર્વાહ આહારથી થાય છે. આહાર પૃથિવી આદિ છ જીવનિકાયના આરંભ વિના નથી બની શકતો, અને જ્યાં આરંભ છે ત્યાં ધર્મ નથી' એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્રના બીજા ઠાણામાં એ વાત સ્પષ્ટ છે. અર્થાત્ આરંભ અને પરિગ્રહ એ બેઉના યથાથ સ્વરૂપને આત્મા, જ્ઞપરિજ્ઞાથી સમ્યક્-પ્રકારે જાણે કે એ બેઉ જન્મ જરા મરણના દાતા, ચતુર્ગતિરૂપ અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનારા, છેદન-ભેદન-આધિ-વ્યાધિ-કલેશરૂપ દુઃખોના કારણ તથા આત્માના વિશુદ્ધ સ્વરૂપના ઘાતક છે. પરંતુ જ્યાં સુધી પ્રત્યાખ્યાનપરિજ્ઞાદ્વારા ત્રણ કરણ અને ત્રણ યોગથી તેને ત્યજી ન દેવાય ત્યાં સુધી જિનેન્દ્રભગવાને પ્રરૂપેલા ધર્મને સાંભળવા યોગ્ય પણ થવાતું નથી, પછી પાળવાની તો વાત જ કયાં ? તાત્પર્ય એ છે કે આરંભ અને પરિગ્રહનો ત્યાગ કર્યા વિના ધર્મનું પૂર્ણ પાલન થઇ શકતું નથી તેથી ધર્મના આરાધક મુનિઓને નિરવદ્ય આહારની વિધિ કહે છે—"**जहा दुमस्स**" ઇત્યાદિ.

જેમ ભ્રમર ભ્રમણ કરીને અનેક વૃક્ષ લતા આદિનાં પુષ્પોનો થોડો થોડો રસ માર્યાદા પૂર્વક લે છે, વધુ લેતો નથો, અને એવી રીતે લે છે કે કોઈ પણ પુષ્પને જરાએ પીડા થાય નહિ, એમ તે પોતાના આત્માને તૃપ્ત કરી લે છે.

પ્રશ્ન—વૃક્ષ અને લતાઓ પર જ ફૂલ થાય છે, તો વળી દ્રુમ (વૃક્ષ) શબ્દ કહેવાનો શો હેતુ છે.

ઉત્તર—જેમ ભમરો બધાં વૃક્ષો અને લતાઓનાં ફૂલોનો રસ પીએ છે, ઉંચ-નીચનો ભેદભાવ રાખતો નથી કે-આ વૃક્ષ પર ઓછાં ફૂલો છે અને આના પર વધારે છે; એ પ્રમાણે સાધુ-પણ દ્રવ્ય-ભાવથી ઉંચ-નીચનો ભેદભાવ ન રાખીને સમાન દૃષ્ટિથી ગૃહસ્થોનાં કુળોમાં ભિક્ષા-વૃત્તિને માટે ભ્રમણ કરે છે. એ આશયને પ્રકટ કરવા માટે ગાથામાં દ્રુમ (વૃક્ષ) શબ્દ આપેલો છે.

અથવા એમ સમજવું કે ગાથામાં દ્રુમ શબ્દની સાથે છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. છઠ્ઠી વિભક્તિનો અર્થ સંબંધ થાય છે. એથી આ દૃષ્ટાંત દ્રુમમાં લાગેલાં પુષ્પોના રસને ગ્રહણ કરનારા ભમરાનું જ સમજવું જોઇએ. બીજા ભમરાઓનું નહિ. એટલે એ અર્થ થાય છે કે જેમ ભ્રમર, દ્રુમ (વૃક્ષ) સંબંધી પુષ્પરસને જ ગ્રહણ કરે છે. બીજા રસને નહિ, તેમ સાધુ પણ ગૃહસ્થથી સંબંધ રાખનારા અર્થાત્ જેની ઉપર ગૃહસ્થનો અધિકાર હોય તે આહારનેજ ગ્રહણ કરે છે, જે આહારનો કોઈ ગૃહસ્થ સ્વામી નથી હોતો તેને સાધુ ગ્રહણ કરતો નથી.

પુષ્પ શબ્દના પ્રસૂન કુસુમ આદિ અનેક પર્યાય શબ્દો હોવા છતાં ગાથામાં પ્રસૂન કે કુસુમ આદિ અન્ય શબ્દ ન આપતાં પુષ્પ શબ્દ જ આપ્યો છે. એમાં સૂત્રકારનો આશય ખીલેલાં ફૂલોનો છે એમ સ્પષ્ટ થાય છે, કારણ કે ખીલેલા ફૂલનું જ નામ પુષ્પ છે. એથી ભ્રમર, જેમ ખીલેલા ફૂલો પર જ બેસે છે અને તેનું રસપાન કરે છે, તેમ સાધુ પણ એવા ગૃહસ્થો પાસેથી આહાર લે છે કે જેમનો ભાવ સાધુઓને આહાર આપવાનો હોય અને જે કુળ દુગુંછિત ન હોય.

ભ્રમરનાં પણ ષટ્પદ દ્વિરેફ આદિ અનેક નામો છે, તેમાંથી બીજો કોઇ શબ્દ ન આપતાં 'ભ્રમર' શબ્દ આપ્યો છે, ભ્રમર શબ્દનો અર્થ થાય છે ભ્રમણ કરનાર-એક સ્થાન

પર બેસી ન રહેનાર; એ શબ્દ આપવાનો આશય એ છે કે સાધુએ અહીં-તહીં ભ્રમણ કરીને થોડો થોડો આહાર લેવો જોઈએ, જેથી ગૃહસ્થ ફરી આરંભ ન કરે, મર્યાદા અર્થ-વાળો આ ઉપસર્ગ આપવાનું તાત્પર્ય એ છે કે જેટલા આહારની આવશ્યકતા હોય એટલો જ લેવો. વધારે નહિ.

ગથાના ઉત્તરાર્ધમાં 'पुप्फं' એ એકવચનથી એમ સૂચિત થાય છે કે જેમ ભમરો એક પણ પુષ્પને પીડા ઉપજાવતો નથી. તેમજ સાધુએ કોઈપણ દાતાને કષ્ટ ન ઉપજાવવું.

જેમ મેઘ, કોઈને ઉદ્દેશ્ય કરીને પાણી વરસાવતો નથી. અથવા જેમ વૃક્ષ, પોતાના નામ-ગોત્ર કર્મના ઉદયથી જ કોઇને ઉદ્દેશ્ય કર્યા વિના સ્વભાવથી જ ફલ-ફૂલ ઉત્પન્ન કરે છે, તેમ ગૃહસ્થ પોતાના ક્ષુધા-વેદનીય કર્મના ઉદયથી જ્યારે આવશ્યક્તા લાગે છે ત્યારે ભોજન બનાવે છે. અથવા જેમ જ્યાં ભમરા ન જઈ શકે તેવે સ્થળે પણ વૃક્ષ ફૂલે છે, તેમ જ સાધુ જ્યારે તપસ્યા કરે છે ત્યારે, અને જ્યાં સાધુ નથી હોતા તે ગ્રામ નગર આદિમાં પણ દિવસે યા રાત્રિએ ગૃહસ્થો નાનાપ્રકારના ભોજન તો બનાવે જ છે; એથી 'ગૃહસ્થ' જે ભોજન બનાવે છે તે સાધુઓને નિમિત્ત હોય છે' એમ ન સમજવું જોઈએ.

પ્રશ્ન—ભ્રમરનું ઉદાહરણ વિષમ છે, કારણ કે તે સાધુઓની સાથે બરાબર બંધ બેસતું નથી. ભ્રમર વૃક્ષની આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના જ પુષ્પનો રસ પીએ છે. સાધુ યાચના કરીને જ ભિક્ષા લે છે. ભ્રમર એક દિવસમાં એક જ વૃક્ષની પાસે વારંવાર જાય છે અને પુષ્પર-સને પીએ છે, સાધુ એક દિવસમાં વારંવાર એક ગૃહસ્થના ઘેરથી ભિક્ષા નથી લઈ શકતા. ભ્રમર અસંજ્ઞી હોય છે; સાધુ સંજ્ઞી હોય છે, ભ્રમર અવ્રતી હોય છે; સાધુ વ્રતી હોય છે; ભ્રમર અપ્રત્યાખ્યાની હોય છે, સાધુ પ્રત્યાખ્યાની હોય છે. ભ્રમર અસંયત હોય છે, સાધુ સંયત હોય છે. ઇત્યાદિ અનેક ભિન્નતાઓ રહેલી છે.

ઉત્તર—એ શંકા બરાબર નથી, કારણકે દૃષ્ટાન્ત બધી જગ્યાએ એકદેશીય જ હોય છે. પીડા ઉપજાવ્યા વિના અનેક પુષ્પોમાંથી થોડો થોડો રસ લેવો' એટલા અંશમાં જ આ દૃષ્ટાન્ત સમજવું જોઇએ. આ વિષયનું સ્પષ્ટીકરણ સૂત્રકાર પોતે જ **महुगारसमा** એ પાંચમી ગાથામાં કરશે. (૨)

હવે વિશેષ ખુલાસો કરવાને દાર્ષ્ટાન્તિક કહે છે.—

આ પ્રમાણે અઢી દ્વીપમાં જેટલા શ્રમણ મુક્ત, સાધુઓ છે તેઓ બધા દાતા દ્વારા આપવામાં આવતા આહારની એષણામાં એવો પ્રયત્ન કરે કે જેમ ભ્રમર પુષ્પોના રસના શોધનમાં લીન થાય છે.

શ્રમણ, શમન, સમનસ્. સમણ, એ બધા શબ્દોનો પ્રાકૃત ભાષામાં 'સમણ' રૂપ અર્થ થાય છે. 'શ્રમણ' નો અર્થ એવો છે કે-જે અનશન આદિ તપ કરે છે.-પરીષહ સહે છે, સંસા-રમાં પરિભ્રમણ કરાવનારા ઈન્દ્રિયોના વિષયોથી ઉદાસ રહે છે, અથવા જે પાંચ ઈન્દ્રિયોનું તથા મનનું દમન કરે છે, 'શમન' નો અર્થ એવો થાય છે, કે-કષાય-ક્રોધ માન માયા અને લોભ, તથા નોકષાય-હાસ્ય રતિ અરતિ શોક ભય જાુગુપ્સા સ્ત્રીવેદ પુરૂષવેદ અને નપુંસ

વેદ રૂપી અગ્નિને શાન્ત કરી નાખે છે. ભયંકર વિશાળ ભવાટવીમાં પર્યટન કરતાં ભોગરૂપી અગ્નિની ભભકતી જ્વાલાઓમાંથી ઉત્પન્ન થતાં સંતાપના સમૂહને શુદ્ધ ભાવનાથી શાન્ત કરી નાંખે છે. 'સમનસ્' શબ્દનો અર્થ એવો છે કે-જેનું મન સ્વ અને પરમાં સમાન હોય, અથવા જેનાં મનોયોગ હમેશ શુદ્ધ રહે. 'સમણુ' શબ્દનો અર્થ એવો થાય છે કે-જે સમ્યક્ પ્રકારે પ્રવચનનું પ્રતિપાદન કરે છે અથવા ચારે કષાયોને જીતી લે છે.

પરિગ્રહના બંધનથી રહિત અર્થાત્ ધર્મનાં ઉપકરણો સિવાય એક સોય કે તણખલા જેટલો પણ પરિગ્રહ ન રાખનારાઓને મુક્ત કહે છે.

પરિગ્રહના બે ભેદ છે. (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. પહેલો બાહ્ય પરિગ્રહ ધન-ધાન્યાદિ નવ પ્રકારનો છે. બીજો આભ્યંતર પરિગ્રહ-(૧) મિથ્યાત્વ, (૨)સ્ત્રીવેદ, (૩) પુરૂષ-વેદ. (૪) નપુંસકવેદ, (૫) હાસ્ય, (૬) રતિ, (૭) અરતિ, (૮) શોક (૯) ભય, (૧૦) જુગુપ્સા (૧૧) ક્રોધ, (૧૨) માન, (૧૩) માયા, અને (૧૪) લોભ, એ ભેદોએ કરીને ૧૪ પ્રકારનો છે.

સ્વ અને પરના મોક્ષ સંબંધી સુખને સાધનારા સાધુ કહેવાય છે. એવા સાધુ, આપવામાં આવતા અશન આદિની એષણામાં પ્રવૃત્ત થાય છે, આહાર પાણીની વિશુદ્ધિમાં લીન રહે.

અહીં સુધી દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકની પરસ્પર સમાનતા બતાવી છે. હવે તેમાં જે અંતર રહેલું છે તે બતાવે છે. તે અંતર એ છે કે-જેમ ભ્રમર પુષ્પોમાં અનુરક્ત થાય છે તેમ ગૃહસ્થે આપેલા અશન પાન આદિના શોધનમાં સાધુ પ્રવૃત્ત થાય બૌદ્ધિક, શાક્ય, તાપસ, ગૈરિક અને આજીવિક આદિ પણ જનતામાં શ્રમણ કહેવાય છે, તેનું નિરાકરણ કરવા માટે ગાથામાં **मुत्ता** (मुक्ताः) કહ્યું છે નિહ્નવ આદિ પણ વ્યવહારે કરીને મુક્ત કહેવાય છે, તેથી તેનું નિરાકરણ કરવાને **साहुणो** (साधवः) પદ આપેલું છે. ભ્રમર અણઆપેલા પુષ્પના રસનું પાન કરે છે, કિન્તુ શ્રમણ અણઆપેલાં ભોજનનુ ગ્રહણ કરવાની ઇચ્છા પણ કરતા નથી, પછી ગ્રહણ કરવાની વાત જ ક્યાં રહી ? આ ભેદને પ્રકટ કરવાને માટે **दान** શબ્દ, સચિત્ત આહારનું નિરાકરણ કરવાને માટે **भत्त** શબ્દ, અને આધાકર્મી આદિ દોષવાળા આહારનો વ્યવચ્છેદ કરવાને માટે **एषणा** શબ્દ ગાથામાં આપવામાં આવેલો છે.

આ બે ગાથાઓમાં દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક બતાવીને એમ પ્રકટ કરવામાં આવ્યું છે કે સાધુઓએ કેવા પ્રકારની ભિક્ષા લેવી જોઈએ. માટે ભિક્ષાના ભેદો કહે છે—

ભિક્ષા બે પ્રકારની છે લૌકિક ભિક્ષા અને લોકોત્તર ભિક્ષા. લૌકિક ભિક્ષાના પણ બે ભેદો છે (૧) દીનવૃત્તિ, (૨) પૌરૂષઘ્ની. પોતાનું પેટ ભરવામાં અસમર્થ દીન, હીન, અનાથ લૂલા, લંગડાની ભિક્ષા દીનવૃત્તિ કહેવાય છે. પાંચ આસ્રવોનું સેવન કરનારા, પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં ચિત્તને સદા આસક્ત રાખનારા પાંચે પ્રકારના પ્રમાદોમાં પ્રવૃત્તિ કરનારા, ભોગરૂપી આમિષમાં અભિલાષા રાખનારા, બાળ-બચ્ચાંને ઉત્પન્ન કરનારા, એવા નકામા મનુષ્યોને આપવામાં આવતી ભિક્ષા પૌરૂષઘ્ની કહેવાય છે, કારણ કે તેથી એમનું પૌરૂષ નષ્ટ થઇ જાય છે.

લોકોત્તર ભિક્ષા બે પ્રકારની છે. (૧) અપ્રશસ્ત, (૨) પ્રશસ્ત. અવસન્ન અને પાર્શ્વસ્થ આદિની ભિક્ષા અપ્રશસ્ત અને પંચ મહાવ્રતધારી, ષટ્કાયરક્ષક, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું પાલન કરનારા મુનિની તથા પ્રતિમા-( પડિમા )-ધારી શ્રાવકોની ભિક્ષા પ્રશસ્ત કહેવાય છે.

પ્રતિમા-(પડિમા) ધારી શ્રાવકોની ભિક્ષા પ્રશસ્ત એ કારણથી છે કે એ શ્રાવકો હોવા છતાં સાધુના જેવી ઉત્કૃષ્ટ ક્રિયાનું પાલન કરે છે. આ ભિક્ષાને 'સર્વસમ્પત્કરી' પણ કહે છે, કારણ કે તેથી આત્માની સમસ્ત સમ્પત્તિ જ્ઞાન દર્શન સુખ આદિની પ્રાપ્તિ થાય છે. એ ભિક્ષાનાં બીજાં છ નામ પણ કહેલાં છે. (૧) માધુકરી (ભ્રામરી), (૨) ગોચરી, (૩) ગડુલેપા, (૪) અક્ષાંજના, (૫) ગર્તાપૂરણી, અને (૬) દાહોપશમની.

(૧) માધુકરી (ભ્રામરી)નું સ્વરૂપ પહેલાંની ગાથામાં કહ્યું છે.

(૨) ગોચરી-જેમ ગાય જ્યાં ઓછું ઘાસ જુએ છે ત્યાં ઓછો કોળિયો લે છે, અને જ્યાં વધુ ઘાસ જુએ છે ત્યાં પહેલાથી વધુ મોટો ગ્રાસ ( કોળીયો ) લે છે, ઘાસને મૂળમાંથી ઉખાડતી નથી. એ રીતે ભિક્ષુ એક સ્થાનેથી જ પૂરાં અશન પાન આદિ ગ્રહણ ન કરે, કિંતુ ગૃહસ્થને ફરીથી આરંભ-સમારંભ ન કરવો પડે એવો વિચાર કરીને અશનાદિ લે, તેને ગોચરી કહે છે. અથવા જેમ વિવિધ બહુમૂલ્ય વસ્ત્રાભૂષણોથી સજ્જ થએલી સુન્દર યુવતી સ્ત્રી ગાયને ઘાસ નીરવા આવે છે, તો ગાય તેની સુંદરતા જોતી નથી. પરન્તુ ઘાસ પર જ દૃષ્ટિ રાખે છે, તે પ્રમાણે ભિક્ષુ આહારાદિ આપતી સ્ત્રીનુ સૌંદર્ય, સુવેશ, આભૂષણ આદિનું નીરીક્ષણ ન કરે, કિંતુ અશનાદિની શુદ્ધિ પર જ દૃષ્ટિ રાખે તેને ગોચરી કહે છે.

(૩) ગડુલેપા-જેમ ગુમડા ઉપર જરૂરી કરતાં વધારે લેપ કરવાથી લેપ આમ-તેમ ફેલાઇ જાય છે અને આસપાસનો નીરોગ પ્રદેશ પણ ખરાબ થઇ જાય છે. અને જો ગૂમડા ઉપર બિલકુલ લેપ ન કરવામાં આવે તો રોગ શાન્ત થાય નહિ, એવી જ રીતે સાધુ જો પ્રમાણથી અધિક આહાર કરે તો પ્રમાદ આદિ દોષ ઉત્પન્ન થવાથી સ્વાધ્યાય આદિ ક્રિયાઓનું પૂર્ણ પાલન કરી શકતો નથી, અને બિલકુલ થોડો આહાર કરે તો ક્ષુધાવેદનીયની શાન્તિ નહિ થવાથી વૈયાવૃત્ત્ય આદિ સાધુની ક્રિયાઓ થઇ શકતી નથી તેથી નિર્દોષ અને પરિમિત આહાર લેવો એ ' ગડુલેપા ' ભિક્ષા કહેવાય છે.

(૪) જેમ કોઈ માણસ ગાડામાં બેસીને ઇચ્છિત સ્થાન પર જવા ઇચ્છે છે. પરન્તુ ગાડાને બિલકુલ તેલ ન ઉંજે તો એ ગાડું ચાલી શકતું નથી અને જો વધારે પડતું તેલ ઉંજે તો તે વૃથા જાય છે. એટલું જ નહિ પણ હાનિકારક પણ નીવડે છે. એ રીતે મોક્ષપુરી સુધી પહોંચવાને માટે શરીર-શકટ ( ગાડા ) ને આહારાદિ રૂપ તેલ બિલકુલ ન ઉંજવામાં આવે તો સંયમ-યાત્રાનો સમ્યક્ નિર્વાહ થઇ શકતો નથી, અને અધિક આહાર આપવામાં આવે તો રોગાદિ થવાથી વિનય શ્રુત આદિ સમાધિ થઈ શકતી નથી. તેથી પરિમિત આહાર લેવો એ ' અક્ષાંજના ' ભિક્ષા કહેવાય છે.

(૫) ગર્તાપૂરણી-જેમ કોઇ ગૃહસ્થને ઘેર જવા-આવવાના માર્ગ પર કોઇ કારણથી ખાડો પડી જાય છે તો તેને દેખતાં જ તે ગૃહસ્થ શીઘ્ર માટી, પત્થરના ટુકડા, વગેરે જે કાંઇ મળે તે લઇને ખાડાને પૂરી નાંખે છે. પણ એમ નથી વિચારતો કે સારી ઈંટો અને પથરાઓથી જ પૂરીએ. જો ન પૂરે તો ભારે આપત્તિ આવી પડવાની સંભાવના રહે છે. એ રીતે મુનિ ક્ષુધા-વેદનીયને લીધે અંત-પ્રાંત આદિ નિરવદ્ય આહાર લઈને ખાલી ઉદર ભરી લે છે. તેને ગર્તાપૂરણી કહે છે.

(૬) દાહોપશમની—જે સમયે ઘરમાં અગ્નિ ભભૂકી ઉઠે તે સમયે ઘરનો ધણી જલ્દી જલ્દી પાણી, કાદવ, ધૂળ, માટી વગેરે જે કાંઇ મળી જાય તે નાંખીને આગ બુઝાવે છે. તે

વખતે તે એમ નથી વિચારતો કે જ્યારે ગંગા-સિંધુનું નિર્મળ નીર મળશે ત્યારે આગને બુઝાવીશ. એ રીતે સંયમની રક્ષાને માટે મુમુક્ષુ ભિક્ષુ લુખ્ખી, તુચ્છ, આદિ નિર્દોષ ભિક્ષાથી ક્ષુધાને શાન્ત કરી લે છે. તેથી તેને 'દાહોપશમની' કહે છે. (૬) ॥૩॥

## ભિક્ષાગૃહણ વિષયક શિષ્ય કી પ્રતિજ્ઞા

"પ્રશસ્ત ભિક્ષાજ સાધુએ ગ્રહણ કરવી જોઇએ. બીજી નહિ," એમ સાંભળીને શિષ્ય ગુરૂ સમીપે નિવેદન કરે છે:—**वयं च वित्तिं** ઇત્યાદિ.

આ ગાથાના પૂર્વાર્ધમાં બે **च** આવ્યા છે. એકનો અર્થ છે 'જેમ' અને બીજાનો અર્થ છે 'એમ' એ રીતે તેનો અર્થ એમ થયો કે-હે ભગવાન્! અમે એમ જ (એજ પ્રકારે) પ્રશસ્ત ભિક્ષા ગ્રહણ કરીશું કે જેમ (જે પ્રકારે) ત્રસ યા સ્થાવર જીવને કોઇ પણ પ્રકારની બાધા ન પહોંચે કારણ કે ગૃહસ્થોએ પોતાને માટે યા પોતાના કુટુંબને માટે બનાવેલો આહાર લઇને જ સાધુ પોતાની સંયમ-યાત્રાનો નિર્વાહ કરી લે છે. એ વાતને વધુ સ્પષ્ટ કરવાને માટે ભ્રમરના દૃષ્ટાંતને ફરીથી બેવડાવે છે કે-જેમ ભ્રમર પુષ્પોમાંથી રસ ગ્રહણ કરીને પણ કોઇ પુષ્પને પીડા ઉપજાવતો નથી. (ગા૦ ૪)

મધુકરના ઉદાહરણમાંથી જે નિષ્કર્ષ નીકળ્યો તેને સૂત્રકાર કહે છે-**महुगारसमा**, ઇત્યાદિ.

## સાધુઓં કા સ્વરૂપ કથન

જે ભ્રમરાની પેઠે અનિયત (કુળની નેસરાય રહિત) ભિક્ષા લે છે, કર્તવ્ય અને અકર્તવ્યનો વિવેકી છે, નિવાસસ્થાન તથા કુટુમ્બ પરિવાર આદિમાં મમતાના બંધનથી બદ્ધ થયો નથી, તરેહ-તરેહના અભિગ્રહો ધારણ કરીને અનેક ઘરોથી લીધેલા અંત-પ્રાંત આદિ આહારમાં અનુરક્ત રહે છે, ઇન્દ્રિયો અને મનના વિકારોનું દમન કરે છે, તે નિર્દોષ ભિક્ષા લઈને ત્રણ યોગ, પાંચ ઇન્દ્રિયો, નવ પ્રકારનું વિશુદ્ધ બ્રહ્મચર્ય અને અહિંસાની સાધના કરનારો સાધુ કહેવાય છે.

ભ્રમરાની પેઠે અસંજ્ઞી પણ હોય છે, તેથી બુદ્ધ (કર્તવ્યા-કર્તવ્ય-વિવેકથી યુક્ત) પદ આપેલું છે. પ્રતિમા (પડિમાં) ધારી શ્રાવક (સંયતાસંયત) પણ ભ્રમરાની સમાન અને

બુદ્ધ હોય છે, તેથી **अणिस्सिया** પદ આપ્યું છે.

પહેલાં કહેવામાં આવ્યું છે કે ભ્રમરાનું ઉદાહરણ એક-દેશીય છે. કોઈ કહે છે કે-'એનું મુખ ચંદ્રમા જેવું છે.' પણ મુખમાં ચંદ્રમાના બધા ગુણો હોતા નથી. અર્થાત્ કોઇ ગુણ સમાન હોય છે, કોઇ અસમાન હોય છે. ભ્રમરાનું ઉદાહરણ પણ કાંઈ અંશોમાં મળતું છે, કોઇ અંશોમાં અણમળતું છે. જે અંશમાં અણમળતું છે તે સૂત્રકારે **नाणापिंडरया** અને **दंता** વિશેષણોથી પ્રકટ કર્યું છે. ભ્રમર માત્ર કુસુમોના સ્વાદિષ્ટ રસને જ પીએ છે, તેથી એ દાન્ત (ઇન્દ્રિયોને જીતનાર) નથી. આ દષ્ટાંતથી દાર્ષ્ટાન્તિકની અસમાનતા છે.

સુધર્મા-સ્વામી જંબૂ-સ્વામીને કહે છે-હે જંબૂ! ઉપર જે પ્રથમ અધ્યયનનો ભાવ કહ્યો છે તે અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર પાસેથી જેવો મેં સાંભળ્યો તેવો જ કહ્યો છે. મેં પોતાની બુદ્ધિથી કલ્પના કરેલો નથી કહ્યો. પોતાની બુદ્ધિથી કલ્પના કરી કહેવાથી શ્રુતજ્ઞાનની આશાતના થાય છે. અને છદ્મસ્થોનું જ્ઞાન પણ અધૂરું હોય છે, તેથી ભગવાન દ્વારા પ્રતિપાદિત પ્રવચન જ મેં તને સંભળાવ્યું છે. કહ્યું પણ છે કે-

"સુખના અભિલાષી પુરૂષોએ શ્રુતજ્ઞાનની આશાતનાનો ત્યાગ કરવો જોઇએ, કારણ કે છદ્મસ્થોની દૃષ્ટિ પૂર્ણ હોતી નથી. આ અર્થને **त्तिबेमि** શબ્દથી પ્રકટ કર્યો છે." (૫)

ઇતિ 'દ્રુમપુષ્પક' નામના પહેલા અધ્યયનનો
ગુજરાતી-ભાષાનુવાદ સમાપ્ત (૧).

---

## શ્રામણ્ય મેં અધિકારી કા લક્ષણ

### અધ્યયન બીજું

પહેલા અધ્યયનમાં ધર્મનું સ્વરૂપ અને મહાત્મ્ય કહ્યું છે. તે કેવળ જૈન શાસનમાં મળી આવે છે. તેથી, પહેલાં કહેલા ધર્મનું પાલન કરવાને માટે જેણે જૈન શાસન અર્થાત્ ચારિત્ર ધર્મ સ્વીકાર્યો હોય પરંતુ નવદીક્ષિત હોવાથી કોઇવાર ધૈર્ય છૂટી જવાથી એ કદાચ ચારિત્રથી સ્ખલિત ન થઇ જાય, તેટલા માટે આ અધ્યયનમાં "સાધુએ ધૈર્ય ધારણ કરવું જોઇએ." એ કહેવામાં આવશે. પરન્તુ ધૈર્ય ત્યારે જ રહી શકે છે કે જ્યારે કામવિકારને જીતી લેવામાં આવે. તેથી શાસ્ત્રકાર સૌથી પહેલાં એ વિષયનુ પ્રતિપાદન કરે છે—'**कहं नु०**' ઇત્યાદિ.

જીવ જે ઇન્દ્રિયોના વિષયોની કામના ( અભિલાષા ) કરે છે તેને 'કામ' કહે છે. જે સાધુ, એ કામોનો ત્યાગ નથી કરતા, તેઓ અપ્રાપ્ત વિષયની પ્રાપ્તિરૂપ અશુભ અધ્યવસાયને અધીન થઇને ડગલે ડગલે ખેદનો અનુભવ કરતાં શું કદાપિ શ્રમણતાને પ્રાપ્ત કરી શકે છે ? કદાપિ નહિ.

ઇષ્ટ, અનિષ્ટ સચિત્ત, અચિત્ત આદિ બધી વસ્તુઓ પર સમતા-ભાવ રાખવો, હાસ્ય આદિ છએ નોકષાયનો ત્યાગ કરવો. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું ગુપ્ત બ્રહ્મચારી થવું, ત્રણ યોગોને સાધવા, શ્રુતજ્ઞાનરૂપી જળથી અંતઃકરણને શુદ્ધ રાખવું સમ્યક્ત્વથી યુક્ત રહેવું, સંયમરૂપી કવચ (બખ્તર) થી સજ્જ રહેવું દોરાસહિત મુખવસ્ત્રિકાને મુખ પર બાંધીને રહેવું, યતના-ધર્મને ધારણ કરવું, ભોગરૂપી આમિષથી વિરક્ત રહેવું, કરણ સિત્તેરી અને ચરણસિત્તેરીના પારગામી થવું, નિર્દોષ ભિક્ષાથી જ સંયમયાત્રાનો નિર્વાહ કરવો, તીર્થંકર ભગવાનની આજ્ઞાનું આરાધન કરવું, આત્મજ્ઞાની થવું, પરિગ્રહનો ત્યાગ કરવો, યાત્રામાત્રાને જાણવી, કાચબાની પેઠે ઇન્દ્રિયોનું ગોપન કરવું, અલ્પ અશન પાનને ગ્રહણ કરવાં. અલ્પ ઉપધિ રાખવી, કષાયને ત્યજવા, આસ્રવરહિત થવું, સંસારરૂપી સાગરથી પાર ઊતરવું, પાપરહિત થવું, નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રવીણ થવું, માયા મિથ્યાત્વ અને નિદાનરૂપ શલ્યોને કાપવાં, સન્નિધિને ન રાખવો, ઉરગાદિની ઉપમાથી યુક્ત થવું પાપની પ્રરૂપણા કરનારાં શાસ્ત્રોનો ઉપદેશ ન કરવો, મનને સ્વચ્છ રાખવું અને અતિચારરહિત ચારિત્રને પાળવું તથા મૃગ જેમ સિંહથી સદા દૂર ભાગે છે તેમ પાપકર્મ જેની પાસે ન ઊભાં રહે તે 'શ્રામણ્ય' (સાધુતા) કહેવાય છે. એવું શ્રામણ્ય ત્યાં સુધી પ્રાપ્ત નથી થતું કે જ્યાં સુધી તે કામભોગનો ત્યાગ કરે નહિ, જેનું ચિત્ત કામના સંકલ્પવિકલ્પથી વ્યાકુળ રહેતું હોય છે તેની ક્રિયાઓ ભાવશૂન્ય દ્રવ્ય-ક્રિયાઓ હોય છે, કેવળ દ્રવ્ય-ક્રિયાઓનું પાલન કરવાથી કોઈ શ્રમણ થઇ શકતો નથી. આ વિષયમાં સંગ્રહ ગાથાઓ છે, જેનો અર્થ પહેલાં આવી ગયો છે. (૧)

## ત્યાગી કા સ્વરૂપ કથન

ઉપર કહેવાઇ ગયું છે કે શબ્દ આદિ ઈન્દ્રિયવિષયોમાં પ્રવૃત્ત એવો સાધુ શ્રામણ્ય (ચારિત્ર)નું પાલન કરી શકતો નથી. હવે દ્રવ્યક્રિયાઓ કરતાં પણ જો સાધુના ચિત્તમાં કલુષતા હોય તો તે વાસ્તવમાં ત્યાગી નથી, એ કહે છે—

અથવા પહેલી ગાથામાં એક વિશેષ પ્રણાલીથી એમ પ્રતિપાદન કર્યું છે કે—શબ્દાદિ-વિષયોનો ત્યાગી જ શ્રામણ્ય (સાધુતા) પાળી શકે છે, કિંતુ રોગાદિ કારણોથી પણ શબ્દાદિ વિષયોને નથી ભોગવી શકતો તો શું તે સમયે એ પણ ત્યાગી કહેવાઇ શકે છે ? નથી

કહેવાતો એ વિષય હવે કહે છે :—**वत्थगंधं**—ઇત્યાદિ

જે મનુષ્યો રોગાદિથી આક્રાન્ત હોવાને કારણે પરાધીન છે અને પરાધીનતા (અસમર્થતા) ને કારણે વસ્ત્ર, કસ્તૂરી, કેશર, ચંદન આદિ ગંધ, કુંડલ, કડાં આદિ આભૂષણ, સ્ત્રી, શય્યા. અને **च** શબ્દથી સવારી, આસન આદિનું સેવન કરતા નથી તેઓ ત્યાગી અર્થાત્ સંસારના સંબંધોનો ત્યાગ કરવાવાળા નથી કહેવાઇ શકતા કારણ કે અસાર સમજીને મમતા છોડવી-રૂચિ ન રાખવી એ ૪ ત્યાગ કહેવાય છે.· રોગાદિથી ગ્રસિત મનુષ્યો ઉપર કહેલા વિષયોની મમતા છોડતા નથી, તેથી તેઓ ત્યાગી કહેવાતા નથા. (૨)

ત્યાગી કોને કહે છે ? એ વિષે સૂત્રકાર કહે છે-'**जे य०**' ઇત્યાદિ.

જે મહાપુરૂષો પૂર્વપુણ્યના ઉદયથી પ્રાપ્ત થએલા મનોહર અને ઈષ્ટ શબ્દાદિ વિષયોને વિવિધ-વૈરાગ્ય-ભાવના ભાવીને ત્યજી દે છે-તેનાથી વિમુખ બની જાય છે, અને રોગાદિથી પીડિત ન હોવાને કારણે સ્વાધીન (સમર્થ) હોવા છતાં પણ વિવિધ-વૈરાગ્ય-ભાવના ભાવીને બધા ભોગોને ત્યજી દે છે, તેઓ જ ત્યાગી કહેવાય છે. (૩)

## કામરાગ કે દોષોં કા વિચાર

સંયમ-માર્ગમાં વિહાર કરતા ત્યાગી મુનિનું મન, સ્ત્રી આદિને જોવાથી જો વિચલિત (ડામાડોળ) થઈ જાય તો તેને રોકવાને માટે ઉપાય બતાવે છે—'**समाए०**' ઇત્યાદિ.

રાગદ્વેષ રહિત સમતાપૂર્વક વિચરતાં શ્રામણ્યમાં .સ્થિત મુનિનું મન સ્ત્રી આદિને દેખતાં મોહનીય કર્મના ઉદયથી કદાચિત્ પહેલાં ભોગવેલા ભોગોનું સ્મરણ થઇ જવાથી અથવા વિષય સેવનની ઈચ્છા થવાથી સંયમરૂપી ઘરની બહાર નીકળી જાય તો તે સમયે સાધુએ વિચારવું જોઈએ કે હું જેની અભિલાષા કરૂં છું તે સ્ત્રી નથી મારી કે નથી હું તેનો. એવા વિચાર કરીને એ સ્ત્રી પ્રત્યેના વિષયનો રાગભાવ દૂર કરવો જોઈએ. તાંત્પર્ય એ છે કે—સ્ત્રીના વિષયમાં મનની પ્રવૃત્તિ થવાથી ચારિત્રની મલિનતા આદિ અનેક દોષ ઉત્પન્ન થાય છે. એ દોષોનો વિચાર કરીને મુનિ પોતાના મનને તે તરફથી પાછું હટાવતાં સમપ્રેક્ષાનું અવલંબન કરીને એવો રાગરહિત થઈ જાય કે જેવો તે સ્ત્રીને દેખતાં પહેલાં હતો.

દોષોનો વિચાર આ પ્રમાણે કરે–હે મન ! ચારિત્રના પ્રાણ સમાન બ્રહ્મચર્યને જીવન-પર્યંત પાળવાની તેં પ્રતિજ્ઞા કરી છે. પહેલાં કરેલી પ્રતિજ્ઞાનો હવે પરિત્યાગ કરતાં તને શરમ નથી આવતી ? જે સમયે તું સંસારરૂપી તીવ્ર દાવાનળથી સંતપ્ત થયો અને લોકમાં કોઈ પણ તને બચાવી ન શક્યું, તે સમયે શ્રીજીનેન્દ્ર ભગવાને પ્રરૂપેલા ચારિત્ર ધર્મને તેં સ્વીકાર કર્યો અને જે હેય વિષયોથી વિમુખ થઈને બધી જંજાળને છોડી દીધી, તેજ વિષયોનો વમનચાટનારા શ્વાનની પેઠે ફરીથી તું સ્વીકાર કરવા ચાહે છે ? હે અધમ મન ! તારા પોતાના સ્વરૂપનો તું વિચાર કર.

અરે મન ! જો; બ્રહ્મચર્યના મહિમાથી જ, લોકમાં પુજાતા સુરેન્દ્ર અસુરેન્દ્ર અને નરેન્દ્રોની દ્વારા તું પૂજ્ય સંમાનનીય થયો છે. એવા અપારમહિમાવાળા બ્રહ્મચર્યને પણ તું કેમ ભૂલી ગયો છે ? કહ્યું પણ છે—

"બ્રહ્મચર્યથી દીર્ઘ આયુષ્ય, સુંદર આકાર, અને દૃઢ સંહનન પ્રાપ્ત થાય છે. બ્રહ્મ-ચર્યથી જ મનુષ્ય દિવ્ય તેજસ્વી અને મહાશક્તિશાલી થાય છે." (૧)

હે જીવ ! કિંપાકફળ જેવા વિષયભોગ. સુંદર, સુરૂપ, સુશબ્દ અને સુસ્પર્શ અવિવેકી જીવોને ભલે મનોહર લાગે, પરન્તુ તું તો સંયમીઓમાં શ્રેષ્ઠ બનવા ઈચ્છે છે, તો પછી એમાં અનુરાગ કરવાથી જે ભયંકર ફળ ઉત્પન્ન થાય છે તેને કેમ ભૂલી જાય છે ? તેથી તારી એ ઉચ્ચ અભિલાષા શું હાસ્યાસ્પદ નહિ થાય ? અવશ્ય થશે.

અરે મૂઢ ! જેમ વ્યાધે (શિકારીએ) ફેલાવેલી જાળમાં કુરંગ (હરણ) ફસાઇ જાય છે. રસ્તામાંના ખાડામાં તુરંગ (ઘોડો) પડી જાય છે, બળતા દીવાની જ્વાળામાં પતંગ હોમાઈ જાય છે, તેમ સ્ત્રીના હાસ્યવિલાસ અને હાવભાવની ચતુરાઈ જોઈને કેમ તારા આત્માને નરકમાં પાડે છે ?

અહો ! આ રાગના બંધનની આગળ લોઢાની બેડી પણ તુચ્છ છે. જુઓ ! ભમરો કઠિનમાં કઠિન કાષ્ઠને કાપી નાંખવામાં કુશળ હોય છે પરન્તુ સૂર્યનો અસ્ત થતાંની સાથે જ બીડાયલા કમળ-પુષ્પના અનુરાગના બંધનમાં બંધાયલો પોતાના આત્માની રક્ષા કરવામાં સમર્થ નથી બનતો[1]. તો હે મન ! એવા રાગમાં ફસાવાની ઈચ્છા કેમ કરી રહ્યો છે ?

હે જીવ ! ઉપર-ઉપરથી મનોહર માલુમ પડતા, અત્યંત અપવિત્રતાનું સ્થાન વિજળીની પેઠે પલ-પલમાં ચપળ રૂપ-લાવણ્યવાળા સ્ત્રીના શરીરમાં તને કઈ સુંદરતા દેખાય છે ? કે જેથી તું તેને માની રહ્યો છે કે–આ બીજના ચંદ્રમાની કલા છે. અમૃતના અવયવોથી બનેલી છે, ચંદ્રમાને ફાડીને નીકળી પડી છે, નીલ કમળનાં દળ (પાંદડીઓ)ની સમાન વિશાળ નેત્રવાળી તથા લીલાયુકત લોચનોથી લોકને અવલંબન આપનારી મનોહર દેખાય છે.

૧ સૂર્ય અસ્ત પામ્યા પછી કમળની અંદર ગોંધાઇ ગએલો ભમરો તકલીફ સહન કરીને આખી રાત વિતાવે છે, પરન્તુ અનુરાગ (પ્રીતિ) ને કારણે કમળની કોમળ (મુલાયમ) પાંદડીઓને કાપી નાખીને એ તકલીફ દૂર કરવાનું સાહસ નથી કરી શકતો.

હે આત્મન્ ! યાદ કર કે, જે વિના વિચારે કોઈ વિષયમાં પ્રવૃત્તિ કરે છે તેની ભારે-દુર્ગતિ થાય છે. તું પોતાના કલ્યાણને ચાહે છે તો વિલાસિનીઓના વિલાસનો સારી પેઠે વિચાર કરી લે. એટલું વિચારી જો કે આ શરીર કયાંથી ઉત્પન્ન થયું છે ? એનું શું કારણ છે ? તે કેવી રીતે ટકે છે ? અને એમાંથી કેવા કેવા ગંધાતા (ઘૃણાજનક) પદાર્થો નીકળતા-જોવાનાં આવે છે !

બસ કર, રહેવા દે; આ શરીરમાં અનુરાગ ન કર, મળમૂત્રથી ભરેલા સ્થાનમાંથી આ શરીર ઉત્પન્ન થયું છે, રજ-વીર્ય એનું કારણ છે, ખાધેલું-પાધેલું ભોજન, એની સ્થિતિનું નિમિત્ત છે, અને તેનાં નવ દ્વારો વાટે મળ-મૂત્ર આદિ ઘૃણિત પદાર્થો નીકળ્યા કરે છે. વધારે શું કહીએ ? કોમળ અને મનોહર કપડાંથી બાંધેલી મળમૂત્રની ગાંસડીમાં પામર પ્રાણી પણ અનુરાગ નથી કરતો, તો પછી અશુચિ આદિ ભાવનાઓનું સમીચીન ચિંતન કરવામાં ચતુર મુનિઓની તો શી વાત ? તેઓ તો તેની તરફ ઉંચી આંખે જોતા પણ નથી. કહ્યું છે કે—

"શરીરને સેંકડો ઘડા પાણીથી ચાહે તેટલું ન્હવરાવો, ધુઓ, અને કેશર કસ્તૂરી ગુલાબ આદિની સુગંધથી સુગંધિત કરો, પરંતુ આ શરીર તો મળ-મૂત્રનું ભાજન છે. હે ભવ્યો ! તેને કેવી રીતે પવિત્ર બનાવશો ! અને કેવી રીતે તેના પરાગ ( ફોરમ ) ને ફેલાવશો ! " (૧)

"હે આત્મન્ ! તું સ્ત્રીઆદિની મમતાથી વિરક્ત થા વિરક્ત થા, મોહનો ત્યાગ કર ત્યાગ કર, આત્માના સ્વરૂપને જાણ, ચારિત્રનો અભ્યાસ કર અભ્યાસ કર પોતાને પિછાણ, અને મોક્ષ સુખને માટે પુરૂષાર્થ કર પુરૂષાર્થ કર[1] " (૨)

"અશુદ્ધ પદાર્થોથી ભરેલાં, જુ-આદિ કીડાઓથી વ્યાપ્ત, સ્વાભાવિક દુર્ગંધિને કારણે અંદર પણ ઘૃણિત અને મળ-મૂત્રથી વેષ્ટિત (સ્ત્રીઓના) શરીરમાં તેઓ રમણ કરે છે કે જેઓ મૂઢ છે, અને બુદ્ધિમાન પુરૂષ તો તેને અત્યંત નિકૃષ્ટ સમજીને તેનાથી અલગ રહે છે." (૩)

જો કે વિષયોનો સંગ સંસારભીરૂ પુરૂષોને માટે ત્યાજ્ય છે અને તેનો ત્યાગ થવો કઠિન છે, તો પણ બ્રહ્મચર્યના મહિમાનું સ્મરણ કરનારા મુનિઓને એક માત્ર સ્ત્રીસંગનો

---

१ यहां प्रत्येक कर्त्तव्यको दुहरानेसे अत्यन्त तीव्र प्रेरणा प्रगट होती है ।

---

૧. અહીં પ્રત્યેક કર્તવ્યને બેવડાવવાથી અત્યંત તીવ્ર પ્રેરણા પ્રકટ થાય છે.

ત્યાગ કરવાથી, અન્ય વિષયોનો સંગ દુસ્ત્યજ હોવા છતાં પણ અપોઆપ નિવૃત્ત થઇ જાય છે. અર્થાત્ બ્રહ્મચર્યમાં દઢ રહેનારાઓ પર કોઈ પણ વિષય પોતાનો પ્રભાવ પાડી શકતો નથી. જે પુરૂષ સ્વયમ્ભૂરમણ મહાસમુદ્રને પાર કરી ચૂકયો છે તેને માટે ગંગા જેવી નાની નાની નદીઓ પાર કરવામાં શી મોટી વાત છે? ભગવાને પણ ઉત્તરાધ્યયન-સૂત્રના ૩૨ મા અધ્યયનમાં **एए य संगे** એ ગાથાથી એજ પ્રતિપાદન કર્યું છે.

જેવી રીતે જે નાગણીની દૃષ્ટિમાં વિષ હોય છે તેને જોવાથી જ જીવનનો અંત આવી જાય છે, તેવી રીતે સ્ત્રીને અનુરાગપૂર્વક જોવાથી ચારિત્રરૂપ જીવન નષ્ટ થઇ જાય છે.

અથવા એ કેવી ગાઢ અંધકારમય રાત્રિ છે કે જેમાં ચારે કષાયોરૂપી ઘુવડોનું રાજ્ય છે, અરે ચારિત્રરૂપી શરીરને ગળી જવાને માટે અજ્ઞાનરૂપી પિશાચ સદા તાકી રહેલો છે. હે મિત્ર મન! જ્ઞાનના પ્રકાશથી રાગરૂપી અંધકારનું નિવારણ કર, અને સ્ત્રીરૂપી રાત્રિથી ઉત્પન્ન થતા ઉપસર્ગોને હઠાવવામાં મને સહાય કર.

બ્રહ્મચર્યનો ત્યાગ કરવો એ મુનિઓને માટે મહાન્ અનર્થકારક છે; એટલે સુધી કે બ્રહ્મચર્ય ત્યજવાની ઇચ્છા થતાં જ અનેક દોષો એવી રીતે આવીને ખડા થાય છે, જાણે કે અનેક અસ્ત્ર-શસ્ત્ર લઈને પ્રબળ શત્રુઓ આવી પહોંચ્યા હોય. પહેલાં તો આર્ત્ત-ધ્યાન અને રૌદ્ર-ધ્યાન હૃદયમાં સ્થાન જમાવી લે છે. તેને સ્થાન મળતાં જ પ્રમાદ, સાહસ, અજ્ઞાન, અધર્મ અસિદ્ધિ આદિ અનેક દોષો આવી ઊભા રહે છે.

અબ્રહ્મચારીની સમીપે પ્રમાદનાં બધાં કારણો હાજર રહે છે. એથી પ્રમાદ, વગર વિચારે કાર્ય કરવાથી સાહસ, બોધિરૂપી બીજનું વિનાશક હોવાથી અજ્ઞાન, અધોગતિમાં લઇ જવાને કારણે અધર્મ, અને આઠે કર્મોનું જનક હોવાથી અસિદ્ધિ અને એવા જ બીજા અનેક દોષો શત્રુની પેઠે ચિત્તરૂપી ઘરમાં સંયમરૂપી રત્નને લૂંટી લેવાને ઇચ્છાનુસાર પ્રવેશ કરે છે.

વિષયરાગ બધાં પાપોનું મૂળ કારણ છે; ચારિત્ર વૃક્ષને કાપનારો કુહાડો છે.

જેમ કાગળ સફેદ વસ્ત્રને મલિન કરી નાંખે છે તેમ આત્માને મલિન કરનારો છે; મુક્તિના માર્ગની અર્ગલા છે, નરક નિગોદનાં દુઃખોનું નિધાન છે; અને વિવિધ વ્યાધિઓનું ઉત્પત્તિસ્થાન છે. તેથી કરીને તપ અને સંયમને પાળવામાં ચતુર એવા તપસ્વી લોકો આ (વિષયરાગ)ને બિલકુલ છોડીને તેથી દૂર જતા રહે છે.

જે મંત્ર, દેવો અને દાનવો પર પણ પોતાનો પ્રભાવ તુરત બતાવી આપે છે, તે મંત્ર પણ સ્ત્રીજનિત રાગ પર પ્રભાવ પાડી શકતો નથી, એ મોટા આશ્ચર્યની વાત છે. સ્ત્રીઓનું ચરિત્ર એટલું પ્રભાવશાળી હોય છે કે તેની સામે મંત્ર પણ પ્રભાવહીન બની જાય છે. તો તેના વિષયમાં ઉત્પન્ન થનારા રાગરજ્જુને કાપવા માટે મુનિઓએ કયો ઉપાય કરવો જોઇએ?

હે હૃદય-સુહૃદ્! સ્ત્રીઓની સમીપે રહેવાનું છોડી દેવું એજ એના વિષયમાં ઉત્પન્ન થતા પ્રેમપાશને કાપવાનો ઉપાય છે. કહ્યું છે કે—હે મન! મુનિઓના આત્માનું કલ્યાણ કરનારા રહસ્યને શ્રવણ કર. તે આ પ્રમાણે છે—

"સ્ત્રીઓનો સંપર્ક (સંસર્ગ) સર્વથા ન કરવો જોઇએ, કારણ કે શમરૂપી કવચ પહેરેલા ઉત્તમ પુરૂષોના અંતઃકરણને પણ સ્ત્રીઓ પોતાની આંખોરૂપી છુરીની ધારથી છિન્ન-ભિન્ન કરી નાખે છે." ॥૧॥

"પ્રવચનમાં પ્રવીણ, વિનયવાન્ અને ગંભીર આત્મજ્ઞાનવાન્ હોવા છતાં પણ વિરલ વ્યક્તિ જ સદ્‌ગતિને પ્રાપ્ત કરી શકે છે. કારણ કે સંસારમાં એક એવી કુંચી મોજુદ છે કે જે જલ્દી નરકનું દ્વાર ખોલી નાંખે છે. એ કુંચી કઇ છે ? સ્ત્રીની વાંકી ભમ્મર. ।।૨।।

ખરૂં છે. અનાદિકાલીન સંસારમાં, જીવો પાસે પોતાના શરીરની પણ સ્વાધીનતા નથી. અપકૃષ્ટ-મનુષ્ય પશુ પક્ષી સાપ આદિનાં હીન શરીરને જે પ્રાણી ચાહતા જ નથી, તેમને પણ એ શરીર ધારણ કરવાં પડે છે. અને તેના સંયોગથી અનિષ્ટ સ્થાનનો નિવાસ, અન્ન-પાનની અપ્રાપ્તિ, તાપ ટાઢ, કરાનો વરસાદ, હવા ડાંસ-મચ્છર આદિથી ઉત્પન્ન થતાં અનેક પ્રકારના દુઃખો ભોગવવાં પડે છે. જો એવા શરીરને ધારણ કરવાનું પોતાની ઇચ્છા પર જ નિર્ભર હોત તો કોઈ પણ પ્રાણી એવા દુઃખદાયી શરીરને ધારણ ન કરત.

જેવી રીતે શરીર ધારણ કરવામાં જીવ સ્વાધીન નથી. તેવી રીતે તેને ત્યજવામાં પણ સ્વાધીન નથી. સંસારમાં જે પ્રાણીઓ સુખસંપન્ન છે તેઓ વર્તમાન શરીરનો ત્યાગ કરવા ઇચ્છતા નથી, તો પણ એમનું મૃત્યુ થઈ જાય છે. અને મૃત્યુની કામના કરનારા દુઃખી જીવો વિષ આદિ ભક્ષણ કરી લે છે તોપણ કોઈ કોઈ વાર બચી જાય છે. એ ઉપરથી સિદ્ધ થયું કે આપણું શરીર પણ આપણને આધીન નથી.

જો શરીર પર પ્રાણીનો અધિકાર હોત તો ફૂલથીય કોમળ તથા સુંદર અવયવોવાળા અતીતકાલીન દેવાદિના શરીરના વિયોગને કેમ રોકી રાખત નહિ ? સાચી વાત એ છે કે દેહ ગેહ આદિ કોઈ પણ વસ્તુ કોઈની નથી. જીવ અજ્ઞાનને કારણે 'આ મારો છે' એ 'એ મારી છે' એ પ્રકારની મમતા રાખે છે. એટલે શરીર પર મમતા રાખવી એજ અજ્ઞાન-મૂલક અને પરિગ્રહરૂપ હોવાને કારણે કર્મબંધનું કારણ છે. એવું સમજીને વિવેકીજન પોતાના શરીર પર પણ સ્નેહ રાખતા નથી, તો પછી બીજાના દેહ પર કેમ સ્નેહ કરે ? એમ વિચારીને મનમાં ઉત્પન્ન થયેલા રાગાદિને, "એ મારી નથી" કે "હું તેનો નથી" એવી ભાવનાથી દૂર કરીને, મુનિ સંયમઘરથી બહાર નીકળેલા મનને પાછું સંયમઘરમાં લાવે. (૪)

પૂર્વ ગાથામાં, ઉત્પન્ન થએલા રાગનો પરિત્યાગ કરવાનું કહ્યું, કિન્તુ રાગનો ત્યાગ તપ આદિ બાહ્ય ક્રિયાઓ વિના થઇ શકતો નથી. તેટલા માટે એની પ્રરૂપણા કરે છે. **आयावयाहीο** ઈત્યાદિ.

હે શિષ્ય ! તપસ્યા કર-આતાપના લે, સુકુમારતાનો ત્યાગ કર ઇંદ્રિયોના વિષયોમાં રાગ ન કર, રાગના ત્યાગથી દુઃખોનો નાશ થઈ જ જાય છે. તું દ્વેષનો અંશ પણ રહેવા ન દે. અને રાગને છોડી દે, તેથી તું સંસારમાં સુખી અથવા પરિગ્રહ ઉપસર્ગો સાથેના યુદ્ધમાં વિજયી થઇશ. તાત્પર્ય એ છે કે-હે શિષ્ય ! શ્રામણ્યયોગ (સંયમરૂપી ઘર) થી બહાર મન નીકળી જાય તો ટાઢ-તાપ આદિ પરીષહ અને ઉત્કુટુક આસન આદિનો આશ્રય લઇને, તથા અનશન આદિ તપ કરીને શરીરને સુકાવી નાખ, શરીરની કોમળતાનો ત્યાગ કર, અર્થાત પોતાના શરીરને ટાઢ-તાપ આદિ પરીષહ સહેવાને યોગ્ય બનાવી લે. શારીરિક

સુખોની સામગ્રીમાં મન ન લગાડ. જેની કામના કરવામાં આવે છે તેને કામ કહે છે. એ કામો (શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ ઇન્દ્રિય–વિષયો) ની અપેક્ષા ન રાખ. એમ કરવાથી દુઃખોનું અસ્તિત્વ રહી શકશે નહિ, એનો નાશ જ સમજ, કેમકે કામ જ દુ:ખનું કારણ છે.

શંકા–હે ગુરૂ મહારાજ ! જેમ ભોજન કરવાથી ભૂખ શાન્ત થઈ જાય છે. અને પાણી પીવાથી તરસ છીપે છે, તેમજ વિષયોનું સેવન કરવાથી વિષય સેવનની ઇચ્છા શાન્ત થઇ જાય, તો પછી આતાપના આદિ બાહ્ય તપ કરવાની શી જરૂર ?

ઉત્તર—હે શિષ્ય ! એવી શંકા કરવી ઉચિત નથી, કારણ કે વિષયોની વાસના (ઇચ્છા) જ બધા અનર્થોનું મૂળ છે. અને ચારિત્રરૂપી વૃક્ષના મૂળને ઉખાડનારી છે. તે રાગદ્વેષને દૃઢ કરે છે. પરદેશ ગયેલો કોઈ ઇષ્ટમિત્ર જીવતો હોય પરંતુ તેના મૃત્યુના સમાચાર મળે તો સગાં–સંબંધીઓ રોવા લાગે છે. અને જો તે મરી જાય પણ મરવાના સમાચાર ન મળે તો કોઈ પણ રોતું નથી; એથી સમજાય છે કે ચિત્તનો વિકારજ સુખદુઃખનું મુખ્ય કારણ છે.

એ કારણથી જ્યાંસુધી મનમાંથી વિષયવાસનાનો સમૂળો ત્યાગ નથી થતો ત્યાંસુધી આઠે કર્મોની ઉત્પત્તિને રોકી શકાતી નથી કારણ કે તેનું મૂળ વિષયવાસના છે. કહ્યું પણ છેકે–

"ભલે કોઈ ગમે તેટલાં શાસ્ત્રોનું મનન કરી લે, અથવા બીજાઓને શીખવે. પરન્તુ જ્યાંસુધી વાસનાનો ત્યાગ કરીને સમિતિ ગુપ્તિ આદિરૂપ સંયમની આરાધના કરી લેતો નથી, ત્યાંસુધી મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી," (૧)

જેમ પક્ષી આકાશમાં સ્વચ્છન્દ વિહાર કરે છે, તેમ અનુપમ અલૌકિક આનંદમય મોક્ષમાર્ગમાં વિહાર કરનારા સંયમી પણ અપ્રતિબંધ વિહારી હોય છે. પરન્તુ જેવી રીતે જાળમાં ફસાયેલા પક્ષીઓ ઉડવાનો યત્ન કરે છે. પણ ઉડી શકતાં નથી, તેવી રીતે વિષયના સેવનની આશારૂપ વાસનાથી વાસિત અંતઃકરણવાળા મુનિઓ મોક્ષમાર્ગને ન પામતાં અપ્રતિબંધ વિહારથી વંચિત રહે છે, હે શિષ્ય ! આ વિષયવાસનાને એવી વિશાળ નદી સમજ કે જેનો પાર પામવો અત્યંત કઠણ છે. કહ્યું છે કે—

"આશા નદીના જેવી છે, તેમા મનોરથરૂપી જળ ભરેલું છે. તૃષ્ણારૂપી તરંગો ઉછળી રહ્યાં છે, રાગરૂપી ગ્રાહ એમાં નિવાસ કરે છે, નાના પ્રકારના વિચારો તેમા પક્ષીરૂપ છે, એ ધીરતારૂપી વૃક્ષનો ધ્વંસ કરવાવાળી છે. ચિન્તા એના તટ છે. એ નદીને પાર કરવી અત્યંત કઠણ છે. જે મુનીશ્વર એ નદીને પાર કરે છે તે જ સુખી થાય છે," (૧) અને વળી શ્રવણ કરો—

વિષયોનો આશાપાશ દુસ્ત્યાજ્ય છે જેઓ એ પાશથી મુક્ત થઈ જાય છે તેઓ જ મોક્ષમાર્ગના અધિકારી બને છે–બીજા નહિ, પછી ભલે તેઓ બધાં શાસ્ત્રોના પારંગત કેમ ન હોય ?" (૧)

હે શિષ્ય ! એ રીતે વિષય ભોગવવાની ઇચ્છા જ મહાન્ અનર્થને ઉત્પન્ન કરે છે. તો વિષયોના સેવનની બાબતમાં તો કહેવું શું ? બસ, તું સમજી લે કે-જેમ સુખ પામવાની ઇચ્છાથી પતંગો દીપકમાં હોમાય છે, અથવા કોઇ ભોળો માણુસ લાકડું સમજીને ગ્રાહ ( મગર ) ને પકડી લે અને તેને આધારે નદી પાર કરવા ઇચ્છે તો કદાપિ તેનો મનોરથ સફળ ન થાય પરન્તુ તેને પ્રાણ ત્યજવાનો જ વખત આવે, તેમ " વિષય ભોગવવાથી વિષયોની વાસના મટી જશે. " એમ વિચારવું એ બરાબર નથી.

ભૂખ-તરસનું દૃષ્ટાંત પણ અહીં બંધ બેસતું નથી, કારણ કે વિષય-સેવનથી કામ શાન્ત થતો નથી, પરન્તુ વધારે ને વધારે વધે છે, કહ્યું છે કે- "કામોનું સેવન કરવાથી કામ કદાપિ શાન્ત થતો નથી, જેમ ઘી નાખવાથી અગ્નિ શાન્ત થતો નથી. પરંતુ વધતો જાય છે." (૧) તેમજ-જગતમાં પણ જોવામાં આવે છે કે-અગ્નિમાં જેમ-જેમ ઇંધન નાંખવામાં આવે છે, તેમ-તેમ તે વધારે પ્રબળ થતો જાય છે, ઓલવાતો નથી. અથવા દાદરને ખજવાળવાથી દાદર મટતી નથી પણ વધતી જાય છે.

ઉકત દૃષ્ટાંતમાં બીજી પણ વિષમતા છે તે કહે છે- જેમ ભૂખ આદિને શાન્ત કરવામાં ભોજન આદિ કારણ છે, તેમ વિષય-સેવનની ઈચ્છાને શાન્ત કરવામાં વિષયોનું સેવન કારણ છે, એમ માનીને તમે વિષય-સેવનને ઉપાદેય કહો છો તે બરાબર નથી, સૌ એમ તો માને છે કે-અન્વય-વ્યતિરેકથી કાર્ય કારણભાવનો નિશ્ચય થાય છે. કારણ હોવાથી જ કાર્યનું ન બનવું અન્વય કહેવાય છે અને કારણના અભાવમાં કાર્યનું ન બનવું એ વ્યતિરેક કહેવાય છે, જેમ સર્વવિરતિરૂપ ચારિત્ર હોવાથી જ સાધુતા હોય છે. અને સર્વવિરતિરૂપ ચારિત્રના અભાવમાં સાધુતા રહેતી નથી. આ અન્વય વ્યતિરેકથી સમજાય છે કે વિરતિ સાધુત્વનું કારણ છે. જ્યારે ભોજન કરવામાં આવે છે ત્યારે ક્ષુધાની તાત્કાલિક શાંતિ થઈ જાય છે, ભોજન કર્યા વિના શાન્તિ થતી નથી; તેથી અન્વય-વ્યતિરેક દ્વારા ભોજન તાત્કાલિક ક્ષુધાનિવૃત્તિને પ્રતિ કારણ બને છે. આ કારણથી ક્ષુધા પિપાસા આદિ શાન્ત કરવાને માટે ભોજન આદિ કરવામાં આવે છે. સાધુ જીવનપર્યન્ત વિષય-સેવનની અભિલાષાની શાન્તિની ઇચ્છા રાખે છે. આ શાન્તિને માટે પ્રવૃત્તિ કરનારા મુનિઓએ કદાપિ વિષયસેવન કરવું ન જોઇએ કારણ કે વિષયવાસના વિષય-સેવનને સમયે રાગ-ભાવની વૃદ્ધિ કરે છે, અને ઇન્દ્રિયોને સબળ બનાવીને એવી નાના પ્રકારની દુર્ભાવનાઓ ઉત્પન્ન કરે છે કે-'આ ભોગ કદાપિ નષ્ટ ન થાય. ઉત્તરોત્તર વધતો જાય, એને ભોગવવમાં કાંઈ વિઘ્ન ન આવે, ઇત્યાદિ એટલે કે વિષયસેવનથી વિષયની અભિલાષા શાન્ત થતી નથી, બલ્કે પ્રતિક્ષણ અધિક-અધિક વધતી જાય છે, તે એટલે સુધી કે એ વિષયલાલસા પુરૂષને કેવળ નકામો બનાવી દે છે. અને તે પુરૂષાર્થ-સાધનમાં સર્વથા અસમર્થ બની જાય છે, કે જેવી રીતે ફંદામાં (હેડમાં) ફસાયેલો પુરૂષ કાંઇ પણ પુરૂષાર્થ કરી શકતો નથી. તેથી કરીને અહીં કાર્ય-કારણભાવનો નિશ્ચય કરાવનારાં અન્વય-વ્યક્તિરેકનો અભાવ હોવાથી જીવનપર્યંત વિષયલાલસાની શાન્તિની પ્રતિ વિષયસેવન કારણ થઇ શકતું નથી, એટલે જીવનપર્યન્ત વિષયાભિલાષાની શાન્તિને ચાહનારા મુનિઓને માટે એ ઉપાદેય નથી.

એ પ્રકારે પૂર્વાર્ધમાં સૂત્રકાર બાહ્ય વિષયોનો ત્યાગ બતાવીને ઉત્તરાર્ધમાં અંતરંગ વિષયોના ત્યાગનો ઉપદેશ આપે છે કે-હે શિષ્ય ! શબ્દાદિ-વિષયોમાં દ્વેષ તથા રાગને દૂર કર. એમ કરવાથી જન્મ-મરણસ્વરૂપવાળાં વિનશ્વર સંસારમાં સુખી, અથવા અનુકૂલ-પ્રતિકૂલ પરીષહ તથા ઉપસર્ગના સંગ્રામમાં વિજયી થઇશ. (૫)

## છોડે હુએ ભોગોં કા પુનઃ અંગીકાર કરનેમેં સર્પકા દ્રષ્ટાંત

આ વિષયને દષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે—पक्खंदे० ઇત્યાદિ.
સાપ બે પ્રકારના થાય છે. (૧) ગંધન અને (૨) અગંધન. ગંધન સર્પ એ કહેવાય છે

કે જે મંત્રાદિના બળથી વિવશ થઈને ડંખેલા સ્થાનમાં નાંખેલું ઝેર તેમાંથી પાછું ચૂસી લે છે. પણ અગંધન સર્પ તેથી વિપરીત પ્રકારનો હોય છે. એ અગંધન કુળમાં ઉત્પન્ન થએલો સાપ અગંધન સર્પ કહેવાય છે. એ સર્પ અસહ્ય અને બળતી આગમાં પ્રવેશ કરે છે પરન્તુ એકવાર વમનકરલા ઝેરને પાછું ચૂસી લેતો નથી,

હે શિષ્ય ! જ્યારે તિર્યંચ સર્પ પણ મૂકલા ઝેરને પાછું ગળી જવા ઈચ્છતો નથી તો તું તો પ્રવચનમાં પ્રવીણ છે. એટલે નિઃસાર સમજીને ત્યજેલા વિષયોનું સેવન તારે તો ભૂલે ચૂકયે પણ ન કરવું જોઈએ.

અગ્નિના 'ज्वलित' આદિ ત્રણ વિશેષણો આપેલાં છે, તેનો હેતુ એ છે કે-જે અગ્નિમાં પ્રવેશ કરતાં જ તત્કાળ ભસ્મ થઇ જવાય એ પ્રકારના અગ્નિમાં પણ અગંધન કુળનો સર્પ પ્રવેશ કરે છે, પરન્તુ ત્યજેલા વિષને ગ્રહણ કરતો નથી. એ પ્રમાણે કુલીન પુરૂષો પણ ત્યજેલા વિષયોને પ્રાણસંકટમાં પણ ગ્રહણ કરતા નથી અર્થાત્ તેઓ દુષ્કર્મ કરીને ક્ષણ ભર પણ જીવવા ઈચ્છતા નથી. (૬)

જ્યારે બાવીસમા તીર્થંકર ભગવાન્ શ્રીઅરિષ્ટનેમિપ્રભુએ દીક્ષા ગ્રહણ કરી, ત્યારે તેમના નાના ભાઈ રથનેમિએ રાજીમતીની ઇચ્છા કરી, પરન્તુ સતીશિરોમણિ રાજીમતી કામની વાસનાથી વિરક્ત થઈ ચૂકી હતી. તેણે એક દિવસ સુગંધિત અને સ્વાદિષ્ટ ખીર ખાધી અને એક વાડકામાં તેનું વમન કરીને તે રથનેમિને આપવા લાગી અને બોલીઃ "લ્યો ખીર ખાઓ !" રથનેમિ એ સાંભળીને ક્રોધાવિષ્ટ થઈ ગયો અને બોલ્યો 'હું ક્ષત્રિયોના વંશનું ભૂષણ થઈને વમેલી ખીર કેમ ખાઇશ ?' રાજીમતી કહેવા લાગી 'અહો શ્રેષ્ઠ-ક્ષત્રિય ! તમે વમેલી ખીર નથી ખાતા, તો તમારા મોટાભાઈ શ્રી અરિષ્ટનેમિએ વમેલી એટલે ત્યજેલી એવી મને કેમ ચાહો છો ? મારા માટેની ઈચ્છા કરતાં તમને શરમ નથી આવતી ?' હૃદયને ડંખે એવી સતી રાજીમતીની વાત સાંભળતાં જ રથનેમિને સંસારથી વિરક્તિ આવી ગઇ એમણે દીક્ષા લીધી. કેટલાક દિવસ પછી રાજીમતીએ પણ દીક્ષા લીધી.

કોઈ એક સમયે સદાસતિશ્રી રાજીમતી અનેક સાધ્વીઓના પરિવારથી વિંટાઇને રૈવતક પર્વત પર પધારેલા ભગવાન શ્રી અરિષ્ટનેમિપ્રભુને વંદના કરવા ગઈ, ત્યારે માર્ગમાં અચાનક મૂસળધાર વરસાદ વરસવા લાગ્યો. તેનું આખું શરીર અને વસ્ત્રો પાણીથી પલળી ગયાં. સંયોગવશ રાજીમતીએ એજ ગુફામાં પ્રવેશ કર્યો કે જે ગુફામાં રથનેમિ પહેલેથી આવીને રહ્યા હતા. જે સ્થાન પર રથનેમિ બેઠા હતા તે સ્થળપર દૃષ્ટિ ન પડવાને લીધે તે રાજીમતીને દૃષ્ટિગોચર ન થયા. તેથી તે એકાન્ત પ્રદેશ જાણીને પોતાના ભીજાયેલા લૂગડાં ફેલાવી દીધાં. ત્યારે તે રાજીમતીને વસ્ત્રરહિત જોઇને રથનેમિનું ચિત્ત ચલિત થઇ ગયું એમના મન પર કામવિકારે આક્રમણ કર્યું. તે સંયમમાર્ગથી ભ્રષ્ટ થઇ ગયા. રથની નેમિ (પૈડું) ની પેઠે તેમનુ ચિત્ત ભમવા લાગ્યું. રથનેમિને એ પ્રમાણે કામાતુર જોઇને રતિ જેવી રમણીય રાજીમતીએ જે કાંઇ કહ્યું તે વાત સૂત્રકાર ત્રણ ગાથઓમાં કહે છે :—धिरत्थु० ઇત્યાદિ.

હે યશના અભિલાષી ! તને ધિક્કાર છે, જે અસંયમ જીવનના સુખને માટે વમેલાને ખાવા ઇચ્છે છે, એ પ્રકારના જીવનથી તો મરવું જ વધારે સારૂં છે. યશ અર્થાત્ સંયમ અથવા કીર્તિની ઇચ્છા કરનારા !, અથવા હે અસંયમ અને અપયશના કામી ! તને ધિક્કાર છે, તું અત્યંત નિંદાને પાત્ર છે. અથવા હે કામી ! જગતમાં તારી એ પ્રકારની જે કીર્તિ ફેલાઇ છે કે 'આ રથનેમિ મુનિ અત્યંત ઉત્કૃષ્ટ સંયમનું પાલન કરનારા મહાત્મા છે,' એ કીર્તિને ધિક્કાર છે, કેમ કે તમે અસંયમરૂપ જીવિતને માટે, ભગવાન્ અરિષ્ટનેમિએ ત્યજેલી એવી મને, અથવા સંયમપાલનને માટે ત્યજેલા વિષયોને પાછા ચાહો છો. તમારે મરી જવું જ સારૂં છે, પરન્તુ અસંયમની વાંછના કરવી સારી નથી. (૭)

**अहं च** ઇત્યાદિ. હે રથનેમિ ! હું (રાજીમતી) ભોગરાજની પૌત્રી અને ઉગ્રસેનની પુત્રી છું, અને તમે અંધકવૃષ્ણિના પૌત્ર તથા સમુદ્રવિજયના પુત્ર છો, એ રીતે આપણે બેઉ નિર્મળ કુલોમાં ઉત્પન્ન થયાં છીએ. આપણે ગંધન કુળમાં ઉત્પન્ન થએલા સર્પોનાં જેવાં ન થવું જોઈએ. માટે વિષય આદિને ત્યજીને અનંત સુખના કારણભૂત નિરતિચાર સંયમનું પાલન કરો. (૮)

**जइ तं०** ઇત્યાદિ, જો તમે જે જે સ્ત્રીઓને જોશો તે બધી પર વિકારદૃષ્ટિ નાખશો તો આંધીથી ઉડેલી હડ નામના વનસ્પતિ અથવા શેવાલની પેઠે અસ્થિર થઇ જશો. અર્થાત્ જન્મ-મરણથી ઉત્પન્ન થતા જગતરૂપી અટવીમાં ભ્રમણ કરવાનાં કષ્ટોને દૂર કરનારા સંયમગુણોથી ભ્રષ્ટ થવાને લીધે સંસારરૂપ અપાર સમુદ્રમાં વિષયવાસનારૂપી હવાથી ચંચળ ચિત્તવાળા થઇને ભ્રમણ કરતા ફરશો. (૯)

## રાજીમતી કે દ્વારા પ્રતિબોધ કો પ્રાપ્ત હુઆ રથનેમી કા સંયમમેં સ્થિર ભાવ રહને સે પુરૂષોત્તમત્વ કી સિદ્ધિ

રાજીમતીથી એવો પ્રતિબોધ પામીને રથનેમિ સંયમમાં સ્થિર થઇ ગયા. એ વિષયનુ પ્રતિપાદન સૂત્રકાર કરે છે-**तोसे०** ઇંત્યાદિ.

જેમ અંકુશથી હાથી બરાબર માર્ગ પર આવી જાય છે, તેમજ રથનેમિ સંયમવતી રાજીમતીનાં વૈરાગ્યપૂર્ણ વચન (સદુપદેશ) સાંભળીને જિનેન્દ્ર ભગવાન્‌ના પ્રવચનરૂપ ધર્મ-માર્ગમાં સ્થિર બની ગયા. અર્થાત્ જેમ મહાવતના અંકુશથી મદોન્મત્ત હાથીનો મદ ચૂર્ણ થઇ જાય છે, અને તે રાહ પર આવી જાય છે, તેમ રાજીમતીરૂપી મહાવતનાં વચનરૂપી અંકુશ-થી રથનેમિરૂપી હાથીનો વિષયવાસનારૂપી મદ દૂર થઇ ગયો અને તે જિનોક્ત ધર્મમાર્ગમાં પ્રવૃત્ત થઇ ગયા. (૧૦)

ઉપસંહાર-**एवं करंति०** ઇત્યાદિ.

હેય અને ઉપાદેય વસ્તુઓને સમ્યક્ પ્રકારે સમજનારા સંબુદ્ધ, વિષયોમાં પ્રવૃત્તિના દોષોના જ્ઞાતા, આગમના રહસ્યને જાણનારા અથવા ચારિત્રના ફળને પ્રાપ્ત કરનારા પ્રવિ-

ચક્ષણ મુનિજનો એમ જ કરે છે, અર્થાત્ ભોગોથી નિવૃત્ત થાય છે, કે જેવી રીતે પુરૂષોમાં ઉત્તમ રથનેમિએ ભોગોની નિવૃત્તિ કરી.

પ્રશ્ન—જેમણે સંયમ લઇને પણ વિષયવાસનામાં લીન થઇને પરમ અનુચિત-કોઇ ગૃહસ્થ પણ ન કરે એવી, સાક્ષાત્ પોતાના ભાઇની ભાર્યા પર કુદૃષ્ટિ કરીને ભોગની પ્રાર્થના કરી, વિષયભોગોની ઇચ્છા-માત્ર પણ ચારિત્રને મલિન કરનારી અને આત્માને દુર્ગતિ દેનારી છે, તો પછી ભગવાને તેવા વિષયાનુરાગી રથનેમિને પુરૂષોમાં ઉત્તમ કેવી રીતે કહ્યો ?

ઉત્તર—કર્મોની ગતિ વિચિત્ર હોય છે. મોહકર્મના ઉદયથી જો કે વિષયભોગની અભિલાષા ઉત્પન્ન થઇ, તોપણ વિષયરૂપી દાવાનળથી ઉત્પન્ન થએલા સંતાપથી સંતપ્ત થઇને બેભાન બનેલા રથનેમિનું ચિત્તરૂપી વૃક્ષ, વૈરાગ્ય રસની વૃષ્ટિ કરનારા રાજીમતીનાં વચનરૂપી મેઘથી સિંચિત થયા પછી, તુરતજ સંયમરૂપી અમૃતરસનું આસ્વાદન કરવામાં તત્પર બની ગયું. 'વિષયો અત્યંત કડવાં ફળ દેનારા અને આત્માને ચતુર્ગતિમાં પરિભ્રમણ કરાવનારા છે' એ પ્રકારની પરમ વૈરાગ્યભાવના દ્વારા એકાન્ત સ્થાનમાં વિષયનું સાન્નિધ્ય હોવા છતાં પણ ઇન્દ્રિયનિગ્રહ કરીને વિષયોને વિષતુલ્ય સમજીને તત્કાળ ત્યજી દીધા અને ઉગ્ર તપ સંયમનું પાલન કર્યું, તેથી ભગવાને તેમને પુરૂષોમાં ઉત્તમ કહ્યા છે.

પ્રશ્ન—હે ગુરો ! પ્રવચન અનાદિ અને નિત્ય છે. કારણ કે આચારાંગ આદિ બત્રીસે શાસ્ત્ર અનાદિકાળથી ચાલ્યા આવે છે, અને આ દશવૈકાલિક સૂત્ર પણ એ બત્રીસમાનું જ છે, તો આધુનિકરથનેમિ અને રાજીમતીનું ઉદાહરણ આવવાથી તો એ સૂત્ર સાદિ અને અનિત્ય સિદ્ધ થાય છે.

ઉત્તર—હે ! શિષ્ય પર્યાયાર્થિક નયની અપેક્ષાથી પ્રત્યેક પદાર્થ અનિત્ય છે. એ નયની અપેક્ષાએ દશવૈકાલિક પણ અનિત્ય છે. પરન્તુ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી તે નિત્ય છે. અર્થાત્ દશવૈકાલિકમાં પ્રરૂપેલો મુનિનો આચાર સર્વજ્ઞોક્ત છે. બધા સર્વજ્ઞોનું કથન એકસરખું જ હોય છે. જે આચારનું પ્રરૂપણ ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ કર્યું છે તેની જ પ્રરૂપણા અનાદિ કાળથી બધા સર્વજ્ઞો કરતા આવ્યા છે. એટલે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી આ દશવૈકાલિક અનાદિ અને નિત્ય છે. (૧૧)

**ઇતિ 'શ્રામણ્યપૂર્વક' નામના બીજા અધ્યયનનો**

**ગુજરાતી-ભાષાનુવાદ સમાપ્ત (૨)**

—: ૦ :—

## અધ્યયન ત્રીજું

બીજા અધ્યયનમાં એ નિરૂપણ કરવામાં આવ્યું હતું કે-સાધુએ ધીરતા (દૃઢતા) ધારણ કરવી જોઈએ, એ ધીરતા આચારમાં હોવી જોઈએ. અનાચારમાં નહિ; તેથી 'ક્ષુલ્લકાચારકથા' નામક આ ત્રીજા અધ્યયનમાં અનાચારના નિરૂપણપૂર્વક મુનિઓના આચારનું નિરૂપણ કરવામાં આવે છે-**संजमे सुट्ठि०** ઇત્યાદિ.

સંયમમાં સારી રીતે સ્થિત, સંસારથી મુક્ત, સ્વ પર ઉભયનું ત્રાણ (રક્ષણ) કરનાર અર્થાત્ પ્રત્યેકબુદ્ધ-સ્વ-પોતાના આત્માના ત્રાતા, તીર્થંકર -પરના ત્રાતા, અને સ્થવિર-ઉભય-(સ્વ-પર) ના ત્રાતા હોય છે, તેથી એ સર્વ ત્રાયી કહેવાય છે. એ નિર્ગ્રન્થ મહર્ષિઓ-ને એ (આગળ બતાવવામાં આવનારા બાવન અનાચાર) આચરવા યોગ્ય નથી.

પાંચ આસ્રવોથી વિરમણ, પાંચે ઈન્દ્રિયોનો નિગ્રહ, ક્રોધાદિ ચાર કષાયોને જીતવા, ત્રણ દંડોનો ત્યાગ કરવારૂપ સંયમમાં દૃઢ આત્માવાળા, પ્રસિદ્ધ,વિશેષ પ્રકારની પરમાર્થ ભાવના ભાવીને શરીર આદિની મમતાથી મુક્ત, અથવા એ વિષય-કષાય ભવ-ભ્રમણના દુઃખરૂપી વૃક્ષને સીંચનારા છે, માતા-પિતા ભાઈ-બંધ કુટુમ્બ પરિવાર એ સર્વની મમતા સંસારબંધનનું કારણ છે, પૃથ્વીકાય આદિ છ જીવનિકાયમાં મારો આત્મા અનંતવાર ઉત્પન્ન થઈને નાના પ્રકારની પીડા ઓનો અનુભવ કરી ચૂક્યો છે. વાસ્તવમાં કોઈપણ મારૂં નથી, આ રાગાદિ દોષ જીવરૂપી હરણને માટે વ્યાધ ( પારધી ) ની સમાન હોવાને કારણે મહાન શત્રુ છે, ખેદની વાત છે કે હું એ વેરીઓને વશ પડીને પોતાના પરમ અભ્યુદય સ્વરૂપ મોક્ષના સાધનમાં પણ અસમર્થ બની ગયો છું. મને ધિક્કાર છે. કહ્યું છે કે—

"કેવું કર્ણમધુર ગીત છે, કેવું નેત્રોને લોભાવનારૂં નૃત્ય છે, કેવો જિહ્વાને પ્રિય સ્વાદ છે, કેવી નાકને આકર્ષિત કરનાર સુગંધ છે, અને સ્ત્રી આદિનો સ્પર્શ કેવો સુખકારી છે, એ પ્રમાણે અનુભવ કરાવીને પરમાર્થનું સત્યાનાશ વાળનારી પોતાનો સ્વાર્થ સાધવામાં ધૂર્ત એ દગાબાજ પાંચે ઇંદ્રિયોએ, હાય ! મને મારી આત્મિક-સંપત્તિથી વંચિત કરી નાંખ્યો -મને લુંટી લીધો." (૧)

એ પ્રકારની ભાવનાઓ દ્વારા રાગાદિ શત્રુઓથી સર્વથા મુક્ત થનારા, સંસાર ભ્રમણથી ભયભીત ભવ્ય જીવોની તથા આત્માની રક્ષા કરનારા, બાહ્ય અને આભ્યંતર પરિગ્રહરૂપી ગ્રંથિથી રહિત, મહાન્ ઋષિ તીર્થંકર આદિ, યા જન્મ જરા-મરણનાં દુઃખોથી રહિત હોવાને કારણે એકાંત આનંદસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરનારા મુનિઓને માટે, આગળ કહેવામાં આવનારા બાવન અનાચાર (અનાચીર્ણ) છે. અર્થાત્ એ બાવન અનાચાર મુનિઓને સેવવા યોગ્ય નથી. અહીં છઠ્ઠી વિભક્તિવાળાં અનેક વિશેષણો આપવામાં આવ્યાં છે, એ બધામાં પહેલાં-પહેલાંના વિશેષણ કારણ છે અને પછી-પછીનાં કાર્ય છે. જેમકે-સંયમમાં સારી રીતે

સ્થિત હોવાને કારણે વિપ્રમુક્ત હોવાથી સ્વ-પરના ત્રાતા (રક્ષક) છે, ત્રાતા હોવાને કારણે નિર્ગ્રંથ છે, નિર્ગ્રંથ હોવાને લીધે મહર્ષિ છે.

શંકા–આ ગાથામાંથી એ તાત્પર્ય નીકળ્યું કે- મહાપુરૂષોએ જેનું જેનું આચરણ નથી કર્યું છે તે અનાચરણીય છે, અને તેમણે જેનું જેનું આચરણ કર્યું તે બધું આચરણ કરવા યોગ્ય છે. જો એમ છે તો તીર્થંકર ભગવાન દેવનિર્મિત આઠ મહાપ્રાતિહાર્યોથી યુક્ત હોય છે, તેમ આપણે પણ આપણા માટે બનાવેલા પદાર્થોથી યુક્ત કેમ ન થવું ?

સમાધાન—હે વત્સ ! એમ નથી, કારણ કે તે વીતરાગ હોવાથી કલ્પાતીત છે, અને આપણે કલ્પસ્થિત છીએ. એ કલ્પાતીત જિનેશ્વરોનાં તીર્થંકર–ગોત્ર–નામપ્રકૃતિના ઉદયના મહિમાથી આઠ મહાપ્રાતિહાર્ય કેવળ ભાસિત થાય છે; પરન્તુ દેવતાઓ તરફથી સમર્પિત થતાં નથી, એટલે ઔપપાતિક સૂત્રના **आगासगएणं चक्केणं** ઇત્યાદિ વ્યાખ્યાનમાં કહ્યું છે કે–"આકાશસ્થિત ચક્ર, છત્ર અને ચામરોથી ભગવાન્ લક્ષિત થાય છે." અહીં 'લક્ષિત' કહેવાથી એમ સાફ સાફ બતાવ્યુ છે કે–બીજાઓને છત્ર-ચામરાદિ-યુક્ત ભગવાન્ લક્ષિત થાય છે, પરંતુ તે ચક્ર–છત્રાદિ અન્ય (દેવ) કૃત નથી હોતાં. જેમ અર્ધમાગધીભાષારૂપ પણ તીર્થંકરની વાણી સમવસરણમાં આવેલા દેવ–મનુષ્ય–તિર્યંચોને પોતપોતાની ભાષાના સ્વરૂપમાં જ પ્રતીત થાય છે, કિન્તુ વસ્તુતઃ તે તેવી નથી હોતી. એટલે એ કલ્પાતીતોની તુલનામાં નહિ પહોંચેલા આપણે છદ્મસ્થોએ તો એમણે કહેલા કલ્પમાં જ રહેવું જોઈએ, નહિ કે તેમનું અનુકરણ કરવું જોઇએ. (૧)

## (૫૨) અનાચીર્ણ

હવે (૫૨)–અનાચીર્ણો દર્શાવે છે–**उद्देसियं०** ઈત્યાદિ.

(૧) ઔદ્દેશિક, (૨) ક્રીતકૃત, (૩) નિયાગ, (૪) અભ્યાહૃત, (૫) રાત્રિભોજન, (૬) સ્નાન, (૭) ગંધ, (૮) માલ્ય, (૯) પંખો ચલાવવો-

(૧) સાધુ આદિને માટે જે આહાર બનાવવામાં આવ્યો હોય તેને ઔદ્દેશિક કહે છે.

(૨) સાધુને માટે મૂલ્ય ખર્ચીને જે આહારાદિ ખરીદ કરવામાં આવેલ હોય તેને ક્રીતકૃત કહે છે.

(૩) ગૃહસ્થનું નિમંત્રણ મેળવીને કોઈવાર પણ આહાર લેવો અથવા પ્રતિદિન એકજ ઘેરથી આહાર લેવો એ નિયાગપિંડ કહેવાય છે.

(૪) પોતાના ગામથી, પરગામથી અથવા ઘેરથી સાધુની સામે લાવવામાં આવેલો આહાર અભ્યાહૃત–પિંડ કહેવાય છે.

અભ્યાહૃતને માટે ગાથામાં બહુવચન આવ્યું છે તેનો એ હેતુ છે કે–જેટલા અભ્યાહૃત (સામે લાવેલા) હોય તે બધા અનાચાર છે.

(૫) રાત્રે આહાર લેવો, દિનમાં લઇને રાત્રે ખાવો, ઈત્યાદિ રાત્રિ-ભક્ત કહેવાય છે.

(૬) દેશથી ( થોડે ભાગે ) સર્વથી ( આખે શરીરે ) સ્નાન કરવું એ સ્નાન-અનાચાર કહેવાય છે.

(૭-૮) ચંદન, કેવડો, અત્તર આદિની સુગંધ તથા ફૂલ માલા આદિનું સેવન કરવું એ ગંધ-માલ્ય-અનાચાર કહેવાય છે.

(૯) ગ્રીષ્માદિ કાળમાં પંખો ચલાવવો એ વ્યજન-અનાચાર છે.

એથી આરંભ આદિ દોષ લાગે છે તે પોતેજ સમજવું જોઈએ. ઔદ્દેશિક અને ક્રીતકૃતનું વિસ્તારપૂર્વક વિવેચન પાંચમાં અધ્યયનમાં કરવામાં આવશે. (૨)

(૧૦) સંનિધિ-જે અનાચારનું સેવન કરવાથી આત્મા નરકાદિ દુર્ગતિમાં પડે છે, અર્થાત્ ઘી ઓસડ આદિ રાત્રે વાસી રાખવાં તે સંનિધિ-અનાચાર છે.

(૧૧) ગૃહ્યમત્ર-ગૃહસ્થના પાત્રમાં આહાર આદિ કરવો તે ગૃહ્યમત્ર કહેવાય છે.

(૧૨) રાજપિંડ-રાજાને માટે બનાવેલો આહાર લેવો તે રાજપિંડ છે.

(૧૩) કિમિચ્છક-જેમાં એ પૂછવામાં આવે છે કે કોને શું જોઈએ છે? અર્થાત્ દાનશાલા ( સદાવ્રત ) આદિ પાસેથી આહાર લેવો તે કિમિચ્છક કહેવાય છે.

(૧૪) સંવાહન-અસ્થિ, માંસ, ત્વચા, રોમને આનંદદાયક ચાર પ્રકારનું મર્દન કરવું એ સંવાહન છે. (૧૫) દંતપ્રધાવન-દાંત ધોવા.

(૧૬) સંપ્રશ્છન-ગૃહસ્થને કુશલ આદિ રૂપ સાવદ્ય પ્રશ્નો પૂછવા.

(૧૭) દેહપ્રલોકન-જલમાં અથવા દર્પણ આદિમાં પોતાનું મુખ આદિ જોવાં, સન્નિધિ આદિમાં પરિગ્રહાદિ દોષ પ્રસિદ્ધ છે. (૩)

(૧૭) અષ્ટાપદ-નાલીય અર્થાત્-પાસા ફેંકીને ચોપાટ. શતરંજ. આદિ ખેલવાં, અથવા અન્ય પ્રકારે જુગાર ખેલવો.

(૧૯) છત્ર ધારણ કરવું. ગાથામાં धारणट्ठाए એવું પદ છે, એને છૂટા પાડવાથી धारणा +अट्ठाए થાય છે. અહીં અટ્ઠા શબ્દનો અર્થ 'મુઠી' છે જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે-चउहिं अट्ठाहिं लोयं करेइ અર્થાત્-ઋષભદેવ ભગવાને, ચાર મુઠી લોચ કર્યો એટલે धारणट्ठाए નો અર્થ 'મુઠીથી છત્રને ગ્રહણ કરવું'એવો થયો.

પ્રશ્ન-છત્ર તો મુઠીથી જ પકડવામાં આવે છે, પછી अट्टाए એ પદની શી જરૂર રહે છે? જેમકે "મુખથી બોલે છે" એ વાકયમાં 'મુખથી' એટલો અંશ વ્યર્થ છે, કારણ કે મુખ વિના બીજા કોઈ અંગથી બોલી શકાતું નથી. તેજ રીતે ત્યાં 'મુઠીથી' એમ કહેવું એ પણ વૃથા છે.

ઉત્તર-એ પ્રશ્ન બરાબર નથી, કારણ કે લોકમાં 'આંખોથી જોવે છે,' 'કાનથી સાંભળે છે,' 'જીભથી ચાખે છે,' ઈત્યાદિ વાકયોમાં 'આંખોથી,' 'કાનથી,' 'જીભથી' એ શબ્દો આપવાનો હેતુ યથાસ્થિત વસ્તુનું પ્રતિપાદન કરવાનો છે. આ ગાથાના ઉત્તરાર્ધમાં पाहणा पाए પદ આપ્યું છે તેનો અર્થ છે-'પગમાં ઉપાનહ (જોડા), જો કે જોડા પગમાં જ પહેરવામાં આવે છે, હાથે કે માથે નહિ, તો પણ पाए કહેવાથી પુનરૂક્તિ થતી નથી, કારણ કે એ શબ્દથી યથાવસ્થિત વસ્તુનું પ્રતિપાદન માત્ર કરવામાં આવ્યું છે. તેથી 'મુઠીથી છત્ર ધરવું' એમ કહેવું એ અયુક્ત નથી.

(૨૦) ચૈકિત્સ્ય-ચિકિત્સા કરવી અર્થાત્ વૈદું કરવું, અથવા ગ્રહાદિ ને મંત્ર વગેરેથી શાન્ત કરવા અથવા એ વિષયનો ઉપદેશ આપવો.

(૨૧) ઉપાનહ (જોડા) અથવા મોજાં આદિ પહેરવાં

(૨૨) અગ્નિનો આરંભ કરવો. એથી પણ અસત્ય આદિ દોષ સમજવા જોઈએ.

અર્થાત્-જુગાર ખેલવાથી અસત્ય, કલેશ, આર્તધ્યાન, પરિગ્રહ આદિ; છત્ર ધારણ કરવાથી સુકુમારતા; પરીષહને સહન કરવામાં અસામર્થ્ય આદિ અનેક દોષ; ચિકિત્સા કરવાથી આરંભ, અસત્ય આદિ દોષ; જોડા પહેરવાથી દ્વીન્દ્રિય આદિ જીવોનુ ઉપમર્દન આદિ, તથા અગ્નિકાયનો આરંભ કરવાથી છ કાયનું ઉપમર્દન આદિ દોષ લાગે છે. (૪)

(૨૩) શય્યાતરનો પિંડ લેવો.

જેમાં શયન કરવામાં આવે છે તેને શય્યા યા વસતિ કહે છે. એ શય્યાના દાનથી સંસાર રૂપી સાગરથી પાર થવાનું આતર (શુલ્ક) જેનું, તેને શય્યાતર કહે છે, જેમ કેઇ નદી પાર કરવાની ઇચ્છા-વાળો ઊતારૂ નાવિકને નદી ઊતરવાનું ભાડું આપીને પાર ઊતરે છે, તેમ સંસાર-રૂપી સમુદ્રને પાર ઊતરવાની ઇચ્છા-વળો ગૃહસ્થ, નાવિક-સમાન સાધુ-મહાપુરૂષોને શય્યા-(વસતિ-સ્થાન) રૂપી ભાડું (પાર ઊતરવા માટેનું મૂલ્ય) આપીને સંસાર-સાગરથી પાર ઊતરે છે, એવો અર્થ સમજવો જોઈએ. બેઉ પક્ષોનો અર્થ એક જ છે કે શય્યાતર એને કહે છે કે જે સાધુને રહેવાને માટે મકાનની આજ્ઞા આપે છે, એના આહાર ઔષધ આદિ પિંડને શય્યાતર-પિંડ કહે છે.

## શય્યાતર વિચાર

### શય્યાતર—વિચાર

સાધુને રહેવાને માટે પોતાની અનુમતિ આપનાર ઉપાશ્રયનો સ્વામી શય્યાતર કહેવાય છે' તથાપિ તે આ અવસ્થાઓમાં શય્યાતર થાય છેઃ—

(૧) સાધુ વસતિમાં ભાંડોપકરણ (પાત્ર વગેરે) રાખે. (૨) પ્રતિક્રમણ કરે. અને (૩) રાત્રે શયન કરે.

(૧) આ ત્રણેમાંની પ્રત્યેક ક્રિયા શય્યાતર થવામાં કારણ છે, તેથી પ્રતિક્રમણ અને શયન પૂર્વે પણ ભાંડોપકરણ રાખી દે તો વસતિનો સ્વામી શય્યાતર થઇ જાય છે.

(૨) પહેલાં જે વસતિનું ગ્રહણ કરી લીધું હોય, તેમાં સ્થાનની સંકીર્ણતા (સંકડાશ) હોવાથી કોઇ સાધુ પોતાનાં ભાંડોપકરણ બીજા સાધુઓની સમીપે રાખીને, પાસેના બીજા ઉપાશ્રયમાં તેના સ્વામીની આજ્ઞા લઇને પ્રતિક્રમણ કરે તો ત્યાં ભાંડોપકરણ ન રાખવા છતાં પણ જ્યાં પ્રતિક્રમણ કર્યું હોય તે વસતિનો સ્વામી શય્યાતર કહેવાય છે. આ વસતિનો' નહિ.

(૩) બીજા સ્થાનમાં પ્રતિક્રમણ·કરીને સ્થાનની સંકડાશને કારણે જ્યાં માત્ર શયન કર્યું હોય તે સ્થાનના સ્વામીને પણ શય્યાતર કહે છે. અર્થાત્ એ સ્થિતિમાં બેઉ શય્યાતર છે.

વિશેષ વાત એ છે કે-બીજા સાધુઓ પાસે ભાંડોપકરણ રાખીને બીજા જ કોઈ સ્થાન પર પ્રતિક્રમણ અને શયન કરે તો જ્યાં ભાંડોપકરણ રાખેલાં હોય, તે સ્થાનનો સ્વામી શય્યાતર નથી કહેવાતો, કેમકે ભાંડોપકરણ સાધુની નેસરાય (અધીનતા) માં જ રાખવામાં આવે છે, ગૃહસ્થની નેસરાયમાં રાખવાં એ શાસ્ત્રવિરૂદ્ધ છે.

શય્યાતરત્વની નિવૃત્તિ કરવાને માટે વારંવાર શય્યાતરનો પરિત્યાગ કરવો ન જોઇએ. એમ કરવાથી એવું પ્રકટ થાય છે કે સાધુ ભિક્ષાનો લોભી છે; એનાથી અનેક દોષો પણ ઉત્પન્ન થાય છે.

જેમ-શય્યાતરનું પરિવર્તન કરવાથી પહેલો શય્યાતર આ પ્રમાણે વિચારે છે-આજ મારા ઉપાશ્રયની આજ્ઞા સંતોએ છોડી દીધી છે, એટલે મારે ત્યાં જરૂર આવશે; તેથી એમને માટે સ્વાદિષ્ટ અન્નાદિ બનાવવાં જોઇએ. એવો વિચાર કરીને બનાવેલું અન્નાદિ આધાકર્મી બનશે, જો પહેલો શય્યાતર પોતાના માટે અને સાધુને માટે એકઠું બનાવશે તો મિશ્રજાત દોષ લાગશે. સાધુ આવવાની સંભાવનાથી તે કોઇ વસ્તુને સ્થાપન કરશે તો સ્થાપના-(ઠવણા)-દોષ લાગશે.-ઇત્યાદિ અનેક દોષો પોતાની મેળે સમજી લેવા. એ કારણથી સાધુને વારંવાર શય્યાતર બદલવા કલ્પતા નથી.

## વસતિ યાચન વિધિ

### ( ઉપાશ્રય-યાચનાની-વિધિ )

વસતિના સ્વામી પાસે અથવા તેની ગેરહાજરીમાં એના સંરક્ષકની પાસે વસતિ-યાચના કરવાની વિધિ કહે છેઃ—

મુનિ--હે આયુષ્મન્ ! અમે આ વસતિ. (મકાન-સ્થાન) માં રહેવા ઇચ્છીએ છીએ. તમે જેટલા સમય સુધી રહેવાની આજ્ઞા આપશો, તેટલા સમયથી વધારે સમય રહીશું નહિ. તેમાં પણ તમે ભૂમિનો જેટલો ભાગ અમને રહેવાને માટે આપવા ઇચ્છો તેટલો જ અમારે માટે પર્યાપ્ત (પૂરતો) છે.

ગૃહસ્થ-હે મુનિરાજ ! આપ કેટલા સમય સુધી રહેવા ઇચ્છો છો ?

ત્યારે મુનિ-ઋતુબદ્ધ શેષકાળ હોય તો-'એક માસના કલ્પમાં જ્યાં સુધી અવસર હશે ત્યાં સુધો રહીશું' એમ કહે, અથવા જો ચાતુર્માસ હોય તો-'ચાર માસ રહેવાનો અમારો કલ્પ છે' એમ કહે. જો સાધુનો કલ્પકાળ સાંભળીને ગૃહસ્થ કહે કે 'હું તો થોડા જ દિવસ અહીં રહીશ' તો સાધુએ કહેવું જોઇએ કે જ્યાં સુધી તમે અહીં રહેશો ત્યાં સુધી જ અમે રહીશું; તમે જશો ત્યારે આ સ્થાનને અમે છોડી દઈશું.'

જો ગૃહસ્થ પૂછે કે 'આપ કેટલા સાધુઓ છો ?' તો સાધુ ઉત્તર આપે કે-'સમુદ્રના તરંગોની પેઠે સાધુઓની મર્યાદા નથી, કેમકે કેટલાય સાધુઓ આવે છે અને કેટલાય ચાલ્યા જાય છે, જેઓ આવશે તેઓ પણ અહીં જ રહેશે.''

એ પ્રમાણે ગૃહસ્થની આજ્ઞા લઇને, એનું નામ અને ગોત્ર જાણીને સાધુએ રહેવું જોઈએ. જ્યાં સુધી શય્યાતરનું નામ અને ગોત્ર સાધુના જાણવામાં ન આવે ત્યાં સુધી ભિક્ષાને માટે જાય નહિ.

## કલ્પ્યાકલ્પ્ય-વિધિ

નીચે લખેલી વસ્તુઓ શય્યાતરના ઘરની સાધુને કલ્પે નહિ–

(૧) અશન, (૨) પાન, (૩) ખાદ્ય. (૪) સ્વાદ્ય, (૫) વસ્ત્ર, (૬) પાત્ર, (૭) કાંબળી (૮) રજોહરણ, (૯) દોરો, (૧૦) સોય, (૧૧) કાતર, (૧૨) ચપ્પુ, (૧૩) નખ ઉતારવાની નેરણી, (૧૪) કાન–ખોતરણી, (૧૫) દાંત-ખોતરણી, (૧૬) ચીપીયો, (૧૭) કાંટો અથવા કાંટાની કોથળી, (૧૮) ઓસડ, (૧૯( ભેષજ, (૨૦) શતપાક–સહસ્રપાક આદિ તેલ; (૨૧) પાત્ર રંગવા માટેનો રોગાન સફેતો વગેરે, (૨૨) પાત્રમાં છિદ્ર આદિ કરવાના કામમાં આવનાર સારડી, રેતી વગેરે ઓજાર, (૨૩) કાગળ, (૨૪) લેખણ, (૨૫) શાહી, (૨૬) હીંગળો, (૨૭) ખડી, ઈત્યાદિ.

નીચે લખેલી વસ્તુઓ શય્યાતરનાં ઘરની સાધુને કલ્પે—

(૧) તણુખલું, (૨) પત્થર,(૩) શિલા, (૪) લોઢી (૫) રાખ, (૬) પત્થરનો ટુકડો,(૭) ઇંટ, (૮) ધૂળ, (૯) નાનો બાજઠ, (૧૦) ફલક' (આસન), (૧૧) શય્યા (શરીરપ્રમાણની), (૧૨) સંસ્તારક (અઢી હાથનું આસન), (૧૩) છાણ, (૧૪) ઉપધિ સહિત શિષ્ય, (૧૫) સ્વાધ્યાય આદિને માટે પડિહારી (પાછી આપી દેવાય તેવી) પુસ્તક આદિ.

એ પણ યાદ રાખવું જોઇએ કે જે ઉપાશ્રય સાધુને માટે ભાડે રાખ્યો હોય તે ઉપાશ્રય સાધુને કલ્પે નહિ.

ઉપાશ્રયના અનેક સ્વામીઓ હોય તો તેમાંથી એક શય્યાતર થાય છે. એવા શય્યાતરના પિંડમાં ચાર ભાંગા હોય છે, તે આ પ્રમાણે–(૧) એજ ઘરમાં ભોજન બનાવવું અને એજ ઘરમાં જમવુ. (૨) એ ઘરમાં ભોજન બનાવવું અને બીજા ઘરમાં જમવું. (૩) બીજા–બીજા ઘરમાં બનાવવું અને એ ઘરમાં જમવું. (૪) બીજા-બીજા ઘરમાં બનાવવું અને બીજા–બીજા ઘરમાં જમવું.

આ ચાર ભાંગાઓમાંથી બીજો અને ચોથો ભાંગો સાધુને કલ્પે છે. બીજા ભાંગામાં એકત્ર રસોઈ થતી હોય તો પણ શય્યાતરથી ભિન્ન મનુષ્યોનો ભાગ જૂદો થઈ જતાં શય્યાતરનો ભાગ છોડીને અન્યનો પિંડ કલ્પે છે; કારણ કે ત્યાં શય્યાતરનું સ્વામિત્વ રહેતું નથી.

ચોથા ભાંગામાં તો શય્યાતરના સ્વત્વના સંસર્ગની જરા પણ આશંકા નથી. તાત્પર્ય એ છે કે જેમાં શય્યાતરનું સ્વત્વ રહેતું નથી; તે વસ્તુ સાધુને માટે ગ્રાહ્ય બને છે.

એજ રીતે જો શય્યાતરની અનેક પત્નીઓ હોય અને એ ( શય્યાતર ) પરદેશ ચાલ્યો ગયો હોય તો તે પત્નીઓમાંથી કોઈ એકને જ શય્યાતર બનાવવી જોઈએ. પહેલાંની પેઠે

એમાં પણ ચાર ભાંગા સમજવા જોઇએ. એનો પતિ પરદેશ ન ગયો હોય તો તે જે પત્નીને ત્યાં નિયમિત રીતે જમતો હોય તે શય્યાતર બને છે. જો નિયમિત રીતે ન જમતો હોય અને કોઇવાર એકને ત્યાં અને કોઈવાર બીજીને ત્યાં જમતો હોય તો બધી પત્નીઓને શય્યાતર માનવી જોઈએ.

પહેલાંના ચાર ભાંગામાંના ત્રીજા ભાંગામાં એટલું વિશેષ સમજવું કે-જો જુદું જુદું ભોજન બનાવ્યું હોય અને એકત્ર કરીને જમતા હોય તો વધેલા અન્નાદિને વહેંચી લીધા પછી સાધુ શય્યાતરથી જૂદાનો આહાર આદિ લઈ શકે છે, કારણ કે એમાંથી શય્યાતરનો ભાગ જૂદો કાઢવામાં આવી ચૂકયો હોય છે. હા, એકઠું કરેલું હોય અને વહેંચ્યું ન હોય તો સાધુને કલ્પે નહિ. કોઈ શય્યાતર પરદેશ જઈ રહ્યો હોય અને ઘરમાંથી નીકળીને કયાંક બહાર રહ્યો હોય તો પણ એનું અન્ન-પાન ગ્રાહ્ય બનતું નથી, પછી ભલે એ અન્ન-પાન ઘેરથી એને માટે લાવવામાં આવ્યું હોય અથવા અન્ય સ્થાનથી લાવવામાં આવ્યું હોય, યા ત્યાંજ તૈયાર બનાવવામાં આવ્યું હોય. જો રાત્રે નિવાસ કરવાને માટે સાધુ બહાર ચાલ્યા ગયા હોય તો કલ્પે છે.

શય્યાતર, બીજા ગૃહસ્થને ત્યાં એ બીજા ગૃહસ્થનાં અન્નાદિ પીરસે તોપણ એના હાથથી અપાતો આહાર કલ્પે નહિ જો કોઈ ભિક્ષાની પ્રાપ્તિમાં શય્યાતર નિમિત્ત હોય અર્થાત્ દલાલી કરે તો એ ભિક્ષા પણ સાધુને ગ્રાહ્ય થતી નથી.

ગામની બહાર શય્યાતરની ગૌશાળા આદિ હોય તો ત્યાંનું દૂધ વગેરે પણ સાધુને ગ્રાહ્ય બને નહિ.

શય્યાતરના ઘેર જમનારા નોકર-ચાકર પણ શય્યાતર છે, શય્યાતરની બહેન યા પુત્રી એ દિવસે પાછાં જવાનો નિશ્ચય કર્યા વિના પોતાનો સાસરેથી આવી હોય તો તે પણ શય્યાતર છે. જો પાછાં જવાનો વિચાર કરીને આવી હોય તો શય્યાતરના ઘરમાં જ તે શય્યાતર છે, બીજાના ઘરમાં નહિ, અર્થાત્ બીજાના ઘરમાં બીજાના આહારાદિ જો તે પીરસે તો સાધુ લઈ શકે છે.

જો ઉપાશ્રયનો સ્વામી પરદેશમાં રહેતો હોય અને ઉપાશ્રયના રખેવાળની આજ્ઞા લઈને સાધુ તેમાં રહે તો જ્યારે ઉપાશ્રયનો સ્વામી આવી જાય ત્યારે તે શય્યાતર બને છે, રખેવાળ નહિ.

શય્યાતરે અશનાદિ બીજાને આપી દીધું હોય અને બીજાએ ભલે એને સ્વીકારી પણ લીધું હોય, તો પણ શય્યાતરને ઘેર સાધુએ તે લેવું જોઈએ નહિ, કારણ કે સ્વીકારી લેવાથી શય્યાતરનું સ્વામિત્વ તો રહ્યું નહિ. પણ તેમાં વ્યવહારથી અશુદ્ધિ રહેલી છે.

જો શય્યાતરે આપેલું અન્નાદિ અન્ય ગૃહસ્થ ન સ્વીકારે તો શય્યાતરના ઘરમાં યા ઘરબહાર કયાંય પણ તે સાધુએ ગ્રહણ કરવું જોઈએ નહિ, કારણ કે તે આહારાદિમાં શય્યાતરનું સ્વત્વ રહેલું હોય છે. શય્યાતરના ઘરની બહાર બીજાએ સ્વીકારી લીધું હોય તો તે સાધુને કલ્પે, કેમકે તે ઉપર શય્યાતરનું સ્વત્વ રહેતું નથી.

શય્યાતરના ઘરની બહાર શય્યાતરે કોઈ બીજાને આપ્યું હોય અને બીજાએ સ્વીકાર્યું ન હોય તો તે અશનાદિનો સ્વીકાર કરાવાને માટે 'તમે લઈ લ્યો' ઇત્યાદિરૂપે ગૃહસ્થને પ્રેરણા કરવી એ પણ સાધુને કલ્પે નહિ, કારણ કે તેમાં શય્યાતરનો પિંડ લેવો વગેરે

અનેક દોષોની શંકા રહે છે.

શય્યાતરનો પિંડ ગ્રહણ કરવામાં રહેલા દોષો બતાવે છેઃ—

(૧) શય્યાતરનો પિંડ ગ્રહણ કરવામાં આવે તો વસતિ (રહેવાનું સ્થાન) મળવું દુર્લભ (મુશ્કેલ) બની જાય. ગૃહસ્થ એમ વિચારશે કે એમને સ્થાન આપવાથી અન્ન-પાન આદિ પણ દેવા પડશે. એમ વિચારીને ગૃહસ્થ પોતાના સ્થાનમાં રહેવાને માટે સાધુઓને સ્થાન આપશે નહિ.

(૨) પ્રવચનનું લાઘવ થશે.

(૩) પોતાના નિવાસસ્થાન પર જ ભિક્ષા મળી જવાની સંભાવનાથી સાધુ ભ્રમણ કરવામાં આળસ કરશે. અને જો શય્યાતરના ઘેરથી આહાર નહિ મળે તો અકાલે (અસમયે) ગોચરી કરવાનો પ્રસંગ આવશે, અને અકાલે ભિક્ષા ન મળવાથી આર્ત-રૌદ્ર ધ્યાન થશે, સ્વાધ્યાયાદિમાં અંતરાય પડશે અને આત્માને ખેદ થશે.

(૪) એ ઉપરાંત તીર્થંકર ભગવાને શય્યાતર પિંડને અકલ્પનીય બતાવ્યો છે, તે માટે એમની આજ્ઞાનો ભંગ થશે, ઈત્યાદિ અનેક દોષો ઉત્પન્ન થાય છે.

**ઈતિ શય્યાતર-વિચાર સમાપ્ત.**

## (૫૨) અનાચીર્ણ

(૨૪) આસન્દી-નેતરની બનાવેલી છિદ્રવાળી ખુરશી પર બેસવું.

(૨૫) પર્યંક-એક પ્રકારનો પલંગ, પાલખી હિંડોળો, મ્યાનો.

(૨૬) ગૃહાન્તરનિષદ્યા-ગૃહસ્થના ઘરમાં બેસવું.

(૨૭) ગાત્રોદ્વર્તન-શરીર પર સુગંધી પદાર્થો ચોળવા. (૫)

(૨૮) ગૃહસ્થની વૈયાવૃત્ય (સેવા-શુશ્રૂષા) કરવી.

(૨૯) પોતાની જાતિ યા કુળ બતાવીને ભિક્ષા લેવી.

(૩૦) અધપાકાં-અધકાચાં અર્થાત્ મિશ્ર અન્નપાણી આદિ લેવા.

(૩૧) રોગાદિની અવસ્થામાં પહેલાં સેવેલાં વિષયોનું સ્મરણ કરવું અર્થાત્ બિમારીમાં 'હાય ! હાય !' કરવી. (૬)

(૩૨) સચિત્ત મૂળાનું સેવન કરવું.

(૩૩) સચિત્ત આદુનું સેવન કરવું.

(૩૪) સચિત્ત શેરડીનાં પતીકાં-કકડાં-નું સેવન કરવું

(૩૫) સચિત્ત સૂરણ આદિ કંદોનું સેવન કરવું.

(૩૬) સચિત્ત મૂળનું સેવન કરવું.

(૩૭) સચિત્ત કાકડી ખીરા આદિ ફલોનું સેવન કરવું.

(૩૮) સચિત્ત બીજ તલ આદિનું સેવન કરવું (૭)

(૩૯) સચિત્ત રૂચક લૂણ (સૌવર્ચલ-સંચળ) નું સેવન કરવું.

(૪૦) સચિત્ત સિંધાલૂણનું સેવન કરવું.

(૪૧) સચિત્ત રૂમા (નદીવિશેષમાંથી નીકળેલા) મીઠાનું સેવન કરવું.
(૪૨) સચિત્ત સમુદ્રના લૂણનું સેવન કરવું.
(૪૩) સચિત્ત ઊષર લૂણ (ખારા) નું સેવન કરવું (૮)
(૪૪) સચિત્ત કાળા મીઠાનું સેવન કરવું,
(૪૫) રોગાદિની શાન્તિ અથવા સુગંધિને માટે સ્થાનક યા વસ્ત્રાદિને ધૂપ કરવો.
(૪૬) દવા લઇને વમન કરવું.
(૪૭) મલાદિના શોધન માટે બસ્તિકર્મ કરવું.
(૪૮) ઉદરની શુદ્ધિને માટે સોનામુખી આદિનો જુલાબ લેવો.
(૪૯) આંખોમાં કાજળ (મેશ) આંજવું.
(૫૦) મસ્સી વગેરે લગાડીને દાંત રંગવા.
(૫૧) શતપાક, સહસ્રપાક આદિ તેલથી શરીરને મર્દન કરવું.
(૫૨) શરીરનું મંડન કરવું (શોભાવવું)
એ ધૂપ આદિથી અગ્નિકાય આદિ જીવોની વિરાધના આદિ દોષ લાગે છે (૯).

હવે ઉપસંહાર કરે છેઃ—**સવ્વમેયં૦** ઇત્યાદિ,

બાહ્યાભ્યંતર પરિગ્રહની ગ્રંથિથી રહિત, પોતાના હિતનું અન્વેષણ કરનારા મહર્ષિઓ-એ ત્રણ કરણ ત્રણ યોગથી સાવદ્ય વ્યાપારને ત્યજવા રૂપ સકળ સંયમથી યુક્ત અને વાયુની પેઠે અપ્રતિબંધ વિહાર કરનારા મુનિરાજોના એ પૂર્વોક્ત બાવન અનાચીર્ણ કહેલ છે.

## અનાચીર્ણ ત્યાગી મુનિ કા સ્વરૂપ

અનાચીર્ણોનો ત્યાગ કરનારા મુનિઓ કેવા હોય છે? તે કહે છેઃ—
**પંચાસવ૦** ઇત્યાદિ.

જેની દ્વારા આત્મા-રૂપી તળાવમાં મિથ્યાત્વાદિ-રૂપ નાળાઓથી કર્મ-રૂપી જળ આવે છે તેને આસ્રવો કહે છે. એ આસ્રવો મિથ્યાત્વ અવિરતિ આદિ ભેદે કરીને પાંચ પ્રકારના છે. એ આસ્રવોને જ્ઞપરિજ્ઞાથી અનર્થોના કારણરૂપ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યજે છે; અર્થાત્ અનાચીર્ણોનો ત્યાગ કરનારાઓ પાંચ આસ્રવોથી વિરત થઈ જાય છે; મન વચન કાયા-રૂપ ત્રણ ગુપ્તિઓથી યુક્ત થાય છે, પૃથિવી આદિ છ કાયની યતનામાં સાવધાન રહે છે, અર્થાત્ છ જીવનિકાયની વિરાધનાથી રહિત થાય છે, પાંચ ઇંદ્રિયોનું દમન કરે છે, પરીષહ અને ઉપસર્ગ સહેવામાં દઢ એવા મુનિઓ સરલહૃદય બને છે, અથવા અવિનાશી સુખને પ્રાપ્ત કરનારા યા મોક્ષમાર્ગના સાધક બને છે. (૧૧).

જે અવસ્થામાં આત્મજ્ઞાની જન પ્રશસ્ત-ભાવોથી રમણ કરે છે તેને સમાધિ કહે છે. અનાચીર્ણોનો ત્યાગ કરનારા સાધુઓએ વિનય શ્રુત આદિ ચાર પ્રકારની સમાધિને પ્રાપ્ત કરે છે, અથવા નિરવદ્ય વ્યાપાર કરવામાં સદા સાવધાન રહે છે. તથા પ્રવચનનું મનન કરવામાં યત્નવાન્ રહે છે. ગ્રીષ્મ ઋતુમાં સૂર્યની સન્મુખ મુખ રાખીને ભુજાઓને પહોળી કરીને આતાપના લે છે શીત ઋતુમાં થોડાં કપડાં રાખીને યા કપડાં દૂર કરીને ઠંડીની આતાપના લે છે. વર્ષાઋતુમાં કાચબાની પેઠે ઈન્દ્રિયોનું ગોપન કરવામાં તત્પર રહે છે.

ગ્રીષ્મ. હેમન્ત અને વર્ષા શબ્દ ગાથામાં બહુ-વચનાન્ત છે, તેથી એવો આશય નીકળે છે કે પ્રત્યેક વર્ષની ઋતુઓમાં એમ કરે છે (૧૨).
**પરીસહ૦** ઈત્યાદિ.

ભૂખ, તરસ, ઈત્યાદિ પરીષહ-રૂપી શત્રુઓને પરાજિત કરે છે. સત્ અસતના બોધથી વંચિત કરનારા મોહને નષ્ટ કરી નાંખે છે. ઈંદ્રિયોની પોત પોતાના વિષયોમાં જે પ્રવૃત્તિ થાય છે. તે પ્રવૃત્તિને રોકીને ઇંદ્રિયોને વશ રાખીને જિતેન્દ્રિય બને છે, એવા મહર્ષિઓ શારીરિક અને માનસિક બધા પ્રકારનાં બધાં દુઃખોનો વિનાશ કરવાને માટે પરાક્રમ કરે છે. (૧૩)

હવે ઉપસંહાર કરતાં કહે છેઃ-**दुक्कराइं**૦ ઈત્યાદિ.

પૂર્વોક્ત ગુણોથી વિશિષ્ટ મુનિ દુષ્કર આતાપના આદિ ક્રિયાઓનું આચરણ કરીને તથા કાયર પુરૂષો જે સહન કરી શકતા નથી એવા પરીષહો અને ઉપસર્ગો સહીને અવશિષ્ટ કર્મવાળા કોઈ મુનિ સૌધર્મ આદિ દેવલોકમાં જાય છે. જેઓ કર્મરજથી સર્વથા મુક્ત થઈ જાય છે તેઓ આ મનુષ્યભવમાં સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. બીજા ટીકાકારોએ **अत्र** શબ્દને દેવલોક સાથે જોડયો છે તે બરાબર નથી. **अत्र** શબ્દનો અર્થ અહીં 'આ ભવમાં' એવો છે. (૧૪).

જે મુનિ, કર્મ બાકી રહેવાને લીધે દેવલોકમાં જાય છે, તેઓ પણ દેવલોકસંબંધી આયુષ્યને ભોગવીને, ત્યાંથી ચવીને આર્યક્ષેત્રમાં મનુષ્યજાતિ અને સુકુળમાં જન્મ લઈને એજ ભવમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે, આ વિષયને સૂત્રકાર આગળની ગાથામાં કહે છે—**खवित्ता**૦ ઇત્યાદિ.

જે મુનિ, મોક્ષ-માર્ગમાં પ્રવેશ કરીને સર્વસાવદ્ય-વ્યાપારના ત્યાગરૂપ સત્તર પ્રકારના સંયમથી, તથા અનશન ઊનોદરી આદિ બાર પ્રકારના તપથી પહેલાંના ભવોમાં બાંધેલાં જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના બધાં કર્મોનો નાશ કરીને સર્વથા મુક્ત થઈ જાય છે-કર્મજન્ય સંતાપથી રહિત થઇને પરમશીતલીભૂત થાય છે, અર્થાત્ સિદ્ધ થઈ જાય છે.

સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે-હે જંબૂ ! ત્રીજા અધ્યયનનો જેવો ભાવ ભગવાને ફરમાવ્યો છે તેવો હું તને કહું છું. (૧૫)

**ઇતિ 'ક્ષુલ્લકાચારકથા, નામક ત્રીજા અધ્યયનનું ગુજરાતી-ભાષાનુવાદ સમાપ્ત. (૩)**

—: ૦ :—

## અધ્યયન ૪. થું.

હવે ચોથું અધ્યયન કહે છે:—

ત્રીજા અધ્યયનમાં એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે—મહાપુરૂષોએ અનાચીર્ણોનો ત્યાગ કરીને આચાર ( સંયમ ) માં દૃઢતા રાખવી જોઈએ. આચારમાં દૃઢતા ત્યારે જ આવે છે કે જ્યારે ષટ્કાયના જીવોનું વાસ્તવિક સ્વરૂપ જાણીને તેમની રક્ષા કરવામાં આવે, તેટલા માટે આ 'ષડ્જીવનિકાય' નામના અધ્યયનમાં છ–કાયનું સ્વરૂપ અને તેની રક્ષાના ઉપાયો બતાવતાં 'આ પ્રવચન આપ્ત ( ભગવાન્ ) દ્વારા ઉપદિષ્ટ છે, એ વાતને કહે છે—**सुयं मे०** ઇત્યાદિ

હે આયુષ્મન ! અર્થાત્ સંયમ–રૂપી–જીવન–વાળા ! નીરોગી–જીવન–વાળા ! યા દીર્ઘજીવી !, આ સંબોધનથી ધર્મના આચરણમાં આયુષ્યની પ્રધાનતા સૂચિત કરી છે (૧), અથવા **आउसंतेणं** એ એક પદ છે, એની છાયા **आजुषमाणेन** એ પ્રમાણે થાય છે, અર્થાત્ અર્થાત્ ગુરૂની સેવા કરનારા એવા મેં', આ પદથી 'ગુરૂની સેવા કરીને શીખવાથી જ શાસ્ત્રનું અધ્યયન સફળ થાય છે' એ સૂચિત થાય છે (૨), **आवसता** એવી પણ છાયા થાય છે. અર્થાત્ શિષ્યને યોગ્ય મર્યાદા–પૂર્વક ભગવાનની સમીપે રહેનારા એવા મેં ( સાંભળ્યું ) એ પદથી ગુરૂકુળમાં નિવાસ કરવાનું સૂચન કરેલું છે.

અહીં '**भग**' શબ્દના દસ અર્થ છે (૧) બધા પદાર્થોને વિષય કરવાવાળું જ્ઞાન, (૨) અનુપમ–મહિમા, (૩) વિવિધ પ્રકારના અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહોને સહન કરવાથી ઉત્પન્ન થનારી અથવા જગતની રક્ષા કરનારા અલૌકિક જ્ઞાનથી ઉત્પન્ન થનારી કીર્તિ, (૪) ક્રોધ આદિ કષાયોના સર્વથા નિગ્રહરૂપ વૈરાગ્ય, (૫) બધાં કર્મોના ક્ષય–સ્વરૂપ મોક્ષ, (૬) સુર અસુર અને નરોના અંતઃકરણને હરનારૂં સૌંદર્ય, (૭) અંતરાય કર્મના નાશથી ઉત્પન્ન થનારૂં અનંત બળ. (૮) ઘાતી–કર્મ–રૂપી પડળ હઠી જવાથી ઉત્પન્ન થનારી અનંત ચતુષ્ટય લક્ષ્મી, (મોક્ષના દ્વારને ખોલવાના સાધન શ્રુત–ચારિત્ર-યથાખ્યાત-ચારિત્ર–રૂપ ધર્મ (૧૦) ત્રણ લોકના આધિપત્ય–રૂપ ઐશ્વર્ય

## ભગવત્ શબ્દ કા અર્થ તથા ધટ્ જીવનિકાય કા સ્વરૂપ

આ બધા ભગ શબ્દના અર્થો જેનામાં મળી આવે છે તેને ભગવાન્ કહે છે. હે આયુષ્મન્ ! **धम्मो मंगलमुक्किट्ठं** થી લઈને **तायिणो परिनिव्वुडे** સુધી બધુંય ભગવાને જ

---

१ सूत्रे 'छज्जीवणिया' इति पदं 'स्वराद्यस्य' (४।१।६२ इति निकायाघटकयकारस्य लोपे, 'क-ग-च-ज-त-द-प य-वां प्रायो लुक्' इति ककारलोपे कृते 'नि+आ+आ+' इति स्थिते 'सवर्णे दीर्घः' (१।२।७) इति द्वयोराकारयोः स्थाने दीर्घैकादेशे 'अवर्णो यश्रुतिः, इति यकार श्रुत्या णत्वेन च सिद्धम् ।

કહ્યુ છે. અને મેં સાંભળ્યુ છે. આ અધ્યયનનું નામ ષડ્ જીવનિકાયા છે તેએટલા માટે કે એમાં પૃથિવી-આદિ છ જીવનિકાયનુ વર્ણન છે.

સાડા બાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરવાને કારણે શ્રમણ નામથી પ્રસિદ્ધ, કશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ભગવાન્ મહાવીરે ( વીર શબ્દના છ અર્થ છે ), અર્થાત્ (૧) મોક્ષના અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારા, અથવા (૨) જીવોને મોક્ષની પ્રાપ્તિ કરાવનારા યા (૩) સર્વ કર્મોને દૂર કરીને મોક્ષને પ્રાપ્ત થયેલા, [૪) કષાય આદિ શત્રુઓને સર્વથા હઠાવનારા, (૫) ચાર ઘનઘાતી કર્મોને કચરાની પેઠે દૂરકરી દેનારા, (૬) પ્રાણીઓના વિશેષ-રૂપથી સંયમના અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવનારા, એવા શ્રી વર્ધમાન સ્વામીએ, પ્રત્યેક પ્રાણીની પોત–પોતાની ભાષામાં પરિણત થવાવાળું આ પ્રવચન કેવળ જ્ઞાનથી જાણીને પ્રતિપાદન કર્યું છે. પૂર્વાપર-વિરોધ-રહિત અને યુક્તિઓ સહિત કહ્યું છે, એવું દેવ મનુષ્ય અને અસુરોની સભા–સમવસરણમાં દિવ્ય ધ્વનિથી પ્રરૂપિત કર્યું છે. અથવા ભગવાને જેવું કહ્યું છે એવું તેમણે આચરણ કર્યું છે.

તેથી કરીને આ ષડ્જીવનિકાયા નામક ધર્મની પ્રરૂપણા કરનારૂં અધ્યયન મારે અધ્યયન કરવાને શ્રેય છે–કલ્યાણકારી છે, (૧)

આ સાંભળીને જંબૂસ્વામી પ્રશ્ન કરે છે-**कयरा खलु०** ઈત્યાદિ.

હે ભગવાન ! પહેલાં બતાવેલી ષડ્જીવનિકાયાનું સ્વરૂપ કેવું છે કે જે આ અધ્યયનરૂપથી કહેવામાં આવે છે ? અર્થાત્ જેનું આ આખા અધ્યયનમાં વર્ણન કરવામાં આવ્યું છે, અને ભગવાન મહાવીર સ્વામીએ જેનું પ્રરૂપણ કર્યું છે ? અને ધર્મપ્રજ્ઞપ્તિ એમ બીજા નામથી જે પ્રસિદ્ધ છે તે અધ્યયનનું અધ્યયન કરવું મારે માટે કલ્યાણકારક છે ? આ પ્રશ્નથી એવો આશય નીકળે છે કે–મુમુક્ષુ શિષ્યે અહંકારનો ત્યાગ કરીને બધી ક્રિયાઓ ગુરૂને પૂછવી જોઇએ. (૨)

શ્રી સુધર્માસ્વામી ઉત્તર આપે છે કે-**इमा खलु०** ઇત્યાદિ.

આ પાઠનું વ્યાખ્યાન પહેલાં કરવામાં આવ્યું છે. **इमा** શબ્દથી એમ સૂચિત થાય છે કે કરૂણાસાગર ગુરૂ મહારાજ વિનીત શિષ્યને શાસ્ત્રનો ઉપદેશ જરૂર આપે. (૩)

એ ષડ્જીવનિકાયને સૂત્રકાર દર્શાવે છે-**तं जहा**- ઇત્યાદિ.

૧-કઠિનતા-સ્વભાવવાળી પૃથ્વી જ જેનું શરીર છે તેને પૃથ્વીકાયિક કહે છે. ૨-દ્રવત્વ-સ્વભાવવાળું જળ જ જેનું શરીર છે તેને અપ્કાયિક કહે છે. ૩-ઉષ્ણતા-સ્વભાવવાળું તેજ જ જેનું શરીર છે તેને તેજસ્કાયિક કહે છે, ૪ ચલન સ્વભાવવાળો વાયુ જ જેનું શરીર છે તેને વાયુકાયિક કહે છે. ૫-લતા વૃક્ષ ગુલ્મ (ગુચ્છ) આદિ વનસ્પતિ જ જેનું શરીર છે તેને વનસ્પતિકાયિક કહે છે. ૬-જેને ઠંડી ગરમી આદિ દ્વારા ઉત્પન્ન થયેલી પીડાથી ત્રાસ થાય છે એવી હરવા-ફરવાવાળી કાયા જેની હોય છે તેને ત્રસકાયિક કહે છે.

હવે એકેકની સચિત્તતા દેખાડે છે.

## ' પૃથિવીકાય '

કેવળ-જ્ઞાન-રૂપી પ્રકાશથી બધા લોક અને અલોકને પ્રત્યક્ષ જાણવાવાળા ભગવાને પૃથિવીને સચેતન કહી છે.

પ્રશ્ન-પૃથિવી સચેતન કેવી રીતે છે ?

ઉત્તર-(૧) પૃથિવી સચેતન છે, કારણ કે તેમાં ખોદેલી ખાણ આદિની ભૂમિ સજાતીય અવયવોથી પોતાની મેળે ભરાઈ જાય છે, જે સજાતીય અવયવોથી સ્વયમેવ ભરાઈ જાય છે તે સચેતન હોય છે, કેમકે મનુષ્યનું શરીર અર્થાત્ મનુષ્યના શરીરમાં ઘા પડે છે તે એવી રીતના અવયવોથી પોતાની મેળે ભરાઈ જાય છે; એ જ રીતે ખોદેલી ખાણ આદિની ભૂમિ એ પ્રકારનાં અવયવોથી ભરાઈ જાય છે અને પહેલાંની જેવી બની જાય છે, તેથી પૃથિવી સચેતન છે.

(૨) પૃથિવી સચેતન છે, કારણ કે તેમાં પ્રતિદિન ઘર્ષણ અને ઉપચય જોવામાં આવે છે, જેમકે પગનું તળીઉં અર્થાત્ જેમ પગનું તળીઉં ઘસાઈને પાછું ભરાઈ જાય છે, તેમ પૃથિવી પણ ઘસાઈ ને ભરાઈ જાય છે, તેથી પૃથિવી સજીવ છે. અથવા—

(૩) વિદ્રુમ (પ્રવાળ) પત્થર આદિ-રૂપ પૃથિવી સચેતન છે, કારણ કે કઠિન હોવા છતાં તેમાં વૃદ્ધિ જોવામાં આવે છે, જેમકે શરીરનાં હાડકાં વગેરે, અર્થાત્ જેમ શરીરનાં હાડકાં વગેરે કાચબાની પીઠની જેમ કઠોર હોવા છતાં સચેતન છે અને વધે છે, તેવી રીતે વિદ્રુમ, શિલા આદિ-રૂપ પૃથિવીમાં કઠિનતા હોવા છતાં તેમાં વૃદ્ધિ આદિ ગુણ પ્રત્યક્ષ છે. એથી સિદ્ધ થાય છે કે પૃથિવી સચેતન છે. અથવા—

(૪) વિદ્રુમ આદિ રૂપ પૃથિવી સચિત્ત છે. કારણ કે તેને કાપી નાંખવા છતાં પણ સજાતીય ધાતુની ઉત્પત્તિ જોવામાં આવે છે, જેમકે શરીરમાં મસા, અર્થાત્ જેમકે મસાને ઉપરથી કાપી નાંખ્યા છતાં પણ તેના સમાન અવયવો ઊગી આવે છે, તેમ જ વિદ્રુમ અને શિલા આદિને ખાણમાં કાપી નાખ્યા છતાં સજાતીય સ્કન્ધોથી કાપેલો ભાગ પાછો ભરાઇ જાય છે. તેથી પૃથિવીની સચેતનતા સિદ્ધ થાય છે.

એ પૃથિવી અનેક-જીવ-વાળી છે, અને એ સ્પર્શનેન્દ્રિય-વાળા પૃથિવીકાયના જીવો આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણની અવગાહનાનો આશ્રય કરીને ભિન્ન-ભિન્ન સ્વરૂપે સ્થિત છે, એવું ભગવાને કહ્યું છે.

શિષ્ય ગુરૂને પૂછે છે-હે ગુરૂ મહારાજ ! જો પૃથિવી, જીવોનાં પિંડ-રૂપ છે તો તેની ઉપર ગમનાગમન આદિ ક્રિયાઓ કરનારા સંયમીઓના અહિંસાવ્રતની રક્ષા કેમ થશે ? ઉચ્ચાર, પ્રસ્રવણ આદિ ક્રિયાઓ અનિવાર્ય છે, તેથી અહિંસા-વ્રતનું પાલન એવું અસં-ભવિત છે કે જેવું વંધ્યાના પુત્રનું પાલન કરવું, અસંભવિત છે.

ઉત્તર-હે શિષ્ય ! શસ્ત્રપરિણત પૃથિવી સિવાયની બધી પૃથિવી સચિત્ત છે. જે વડે પ્રાણીઓની હિંસા થાય છે, તેને શસ્ત્ર કહે છે.

શસ્ત્ર બે પ્રકારનાં છે. (૧) દ્રવ્ય-શસ્ત્ર (૨) ભાવ-શસ્ત્ર. એમાં સ્વકાય, પરકાય અને ઉભયકાયને દ્રવ્ય-શસ્ત્ર કહે છે, પૃથિવીના વિષયમાં મન વચન કાયાથી દુષ્પરિણતિ કરવી એ ભાવશસ્ત્ર છે. એજ રીતે બીજી બધી કાયાના જીવોનાં ભાવશસ્ત્ર સમજી લેવાં પોતાથી

ભિન્ન વર્ણ-ગંધ-વાળી પૃથિવીજ પૃથિવીનું સ્વકાય-શસ્ત્ર છે, જેમ પીળી માટીનું શસ્ત્ર કાળી માટી છે. જળ, અગ્નિ, છાણુ તથા પગ વડે ખુંદવું વગેરે પરકાય-શસ્ત્ર છે. જળ આદિથી મળેલી માટી એ ઉભયકાય શસ્ત્ર છે.

એ રીતે શસ્ત્રપરિણુત પૃથિવી અચિત્ત છે, તેથી એની ઉપર આહાર વિહાર આદિ ક્રિયાઓ કરવાથી મુનિઓના અહિંસા વ્રતના પાલનમાં કાંઇ પણ ક્ષતિ આવતી નથી.

## અપ્કાય

પાર્થિવ અને આકાશીય બેઉ પ્રકારના જળને પણ ભગવાને સચિત્ત કહ્યું છે.

(૧) ભૂમિમાં રહેલું જળ સચેતન છે. કારણકે ખોદેલી જમીનમાં સજાતીય સ્વાભાવવાળું જળ ઉત્પન્ન થાય છે. જેમકે દેડકો ભૂમિને ખોદવાથી જેમ દેડકો નીકળે છે અને તે સચેતન હોય છે, તેમ પાણી પણ નીકળે છે તેથી તે પણ સચેતન છે. આકાશનું જળ પણ સચેતન છે, કારણ કે મેઘાદિ-વિકાર થવાથી સ્વયં પડવા લાગે છે, જેમકે માછલી અથવા—

(૨) જળ સજીવ છે. કારણ કે તેમાં ગ્રીષ્મ અને હેમન્ત ઋતુમાં સ્વાભાવિક શીતતા ઉષ્ણુતા અને બાફ આદિ જોવામાં આવે છે. જેમાં ગ્રીષ્માદિ ઋતુઓમાં શીતળતા આદિ જણાઇ આવે છે તે સજીવ હોય છે, જેમકે માણુસનું શરીર. જેમ ભોંયરામાં રહેલા માણુસનું શરીર ગ્રીષ્મ-ઋતુમાં શીતલ અને હેમંત-ઋતુમાં ગરમ હોય છે, તથા હેમંત-ઋતુમાં મ્હોમાંથી બાફ ( વરાળ ) નીકળે છે, એજ રીતે ખૂબ ઉંડા તાળાવ કુવાનું જળ પણ હેમંત ઋતુમાં બાફવાળું અને ઉષ્ણુ હોય છે તથા ગ્રીષ્મમાં શીતળ હોય છે,

અનેક જીવ તથા પૃથક્સત્ત્વ આદિ શબ્દોનું વ્યાખ્યાન પહેલાં કહેલા પૃથિવીકાયના આલાપકની જેમ સમજવું.

હે ગુરુ ! જળ વિના સંયમીઓનો નિર્વાહ થઈ શકતો નથી અને એ જીવોનો પિંડ છે તેથી તેને પીવા આદિના કામમાં લેવાથી સંયમની રક્ષા નહિ થઈ શકે. એવી આશંકા થતાં ગુરૂ કહે છે. હે શિષ્ય ! શસ્ત્ર-પરિણુત જળ સિવાયનું અન્ય જળ સજીવ છે. એમાં પણ શસ્ત્ર, દ્રવ્ય અને ભાવના ભેદે કરીને બે પ્રકારનાં છે. એનું કથન પહેલાં કરવામાં આવ્યું છે. વિશેષ એટલું સમજવું કે તળાવ આદિના જળનું કૂપાદિનું જળ એ સ્વકાય શસ્ત્ર છે. એ પ્રકારનું શસ્ત્ર-પરિણુત જળ વ્યવહારથી અશુદ્ધ હોવાના કારણે ગ્રાહ્ય નથી. તથા અવું જળ લેવાની ભગવાનની આજ્ઞા પણ નથી.

દ્રાક્ષ, શાક, ચોખા, આટો ઈત્યાદિ પરકાય શસ્ત્ર છે. જળમાં પહેલાં જેવા વર્ણ ગંધ આદિ હતા તેનું બદલાઇ જવુ એ શસ્ત્રપરિણુત થવું કહેવાય છે.

જેમકે-ધુંધળા વર્ણનું થઇ જવું, વસ્તુ તેમાં નાંખવામાં આવી હોય તેની ગંધ આવવા લાગવી. તીખો કડવો કસાયલો આદિ રસ થઈ જવો; સ્નિગ્ધ યા રૂક્ષ આદિ સ્પર્શ થઈ જવો એ પ્રકારે એ દ્રાક્ષ, શાક, ચોખા, આટો, દાળ, વેસણુ આદિનું ધોવણુ પ્રાસુક હોવાથી મુનિને માટે ગ્રાહ્ય છે. આતો ઉપલક્ષણુ છે, એથી એમ પણ સમજવું જોઇએ કે-અગ્નિશસ્ત્ર-પરિણુત અર્થાત્ ઉષ્ણુ જળ પણ મુનિને ગ્રાહ્ય છે. રાખનું પાણી ગ્રાહ્ય નથી, કારણ કે એમાં મિશ્રની શંકા રહે છે. માટી આદિથી મળેલું જળ ઉભયકાય શસ્ત્ર છે (૨). ભાવશસ્ત્ર પહેલાં કહી દીધું છે

## (તેજસ્કાય)

તેજસ્કાયને પણ ભગવાને સચેતન કહેલ છે, એ હવે કહે છે;—

તેજસ્કાય સજીવ છે. કારણ કે લાકડાં (ઇંધણાં) આદિ આહાર આપવાથી તેની વૃદ્ધિ અને ન આપવાથી હાનિ ( મંદતા ) થાય છે, જેમકે મનુષ્યનું શરીર અર્થાત્-મનુષ્યનું શરીર આહાર આપવાથી વધે છે અને ન આપવાથી ઘટે છે, તેથી તે સચેતન છે, એજ રીતે તેજસ્કાય પણ ઈંધણ આપવાથી વધે છે અને ન આપવાથી ઘટે છે. તેથી તે સચેતન છે,

અંગારા આદિની પ્રકાશન-શક્તિ જીવના સંયોગથી જ ઉત્પન્ન થાય છે. કારણ કે એ દેહસ્થ છે, જે જે દેહસ્થ પ્રકાશ હોય છે તે તે આત્માના સયોગના જ નિમિત્તથી હોય છે, જેમકે આગીયાના શરીરનો પ્રકાશ આગીયાના શરીરમાં પ્રકાશ ત્યાંસુધી જ રહે છે કે જ્યાંસુધી તેની સાથે આત્માનો સંયોગ રહે છે. એ રીતે અંગારા આદિનો પ્રકાશ પણ ત્યાં સુધી જ રહે છે કે ક્યાં સુધી તેમાં ચેતન રહે છે.

અંગારા આદિનો તાપ પણ આત્માના સંયોગના જ કારણે છે, કેમકે તે શરીરસ્થ છે જેટલા-શરીરસ્થ તાપ હોય છે તે બધા આત્માના નિમિત્તથી જ હોય છે, જેમકે જ્વરનો તાપ આત્મા રહિત શરીર (મડદુ) માં કદિ જ્વરનો તાપ સાંભળવામાં આવતો નથી કે નથી જોવામાં આવતો, એ રીતે નિસ્તેજસ અંગારામાં અણુમાત્ર પણ તાપ હોતો નથી. તેથી સિદ્ધ થાય છે કે અંગારા આદિમાં જ્યાંસુધી આત્મા હોય છે ત્યાંસુધી જ તાપ-જનન શક્તિ રહે છે. તેથી તેજસ્કાય સચેતન છે. 'અનેક-જીવ અને પૃથક્-સત્ત્વ' આદિ શબ્દોની વ્યાખ્યા પહેલાંની જેમ છે.

એ પણ સમજી લેવું જોઈએ કે એજ તેજસ્કાય સચિત્ત છે કે જે શસ્ત્રપરિણત ન હોય. તેજસ્કાયનાં શસ્ત્ર આ છેઃ—જેમ છાણાના અગ્નિનું શસ્ત્ર તરણાનો અગ્નિ છે. એ પ્રકારનો શસ્ત્રપરિણત અગ્નિ ગ્રાહ્ય નથી, કારણ કે તે વ્યવહારથી અશુદ્ધ છે. વળી તેને ગ્રહણ કરવાની ભગવાનની આજ્ઞા પણ નથી. જળ, માટી વગેરે પરકાય-શસ્ત્ર છે. ઉનુ પાણી ઉભયકાય-શસ્ત્ર છે.

ખિચડી, ભાત આદિ ઊનું અન્ન. શાકનું ઓસામણ અને ચોખાનું ઓસામણ, આદિ ઊનું પાન, તપેલી ઈંટ ગરમ રેતી આદિ શસ્ત્રપરિણત અચિત્ત અગ્નિકાય કહેવાય છે. એ બધાં અગ્નિના સંયોગથી નિષ્પન્ન થાય છે. તેથી એમાં અચિત્ત અગ્નિકાય શબ્દની પ્રવૃત્તિ થાય છે. (૩)

## (વાયુકાય)

વાયુકાયને પણ ભગવાને સચિત્ત કહી છે. વાયુ કેવી રીતે સચિત્ત છે તે કહે છેઃ-

વાયુ સચેતન છે કારણ કે બીજાની પ્રેરણા વિના અનિયતરૂપે તિર્યક્ ગમન કરનારો છે, જેવું કે હરણ અથવા રોઝ (નીલગાય)

અનેક જીવ અને પૃથક્સત્ત્વ આદિની વ્યાખ્યા પહેલાંની પેઠે સમજવી.

વાયુકાયના શસ્ત્ર દ્રવ્ય-ભાવભેદે બે પ્રકારના છે. દ્રવ્યશસ્ત્ર સ્વ-પર-ઉભયકાયના ભેદે કરી ત્રણ પ્રકારના છે, ત્યાં સ્વકાયશસ્ત્ર-પૂર્વઆદિ દિશાના વાયુનો પશ્ચિમ-આદિ દિશાનો વાયુ. પરકાયશસ્ત્ર અગ્નિ આદિ છે, ઉભયકાયશસ્ત્ર અગ્નિઆદિથી તપેલો વાયુ જ છે. ભાવ-શસ્ત્ર પહેલાની જેમ સમજી લેવું વાયુ ત્રણ પ્રકારનો છે.-

(૧) સચિત્ત, (૨) અચિત્ત, (૩) મિશ્ર. ઘન-વાત આદિ વાયુ સચિત્ત છે' મસક યા રબ્બરની થેલી આદિમાં ભરેલી હવા અચિત્ત છે; પરન્તુ અંતર્મુહૂર્તની પછી એક પ્રહર સુધી અચિત્ત રહે છે, ત્યારપછી બીજા પ્રહર સુધી મિશ્ર અવસ્થામાં રહે છે. અને ત્યારબાદ સચિત્ત બની જાય છે. રોગાદિ અવસ્થામાં વાયુની આવશ્યકતા પડતાં મસક આદિની અંદર ભરેલો અચિત્ત વાયુ સાધુઓને ગ્રાહ્ય છે, કિન્તુ બીજા પ્રહરનો મિશ્રવાયુ સચિત્તવાયુની પેઠે અગ્રાહ્ય છે (૪)

## (વનસ્પતિકાય)

વનસ્પતિકાયને પણ ભગવાને સચિત્ત કહી છે.

વનસ્પતિ સચિત્ત છે, કારણ કે તેમાં બાલ્યાવસ્થા આદિ તથા છેદન ભેદન કરવાથી મ્લાનતા આદિ સચેતનના ગુણ જોવામાં આવે છે, જેમકે મનુષ્યનું શરીર, અર્થાત્ બાલ્ય-તરૂણ આદિ અવસ્થાઓ અને છેદન-ભેદન આદિ કરવાથી મ્લાનતા થવાને કારણે જેમ મનુ-ષ્યનું શરીર સચેતન છે તેમ વનસ્પતિકાય પણ સચેતન છે. 'અનેક-જીવ' આદિ શબ્દોનું વ્યાખ્યાન પહેલાંની પેઠે જાણવું.

વનસ્પતિકાયનાં શસ્ત્ર બે પ્રકારનાં છે. (૧) દ્રવ્યશસ્ત્ર અને (૨) ભાવશસ્ત્ર. દ્રવ્યશસ્ત્ર, સ્વકાય, પરકાય અને ઉભયકાય છે લાકડી આદિ સ્વકાયશસ્ત્ર છે. લોઢું પત્થર આદિ પરકા-યશસ્ત્ર છે. કોહાડો, દાતરડું આદિ ઉભયકાય શસ્ત્ર છે. ભાવશસ્ત્ર એની પ્રતિ મનના પરિ-ણામ દુષ્ટ કરવા તે. (૪)

હવે વનસ્પતિકાયનું વિશેષ વર્ણન કરે છે-तं जहा ઈત્યાદિ.

અગ્રબીજ—જેનાં બીજ અગ્રભાગમાં હોય છે એવા કોરંટક (હજારી ગુલ) આદિ અગ્રબીજ કહેવાય છે.

મૂલબીજ—મૂળજ જેનું બીજ છે તે કમળનો કંદ આદિ મૂલબીજ છે,

પર્વબીજ—ગાંઠે યા પર્વમાં જેનું બીજ છે એવી શેરડી આદિ પર્વબીજ કહેવાય છે.

સ્કંધબીજ—સ્કંધ-થડજ જેનું બીજ છે એવા શલ્લકી આદિ ને સ્કંધબીજ કહે છે.

બીજરૂહ—ચોખા ઘઉં આદિ બીજથી ઉગનારી વનસ્પતિને બીજરૂહ કહે છે.

સંમૂર્છિમ—બીજ વિના બળી ગએલી ભૂમિમાં પણ જે પૃથ્વી અને જળના સંયોગથી ઉગે એવાં ઘાસ આદિને સંમૂર્છિમ—કહે છે.

તૃણલતા-તરણાં ( ઘાસ ) અને લતા એ બધાં વનસ્પતિકાયિક છે.

અથવા **तृणलतावनस्पतिकायिका** : એ એક જ પદ છે. દર્ભ (દાભડો) તૃણ, ચંપક, અશોક, અને વાસંતી આદિ લતાઓ અને વનસ્પતિકાયના ભેદ અગ્ર બીજ આદિ બધાં વનસ્પતિકાયિક છે. સૂત્રમાં બીજી વાર 'વનસ્પતિકાયિક' શબ્દનું ગ્રહણ એટલા માટે કરવામાં આવ્યું છે કે-ઉપર બતાવેલા ભેદો ઉપરાંત સૂક્ષ્મ બાદર આદિ બીજા પણ બધા ભેદોનું ગ્રહણ થઇ જવા પામે એ બધા પહેલાં બતાવેલા પોત-પોતાના નામ-ગોત્ર-રૂપ પ્રકૃતિનાં ઉદય-રૂપ કારણવાળા છે. અર્થાત્ પૂર્વોક્ત બીજ આદિ બધા સચિત્ત હોય છે અને પૃથક્-પૃથક સ્પર્શરૂપ એક ઈન્દ્રિયવાળાં છે. (૫)

**ઈતિ પંચ-સ્થાવર – કાયનું નિરૂપણ સમાપ્ત.**

હવે ક્રમપ્રાપ્ત ત્રસકાયનું સ્વરૂપ કહે છે. '**से जे**' ઇત્યાદિ.

જે એ અબાલ-પ્રસિદ્ધ દ્વીન્દ્રિયાદિના ભેદે કરીને અનેક, એક એક જાતિમાં ઘણા અથવા ભિન્ન-ભિન્ન યોનિવાળા, ગરમી આદિથી પીડિત થતાં ત્રાસ ( ઉદ્વેગ ) પામનારા, અથવા છાયાવાળા શીતળ અને નિર્ભય સ્થળમાં ચાલ્યા જનારા, વ્યક્ત ચેતનાવાન્ ઉચ્છવાસ આદિ પ્રાણવાળા ત્રસ કહેવાય છે, તેના ભેદ આ પ્રકારે છેઃ—

પક્ષી સર્પ આદિ **અંડજ** છે (૧). જરાયુથી વેષ્ટિત ન હોઈને યોનિમાંથી નીકળતાં જ ગમનાગમન આદિ ક્રિયાઓ કરવાના સામર્થ્યથી યુક્ત પૂર્ણ અવયવવાળા. યા વસ્ત્ર દ્વારા લુછેલાની પેઠે સાફ ઉત્પન્ન થનારા હાથી, શેળો, સસલાં. નોળિયા, ઉંદર આદિ **પોતજ** કહેવાય છે (૨(. જરાયુ ( નાળ વગેરે મળ ભાગ ) સહિત ઉત્પન્ન થનારા મનુષ્ય. મહિષાદિ ( ભેંશ વગેરે ) **જરાયુજ** કહેવાય છે (૩). મદિરા આદિ રસોમાં ઉત્પન્ન થનારા તથા સ્વાદથી ચલિત અર્થાત્ સડેલા મધુરાદિ રસોમાં ઉત્પન્ન થનારા **રસજ** કહેવાય છે. (૪) પ્રસ્વેદથી પેદા થનારા જૂ, લીખ, માંકડ, આદિ **સંસ્વેદજ** કહેવાય છે. (૫). ગર્ભાધાન વિના શરીરનામ-કર્મના ઉદયથી શરીરના અવયવોનાં સંગ્રહ થઇ જવાથી સ્વયં ઉત્પન્ન થનારા જીવો સંમૂર્છિમ કહેવાય છે. (૬) પૃથ્વીને ભેદીને ઉત્પન્ન થનારા શલભ ( તીડ ) આદિ ઉદ્‌ભિજ્જ કહેવાય છે. (૭) ગર્ભ અને સંમૂર્છન જન્મોથી ભિન્ન દેવ અને નારકોના જન્મને ઉપપાત કહે છે, તેથી ઉત્પન્ન થનારા દેવ અને નારકી **ઔપપાતિક** કહેવાય છે (૮) દેવ શય્યા પર અને નારકી કુંભીમાં સ્વયં ઉત્પન્ન થાય છે.

એ બધા પૂર્વોક્ત જીવોનું પ્રજ્ઞાપકની અપેક્ષાએ સામે આવવું, ફરીને પાછા જવું એ જ રીતે અંગ સંકોચવાં, હાથ-પગ ફેલાવવા. બોલવું ભમવું, ઉદ્વિગ્ન થવું, ભયાદિ કારણે ભાગી જવું, વગેરે ક્રિયાઓ હોય છે. તેઓ ગમનાગમન આદિને જાણનારા અર્થાત્ ઓઘ-સંજ્ઞાથી પ્રવૃત્તિ કરનારા હોય છે. અનુકૂળતા અને પ્રતિકૂળતાને સામાન્ય રીતે ઓઘ-સંજ્ઞાએ કરી જાણે છે.

ઇંદ્રિયોના વિભાગ કરીને હવે એનું કથન કરવામાં આવે છે :—

કૃમિ (કરમિયાં), લટ, અળસીયાં વગેરે એની જાતિવાળા દ્વીન્દ્રિય છે. તીડ અને એની જાતિવાળા ભ્રમર આદિ ચાર ઇંદ્રિયવાળા છે. કુંથવા અને કીડી તથા તેની જાતિવાળા બીજા જીવો ત્રણ ઇંદ્રિયવાળા હોય છે. અહીં દ્વીન્દ્રિય બતાવ્યા પછી પહેલાં ચાર ઇંદ્રિયવાળા અને પછી ત્રણ ઇંદ્રિયવાળા બતાવ્યા છે, એ કથન આર્ષ હોવાથી કરેલું છે. એ રીતે બધા દ્વીન્દ્રિય બધા ત્રીન્દ્રિય, બધા ચતુરિન્દ્રિય, બધા પંચેંદ્રિય, બધા તિર્યંચ, બધાં નારકી, બધા મનુષ્ય, બધા દેવ, એ પ્રકારે પૂર્વોક્ત બધાં પ્રાણી સુખની અભિલાષાવાળાં છે. એ છઠા જીવનિકાયને ભગવાને ત્રસ-કાય કહેલ છે. (૬)

## ષટ્ જીવનિકાય કે દંડ પરિત્યાગ કા ઉપદેશ

બધાં પ્રાણી સુખના અભિલાષી છે, પરન્તુ સુખની પ્રાપ્તિ ત્યારે થાય છે કે જ્યારે આરંભનો પરિત્યાગ કરવામાં આવે; તેથી આરંભના ત્યાગનો ઉપદેશ આપે છે-**इच्चेसिं** ઇત્યાદિ.

જેથી આત્મા જ્ઞાન દર્શન ચારિત્રથી રહિત થઈ જાય, એ હિંસા આદિ વ્યાપારને દંડ કહે છે. મુનિ પૂર્વોક્ત છ કાયોના દંડનો યાવજ્જીવન પોતે ન સમારંભ કરે, ન બીજાઓ પાસે કરાવે અને સમારંભ કરનારા બીજાઓની ન અનુમોદના કરે. દંડ ત્રણ પ્રકારનો છે : (૧) કૃત, (૨) કારિત, (૩) અનુમોદિત.

કૃત—પોતાની ઇચ્છાથી પોતે કરવું.

કારિત-બીજી વ્યક્તિ પાસે કરાવવું.

અનુમોદિત-જે સાવદ્ય વ્યાપાર કરી રહયો હોય તેને સારૂં જાણવું.

એ બધા સાવદ્ય વ્યાપાર ત્રણ કરણ ત્રણ યોગથી ન કરે. તે ત્રણ યોગ, આ છે-(૧) મન, (૨) વચન, (૩) કાયા.

પ્રશ્ન—સૂત્રમાં **त्रिविधेन** (ત્રણ પ્રકારે) કહેલું જ છે, પછી **मनसा** (મનથી), **वाचा** (વચનથી) **कायेन** (કાયાથી) કહેવાથી પુનરૂક્તિ (કહેલાને ફરી કહેવું) થાય છે. આ 'ત્રણ પ્રકારે' એ વિશેષણ 'મન. વચન. કાયા' નું જ હોઇ શકે છે. જો એમ માનવામાં આવે તો એનો અર્થ એવો થશે કે ત્રણ પ્રકારના મનથી, ત્રણ પ્રકારના વચનથી, અને ત્રણ પ્રકારની કાયાથી' આરંભ ન કરે. અર્થાત્ મન વચન કાયાના પણ ત્રણ ભેદ બનશે. એવો અર્થ શાસ્ત્ર વિરૂદ્ધ છે. શાસ્ત્રમાં ભગવાને મન આદિના ત્રણ ભેદ બતાવ્યા નથી, પરન્તુ મન આદિના વ્યાપારોને ત્રણ પ્રકારના બતાવ્યા છે.

ઉત્તર—એ શંકા બરાબર નથી. જો **त्रिविधेन** ન કહીને કેવળ **मनसा वाचा कायेन** કહ્યું હોત તો અર્થ બરાબર બંધ બેસત નહિ. કારણ કે જેમ કોઈ કહે કે "હેય અને ઉપાદેયને ત્યાગો અને ગ્રહણ કરો." તો એ વાક્યમાં ક્રમાનુસાર 'હેય'ની સાથે 'ત્યાગ'નો સંબંધ થઈ જાય છે. અને 'ઉપાદેય'ની સાથે ગ્રહણ કરો'નો. એજ રીતે 'ચોલપટ્ટો ચાદર પહેરો ઓઢો' કહેવાથી એ અર્થ થાય છે કે 'ચોલપટ્ટો પહેરો અને ચાદર ઓઢો. એ રીતે **त्रिविधेन** (ત્રણ પ્રકારે) શબ્દ ન રાખ્યો હોત તો એવો અનિષ્ટ અર્થ થઈ જાત કે મનથી ન કરો, વચનથી ન કરાવો અને કાયાથી ન અનુમોદના કરો. આ અનિષ્ટ અર્થનો પરિહાર કરવાને માટે **त्रिविधेन** શબ્દ આપ્યો છે, એમ **त्रिविधेन** શબ્દ આપવાથી એવો અર્થ થયો કે-(૧) મનથી ન કરૂં. (૨) ન કરાવું, (૩) કરનારને ભલો ન જાણું, (૪) વચનથી ન કરૂં. (૫) ન કરાવું, (૬) ન કરનારને ભલો જાણું, (૭) કાયાથી ન કરૂં, (૮) ન કરાવું, (૯) ન કરનારને ભલો જાણું.

અથવા પહેલાં સામાન્યરૂપે કહ્યુ છે કે 'ત્રણે પ્રકારે ન કરૂં' પરન્તુ ત્રણ પ્રકાર કયા કયા છે ? એવી જિજ્ઞાસા થતા વિશેષ બતાવી આપ્યું છે કે **मनसा वाचा कायेन** એ ત્રણ પ્રકાર છે. એથી કરીને પુનરૂક્તિ આદિ કોઇ દોષ થતો નથી.

અથવા મન વચન અને કાયાના નિમિત્ત થનારા ત્રણ ભેદોનો સંગ્રહ કરવાને માટે **त्रिविधेन** શબ્દ રાખ્યો છે.

વ્યાકરણમાં **भंते** શબ્દ અનેક પ્રકારે સિદ્ધ થાય છે, તેથી એના અર્થ ઘણા છે. જેવા કે (૧) કલ્યાણ અને સુખને આપનાર, (૨) સંસારનો અંત કરનાર, )૩) જેની સેવાભક્તિ કરવાથી સંસારનો અંત આવી જાય છે, (૪) જન્મ જરામરણના ભયનો નાશ કરનાર, (૫) ભોગોનો ત્યાગ કરનાર, (૬) ભયનું દમન કરનાર–નિર્ભય, (૭) સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્-ચારિત્રથી દીપ્તિમાન, એ બધાને **भंते** કહે છે. એજ રીતે બીજા અર્થો પણ સમજી લેવા. '**भदन्त**' એ સંબોધનથી એમ પ્રકટ થાય છે કે બધી ક્રિયાઓ ગુરૂ મહારાજની સાક્ષીએ જ કરવી જોઇએ.

હે ભગવન ! હું દંડથી નિવૃત્ત થઉં છું, નિન્દા કરૂં છું અને ગર્હા કરૂં છું, શબ્દ-કોશોમાં 'નિન્દા' અને 'ગર્હા' શબ્દનો એકજ અર્થ છે, તેથી પુનરૂક્તિ થાય છે, એમ ન સમજવું. કારણ કે નિંદા આત્મસાક્ષીએ થાય છે અને ગર્હા ગુરૂ સાક્ષીએ થાય છે. અથવા નિંદા સાધારણ કુત્સાને કહે છે અન ગર્હા અત્યંત નિંદાને કહે છે.

એનો અર્થ એ થાય છે કે હે ભગવન્ ! અતીત કાળમાં દંડ (સાવદ્ય વ્યાપાર) કરનારા આત્મા (આત્મપરિણતિ)ને અનિત્ય આદિ ભાવના ભાવીને ત્યાગું છું, નિંદું છું, ગર્હું છું, જેમ ઘરની ડહેલી (બારણું) પર દીવો રાખવાથી અંદર પણ પ્રકાશ થાય છે અને બહાર પણ પ્રકાશ થાય છે તેને 'દેહલી-દીપક' ન્યાય કહે છે. કહ્યું છે કે- "**परै पद बोचमें दुहु दिस लागे सोय, सो है 'दीपक—देहरो' जानत है सब कोय (१)**" વચમાં મણિ જડી દેવાથી બેઉ બાજુ મણિનો પ્રકાશ થાય છે તેને 'મધ્ય-મણિ ન્યાય' કહે છે, એ રીતે **अप्पाणं** નો બેઉની સાથે સંબંધ થાય છે. અર્થાત્ સાવદ્ય-વ્યાપારવાળા આત્માને ત્યાગું છું અને તેની નિંદા કરૂં છું, તથા ગર્હા કરૂં છું. (૭)

દંડપરિત્યાગ બે પ્રકારનો છે. (૧) સામાન્ય-દંડપરિત્યાગ અને (૨) વિશેષ-દંડપરિત્યાગ અહિંસાસામાન્યને સામાન્ય દંડ-પરિત્યાગ કહે છે, અને પાંચ મહાવ્રતોને વિશેષ-દંડપરિત્યાગ કહે છે.

પ્રશ્ન—પાંચ મહાવ્રતોમાં સત્ય આદિ મહાવ્રતોનો અહિંસાથી સ્પષ્ટ ભેદ પ્રતીત થાય છે. તો પછી અહિંસાની સાથે સત્ય આદિ મહાવ્રતોનો સામાન્યવિશેષ-ભાવ કેવી રીતે હોઈ શકે છે? સામાન્ય-વિશેષ-ભાવ તેમાં હોઈ શકે છે કે જેને વિશેષ બતાવે તેમાં સામાન્ય ધર્મ પણ મળી આવે. તેથી કરીને એમ કહેવામાં આવ્યું છે કે 'જેમાં વ્યાપ્ય-વ્યાપકભાવ હોય છે તેમાં જ સામાન્યવિશેષ-ભાવ મળી આવે છે.' જેમકે **द्रोणो व्रीहिः** એ વાકયમાં પ્રથમા વિભક્તિનો અર્થ પરિમાણ-સામાન્ય છે. એ પરિમાણ-સામાન્યનો, દ્રોણ શબ્દના અર્થ ચાર આઢક રૂપ પરિમાણ-વિશેષમાં અભેદ સંબંધના દ્વારા અન્વય થાય છે. એ અન્વયથી "ચાર આઢક રૂપ પરિમાણ" (એક પ્રકારનો તોલ) એવો બોધ થાય છે. એ પ્રત્યયાર્થ-પરિમાણ-સામાન્યનો પરિચ્છેદ્ય-પરિચ્છેદક-ભાવ સંબંધથી વ્રીહિ પદાર્થમાં અન્વય થવાથી "એ પરિમાણથી પરિમિત (માપેલા) વ્રીહિ" એવો બોધ થાય છે. અહીં વ્રીહિમાં અન્વય પ્રસંગવશ બનાવવામાં આવ્યો છે. અથવા—

**उपाध्यायो मुनिः** એમાં ઉપાધ્યાય શબ્દનો અર્થ છે-ઉપાધ્યાય પદધારી મુનિ-વિશેષ (૧), તથા મુનિ શબ્દનો અર્થ છે મુનિ-સામાન્ય (૨), એટલે તે ઉપાધ્યાય છે તેજ મુનિ છે, અર્થાત્ મુનિથી જૂદો ઉપાધ્યાય નથી. એથી કરીને ઉપાધ્યાય શબ્દાર્થનો મુનિ શબ્દાર્થની સાથે અભેદ સંબંધથી અન્વય થાય છે, અને તેથી 'ઉપાધ્યાયથી અભિન્ન મુનિ' એવો બોધ થાય છે. એમાં વિશેષ કરીને ઉપાધ્યાય-પદધારી (વ્યક્તિ)માં મુનિના સામાન્ય ધર્મ-રૂપ મુનિત્વનું અસ્તિત્વ મળી આવે છે. તેથી કરીને બેઉ શબ્દોના અર્થોનો સામાન્ય-વિશેષ ભાવમાં અભેદાન્વય થાય છે.

અર્થાત્-જેમ એ બેઉ ઉદાહરણોથી અભેદમાં સામાન્ય-વિશેષ ભાવ મળી આવે છે, તેમ અહિંસાની સાથે સત્યાદિ વ્રતોનો અભેદ નથી. તેથી સામાન્યવિશેષ-ભાવ થઈ શકતો નથી, કારણ કે એનો સ્પષ્ટ ભેદ પ્રતીત થાય છે.

ઉત્તર—પાંચે મહાવ્રત વસ્તુતાએ અહિંસાસ્વરૂપ છે, તેથી કરી અહિંસાથી ભિન્ન નથી. અહિંસાના સ્વરૂપને સ્પષ્ટ કરવાને માટે અને શિષ્યોને સ્પષ્ટ બોધ કરાવવાને માટે દંડ પરિત્યાગના બે ભેદ કરવામાં આવ્યા છે, અર્થાત્ એક જ અહિંસાને પાંચ મહાવ્રતોમાં વિભક્ત કરી નાંખવામાં આવી છે.

પ્રશ્ન—જેમ **द्रोणो व्रीहिः** ઇત્યાદિ વાકયોમાં પરિમાણત્વ આદિ સામાન્ય ધર્મથી યુક્ત પ્રત્યયાર્થ પરિમાણ-સામાન્યથી દ્રોણ શબ્દાર્થ ચાર આઢકરૂપ પરિમાણમાં ચાર આઢકત્વ આદિ ધર્મથી વિશેષતા પ્રતીત થાય છે; અથવા 'જે નીલો ઘડો છે તે ઘડોજ છે' ઇત્યાદિ વાકયોમાં અન્ય ઘડાની અપેક્ષાએ નીલા ઘડામાં નીલાપણાથી વિશેષતા મળી આવે છે અને

તે વિશેષતા વ્યાપ્યતારૂપ છે. તેમ પંચમહાવ્રતરૂપ અહિંસા-વિશેષમાં વિશેષતા કયા ધર્મને કારણે છે ?

ઉત્તર—પ્રાણુતિપાતવિરમણત્વ આદિ વ્યાપ્ય-ધર્મોથી પાંચ મહાવ્રતોમાં વિશેષતા મળી આવે છે. અર્થાત્ જ્યાં પ્રાણુતિપાતવિરમણત્વ આદિ વ્યાપ્ય ધર્મ મળી આવે છે ત્યાં અહિંસા સામાન્યનું અસ્તિત્વ રહેલું જ હોય છે.

પ્રશ્ન—અહિંસા-સામાન્યનું લક્ષણ કયું છે કે જેથી તે પાંચ મહાવ્રતોમાં વ્યાપક થઇ જાય છે ?

ઉત્તર—ષડ્જીવનિકાયમાં દંડનો પરિત્યાગ કરવો એ અહિંસા-સામાન્યનું લક્ષણ છે, એ લક્ષણ પાંચે મહાવ્રતોમાં મળી આવે છે, તેથી મહાવ્રત વ્યાપ્ય છે. અને સામાન્ય દંડ-પરિત્યાગ વ્યાપક છે.

વ્યાપકરૂપ-સામાન્ય-દંડપરિત્યાગનું વ્યાખ્યાન આગળના-સૂત્રમાં કહેલું છે હવે વિશેષ-દંડપરિત્યાગરૂપ પાંચ મહાવ્રતોનું વ્યાખ્યાન શરૂ કરવામાં આવે છે. તેમાં પ્રાણુતિપાતવિ-રમણરૂપ અહિંસા પ્રધાન છે. જેમ ધાન્યની રક્ષાને માટે ખેતરની ચારે બાજુએ વાડ હોય છે, તેમ અન્ય મહાવ્રતો અહિંસાના રક્ષક હોવાને લીધે અંગરૂપ છે કહ્યું છે કે—

"સ્વર્ગ અને મોક્ષને સિદ્ધ કરવાવાળી એક અહિંસા જ મુખ્ય છે. તેની રક્ષાને માટે સત્યાદિ મહાવ્રતોનું પાલન કરવું ઉચિત છે." (૧)

વળી કહ્યું છે કે—

"અસત્ય વચન બોલવા વગેરેથી પણ આત્માના પરિણામોની હિંસા થાય છે, તેથી અસત્ય આદિ બધાં હિંસારૂપ છે. અસત્ય આદિનું જૂદું કથન શિષ્યોને સ્પષ્ટ સરજાવવાને માટે કરવામાં આવ્યું છે." (૨)

તથા—

"ભગવાને એક પ્રાણુતિપાત વિરમણને જ મુખ્ય કહ્યું છે. અન્ય વ્રતો તેની રક્ષાને માટે છે." (૩)

## પ્રાણાતિપાતાદિ પંચઅપ્રત એવં રાત્રી ભોજન વિરમણ

તેથી કરીને સૌથી પહેલાં પ્રાણુતિપાત-વિરમણ મહાવ્રતનું કથન કરે છે—**પઢમે ભંતે** ઇત્યાદિ.

### (૧) પ્રાણુતિપાતવિરમણ

એ શ્રાવકનાં વ્રતોની અપેક્ષાએ વિશાળ હોવાને લીધે મહાવ્રત કહેવાય છે. (૧) અથવા સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પ્રાણુતિપાત આદિનો સર્વથા ત્યાગ થાય છે એ કારણે તે મહાવ્રત કહેવાય છે. (૨). અથવા તીર્થંકર ગણધર આદિ મહાપુરૂષો એનો અંગી-કાર કરે છે તેથી એ મહાવ્રત કહેવાય છે. (૩).

હે ભગવન્ ! પ્રથમ મહાવ્રતમાં પ્રાણુતિપાતથી વિરમણ હોય છે, તેથી, હે ભગવન્ ! હું કૃત-કારિત-અનુમોદનાથી સૂક્ષ્મ સ્થૂલ સર્વ પ્રકારના પ્રાણુતિપાતનો પરિત્યાગ કરૂં છું. અર્થાત્ સૂક્ષ્મ-નામકર્મની પ્રકૃતિથી ઉત્પન્ન સૂક્ષ્મ અથવા સૂક્ષ્મ કાયવાળા કુંથવા આદિ

અને બાદર (સ્થૂલ) કાયવાળા ગાય હાથી આદિ જીવોના પ્રાણોનો કદાપિ અતિપાત નહિ કરૂં, જો કે સૂક્ષ્મ-નામકર્મની પ્રકૃતિવાળા સૂક્ષ્મ પ્રાણીઓની કાયિક હિંસા થતી નથી. તોપણ વચન અને મનથી થઈ શકે છે; જેમકે-'એ મરી જાય તો સારૂં' એમ કહેવું તે વચનથી હિંસા છે, અને ઘાતની ભાવના કરવી એ મનથી હિંસા છે, તેથી કરીને સૂક્ષ્મને પણ અહીં ગ્રહણ કરેલ છે. સૂક્ષ્મ અને બાદરના પણ બે-બે ભેદ છે. (૧) ત્રસ, અને (૨) સ્થાવર, સૂક્ષ્મ ત્રસ કુંથુવા આદિ છે. સૂક્ષ્મ સ્થાવર લીલન-ફૂલન આદિ વનસ્પતિ છે. બાદર ત્રસ-મેંઢા ઘોડા રોઝ વગેરે છે અને બાદર સ્થાવર-ભૂમિ આદિ છે. એ સર્વ પ્રાણીઓને કદાપિ પ્રાણથી વિયુક્ત કરીશ નહીં, બીજા વડે કરાવીશ નહીં અને કરનારને ભલો જાણીશ નહીં.

હે ભગવન્ ! હું પ્રથમ મહાવ્રતને પાળવા માટે ઉદ્યત થયો છું, તેથી આજથી મારે બધા પ્રકારના પ્રાણાતિપાતનાં પ્રત્યાખ્યાન છે. (૧) (૮)

જેમ વૃક્ષ—લતા આદિ પાણીથી પુષ્ટ થાય છે તેમ મૃષાવાદનો ત્યાગ કરવાથી પ્રાણાતિપાતવિરમણ મહાવ્રતની પુષ્ટિ થાય છે. એટલે પ્રાણાતિપાતવિરમણની પછી બીજા મૃષાવાદવિરમણ મહાવ્રતનું વ્યાખ્યાન કરે છે-**अहावरे दोच्चे०** ઈત્યાદિ.

## (૨) મૃષાવાદવિરમણવ્રત.

હે ભગવન્ પ્રથમ મહાવ્રતની પછી બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમણ હોય છે. મૃષાવાદ ચાર પ્રકારનો છે. તે આપ્રમાણે-(૧) સદ્દ્ભાવપ્રતિષેધ, (૨) અભૂતોદ્ભાવન (૩) અર્થાન્તરાભિધાન, (૪) ગર્હા..જીવ-અજીવ આદિ પદાર્થોના અસ્તિત્વનું નિરાકરણ કરવું એ સદ્ભાવપ્રતિષેધ મૃષાવાદ છે, જેમકે-'આત્મા નથી, પરલોક નથી, પુણ્ય નથી. પાપ નથી, ઈત્યાદિ. (૧) જીવ અજીવ આદિ તત્ત્વોનું અયથાર્થ સ્વરૂપ પ્રતિપાદન કરવું એ અભૂતોદ્ભાવન મૃષાવાદ છે, જેમકે-'આત્મા અંગૂઠા જેવડો છે, નિષ્ક્રિય છે યા સર્વગત છે.' (૨) એક પદાર્થને બીજો પદાર્થ કહી દેવો એ અર્થાન્તરાભિધાન મૃષાવાદ છે, જેમકે-'ગાયને ગધેડો કહેવો યા ગધેડાને ગાય કહેવી.' (૩) બીજાની હીનતા પ્રકટ કરવી, અથવા હિંસા તથા કઠોરતા-યુક્ત સત્યવચન કહેવાં એ ગર્હારૂપ અસત્ય છે; જેમકે- 'એ મારી નાંખવા યોગ્ય છે; ઓ આંધળા ! અહીં આવ. ઓ બહેરા ! ઓ લંગડા ! અહીં આવ' ઈત્યાદિ. (૪)

એ ચાર પ્રકારના મૃષાવાદોના પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના ભેદે કરીને ચાર ચાર ભેદ થાય છે. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યોના સ્વરૂપની અન્યથા પ્રરૂપણા કરવી એ દ્રવ્ય-સદ્ભાવપ્રતિષેધ છે લોક અને અલોકનું અયથાર્થ નિરૂપણ કરવું એ ક્ષેત્ર-સદ્ભાવપ્રતિષેધ છે, ક્ષણ મુહૂર્ત દિન આદિના સ્વરૂપનું મિથ્યા કથન કરવું એ કાળ-સદ્ભાવપ્રતિષેધ છે. રાગ દ્વેષ આદિ ભાવોનું વિપરીત સ્વરૂપ બતાવવું એ ભાવ-સદ્ભાવપ્રતિષેધ છે. એ પ્રકારે અન્ય ત્રણ ભેદોની ચતુર્ભંગી સમજી લેવી; જેમકે-દ્રવ્ય-અભૂતોદ્ભાવન. ક્ષેત્રઅભૂતોદ્ભાવન ઈત્યાદિ.

હે ભગવન્ હું સર્વ પ્રકારના મૃષાવાદના પ્રત્યાખ્યાન કરૂં છું

મૃષાવાદ કયા કયા કારણથી થાય છે ! તે હવે કહે છે—

જીવના ક્રોધ-મોહનીય પ્રકૃતિના ઉદયથી સ્વ-પરના ચિત્તમાં વિકાર કરવાવાળો અનુકંપારહિત ક્રૂરતારૂપ જીવનો વૈભાવિક-પરિણામ એ ક્રોધ છે.

લોભ-પ્રકૃતિના ઉદયે કરીને દ્રવ્ય આદિની અભિલાષારૂપ જીવના વૈભાવિકભાવને લોભ કહે છે.

ભય-મોહનીયના ઉદયથી ઉદ્વેગને ઉત્પન્ન કરવાવાળો વિકાર ભય કહેવાય છે.

હાસ્ય-મોહનીયના ઉદયથી વચનોની વિકૃતિની સાથે ગાલ ફુલાવીને આંખો કાંઈક મીંચીને દાંત કાઢીને 'હી-હી' શબ્દ કરીને મુખને પ્રફુલ્લિત કરવું એ હાસ્ય કહેવાય છે.

એ સર્વ કારણોથી મૃષાવાદ ઉત્પન્ન થાય છે. હું એ કારણોને વશ થઈને નહીં સ્વયં મૃષા (જૂઠું) બોલું, નહીં બીજા પાસે બોલાવું, કે નહીં મૃષા બોલનારને ભલો જાણું. (૨)૯

સત્ય મહાવ્રતનું પાલન અદત્તાદાનનો ત્યાગ કરવાથી જ થઈ શકે છે, તે કારણથી સત્ય મહાવ્રતની પછી અદત્તાદાન-વિરમણ નામના ત્રીજા મહાવ્રતનું કથન કરે છે-**અહાવરે તચ્ચે** ઇત્યાદિ.

## (૩) અદત્તાદાનવિરમણ.

મૃષાવાદવિરમણની પછી ત્રીજા મહાવ્રતમાં દેવ ગુરૂ, રાજા, ગાથાપતિ અને સાધર્મિકે ન આપેલા એવા પદાર્થનું ગ્રહણ કરવાનો ત્યાગ કરવામાં આવે છે, તેથી હે ભગવન્ ! હું સર્વ અદત્તાદાનનો પરિત્યાગ કરૂં છું. તે આ પ્રકારે—

જ્યાં રહેવાથી બુદ્ધિ, વિદ્યા, વિવેકાદિ ગુણો નષ્ટ થઈ જાય છે તેને ગ્રામ કહે છે. અથવા જ્યાં ગાય ભેંશ આદિનો કર (ટેકસ) લેવામાં આવે છે, અથવા પૃથ્વીના વધારે ભાગમાં ખેતી થાય છે, બજાર અથવા દુકાનો હોય નહીં, કાંટાની વાડથી ઘેરાયેલાં ઘર હોય. એ વસ્તીને ગ્રામ (ગામ) કહે છે.

જ્યાં વૃક્ષ કે પર્વત જેવી અત્યંત ઉંચી મહેલ-હવેલીઓ હોય, અથવા ગાય-ભેંશ આદિ પર કર (જકાત) ન લાગતો હોય, અથવા જે વસ્તીમાં પુણ્ય-પાપ ક્રિયાઓના જ્ઞાતા, દયા-દાનના પ્રવર્તક, કળાઓમાં કુશળ ચારે વર્ણો હોય, અને જ્યાં જૂદા જૂદા દેશોની ભાષાઓ બોલનારા મનુષ્યો રહેતા હોય, તેને નગર કહે છે.

એકાન્ત અને પવિત્ર સ્થાનના અભિલાષી ધ્યાનાર્થી યોગી અથવા લાકડાં લેવાને માટે કઠિયારા જ્યાં જાય છે તે અરણ્ય (જંગલ) કહેવાય છે.

એ ગામ નગર અરણ્ય અને ઉપલક્ષણે કરીને ખેટક (ગામડું) આદિ કોઈ સ્થાનમા ઓછા મૂલ્યવાળું દાંત ખોતરવાનું તણખલું વગેરે વધારે મૂલ્યવાળું સોનું વગેરે પ્રમાણની અપેક્ષાએ નાનું માણિક્યાદિ પ્રમાણની અપેક્ષાએ મોટું એરંડાનું લાકડું આદિ સચેતન અથવા અચેતન કોઈ પદાર્થ યા સર્વ પદાર્થ તેના સ્વામીની અનુમતિ વિના નહિ સ્વયં હું ગ્રહણ કરૂં નહિ બીજા પાસે ગ્રહણ કરાવું અને નહિ ગ્રહણ કરનારને ભલો જાણું.

પ્રશ્ન—હે ગુરૂ મહારાજ ! આપવામાં આવ્યા વિનાની બધી વસ્તુઓને ગ્રહણ કરવી એ જો અદત્તાદાન છે તો મુનિઓને પણ અદત્તાદાનનોનપ્રસંગ આવશે કારણ કે મુનિ વિના અપાયલાં કર્મોને પ્રતિક્ષણ ગ્રહણ કરે છે અને સમિતિ ગુપ્તિનું પાલન કરીને ધર્મનું પણ ઉપાર્જન કરે છે.

ઉત્તર—હે શિષ્ય ? એમ નથી. હાથેથી લેવા-દેવાનો જેવો વહેવાર લોકમાં પ્રસિદ્ધ છે તેવો વહેવાર કર્મોમાં નથી હોઇ શકતો; અર્થાત્ લોકોમાં એવો વહેવાર થાય છે કે—વસ્ત્ર પાત્ર બીજાઓને હાથથી આપવામાં આવે છે બીજા પાંસેથી લેવામાં આવે છે.' એ પ્રકારનો વહેવાર કર્મોની બાબતમાં થતો નથી. કેમકે-કર્મ અત્યન્ત સૂક્ષ્મ છે તે ઇંદ્રિયનો વિષય જ નથી હોતો તો એની લેણુ-દેણુ કેવી રીતે થઇ શકે ? બીજી વાત એ છે કે પ્રમાદના યોગથી અદત્ત પદાર્થનું આદાન (ગ્રહણ ) કરવું એ: અદત્તાદાન કહેવાય છે. મુનિરાજને તદ્વિષયક પ્રમાદ હોતો નથી તેથી તેમને અદત્તાદાનનો દોષ લાગતો નથી. મુનિરાજ તો કદાપિ એમ નથી ઇચ્છતાં કે હું કર્મોને ગ્રહણ કરૂં. કિન્તુ સંસારી આત્મા અને કર્મોનો સ્વભાવ જ એવો છે કે જેથી કર્મ બંધાઇ જાય છે. બાકી રહ્યું ધર્મોપાર્જન. તે તીર્થંકર ભગવાને ધર્મોપાજન કરવાનો આદેશ તથા ઉપદેશ આપ્યો છે. તેથી તેમાં અદત્તાદાનનો પ્રસંગ જ આવતો નથી.

સૂત્રમાં અલ્પ, બહુ, સ્થૂલ, અને અણુ, એ શબ્દોનું ગ્રહણ પણ એ જ આશયથી કરવામાં આવ્યું છે. એટલે કર્મોનાં બંધન તથા સમિતિ-ગુપ્તિ દ્વારા ધર્મોપાર્જન, એમાં અદત્તાદાન લાગતું નથી (૩) (૧૦)

મૈથુનવિરમણ વિના અહિંસા આદિ મહાવ્રતોની રક્ષા થઇ શકતી નથી, કારણ કે-મૈથુન સેવન કરવાવાળો ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, અસત્ય બોલે છે. અને અદત્તનું આદાન કરે છે. તેથી કરીને અહિંસાદિ મહાવ્રતોનું નિરતિચાર પાલન કરવાને માટે મૈથુન-વિરમણ નામનું ચોથા મહાવ્રતનું પ્રતિપાદન કરવામાં આવે છે-**અહાવરે ચઉત્થે** ઇત્યાદિ.

## (૪) મૈથુનવિરમણ.

હે ભગવન્ ! ચોથા મહાવ્રતમાં સર્વ પ્રકારના મૈથુનનું વિરમણ કરવામાં આવે છે, તેથી હે ભગવન્ ! હું સર્વ પ્રકારના મૈથુનનું પ્રત્યાખ્યાન કરૂં છું. અપ્સરાઓ સંબંધી દૈવી, સ્ત્રી-પુરૂષ-સંબંધી માનુષિક પશુ-આદિ-સંબંધી તૈર્યગ્યોનિક મૈથુન નહીં હું સ્વયં સેવું, નહીં બીજાઓ પાસે સેવન કરાવું અને નહીં સેવન કરનારને ભલો ન જાણું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ચૌભંગી એમાં પણ લગાડવી, અર્થાત્ દ્રવ્યથી સ્ત્રીઆદિની સાથે, ક્ષેત્રથી કોઇ પણ ક્ષેત્રમાં; કાળથી કોઇ કાળમાં અને ભાવથી કોઈ પણ ભાવે કરીને ત્રણ કરણ ત્રણ યોગથી મૈથુન સેવીશ નહીં. (૪) (૧૧)

મથુન-વિરમણ, પરિગ્રહના ત્યાગ વિના થઈ શકતું નથી, તેથી મૈથુન-વિરમણની પછી પરિગ્રહવિરમણ નામનું પાંચમું મહાવ્રત કહે છે—**અહાવરે પંચમે** ઇત્યાદિ.

## (૫) પરિગ્રહવિરમણ.

હે ભગવન્ ! ચતુર્થ મહવ્રતની પછી પાંચમા મહાવ્રતમાં પરિગ્રહનાં પૂર્ણ પ્રત્યાખ્યાન કારવામા આવે છે. જેથી આત્મા જન્મ જરા મરણાદિજનિત નાના પ્રકારનાં દુઃખોથી ગ્રસ્ત થાય છે. અથવા જે મૂર્ચ્છાપૂર્વક સ્વીકારવામાં આવે છે તે પરિગ્રહ કહેવાય છે, કારણ કે ભગવાને મૂર્ચ્છાનેજ પરિગ્રહરૂપ બતાવી છે. તેથી કરીને ત્રણ કરણ ત્રણ યોગે ગ્રામ નગર આદિમાં ન સ્વયં પરિગ્રહ ધારણ હું કરીશ, ન બીજાઓ દ્વારા ધારણ કરાવીશ, ન ધારણ કરનારને ભલો જાણીશ. (૫) (૧૨)

અજિતનાથ ભગવાન્થી લઈને પાર્શ્વનાથ જિનેન્દ્ર સુધીના બાવીસ તીર્થંકરોના શિષ્યો ઋજુ (સરલ સ્વભાવવાળા) અને પ્રાજ્ઞ (સમજાવવાથી સમજનારા) હતા, તે શિષ્યોની અપેક્ષાએ રાત્રિભોજન ઉત્તરગુણ છે, પરંતુ ઋષભદેવના શિષ્યો ઋજુ-જડ તથા વર્ધમાનસ્વામીના શિષ્યો વક્ર અને જડ હતા તેથી અનર્થને રોકવાને માટે અને સ્પષ્ટ બોધ કરાવવાને માટે પાંચ મહાવ્રતોની પછી મૂલ-ગુણોમાં ગણાવવાને માટે છઠ્ઠું રાત્રિભોજનવિરમણ વ્રત કહ્યું છે—અહાવરે છટ્ઠે ઈત્યાદિ.

## (૬) રાત્રિભોજનવિરમણ

હે ભગવન્ ! પાંચ મહાવ્રતોની પછી છઠ્ઠા વ્રતમાં રાત્રિભોજનથી વિરમણ કરવામાં આવે છે. રાત્રિભોજનથી સર્વ મહાવ્રતોમાં દોષ લાગે છે. રાત્રિને સમયે સૂર્યનાં કિરણોના અભાવથી સૂક્ષ્મ-શરીરવાળા ભાત-ભાતના જન્તુઓ અહીંતહીં ઊડે છે, નવીન ઉત્પન્ન થાય છે, નીચે-ઉપર આવ-જા કરે છે. તેથી હિંસા જરૂર થાય છે.

દીક્ષા લેતી વખતે એવી પ્રતિજ્ઞા કરી હતી કે 'આજથી કોઈ પ્રાણીના પ્રાણોને પીડા નહીં ઉપજાવું'. જો રાત્રિભોજન કર્યું તો હિંસા અવશ્ય થઈ, તેથી મૃષાવાદનો દોષ લાગ્યો. અથવા લોક અને અલોકનું અવલોકન કરનારા અલૌકિક કેવળ જ્ઞાનથી અવલોકન કરીને કેવલી ભગવાને કહ્યું છે કે સૂર્યના પ્રકાશમાં અવલોકન કરેલું અશન આદિ સેવવાથી જ હિંસાનો પરિહાર થઈ શકે છે. રાત્રિભોજનનું કર્તવ્યરૂપે નિરૂપણ કરવું અને રાત્રિભોજન કરીને પોતાને સાધુ કહેવડાવવો એ મૃષાવાદ છે.

રાત્રિભોજનથી વિરાધિત થનારા પ્રાણીઓની આજ્ઞા વિના જ એમના પ્રાણનું અપહરણ કરવાથી તથા રાત્રિભોજન ન કરવાની જિનભગવાનની આજ્ઞાનો લોપ કરવાથી અદત્તાદાનનો દોષ લાગે છે. રાત્રે ભોજન કરનારાઓ ભિક્ષાને માટે રાત્રે ભ્રમણ પણ કરશે. ભ્રમણ કરતી વખતે સ્ત્રીઆદિનો સંસર્ગ થવાથી અબ્રહ્મચર્યનો પણ દોષ લાગશે.

રાત્રિભોજન કરવાથી અન્ન આદિ સામાનનો પણ સંગ્રહ કરવો પડશે. તેથી સંનિધિ દોષ લાગશે સંગ્રહ કરવાથી મૂર્ચ્છા પણ ઉત્પન્ન થશે. મૂર્ચ્છાને ભગવાને પોતે પરિગ્રહરૂપ કહી છે, તેથી રાત્રિભોજન સર્વ દોષોનો કોષ છે.

એનો ત્યાગ કર્યા વિના વ્રતોનું પાલન થઈ શકતું નથી. તેથી હે ભગવન્ ! હું સર્વ રાત્રિભોજનનાં પ્રત્યાખ્યાન કરૂં છું. અર્થાત્-ભાત, દાળ, મગજ મગના લાડુ, ઘેબર, લાપસી આદિ અશન દૂધ તલ અને ચોખાનું ધોવણ આદિ પાન, પ્રાસુક દ્રાક્ષ ખજુર આદિ ખાદ્ય, લવંગનું ચૂર્ણ, સોપારી આદિ સ્વાદ્ય એ ચારે પ્રકારના આહારમાંથી કોઈ પણ એક પ્રકારનો આહાર રાત્રે હું કરીશ નહીં'.

રાત્રિભોજન પણ દ્રવ્ય=ક્ષેત્ર-કાળ-ભાવથી ચાર પ્રકારનું છે. અશન-પાન આદિ દ્રવ્યથી

રાત્રિભોજન છે. અઢી-દ્વીપમાં રાત્રિભોજન કરવું એ ક્ષેત્ર-રાત્રિભોજન છે, કેમકે-અઢી દ્વીપની બહાર દિવસ-રાત્રિનો વ્યવહાર નથી. રાત્રે ભોજન કરવું એ કાળની અપેક્ષાએ રાત્રિભોજન છે. રાત્રે ભોજન કરવાની ઈચ્છા કરવી એ ભાવરાત્રિભોજન છે.

રાત્રિભોજનની ચતુર્ભંગી આ પ્રમાણે છેઃ—

(૧) રાત્રે ગ્રહણ કરીને રાત્રે જ ભોજન કરવું.

(૨) રાત્રે ગ્રહણ કરીને દિવસે ભોજન કરવું.

(૩) દિવસે ગ્રહણ કરીને રાત્રે ભોજન કરવું.

(૪) દિવસે ગ્રહણ કરીને (રાતભર રાખીને બીજે) દિવસે ભોજન કરવું.

ભગવાને નિશીથ-સૂત્રના અગીઆરમા ઉદ્દેશામાં કહ્યું છે—

"જે ભિક્ષુ દિવસમાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય ગ્રહણ કરીને (બીજે) દિવસે ભોગવે, બીજાને ભોગવાવે, અન્ય ભોગવનારને ભલો જાણે. (સૂ, ૭૩)

જે સાધુ દિવસે અશનાદિ લઈને રાત્રે પોતે ભોગવે, બીજાને ભોગવાવે અને અન્ય ભોગવનારને ભલો જાણે (સૂ ૭૪)

જે સાધુ રાત્રે અશનાદિ લઈને દિવસે ભોગવે, ભોગવાવે યા ભોગવનારને ભલો જાણે (સૂ. ૭૫)

## શિષ્ય કા મહાવ્રત સ્વીકાર

જે સાધુ રાત્રે અશનાદિ લઈને રાત્રે ભોગવે, બીજાને ભોગવાવે અન્ય ભોગવનારને ભલો જાણે. (સૂ. ૭૬) તેને ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત લાગે છે."

એ સર્વ અશનાદિ ચાર પ્રકારના આહારને રાત્રે નહિ ભોગવવું, ઇત્યાદિનું વ્યાખ્યાન પહેલાં કરવામાં આવેલું છે. (૧૩) (૬)

હવે મહાવ્રતોનો સ્વીકાર કરવાવાળો શિષ્ય ઉપસંહાર કરતો છતો કહે છે-इच्चेयाइं ઇત્યાદિ.

હે ભગવન્ ! હું પાંચ મહાવ્રતોને અને છઠા રાત્રિભોજનવિરમણ વ્રતને આત્માને હિત-સ્વરૂપ મોક્ષને માટે સ્વીકાર કરીને સંયમ-માર્ગમાં વિચરૂં છું. (૧૪)

## પૃથ્વિકાયાદિ ષટ્કાયયતના કા સ્વરૂપ કથન

વ્રતોનો યતનાપૂર્વક સ્વીકાર કરવામાં આવે ત્યારે તે સફળ થાય છે, તેથી યતનાનું કથન કરે છે-जे भिक्खू० ઇત્યાદિ.

ભિક્ષાવૃત્તિથી પ્રસિદ્ધ હોય તે ભિક્ષુ કહેવાય છે. અર્થાત યાચના કરીને આહારાદિ લેવાવાળા ને ભિક્ષુ કહે છે,

સંસ્કૃત વ્યાકરણને અનુસરીને ભિક્ષુ શબ્દમાં उ પ્રત્યય લાગેલો છે. તેથી એમ પ્રકટ થાય છે કે ભિક્ષુ એને કહેવો જોઈએ કે જે કોઈ વસ્તુને ભિક્ષા વિના લે નહીં, અર્થાત ભિક્ષણ-શીલ હોય તે ભિક્ષુ કહેવાય છે.

પ્રશ્ન—ગેરૂથી યા અન્ય કોઈ પ્રકારના રંગથી રંગેલાં કપડા પહેરનારા સંન્યાસીઆદિ પણ ભિક્ષા માંગીને પોતાના જીવનનો નિર્વાહ કરે છે. તેથી એ ભિક્ષુનું લક્ષણ એને પણ લાગુ પડે છે, તેઓ પણ ભિક્ષુ કહેવાશે ?

ઉત્તર-જેઓ ભિક્ષાથી જ પોતાનો નિર્વાહ કરે છે અને ભિક્ષા સિવાય અન્યવૃત્તિને કદાપિ સ્વીકારતા નથી તેઓ જ ભિક્ષુ કહેવાય છે. સંન્યાસી આદિ સ્વામીની આજ્ઞા વિના પણ જળાશય આદિથી પણ જળ આદિ પોતાના હાથે લઇ લે છે, જ્યારે ભિક્ષા નથી મળતી ત્યારે રાંધવા-રંધાવવાની ક્રિયા કરે છે, તથા કંદ મૂલ ફળ આદિથી નિર્વાહ કરી લે છે, તેથી તેઓ ભિક્ષુ કહેવાઇ શકતા નથી.

પ્રશ્ન-ઠીક, જેઓ ભિક્ષાથી જ પોતાનો નિર્વાહ કરે તેમને ભિક્ષુ કહે છે તો સાધુ જ્યારે ભિક્ષાની ગવેષણા કરશે ત્યારે જ ભિક્ષુ કહેવાશે, જે સમયે સ્વાધ્યાય આદિ અન્ય ક્રિયા કરતા હશે તે સમયે ભિક્ષુ કેવી રીતે કહેવાશે !

ઉત્તર-ભિક્ષાની ગવેષણા કરતી વખતે સાધુને ભિક્ષુ કહી શકાય છે. અને ન કરતી વખતે પણ કહી શકાય છે. બેઉ અવસ્થામાં ભિક્ષુ શબ્દની પ્રવૃત્તિનું કારણ મે જુદ છે.

શબ્દોની પ્રવૃત્તિ બે પ્રકારે થાય છે. જેમકે-કમળનો વાચક એક પંકજ શબ્દ છે, બીજો પદ્મ શબ્દ છે. પંકજ શબ્દનો અર્થ કાદવમાં ઉત્પન્ન થએલ એવો થાય છે. કમલ કાદવમાં ઉત્પન્ન થાય છે, તેથી પંકજત્વ વ્યુત્પત્તિનિમિત્ત છે. અર્થાત્ પંકજ-શબ્દની વ્યુત્પત્તિ કરવાથી જે અર્થ નીકળે છે તે જ અર્થ તના વાચ્યમાં (અર્થમા) બરાબર બંધ બેસે છે, તેથી તેને વ્યુત્પત્તિનિમિત્ત કહે છે.

બીજો પ્રવૃત્તિનિમિત્ત છે શબ્દના સંકેતથી બોધ્ય અર્થમાં વિશેષણભૂત ધર્મને પ્રવૃત્તિનિમિત્ત કહે છે. જેમકે-પદ્મત્વ યા કમલત્વ (કમળપણું) જાતિ.

જો કોઈ કહે કે-'જે વ્યુત્પત્તિનિમિત્ત છે તેજ પ્રવૃત્તિનિમિત્ત છે, તો તે બરાબર નથી. કારણ કે જો કે 'પાચક' આદિ શબ્દોમાં જે વ્યુત્પત્તિનિમિત્ત છે તેજ પ્રવૃત્તિનિમિત્ત છે, તથાપિ પંકજ આદિ શબ્દોમાં એ કથન બંધ બેસતું નથી, કારણ કે 'પંક (કાદવ) માંથી ઉત્પન્ન થવાવાળું પંકજ છે, -એ વ્યુત્પત્તિથી પંકજ શબ્દ કમળનો બોધ તો કરાવે છે, પરન્તુ સાથે શેવાળ તથા એ પ્રકારે પેદા થનારા ઘીનેલાં શીંગોડા આદિનો અર્થ પણ તેમાંથી નીકળે છે, કારણ કે તે પણ કીચડમાંથી પેદા થાય છે. જો વ્યુત્પત્તિનિમિત્તને જ શબ્દની પ્રવૃત્તિમાં કારણ રૂપ માનવમાં આવે તો શેવાળ આદિમાં પણ પંકજ શબ્દનો પ્રયોગ થઈ જશે. એ આપત્તિનું નિવારણ કરવાને માટે વ્યુત્પત્તિનિમિત્ત ઉપરાંત પ્રવૃત્તિનિમિત્ત કમળત્વ ધર્મની પણ આવશ્યકતા છે. તેથી શેવાળ આદિનું નિરાકરણ થઈ જાય છે. બેઉ નિમિત્તથી બરાબર અર્થનું પ્રતિપાદન થઇ જાય છે કે જે કીચડમાંથી ઉત્પન્ન થાય અને જેમાં કમલત્વરૂપ સામાન્ય (જાતિ) મળી આવે તેને પંકજ કહે છે.

એ રીતે અહીં 'ભિક્ષુ' શબ્દનો વ્યુત્પત્તિનિમિત્ત ભિક્ષણ (યાચના) ધર્મ છે જે સમયે સાધુ ભિક્ષણ કરતો નથી તે સમયે વ્યુત્પત્તિનિમિત્તથી ભિક્ષુ નથી કહેવાતો, તો પણ 'સમિતિ-ગુપ્તિ-પાલકત્વ' રૂપ પ્રવૃત્તિનિમિત્તથી ભિક્ષુ શબ્દની પ્રવૃત્તિ થાય છે, કારણ કે ભિક્ષુત્વ અને સમિતિગુપ્તિ-પાલકત્વ બેઉ ધર્મો ભિક્ષુમાં કોઈપણ રીતે તાદાત્મ્ય સંબંધરૂપ એકાર્થ-સમવાયથી રહે છે, તેથી ભિક્ષા ન કરતી વખતે પણ 'સમિતિગુપ્તિ પાલકત્વ' રૂપ પ્રવૃત્તિનિમિત્તથી ભિક્ષુ શબ્દની પ્રવૃત્તિ થાય છે.

શંકા—સમિતિગુપ્તિ પાલકતા તો ગેરૂઆ આદિ વસ્ત્ર પહેરનારાઓમાં પણ જોવામાં આવે છે. તેઓ પણ માર્ગ જોઈને જ ચાલે છે, તેથી તેઓ સમિતિનું પાલન કરે છે, અને કોઈ-કોઈવાર મૌન રહે છે તેથી ગુપ્તિનું પણ પાલન કરે છે, જો તેઓમાં સમિતિગુપ્તિ-પાલકતા જોવામાં આવે છે, તો તેમને પણ ભિક્ષુ કેમ ન કહેવા જોઈએ ?

સામાધાન—ઈહલોક અને પરલોક સંબંધી આકાંક્ષા અથવા સ્વાર્થરહિત થઈને જેઓ સમિતિ-ગુપ્તિનું પાલન કરે છે તેઓજ ભિક્ષુ કહેવાય છે તેઓમાં એવું જોવામાં આવતું નથી. તેઓ હિંસાથી બચવાને માટે માર્ગ જોઈને ગમન કરતા નથી, પરન્તુ કાંટા વગેરે વાગી જવાના ભયથી માર્ગ જોઈને ચાલે છે અને યશ કીર્તિ સંપાદન કરવાને માટે મૌન રાખે છે, તેથી તેઓ વસ્તુતાએ સમિતિ—ગુપ્તિના પાલક નથી થઈ શકતા. જો તેમને સમિતિ-ગુપ્તિના પાલક માનવામાં આવે તો એ માણસ પણ વતી કહેવાશે કે જે એવી પ્રતિજ્ઞા કરે કે—"જ્યાં સુધી હું બેડીથી બંધાયલો છું ત્યાંસુધી હું તેને નહિ મારૂં" "જ્યાં સુધી હું ન બોલું ત્યાં સુધી મૃષાવાદનો ત્યાગી છું" "જ્યાં સુધી સૂઇ રહીશ ત્યાં સુધી અચૌર્ય વ્રતનું પાલન કરીશ." વસ્તુતઃ એવો માણસ વ્રતી નથી કહેવાતો, કારણ કે એની આંતરિક ઇચ્છા પાપથી નિવૃત્ત થઇ નથી.

ગેરૂઆં આદિ વસ્ત્રો ધારણ કરનારા અને પોતાને ભિક્ષુ માનનારા સંન્યાસી આદિ વસ્તુતઃ ભિક્ષુ કહેવાઈ શકતા નથી, કારણ કે તેઓ ઉદ્દગમ ઉત્પાદના આદિ દોષોથી દૂષિત અન્ન આદિ અંગીકાર કરે છે, સચિત્ત જળ લે છે, સચિત્ત કંદ-મૂળ આદિનું સેવક કરે છે પચન-પાચનાદિ ક્રિયાઓ કરે છે અને ઈચ્છાનું દમન કરતા નથી. એથી કરીને વસ્તુતઃ તેઓ જ ભિક્ષુ કહેવાવા યોગ્ય છે કે જેઓ સમિતિ-ગુપ્તિના ધારક તથા ભિક્ષામાત્રથી ઉપજીવી છે, અચિત્ત, એષણીય, ઉદ્દગમાદિ—દોષથી રહિત, વિશુદ્ધ, પ્રમાણોપેત ભિક્ષા લે છે, અને પ્રાણ જવાનો અવસર આવે તો પણ પચન—પાચનાદિ નવ કોટિની વિશુદ્ધતાને ખંડિત કરતા નથી.

અથવા સંસારના સર્વ શરીરધારીઓને ક્ષોભિત કરનારાં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોને ભેદનારા ભિક્ષુ કહેવાય છે.

ભિક્ષુકી સાધ્વીને કહે છે. સંજય આદિ વિશેષણ સાધ્વીની સાથે પણ સમજવાનું છે, કારણ કે સાધુ અને સાધ્વીનો આચાર પ્રાયઃ સમાન છે.

## (૧)પૃથિવીકાયયતના

વર્તમાનકાળના સર્વ પ્રકારના સાવદ્ય—વ્યાપારથી નિવૃત્ત હોવાને કારણે સંયત, અતીતકાલીન પાપોથી જુગુપ્સાપૂર્વક અને ભવિષ્યત્કાલીન પાપોથી સંવરપૂર્વક નિવૃત્ત હોવાથી વિરત, સંયત અને વિરત હોવાને કારણે વર્તમાન કાળમાં સ્થિતિબંધ અને અનુભાગબંધનો હ્રાસ કરીને પાપકર્મને નષ્ટ કરનારા, દિવસમાં અને રાત્રે, દ્રવ્યથી ધ્યાન આદિને માટે એકાન્તમાં સ્થિર અને ભાવથી રાગ—દ્વેષ આદિથી રહિત હોવાને કારણે એકાકી અથવા સાધુઓના સંઘમાં સ્થિત, સ્વાધ્યાય આદિથી ઉત્પન્ન થતા શ્રમને દૂર કરવાને માટે રાત્રિની વચ્ચેના બે પહોરમાં સૂતા તથા જાગતા ભિક્ષુ, આગળ કહેલા સાવદ્ય વ્યાપારને કરતા નથી.

ખાણમાંથી નીકળેલી માટીરૂપ પૃથ્વી પર, નદીના કિનારાની માટી પર પત્થરની શિલા પર, માટીનાં ઢેફાં પર, સચિત્ત ધૂળથી ધૂસર કાય, ચોલપટ્ટો આદિ વસ્ત્ર તથા પાત્ર પર અર્થાત્ એમાંના કોઈ પણ પદાર્થ પર હાથથી, પગથી, કાષ્ઠથી વાંસ આદિની ખપાટથી, આંગળીથી, લોઢા આદિની સળીથી અથવા કોઈપણ સળીઓથી ન પોતે એકવાર રેખા દોરે, ન વારંવાર રેખા દોરે, અર્થાત્ એને ન ઘસે તથા ન હલાવે, ન વિદારે, ન બીજાઓ પાસે એ બધી ક્રિયાઓ કરાવે અને ન એ બધી ક્રિયાઓ કરનારા અન્યને ભલો જાણે

હે ગુરૂ મહારાજ ! એ પ્રકારે સર્વજ્ઞ ભગવાને ઉપદેશેલા આચારની રક્ષા કરવામાં મનને તત્પર રાખનારો એવો હું ત્રણ કરણ ત્રણ યોગથી એ બધાં કાર્ય કરીશ નહીં. (૧)(૧૫)

હવે અપૂકાયની યતનાનું પ્રતિપાદન કરે છે-'**से भिक्खू**' ઈત્યાદિ.

## (૨) અપૂકાયયતના.

ભિક્ષુ અને ભિક્ષુકી આદિ શબ્દોનો અર્થ પહેલાંની પેઠે સમજવો. કૂવાનું પાણી અર્થાત્ ભૂમિમાંનો સ્ત્રોત (ઝરણ) થી નીકળતું જળ, ઓસ, ઠાર, ઝાકળ, કરા, હરતનું (ભૂમિને ભેદીને ઘઉં આદિના અંકુરો ઉપર જામનારાં જલબિન્દુઓ) વરસાદનું નિર્મળ જળ એ સર્વને, તથા જળથી બહુ લીલુ અથવા થોડું લીલું શરીર યા વસ્ત્ર, એ સર્વને સ્વયં એકવાર સ્પર્શ નહીં, કરૂં. વારંવાર સ્પર્શ નહીં કરૂં. વસ્ત્રને એકવાર નહીં નીચોવું, વારંવાર નહિ નીચોવું, એકવાર નહિ ઝાટકું, વારંવાર નહિ ઝાટકું, એકવાર તડકામાં નહીં સુકાવું, વારંવાર નહીં સુકાવું, નહીં એ બધી ક્રિયાઓ બીજા પાસે ન કરાવું, અને કરનારને નહીં ભલો જાણું શેષ ભાગ સહેલો છે. (૨) (૧૬)

અગ્નિકાયની યતના કહે છે-'**से भिक्खू वा०**' ઈત્યાદિ.

## (૩) તેજસ્કાયયતના.

અગ્નિ, અંગારા, ગરમ રાખ, બકરીની લીંડીની આગ. મૂળથી તૂટેલી જવાળા, મૂળથી અવિચ્છિન્ન જવાલા, બળતા લાકડા, ગરમ લોખંડના ગોળાનો અથવા વિજળીનો અગ્નિ, અથવા ચીણગારી આદિમાં પોતે ઇંધન (બળતણ) નહીં નાંખે, નહીં સંચાલન કરે (નહીં સંઘટન કરે), નહીં દંડ કે ઈંટ આદિથી તેને ભેદે, નહીં પંખા વગેરેથી તેને એકવાર પ્રજ્વલિત કરે નહીં વારંવાર પ્રજવલિત કરે, નહીં બુઝાવે, નહીં એ બધી ક્રિયાઓ બીજા પાસે કરાવે નહીં, કરનારની નહીં અનુમોદના કરે ઈત્યાદિ પૂર્વવત્ (૩) (૧૭)

વાયુકાયની યતના કહે છે-'**से-भिक्खू वा०**' ઇત્યાદિ

## (૪) વાયુકાયયતના.

ચામરથી, પંખાથી, તાડના બનાવેલા પંખાથી અથવા અન્ય વિજળી આદિના કોઇ પ્રકારના પંખાથી, કમળ આદિનાં પાંદડાથી, પાંદડાના ટુકડાથી, વૃક્ષની શાખાથી, શાખાના ખંડથી, મયૂરના પિચ્છથી, મયૂરના અનેક પીંછાંથી, વસ્ત્રથી, વસ્ત્રના છેડાથી, હાથથી, મુખથી, પોતાના શરીરને, તથા બીજા ગરમ દૂધ આદિ પુદ્‌ગલોને નહિ સ્વયં ફૂંકે નહીં ચામર આદિથી વીંઝે-વાયુનું સંચાલન કરે નહીં, નહિ બીજા પાંસે ફૂંકાવે, તથા ફૂંકનાર તથા વીંઝનાર અન્યને ભલો જાણે નહીં. ઇત્યાદિ સરલ છે. (૪) (૧૮)

વનસ્પતિકાયની યતના કહે છે-से भिक्खू वा० ઇત્યાદિ.

## (૫) વનસ્પતિકાયયતના.

ડાંગર આદિ બીજો પર, બીજો પર મૂકેલાં શય્યા આસન આદિ પર, અંકુરો પર, અંકુરો ઉપર મૂકેલા શયનાદિ પર, અંકુર અવસ્થા પછી પત્રિત અવસ્થાને પ્રાપ્ત થએલી વનસ્પતિ પર, અથવા તે પર મૂકેલાં શયનાદિ પર, કાપેલી વનસ્પતિ પર, લીલી વનસ્પતિ પર તથા એ ઉપરાંત સજીવ ઇંડાં આદિ પર, સડેલા કાષ્ઠ આદિ પર નહિ હું સ્વયં ગમન કરૂં, નહીં ઉભો રહું, નહીં બેસું, તથા ડાબું પડખું બદલીને જમણે પડખે અને જમણું પડખું બદલીને ડાબે પડખે નહીં સૂવું અર્થાત્ પડખા નહીં બદલું, એ બધી ક્રિયાઓ બીજા પાસે નહીં કરાવું, નહીં કરનારને ભલો જાણું. એ રીતે ત્રણ કરણ ત્રણ યોગથી એનો ત્યાગ કરૂં છું ઇત્યાદિ વ્યાખ્યાન પૂર્વવત્ (૫) (૧૯)

હવે ત્રસકાયની યતના કહે છે-'से भिक्खू वा०' ઇત્યાદિ.

## (૬) ત્રસકાયયતના.

હાથ, પગ, ભુજા, જાંઘ, ઉદર, મસ્તક, મુખવસ્ત્રિકા, ચોળપટો આદિ વસ્ત્ર પાત્ર, કામળી, પગલૂંછણું, રજોહરણ, પૂંજણી, સ્થંડિલપાત્ર, વૃદ્ધાવસ્થાઆદિને કારણે ચાલવામાં અસમર્થ મુનિનો સહાયક એવો દંડ, કારણ કે ભગવાને "સ્થવિર અને સ્થવિર ભુમિને પ્રાપ્ત મુનિઓને માટે જ દંડ ધારણ કલ્પનીય છે' એવું કહ્યું છે, અન્યને દંડ ધારણની મનાઈ છે, એટલે એમણે ધારણ કરેલા દંડ પર, તથા ચોકી, પાટ, શય્યા અર્થાત્ ઉપાશ્રય કારણ કે એ પણ એક ધર્મોપકરણ છે સંસ્તારક અર્થાત્ દર્ભ આદિનું બિછાનું, તથા સંયમમાં ઉપયોગી એ પ્રકારના અન્ય કોઇ ઉપકરણો, એ સર્વમાં કીડી-કીડા આદિ ત્રસ જંતુ હોય તો તેને સંયમી સ્વયં સમ્યક્ પ્રકારે પ્રતિલેખન કરીને વારંવાર પૂંજણી આદિથી પૂંજીને બાધારહિત એકાન્ત સ્થાનમાં યતનાથી મૂકે, પરન્તુ એને એકઠાં કરીને ન રાખે, કારણ કે એમ કરવાથી તેમને પીડા થવાની સંભાવના રહે છે. કેટલાકો કહે છે કે રક્ષાને માટે ત્રસ જીવને એકાંત સ્થાનમાં રાખવામાં સાધુને અસંયતિની વૈયાવચ્ચ કરવા રૂપ દોષ લાગે છે અને તેથી મહાવ્રતનો ભંગ થાય છે. એમનું એવું કથન ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ છે, કારણ કે આ સૂત્રથી ભગવાને સ્પષ્ટ વિધાન કર્યું છે કે ધર્મોપરણમાં સ્થિત ત્રસ જીવોની રક્ષાને માટે નિરૂપદ્રવ સ્થાનમાં યતનાથી તેમને મૂકવા જોઇએ. (૬) (૨૦)

એ રીતે ષટ્કાયની યતના કહીને 'એમની રક્ષા નહિ કરવાથી ભયંકર પરિણામ આવે છે, એ વાતનો ઉપદેશ આપે છે-अजयं चरमाणो ઇત્યાદિ.

યતનારહિતપણે ગમન કરનાર સંયત (સાધુ) દ્વીન્દ્રિય આદિ પ્રાણોની તથા એકેન્દ્રિય પૃથિવીકાય આદિ ભૂતોની અર્થાત્ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને જ્ઞાનાવરણી-યાદિ પાપકર્મનું ઉપાર્જન કરે છે. પાપ-(૧) મલિનતાને પ્રાપ્ત કરાવે છે, (૨) નરક આદિ અધોગતિમાં પહોંચાડે છે, (૩) આત્માના હિતનો નાશ કરે છે, (૪) પ્રાણીઓના આત્મિક આનંદ રસને સુકાવી નાંખે છે. (૫) આત્માને કર્મરૂપી રજથી મલિન કરી નાંખે છે, તેથી તેને પાપ કહે છે. અર્થાત્ અયતનાપૂર્વક પ્રવૃત્તિ કરવાથી જીવોની હિંસા થાય છે. અને જ્ઞાના. વરણીય આદિ અશુભ કર્મોનો બંધ પણ ઉત્પન્ન થાય છે. એ પાપકર્મનું પરિણામ દુઃખ-દાયી આવે છે, તથા એનાં કડવાં ફળ ભોગવવાં પડે છે (૧)

# અયતના સે દુઃખ ફલ પ્રાપ્તિ કા કથન એવં યતનાવાન કો પાપબન્ધન ન હોને કા કથન

**'अजयं चिट्ठमाणो'** ઇત્યાદિ. અયતનાપૂર્વક ઊભા રહેવાથી પાપકર્મ બંધાય છે અને તેનાં કડવાં ફળ આવે છે (૨)

**'अजयं आसमाणो'** ઇત્યાદિ. ભૂમિ આદિની પ્રમાર્જના કર્યા વિના અયતનાપૂર્વક બેસવાથી પાપકર્મ બંધાય છે, અને તેનાં કડવાં ફળ મળે છે. (૩)

**अजयं सयमाणो** ઇત્યાદિ. અયતનાથી અર્થાત્ શય્યાની પ્રમાર્જના કર્યા વિના શયન કરવાથી પાપકર્મ બંધાય છે અને એનાં કડવા ફળ મળે છે. (૪)

**अजयं भुंजमाणो** ઇત્યાદિ. સાધુના કલ્પને અનુસાર પ્રાપ્ત થએલા આહારના સંયોજના આદિ મંડલ દોષોનો પરિત્યાગ કર્યા વિના 'ચપડ-'ચપડ' અવાજ કરતાં ભોજન કરવાથી પાપકર્મ બંધાય છે. અને તેનાં કડવાં ફળ આવે છે. (૫)

**अजयं भासमाणो** ઇત્યાદિ અયતનાપૂર્વક ભાષણ કરવાથી હિંસા થાય છે. અને પાપકર્મ બંધાય છે. એ પાપકર્મનાં ફળ કડવાં આવે છે.

પ્રશ્ન-હે ગુરૂ મહારાજ ! અયતનાને દૂર કરવાને માટે મુખવસ્ત્રિકા મુખ પર બાંધવામાં આવે છે, પછી તેમની પ્રત્યે **'अजयं भासमाणो य'** એવો ઉપદેશ આપવો કેવી રીતે સંગત છે ?

ઉત્તર—હે શિષ્ય ! મુખ પર મુખવસ્ત્રિકા સદા બાંધી રહેવા છતાં પણ અસત્ય કર્કશ કઠોર આદિ બોલવાથી તથા સાવદ્ય ઉપદેશ આપવાથી એવા પ્રકારની અયતના થાય છે કે જેવા પ્રકારની અયતના ઉઘાડે મ્હોંએ બોલવાથી થાય છે. સાધુએ ભાષાસંબંધી સર્વ પ્રકારની અયતનાનો ત્યાગ કરવો જોઈએ, તેથી આ અયતનાના ત્યાગનો ઉપદેશ આપવામાં આવ્યો છે. (૬)

શિષ્ય પૂછે છે-**'कहं चरे०'** ઇત્યાદિ,

હે ભગવન્ ! જો એમ છે તો મુનિ કેવી રીતે ચાલે ? કેવી રીતે ઉભો રહે ? કેવી રીતે બેસે ? કેવી રીતે સૂએ ? કેવી રીતે આહાર કરે ? અને કેવી રીતે બોલે ? કે જેથી પાપ કર્મ બંધવા ન પામે ? (૭)

ગુરૂ મહારાજ ઉત્તર આપે છે-**'जयं चरे०'** ઇત્યાદિ.

હે શિષ્ય ! સંયત ઇર્યાસમિતિયુક્ત થઇને ચાલે, યતનાથી ઉભો રહે, અર્થાત્ હાથ-પગ ન હલાવે ને દંડની જેમ ઉભો રહે. યતનાથી બેસે અર્થાત્ વૃથા હાથ-પગ ન હલાવે ઉપયોગ સહિત દઢાસન આદિથી બેસે, કાર્ય વિના આમ-તેમ હલે નહીં, યતનાથી શયન કરે, યતનાથી આહાર કરે, અર્થાત્ જે નિરવદ્ય આહાર મળી જાય તેમાં જ સંતુષ્ટ રહે અને 'ચપડ-ચપડ' અવાજ કર્યા વિના ભોજન કરે, ભોજનમાં રાગ-દ્વેષ ન કરે યતનાથી ભાષણ કરે અર્થાત્ હિત મિત મધુર અને નિરવદ્ય ભાષા બોલે, ખુલે મોઢે બોલે નહિ. એમ કરવાથી પાપકર્મ બંધાતું નથી. (૮)

અને-**सव्वभूय०** ઈત્યાદિ.

બધાં પ્રાણીઓમાં આત્મતુલ્ય બુદ્ધિ રાખનારા, અને આગમ અનુસાર જીવોનું સ્વરૂપ સમજનારાને, કર્મોના આગમનનાં કારણો (આસ્રવો) નો નિરોધ કરનારાઓને પાપકર્મનું બંધન થતું નથી. (૯)

## જ્ઞાન પ્રાપ્તિ કા ઉપાય

પ્રશ્ન–હે ગુરૂ મહારાજ ! જો કેવળ ક્રિયાથી પાપકર્મોનો નિરોધ થઇ જાય છે તો ક્રિયા જ કરવી જોઇએ, જ્ઞાનની શી આવશ્યકતા છે ?

ઉત્તર—**હે** શિષ્ય ! જ્ઞાન વિના ક્રિયાનું કશું ફળ હોતું નથી. જ્ઞાનરહિત ક્રિયા ઉન્મત્ત (ગાંડા) પુરૂષની ક્રિયાની પેઠે અનર્થને ઉત્પન્ન કરે છે. 'કોઈ જીવ જ્ઞાનરહિત ક્રિયા ન કરે' એવા હેતુથી 'પ્રથમ જ્ઞાન પછી ક્રિયા હોવી જોઇએ આ વાતને સૂત્રકાર કહે છે–**पढमं नाणं०** ઇત્યાદિ. જે વડે સ્વપરનો બોધ થાય છે તેને જ્ઞાન કહેછે.એજ્ઞાનપ્રથમ છે કેમકે જીવ આદિ નવ પદાર્થનું જ્ઞાન થયા પછી જ સંયમ અર્થાત્ ષડ્જીવનિકાયની દયાનું પાલન થઇ શકે છે. અહીં દયા શબ્દથી બધી ક્રિયાઓનું ગ્રહણ થાય છે. અર્થાત્ સમ્યગ્જ્ઞાનપૂર્વક કરેલી ક્રિયા જ સફળ થાય છે તેથી મુનિ જ્ઞાનપૂર્વક જ ક્રિયાઓ કરે છે. કારણ કે–તત્ત્વ અને અતત્ત્વના વિવેકથી રહિત અજ્ઞાની શું કરી શકે ? અર્થાત્ કશું નથી કરી શકતો અને જન્માંધની પેઠે એને હેય-ઉપાદેયનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? અર્થાત્ નથી થઇ શકતું, તેથી પહેલાં જ્ઞાનને માટેપ્ર યત્ન કરવો જોઇએ. કહ્યું છે કે–"જ્ઞાન વિનાની ક્રિયા નિરર્થક છે." (૧૦)

જ્ઞાનનું મહત્ત્વ બતાવીને હવે એની પ્રાપ્તિનો ઉપાય કહે છે–**सोच्चा जाणइ०** ઇત્યાદિ.

## ૩૦સંયમજ્ઞ કા પરિચય

કર્મોથી ઉત્પન્ન થનારી બધી આધિ-વ્યાધિ અને બાધાથી રહિત મોક્ષની પ્રાપ્તિ કરાવનારને અથવા જ્ઞાન-દર્શન ચારિત્રરૂપી આરોગ્યથી, હિતવચન અથવા ઉપદેશથી સંસારના વિષયરૂપી વિશાળ વનમાં ભભુકતા ઇષ્ટવિયોગ–અનિષ્ટસ યોગરૂપી દાવાગ્નિની જ્વાળાઓમાં બળતા જીવોને શાન્તિ દેનારને કલ્યણ (સંયમ) નું જ્ઞાન ગુરૂમુખથી શ્રવણ કરવાથી જ થાય છે. પાપ અર્થાત્ નરક આદિ કુગતિઓમાં પાડનારા અસંયમનું જ્ઞાન પણ સાંભળવાથી જ થાય છે; તથ એ બેઉનું જ્ઞાન પણ સાંભળવાથી જ થાય છે; તેથી એમાં જે શ્રેષ્ઠ (હિતકર) હોય એમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. (૧૧)

**जो जीवे वि०** ઇત્યાદિ- જે પુરૂષ એકેન્દ્રિય આદિ જીવોના સ્વરૂપને જાણતો નથી અને જીવથી ભિન્ન પુદ્ગલ આદિ અજીવોને જાણતો નથી, એ રીતે બેઉને જાણતો નથી તે અજ્ઞાની પ્રાણાતિપાત આદિથી વિરમણરૂપ સત્તર પ્રકારના સંયમને કેવી રીતે જાણશે ? અર્થાત્ નહિ જાણી શકે, કારણ કે સંયમ ત્યારે જ થઈ શકે છે કે જયારે જીવ અને અજીવનું જ્ઞાન થાય છે. (૧૨)

સંયમનો જ્ઞાતા કોણ થઈ શકે છે ? તે હવે કહે છે–**जो जीवे वि०** ઇત્યાદિ.

જે જીવોને જાણે છે, અને અજીવો ને જાણ છે તે જીવ અને અજીવને જાણનાર મુનિ સંયનનો જ્ઞાતા થઈ શકશે. (૧૩)

**जया जीव०** ઈત્યાદિ. જ્યારે જીવ અને અજીવનું જ્ઞાન થઈ જાય ત્યારે સર્વ જીવોની નાના પ્રકારની દેવ મનુષ્ય તિર્યંચ અને નારક રૂપ ગતિઓનું પણ જ્ઞાન થાય. એક ભવમાંથી બીજા ભવમાં જવાને ગતિ કહે છે. (૧૪)

**जया गइं** ઇત્યાદિ. જ્યારે સર્વ જીવોની ઘણા પ્રકારની ગતિઓને જાણે ત્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને પણ જાણે.

જે આત્માને પવિત્ર કરે છે, શુભ બનાવે છે, તેને પુણ્ય કહે છે. સંસારસાગરથી પાર ઊતરવાને માટે પુણ્ય એ તરણી (નૌકા) સમાન છે. પુણ્યથી જ આર્યદેશ તથા ઉત્તમ કુળમાં જન્મ અને બોધિબીજ-જિનધર્મની પ્રાપ્તિ થાય છે. વધારે શું કહેવું ? તીર્થંકર-ગોત્ર પણ પુણ્યથી જ બંધાય છે.

જે પુણ્યને સર્વથા હેય માનીને તેનો ત્યાગ કરે છે, તે સંસાર-સાગરમાં ગોથાં ખાય છે, જેમકે મધ્ય-સમુદ્રમાં નૌકાનો ત્યાગ કરી નાંખનાર પુરૂષ સમુદ્રમાં ડુબતાં દુઃખ પામે છે.

શંકા-પુણ્ય અને પાપ એ બેઉનો ક્ષય થયા પછી મોક્ષની પ્રાપ્તિ થાય છે, એવું શાસ્ત્રોમાં સાંભળવામાં આવે છે. તેથી પાપની પેઠે પુણ્ય પણ મોક્ષાર્થીઓને માટે ઉપાદેય નથી.

સમાધાન-એમ કહેવું તે બરાબર નથી, કારણ કે પુણ્ય બે પ્રકારનાં છે. (૧) પુણ્યાનુબંધિ પુણ્ય, (૨) પાપનુબંધિ પુણ્ય. પુણ્યાનુબંધિ પુણ્યનું લક્ષણ એવું છે કે—

પ્રાણીઓ ઉપર દયારાખવી; વૈરાગ્યભાવ થવો, આગમને અનુસાર ગુરૂઓની ભક્તિ કરવી, શુદ્ધ શીલ પાળવું, એ પુણ્યાનુબંધિ પુણ્ય છે (સ્થાનાંગ૦૧સ્થા૦ટીકા)

હરિભદ્રસૂરિએ-પણ કહ્યું છે કે—

"જેમ કોઈ મનુષ્ય એક સારા ગૃહમાંથી બીજા બહુ જ સારા ગૃહમાં જાય છે, તેમ પુણ્યના પ્રભાવથી જીવ અત્યંત શુભ ગતિને પામે છે."

એ પુણ્ય મોક્ષાર્થી પુરૂષોને માટે પણ ઉપાદેય છે, કારણ કે તેથી અવિનશ્વર-શાશ્વત મોક્ષરૂપી સંપત્તિની ઉત્પત્તિ થાય છે. કહ્યું છે કે—

મનુષ્યોએ પુણ્ય અવશ્ય કરવું જોઈએ. જેના પ્રભાવથી કદાપિ નષ્ટ ન થાય તેવી સર્વ પ્રકારની સંપદાઓ પ્રાપ્ત થાય છે."

બીજી વાત એ છે કે-શાસ્ત્રમાં મનુષ્યભવની પ્રાપ્તિ પુણ્યના ઉદયથી કહી છે અને મનુષ્યભવ મોક્ષપ્રાપ્તિનું કારણ માન્યું છે, તેથી પણ એમ સિદ્ધ થાય છે કે પુણ્ય મુમુક્ષુઓને માટે ઉપાદેય છે, કારણ કે પુણ્ય વિના મનુષ્ય-પર્યાય મળવો દુર્લભ છે. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે—

"ચાર પરમાંગ જીવને માટે દુર્લભ છે-(૧) મનુષ્યભવ, (૨) શુચિતા, (૩) સત્યધર્મમાં શ્રદ્ધા, (૪) સંયમમાં પરાક્રમ."

મનુષ્ય શરીર સંસારરૂપી સમુદ્રને પાર કરવાને માટે નૌકા-સમાન છે, તેથી સમજાય છે કે મનુષ્ય-શરીર મોક્ષનું કારણ છે. ઉત્તરાધ્યયન સૂત્રના તેવીસમા અધ્યયનમાં કહ્યું છેકે—

"(મનુષ્યનું) શરીર, નૌકા સમાન છે, જીવ, નાવિક (ખલાસી) સમાન છે અને સંસાર, સમુદ્ર સરખો છે, તેને મહર્ષિ પાર કરે છે."

એજ ઉત્તરાધ્યયનના દસમા અધ્યયનમાં મનુષ્ય જન્મની દુર્લભતા બતાવી છે-

"ચિરકાળ સુધી સર્વ-પ્રાણીઓને માટે મનુષ્યભવ અત્યંત દુર્લભ છે."

સ્થાનાંગ—સૂત્રમાં ત્રીજા સ્થાનકમાં કહ્યું છે કે—

"આ ત્રણ બોલોની અભિલાષા દેવ પણ રાખે છે. (૧) મનુષ્યભવ, (૨) આર્યક્ષેત્રમાં જન્મ, (૩) સુકુળની પ્રાપ્તિ."

ઉત્તરાધ્યયનના તેરમા અધ્યયનમાં પુણ્યનો સંગ્રહ કરવાની અત્યંત આવશ્યકતા પ્રતિપાદન વરવામાં આવી છે-

"હે રાજન્! આ નશ્વર જીવનમાં પુણ્ય અને ધર્મ ન કરનારા ઇહલોક પરલોકમાં મૃત્યુના મુખમાં ગયેલા શોચ કરે છે."

આગમમાં સાધુ આદિને માટે આહાર-ઉપકરણ આદિનું દાન કરવારૂપ પુણ્યને કર્તવ્ય માન્યું છે. આગમમાં કહ્યું છે કે—

"પુણ્ય નવ પ્રકારનું છે તે આ પ્રમાણે—(૧) અન્ન પુણ્ય, (૨) પાન-પુણ્ય, (૩) વસ્ત્ર-પુણ્ય, (૪) લયન-પુણ્ય, (૫) શયન-પુણ્ય, (૬) મનઃ-પુણ્ય, (૭) વચન-પુણ્ય, (૮) કાય-પુણ્ય, (૯) નમસ્કાર-પુણ્ય." ઇતિ.વળી કહ્યું છે કે—

"હે આયુષ્મન્ પુણ્ય-કૃત્ય કરવા યોગ્ય છે, પુણ્ય જ પાત્ર બનાવે છે, પુણ્ય જ સંપત્તિ અને યશને વધારે છે" ઇતિ.

જેથી મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય અને અશુભ યોગ ઉત્પન્ન થાય, યા એમાનું કોઇ એક ઉત્પન્ન થાય, તે ત્યાજ્ય હોય છે. પુણ્ય એમાંના કોઇને ઉત્પન્ન કરતું નથી. તેથી તેને અનુપાદેય બતાવવું એ આકાશના પુષ્પની સમાન અસત્ છે. પુણ્ય અશુભ ભાવોને દૂર કરે છે, તેથી તેની કર્તવ્યતા સ્વયંસિદ્ધ છે. જે અશુભ ભાવોનું વિરોધી હોય છે તે અવશ્ય કર્તવ્ય હોય છે. જેમકે સંયમ

શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે-"પુણ્ય અને પાપ બેઊનો ક્ષય થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે" તે એ પ્રકારે સમજવું કે-જેમ સમુદ્રને પાર કરીને પછી નૌકાનો ત્યાગ કરવામાં આવે

છે. જેમ સમુદ્રના બીજા કિનારા પર બનેલા ઘરમાં જવાની ઇચ્છા કરનારો પથિક વિચારે છે કે " હું સમુદ્રને કેવી રીતે ઊતરી શકીશ ?" એ વખતે નૌકાને જોઇને એ પથિક જો એમ વિચાર કરવા લાગે કે "આથી તો હું પેલા કિનારા સુધી જ પહોંચી શકીશ, ઘર સુધી નહીં પહોંચી શકું," એવા વિચારથી નૌકાનું અવલંબન ન કરે તો તે કદાપિ ઘેર પહોંચી શકશે નહિ. જો નૌકામાં બેઠેલો કોઈ પથિક સમુદ્રની વચ્ચે એવો વિચાર કરીને નૌકાનો ત્યાગ કરી દે તો પણ ઘેર પહોંચતો નથી. બલ્કે સમુદ્રના ચંચળ તરંગો અને ભમ્મરીઓથી યુક્તઅથાગ જલમાં પડી જશે અને મરણ પણ પામશે. પરન્તુ જે વિવેકી પથિક નૌકાનો આશ્રય લે છે તેને નૌકા પેલે પાર પહોંચાડી દે છે. નૌકા આગળ ગતિ કરવામાં અસમર્થ હોવાથી પથિક એનો ત્યાગ કરીને સ્વાવલંબી બનીને પોતાને ઘેર પહોંચી જાય છે.

એ પ્રકારે ભવ્ય જીવ સંસારને પેલેપાર અર્થાત્ મોક્ષે જવા ઇચ્છનો હોય છે તે મનુષ્ય શરીરરૂપી આ કિનારા પર ઉભો રહીને વિચાર કરે છે કે 'હું દુઃખોથી ભરેલાં તુર્ગતિકચ સંસાર-સાગરને કેવી રીતે પાર કરી શકીશ ?' ત્યારે મુનિજનોના ઉપદેશથી, અથવા શાસ્ત્રો દ્વારા દયા દાન આદિ પુણ્યનો મહિમા જાણીને પુણ્યનો આશ્રય લે તો સુખપૂર્વક સંસાર-સાગરને પેલેપાર પહોંચી શકે છે.

અથવા જેને કોયલા જોઇતા હોય છે તે પુરૂષ લાકડાને અગ્નિ લગાડે છે અથવા બીજાઓએ સળગાવેલા અગ્નિને ગ્રહણ કરે છે, અને પછી એ અગ્નિનો હોલવી નાંખે છે. અગ્નિ હોલવાઈ જતાં કોયલા ઉત્પન્ન થાય છે, એ રીતે અગ્નિનો આશ્રય લીધા વિના કોયલા કદાપિ પ્રાપ્ત થતા નથી. અર્થાત જેમ કોયલાની પ્રાપ્તિ માટે અગ્નિના ધ્વંસ કારણ બને છે અને ધ્વંસ પ્રતિયોગિ-સાપેક્ષ હોય છે, માટે અગ્નિનો ધ્વંસનો પ્રતિયોગી અગ્નિ પણ ઉપાદેય બને છે એજ રીતે મોક્ષનું કારણ પુણ્યનો ધ્વંસ છે. એટલે ધ્વંસનું પ્રતિયોગી પુણ્ય પણ મોક્ષને માટે ઉપાદેય છે. એનું ઉપાદાન કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થઇ શકતી નથી. કારણ કે પહેલાં શુભ-પરિણામરૂપ પુણ્યનું ઉપાર્જન કરીને પછી ધ્યાન આદિ શુદ્ધ પરિણામોથી એનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

એ રીતે આગમમાં કર્તવ્યરૂપે પ્રતિપાદન કર્યું હોવાથી તથા શુદ્ધ ભાવનું કારણ હોવાથી એ સારી રીતે સિદ્ધ થઈ ગયું કે પુણ્ય અવશ્ય કર્તવ્ય છે.

આત્માને શુભ પરિણામોથી દૂર રાખે છે—શુભ પરિણામ થવા દેતું નથી તેને પાપ કહે છે. તે પુણ્યનું વિરોધી છે.

આત્મા જેથી બદ્ધ-પરતંત્ર થઇ જાય છે તે અર્થાત્ અભીષ્ટ સ્થાનની પ્રાપ્તિ કરાવનારી ગતિને રોકનાર બંધ કહેવાય છે. અથવા જેમ લોઢાનો ગોળો અને અગ્નિ એક-મેક બની જાય છે, તેમ જીવ અને કર્મોમાં એકતાનું જ્ઞાન કરાવનાર બંધ હોય છે. બેડી આદિ દ્રવ્ય બંધ છે અને રાગ દ્વેષ આદિ ભાવ-બંધ છે. જેમ દ્રવ્ય-બંધ-હેડ કે બેડી આદિથી બંધાયેલો મનુષ્ય ધારેલે સ્થાને ન પહોંચી શકવાને કારણે કારાગાર આદિમાં જ વિવિધ વેદનાઓ દ્વારા દારૂણ દશા પ્રાપ્ત કરતાં દુઃખ પામે છે તેમ જ્ઞાનાવરણ આદિ આઠ કર્મસ્વરૂપ ભાવ-બંધ-રૂપી બેડીને કારણે, અનંત અવિનાશી સુખરૂપી સંપત્તિથી શોભિત, અવ્યાબાધ અને અભીષ્ટ

મોક્ષસ્થાનની પ્રાપ્તિ વિના જન્મ-જરા મરણ આદિથી થતાં અપરિમિત દુઃખ ભોગવતાં જીવ આ સંસારરૂપી ખાડામાં પડીને કષ્ટ ભોગવે છે.

પ્રશ્ન-આત્મા અમૂર્ત (અરૂપી) છે અને કર્મ મૂર્ત (રૂપી) છે. એ કારણે એ બેઉનો પરસ્પર બંધ કેવી રીતે થઇ શકે ? જો મૂર્તનો બંધ અમૂર્તની સાથે થઇ શકે તો આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાલની સાથે પણ કર્મોનો બંધ થઇ જશે, કારણ કે તે પણ અમૂર્ત છે.

ઉત્તર-તમે કહો છો કે આત્મા અમૂર્ત છે, તો બતાવો કે આત્મા સર્વથા અમૂર્ત છે કે કથંચિત્ અમૂર્ત છે ? જો કહેશો કે આત્મા સર્વથા અમૂર્ત છે તો હેતુ અસિદ્ધ થઇ જશે, કારણ કે આગમમાં આત્માને સર્વથા અમૂર્ત માન્યો નથી.

અગર 'કથંચિત્ અમૂર્ત' કહેશો તો કથંચિત્ મૂર્ત પણ થશે , અને જે (સંસારાવસ્થાની) અપેક્ષાએ આત્મા મૂર્ત છે તે અપેક્ષાએ કર્મોનો બંધ થાય છે. મુકતાત્મા મૂર્ત નથી તેથી તેને બંધ પણ થતો નથી.

અથવા જેમ આકાશ અમૂર્ત છે અને ઘટ મૂર્ત છે, તથાપિ એ બેઉનો સંયોગ-સંબંધ થાય છે, અને જેમ મૂર્ત હાથ તથા હાથથી થનારી અમૂર્ત ક્રિયાનો બીજાઓએ સમવાય-સંબંધ સ્વીકાર્યો છે, એ પ્રકારે અમૂર્ત આત્મા અને મૂર્ત કર્મનો બંધ પણ યુક્તિયુક્ત જ છે.

અથવા જેમ આત્માથી સંબદ્ધ આ શરીર પ્રત્યક્ષથી સિદ્ધ છે તેમ પરલોકમાં ગમન કરાવનારૂં કાર્મણ શરીર પણ આત્માથી સંબદ્ધ છે એવો સ્વીકાર કરવો જોઇએ.

જો એમ કહો કે 'અપૂર્વ' યા 'અદૃષ્ટ' ને કારણે આ શરીર પરલોકને માટે ગતિ કરાવે છે, તો અમે પૂછીશું કે એ અદૃષ્ટ અમૂર્ત છે કે મૂર્ત ? અમૂર્ત છે તો સ્થૂલ મૂર્ત શરીરની સાથે અદૃષ્ટનો સંયોગ કેવી રીતે થયો ?, તમારે મતે એમ થવું અસંભવિત છે. અદૃષ્ટના સંબંધ વિના સ્થૂલ શરીરમાં ચેષ્ટા થઈ શકતી નથી. સંભવ માનો તો આત્મા અને કર્મના સંયોગે શો અપરાધ કર્યો છે ? અર્થાત્ જો અમૂર્ત અદૃષ્ટ અને મૂર્ત શરીરનો સંબંધ થઈ શકે છે તો આત્મા અને કર્મનો પણ સંયોગ થઈ શકે છે.

અગર અદૃષ્ટ (ભાગ્ય) ને મૂર્ત માનો તો અમૂર્ત આત્માની સાથે એનો સંબંધ સ્વીકારવાથી એમ માની લીધું કે અમૂર્ત અને મૂર્તનો સંબંધ થાય છે, જેમ આંધળો સર્પ અહીં-તહીં ભટકીને પછી દરમાં પ્રવેશ કરે છે, તેમ તમે કલ્પનાથી અહીં-તહીં દોડીને છેવટે અમૂર્તનો મૂર્તની સાથે સંબંધ સ્વીકાર કરી લીધો.

પ્રશ્ન-કર્મનો સંયોગ થયા પછી આત્મા મૂર્ત થાય છે અને મૂર્ત થયા પછી બંધ થઈ શકે છે, પરન્તુ કર્મબંધ થયા પહેલાં તો આત્મા મૂર્ત ન હતો, અમૂર્ત હતો, પછી બંધની સંભાવના કેવી રીતે હોઇ શકે છે ?

ઉત્તર-જેમ ખાણમાં રહેલા સુવર્ણ તથા પાષાણનો સંબંધ અનાદિ કાળનો છે. તેમ જીવ અને કર્મનો પણ સંબંધ અનાદિકાળનો છે.

કોઈ-કોઈ એમ કહે છે કે જેની આદિ નથી તેનો અંત પણ હોતો નથી, જેમકે જીવ અને આકાશનો સંબંધ કદાપિ નષ્ટ થતો નથી. એ નિયમાનુસાર જો જીવ-કર્મનો સંબંધ અનાદિકાળનો છે તો કદાપિ તેનો અંત થશે નહિ, પછી કોઇને મોક્ષ મળી શકશે નહિ.

એનું એ કથન દૂષિત છે, કારણ કે ઘટ આદિનો પ્રાગ્ અભાવ જો કે અનાદિકાળનો છે; તોપણ ઘટ ઉત્પન્ન થતાં જ તેનો અંત થઈ જાય છે. બીજ તથા વૃક્ષની પરંપરા પણ અનાદિકાળની છે તથાપિ જો બીજ બળી જાય તો એ પરંપરાનો અભાવ થઈ જાય છે, તેથી

આત્મ-કર્મ-સંયોગ અનાદિ હોવા છતાં પણ સાન્ત થઇ શકે છે બંધનું સ્વરૂપ કહે છે-

બંધ ચાર પ્રકારનો છે. (૧) પ્રકૃતિ-બંધ, (૨) સ્થિતિ-બંધ, (૩) અનુભાગબંધ અને પ્રદેશ-બંધ.

(૧) પ્રકૃતિ-બંધ-પ્રકૃતિ સ્વભાવને કહે છે, અર્થાત્ આત્મા વડે ગ્રહણ કરાયલાં કર્મોમાં અમુક-અમુક પ્રકારની શક્તિ આવિ જવી તે. જેમ લીંબડાનો સ્વભાવ કટુતા (કડવાશ) છે, ગોળનો સ્વભાવ મધુરતા (મિઠાશ) છે, ઇત્યાદિ. એ રીતે જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ આત્માના જ્ઞાનને આચ્છાદિત કરવાનો (ઢાંકવાનો) છે ૧. દર્શનાવરણનો સ્વભાવ દર્શનને રોકવાનો છે ૨. અવ્યાબાધ ગુણને પ્રકટ ન થવા દેવા એ વેદનીય-કર્મનો સ્વભાવ છે ૩. જીવાદિ તત્ત્વોમાં રૂચિ ન થવા દેવી: તથા ચારિત્રને રોકવું એ મોહનીય-કર્મનો સ્વભાવ છે ૪. કોઈ શરીરમાં આત્માને રોકી રાખવો એ આયુ-કર્મનો સ્વભાવ છે ૫. અમૂર્તત્વ ગુણને પ્રકટ થવા ન દેવો એ નામકર્મનો સ્વભાવ છે ૬. અગુરૂ-લઘુત્વ ગુણનો નાશ કરવો એ ગોત્રકર્મનો સ્વભાવ છે ૭. તથા દાન લાભ ભોગ ઉપભોગ અને વીર્યમાં વિઘ્ન નાખવું એ અંતરાય-કર્મનો સ્વભાવ છે ૮. એને પ્રકૃતિ-બંધ કહે છે.

(૨) સ્થિતિબંધ-બંધાયલાં કર્મ આત્માની સાથે જઘન્ય કેટલા કાળસુધી રહેશે અને ઉત્કૃષ્ટ કેટલા કાળસુધી રહેશે એ કાળની મર્યાદાને સ્થિતિબંધ કહે છે.

(૩) અનુભાગ બંધ-ફળ આપનારી કર્મોની શક્તિના તારતમ્યને અનુભાગ-બંધ-કહે છે.

(૪) પ્રદેશબંધ-કેટલાં કર્મો આત્માની સાથે બંધને પ્રાપ્ત થયાં છે, એ પ્રકારે કર્મ પ્રદેશોની પરિગણનાને પ્રદેશ-બંધ કહે છે. કહ્યું છે કે-

"સ્વભાવને પ્રકૃતિબંધ, કાળની મર્યાદાને સ્થિતિબંધ, રસને અનુભાગ-બંધ અને કર્મ પુદ્ગલોના સમૂહને પ્રદેશબંધ કહે છે." (૧)

સરળતાથી સમજવાને માટે મોદકનું દૃષ્ટાંત આપીને ચારે બંધોનું સ્વરૂપ બતાવે છે-

(૧) જેમ કોઈ ઔષધ-મોદકની પ્રકૃતિ વાયુને હરવાવાળી છે. કોઇની શક્તિ પિત્તને હરવાવાળી છે, અને કોઈ મોદકની પ્રકૃતિ બુદ્ધિને નષ્ટ કરવાવાળી હોય છે. એ રીતે કોઈ કર્મની પ્રકૃતિ જ્ઞાનનું આવરણ કરનારી હોય છે, કોઈની દર્શનનું આવરણ કરનારી હોય છે એ રીતે ભિન્ન-ભિન્ન શક્તિવાળાં કર્મોનો બંધ થવો એ પ્રકૃતિબંધ કહેવાય છે.

(૨) જેમ કોઈ મોદકની સ્થિતિ એક સપ્તાહની હોય છે, કોઇ મોદકની સ્થિતિ એક પક્ષ (પખવાડિયું) ની હોય છે, કોઈ મોદકની સ્થિતિ એક માસની હોય છે, તેમજ કોઇ કર્મની સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની હોય છે, કોઇની વીસ કોડાકોડી સાગરોપમની હોય છે; કોઇની સત્તર કોડાકોડી સાગરોપમની હોય છે., કોઇ કર્મની સ્થિતિ માત્ર અંતર્મુહૂર્તની હોય છે. એ પ્રકારે વિભિન્ન કર્મોનું અમુક સમય સુધી આત્માની સાથે સ્થિત રહેવું એ સ્થિતિબંધ કહેવાય છે,

(૩) જેમ કોઈ મોદકનો સ્વાદ (રસ) બહુ મીઠો હોય છે. કોઇ મોદકનો ઓછો મીઠો હોય છે, કોઇ મોદકનો સ્વાદ બહુ કડવો હોય છે, કોઇનો ઓછો કડવો હોય છે, કોઇનો સ્વાદ ન વધુ મીઠો કે ન વધુ કડવો હોય છે, તેને દ્વિગુણ (બેવડો) કરવાથી તે મંદ-મંદતર આદિ કહેવાવા લાગે છે, એજ રીતે કર્મોનો રસ શુભ અશુભ રૂપથી તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, મંદ, મંદતર, મંદતમ આદિ ભેદોએ કરીને વિવિધ પ્રકારનો થાય છે. એને

જ અનુભાગબંધ યા રસબંધ કહે છે.

૧. શુભ કર્મોનો અનુભાગ (રસ) દ્રાક્ષ, શેરડી, દૂધ યા મધના જેવો અતિમધુર હોય છે.

એના ઉપભોગથી આત્મામાં અત્યંત આનંદ ઉત્પન્ન થાય છે. અશુભ કર્મોનું ફળ લીંબડો, કરિયાતું આદિની પેઠે અત્યંત તિક્ત હોય છે. એનો અનુભવ કરવાથી જીવ અતિશય વ્યાકુળતા પ્રાપ્ત કરે છે. તીવ્ર તીવ્રતર આદિ સમજાવવાને ઉદાહરણ આપે છે–શેરડી યા લીંબડામાંથી કાઢેલો કોઇનો ચાર શેર રસ 'સ્વભાવિક રસ' કહેવાય છે. જો તેને અગ્નિ પર ઉકાળવાથી ત્રણ શેર રહે તો તે તીવ્ર કહેવાય છે, ફરી ઉકાળવાથી બે શેર રહે તો તે તીવ્રતર કહેવાય છે. અને તેને ફરીથી ઉકાળતા માત્ર શેર બાકી રહે તો તે તીવ્રતમ કહેવાય છે.

શેરડી અને લીંબડાના એક શેર સ્વાભાવિક રસમાં જો એક શેર પાણી મેળવવામાં આવે તો મંદ બશેર પાણી મેળવતાં મંદતર અને ત્રણ શેર પાણી મેળવવાથી મંદતમ રસ કહેવાય છે.

(૪) જેમ કોઈ મોદકમાં આટા આદિનો પ્રદેશ પરિમાણમાં બે તોલા હોય છે, કોઇમાં ત્રણ તોલા હોય છે; એજ રીતે કોઈ કર્મદળમાં અધિક સંખ્યાવાળા પ્રદેશો હોય છે, કોઇ કર્મદળમાં ઓછી સંખ્યાવાળા પ્રદેશો હોય છે, એમ ન્યૂનાધિક રૂપે કર્મવર્ગણાઓની સાથે આત્માનો સંબંધ થવો એ પ્રદેશબંધ છે.

છૂટવાને મોક્ષ કહે છે. મોક્ષના પણ બે પ્રકાર છે. (૧) દ્રવ્ય–મોક્ષ અને (૨) ભાવમોક્ષ બેડી વગેરેથી છૂટવું એ દ્રવ્યમોક્ષ છે અને જ્ઞાનાવરણ આદિ આઠ કર્મરૂપી પાશથી આત્માનું મુક્ત થઇ જવું તે ભાવમોક્ષ છે.

અહીં સર્વ કર્મોના આત્યન્તિક અભાવથી ઉત્પન્ન થનારાં અનંત જ્ઞાન, શાશ્વત–સ્થિતિ કૃતકૃત્યતા, અવ્યાબાધ–સુખ–સ્વરૂપ ભાવમોક્ષને ગ્રહણ કરવામાં આવેલ છે.

બૌધમતાવલંબીઓ માને છે કે—"જેમ દીપક બુઝાઈ જાય છે તેમ આત્માનો અભાવ થઈ જવો એ મોક્ષ છે," કહ્યું છે કે—

"જેમ દીપકની જ્વાલા જ્યારે નષ્ટ થઈ જાય છે, ત્યારે નથી તે ભૂમિની તરફ જતી, નથી વિદિશામાં જતી પરંતુ સ્નેહ (તેલ) ના અભાવ થવાથી શાન્ત થઈ જાય છે. (૧)

એ રીતે મુક્ત જીવ નથી ભૂમિની તરફ જતો, નથી આકાશની તરફ જતો, નથી કોઇ દિશામાં જતો, હા, દુઃખોનો ક્ષય થઈ જવાથી શાન્ત થઇ જાય છે, અર્થાત્ મુક્ત અવસ્થામાં જીવનો અભાવ થઈ જાય છે." (૧)

એમ માનનારા બૌદ્ધોનું ખંડન મોક્ષના લક્ષણમાં આવેલા 'શાશ્વત અવસ્થિતિ' શબ્દ વડે કરવામાં આવ્યું છે, કારણ કે સત્ પદાર્થનો કદાપિ અભાવ થતો નથી. જો સત્ પદાર્થનો અભાવ થઇ શકતો નથી તો આત્માની પણ સર્વ કર્મોથી રહિત વિદ્યમાન અવસ્થા અવશ્ય હોવી જોઇએ.

બૌધ—જો દીપકની જ્વાલાનો તથા મેઘનો નિરન્વય નાશ જોવામાં આવે છે, તો આત્માનો નિરન્વય (સર્વથા) નાશ કેમ ન થઈ શકે ?

જૈન—એમ કહેવું સત્ય નથી કે દીપક જ્વાલાઅને મેઘનો નિરન્વય નાશ થઇ જાય છે. સૂક્ષ્મરૂપથી પરિણમન થવાથી જો કે તે ઇન્દ્રિયગોચર થતાં નથી, તથાપિ એનો સર્વથા અભાવ થઇ જતો નથી. તે બીજી સૂક્ષ્મ અવસ્થાને પામે છે. એ રીતે પ્રદીપ અવસ્થાવાળાં પુદ્ગલ અંધકારરૂપમાં પરિણત થઇ જાય છે. મેઘ જ્યારે છિન્ન-ભિન્ન થઇ જાય છે ત્યારે તે સૂક્ષ્મરૂપમા પરિણત થઇ જવાથી ઇંદ્રિયોદ્વારા ગ્રહણ થઇ શકતો નથી, તોપણ પુદ્ગલના રૂપમાં વિદ્યમાન તો રહે જ છે, એવી જ રીતે સર્વ કર્મોથી રહિત, શુદ્ધ, સિદ્ધ, બુદ્ધ અને અનંત ગુણોથી સમૃદ્ધ આત્મા મોક્ષ અવસ્થામાંપણ વિદ્યમાન રહે છે.

'અનન્ત જ્ઞાન વિશેષણથી નૈયાયિક-વૈશેષિક મતનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

તેની માન્યતા એવી છે કે "બુદ્ધિ, સુખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર, એ આત્માના નવ વિશેષ ગુણોનો અત્યંત વિનાશ થઇ જવો એ મોક્ષ છે."

અહીં પૂછવાનું એ છે કે-બુદ્ધિ આદિ ગુણ આત્માથી ભિન્ન છે કે અભિન્ન ? જો અભિન્ન છે તો ગુણોનો નાશ થયા બાદ આત્માનો પણ નાશ થઇ જશે, કારણ કે આત્મા અને ગુણ ભિન્ન નથી-જેમકે ઉષ્ણતાનો નાશ થવાથી અગ્નિનો પણ નાશ થઇ જાય છે, જો

આત્માનો નાશ થઈ જશે તો પછી મોક્ષ કોનો થશે ? અગર જો કહો કે એ ગુણ આત્માથી ભિન્ન છે તો આત્માની સાથે એનો ગુણ-ગુણીનો સંબંધ કેવી રીતે થયો ? ભિન્ન હોવાને કારણે જેમ અગ્નિ અને શીતલતામાં ગુણ-ગુણી સંબંધ નથી હોતો. તેવી રીતે આત્મા અને બુદ્ધિ આદિનો પણ સંબંધ નથી હોઇ શકતો. જો સમવાય સંબંધથી ગુણ-ગુણીભાવ માની લેશો તો બુદ્ધિ આદિ ગુણોનો નાશ નથી થઈ શકતો, કારણ કે સમવાય સંબંધને તમે નિત્ય માન્યો છે. એથી બુદ્ધિ આદિ આત્માના ગુણ જ સિદ્ધ થતા નથી. જો કે એ સંબંધ યુક્તિથી તો સિદ્ધ નથી થતો, તોપણ માની લેશો તો જો મોક્ષમાં જ્ઞાન અને સુખ આદિનો અભાવ થઇ જાય છે તો કયો બુદ્ધિમાન પોતાના આત્માને એ ગુણોથી રહિત જડની સમાન બનાવવાનો પ્રયત્ન કરશે ? તમારા એવા મોક્ષ કરતાં તો સંસાર જ સારો કે જેમાં દુઃખોની સાથે સાથે કોઇ-કોઇવાર થોડું-ઘણું સુખ પણ મળી જાય છે લોકોમાં પણ તમારા માનેલા મોક્ષની હાંસી ઉડાવવામાં આવે છે. સાંભળો—

"હું મનોહર વૃન્દાવનમાં શૃગાળ (શિયાળ) થઇ જવાનું પસંદ કરૂં છું, પરંતુ વૈશેષિકોનો મોક્ષ નથી પસંદ કરતો." (૧)

જેઓ કહે છે કે "મોક્ષ અનંત સુખસ્વરૂપ છે" અર્થાત્ મોક્ષમાં સુખ જ અવશિષ્ટ રહી જાય છે. બીજું કશું નથી રહેતું, તેઓનું એ માનવું પણ સમીચીન નથી એ અનંત સુખ મુક્તાત્માના જ્ઞાનનો વિષય છે કે નહિ ? પહેલો પક્ષ સ્વીકારો તો અનંત સુખને જાણવાને માટે અનંત જ્ઞાન પણ જોઇએ અનંત જ્ઞાન વિના અનંત સુખનો બોધ થઇ શકતો નથી. બીજો પક્ષ સ્વીકારો તો સુખ-સ્વભાવતા સિદ્ધ થઇ શકતી નથી. કારણ કે સાતારૂપ સંવેદનને જ સુખ કહે છે જો સંવેદન જ હોતું નથી તો સુખ થઇ જ શકતું નથી. તેથી "અનંત જ્ઞાનથી રહિત સુખ-સ્વભાવવાળો મોક્ષ" નહિ માનવો જોઇએ.

પ્રકૃતિ જ્યારે ઉપરત થઇ જાય છે ત્યારે પુરૂષ પોતાના સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે;"

એવી સાંખ્યમતાનુયાયીઓની માન્યતા છે આત્મનઃ શબ્દથી એનું નિરાકરણ કરવામાં આવ્યું છે. સાંખ્યમતમાં પ્રકૃતિ અને પુરૂષનો સંયોગ જ સિદ્ધ નથી થતો તો મોક્ષની ચર્ચા જ શું કરવી ? તેજ આગળ બતાવવામાં આવે છે કે—પ્રકૃતિનો સ્વભાવ પ્રવૃત્તિ કરવાનો છે કે નહિ ? પહેલો પક્ષ દૂષિત છે, કારણ કે પ્રકૃતિનો સ્વભાવ જો સર્વદા પ્રવૃત્તિ કરવાનો છે તો એ પ્રવૃત્તિની નિવૃત્તિ થઇ શકતી નથી, અને તે કારણે કદાપિ મોક્ષ પણ થશે નહિ બીજો પક્ષ પણ વિચાર કરવાથી બાધિત થઇ જાય છે. જો પ્રકૃતિ પ્રવૃત્તિ જ નહિ કરે તો સંસાર કેવી રીતે થશે ? અને જો સંસાર (કર્મસહિત અવસ્થા) જ નથી તો મોક્ષ શાનાથી થશે ? અર્થાત્ કોઇ પ્રકારે મોક્ષ જ નથી બનતો, જો મોક્ષ નથી બનતો તો તેના લક્ષણની નિર્દોષતા પણ સિદ્ધ થઈ શકે નહિ.

આજીવક સંપ્રદાયવાળા એમ કહે છે કે—"આત્મા મોક્ષથી પાછો ફરી આવે છે. કહ્યું છે કે—

"ધર્મતીર્થની સ્થાપના કરનારા જ્ઞાનીઓ પરમ પદને પ્રાપ્ત થઇને જ્યારે તીર્થનો અનાદર થવા લાગે છે ત્યારે મોક્ષમાંથી પાછા સંસારમાં આવી જાય છે." (૧)

એનો એ મત 'पुनरप्रादुर्भावतया' એ વિશેષણથી ખંડિત થઈ ગયો છે. કારણ કે કર્મોનો નાશ થવાથી જ મોક્ષ થાય છે. અને કર્મ કર્મોથી જ ઉત્પન્ન થાય છે. મોક્ષમાં કર્મોનો અભાવ થઈ જવાથી કર્મોની ઉત્પત્તિ થતી નથી, તેથી સંસારમાં ફરી આવવાનો

સંભવ નથી, કારણ વિના કાર્યની ઉત્પત્તિ થઇ શકતી નથી, એવું સર્વ સિદ્ધાન્તવાળાઓ સ્વીકારે છે.

મંડલીમતના માનનારાઓ કહે છે કે "આત્મા સદા ઉપર ચાલ્યો જાય છે, કયાંય થોભતો-રહેતો નથી" આ કથન ઉન્મત્ત પુરૂષના પ્રલાપ જેવું છે, કારણ કે લોકાકાશની પછી ધર્માસ્તિકાયનો સદ્ભાવ જ નથી. એ વાત પ્રમાણથી સિદ્ધ થએલી છે કે ધર્માસ્તિકાય વિના જીવ અને પુદ્ગલોની ગતિ બાહ્ય કારણ વિના થઇ શકતી નથી, કારણ કે 'એ ગતિ છે, જે જે ગતિ હોય છે તે તે બાહ્ય નિમિત્તની અપેક્ષા રાખે છે,' ગતિમાં બાહ્ય નિમિત્ત ધર્માસ્તિકાય જ હોઇ શકે છે. કારણ કે અન્ય કોઈમાં એવી શકિત નથી. એ ધર્માસ્તિકાય લોકાકાશથી આગળ નથી, તેથી લોકાકાશથી આગળ આત્મા ગમન કરી શકતો નથી. એટલે સિદ્ધ થયું કે "આર્હતમત (જૈનમત)માં માનેલું મોક્ષનું લક્ષણ જ સર્વથા નિર્દોષ છે."

પ્રશ્ન—મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકી–પર્યાયસ્વરૂપ જ સંસાર છે. એ ચારે અવસ્થાથી ભિન્ન કોઇ આત્માની ઉપલબ્ધિ થતી નથી. તેથી સંસારનો અભાવ હોવાથી આત્માનો પણ અભાવ થઇ જશે. તેથી મોક્ષને અભાવસ્વરૂપ માનવો જોઈએ.

ઉત્તર—નારક આદિ જીવના પર્યાયો છે. પર્યાયોનો નાશ થવાથી પર્યાયી (આત્મદ્રવ્ય) નો નાશ નથી થતો, બલ્કે બીજો પર્યાય ઉત્પન્ન થઇ જાય છે. જેમકે સોનાના કડાનો નાશ થવાથી સોનાનો નાશ નથી થતો, પરન્તુ કુંડલ આદિ બીજો પર્યાય ઉત્પન્ન થાય છે. તેવી રીતે નારક આદિ પર્યાયોનો નાશ થતાં પણ આત્માનો નાશ નથી થતો કિન્તુ સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે અથવા—

નારક આદિ પર્યાયો કર્મકૃત છે. તેથી કર્મનો અભાવ થતાં તેનો પણ અભાવ થાય છે. કારણનો અભાવ થવાથી કાર્યનો પણ અભાવ થઇ જાય છે, જેવી રીતે અગ્નિનો અભાવ થવાથી ધુમાડાનો પણ અભાવ થાય છે. આત્મા કર્મકૃત નથી, એ સ્વાભાવિક છે. તેથી કર્મનો અભાવ થતાં આત્માનો નાશ સંભવિત નથી, જેમ તંતુઓનો નાશ થવાથી ઘટનો અભાવ થતો નથીએથી કરીને મોક્ષ એ અભાવસ્વરૂપ નથી શાસ્વત સ્થિતિવાળો છે.

સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર–સ્વરૂપ રત્નત્રય મોક્ષનું કારણ છે. રત્નત્રયમાંથી કોઇ એક ન હોય તો મોક્ષ થઇ શકતો નથી જેમ કે સુવર્ણ અને પાષાણનો વિયોગ, અર્થાત્ જેમ-(૧) એકલા જ્ઞાનદ્વારા પાષાણથી સુવર્ણ અલગ કરી શકાતું નથી, કારણ કે શ્રદ્ધાન તથા ક્રિયાનો અભાવ છે. (૨) કેવળ શ્રદ્ધાનથી પણ અલગ કરી શકાતું નથી, કારણ કે જ્ઞાન અને ક્રિયાનો અભાવ છે. (૩) કેવલ ક્રિયાથી પણ અલગ કરી શકાતું નથી કારણ કે જ્ઞાન અને શ્રદ્ધાન નથી (૪) જ્ઞાન અને શ્રદ્ધાનથી પણ સુવર્ણ અને પાષાણ અલગ કરી શકાતાં નથી કારણ કે ત્યાં ક્રિયા નથી. (૫) જ્ઞાન અને ક્રિયા માત્રથી પણ અલગ કરી શકાતાં નથી કારણ કે શ્રદ્ધાન નથી. (૬) શ્રદ્ધાન અને ક્રિયાથી પણ અલગ કરી શકાતાં નથી કારણ કે જ્ઞાનનો અભાવ છે. એ રીતે મોક્ષ પણ સમુદિત ત્રણેથી પ્રાપ્ત થાય છે, કોઇ એકનો અભાવ હોય તો મોક્ષ પ્રાપ્ત થતો નથી.

જેમ વનમાં આગ લાગવાથી, ત્યાં રહેલો આંધળો નેત્રો ન હોવાથી, લંગડો પગો ન હોવાથી, અને અશ્રદ્ધાળુ અગ્નિની દાહકતા–શક્તિ પ્રત્યે શ્રદ્ધા ન હોવાથી તે વનમાંથી નીકળી શકતા નથી તેમ સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રો ન હોવાથી આંધળો જીવ, સમ્યક્ ચારિત્ર ન

હોવાથી લંગડો જીવ, અને સમ્યક દર્શન ન હોવાથી અશ્રદ્ધાળુ જીવ પણ જન્મ-જરા-મરણરૂપી ભીષણ દુઃખોના પ્રચંડ અગ્નિથી પ્રજ્વલિત આસંસારરૂપી વનમાંથી નીકળી શકતો નથી. જેમ આંધળો, લંગડો અને અશ્રદ્ધાળુ વનાગ્નિમાં બળી મરે છે તેમ આજીવો પણ સંસારાગ્નિમાં બળી મરે છે. પરન્તુ જેના નેત્રો અને બેઉ ચરણો સાબૂત છે, અને અગ્નિની દાહકતા-શક્તિ પ્રત્યે પણ શ્રદ્ધા છે તે જેમ દાવાગ્નિ થી પ્રજ્વલિત વનને પાર કરી જાય છે તેજ પ્રકારે જે જીવો સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્દર્શનથી યુક્ત છે તે જીવો પણ જન્મ-જરા-મરણરૂપ ભીષણ દુઃખોના પ્રચંડ અગ્નિથી પ્રજ્વલિત આ સંસારરૂપી વનને પાર કરી જાય છે.

એથી સિદ્ધ થાય છે કે એ રત્નત્રયમાંથી કોઈએક પણ જો ઓછું હોય તો સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી, એ પ્રકારના મોક્ષને જાણે (૧૫)

## પુણ્યાદિ જ્ઞાન સે ભોગ કા વિચાર

**जया पुण्णं०** ઈત્યાદિ જ્યારે પૂર્વોક્ત-સ્વરૂપવાળા પુણ્ય પાપ બંધ અને મોક્ષને જાણે છે ત્યારે દેવો તથા મનુષ્યો સંબંધી ભોગોનો વાસ્તવિક વિચાર કરે છે. ઇંદ્રિય અને મનની અનુકૂલતારૂપે જેનો ઉપયોગ કરવામાં આવે છે એને ભોગ કહે છે. ભોગોના વિષયમાં સાધુ એવો વિચાર કરે છે કે "એ ભોગો ભુજંગ (સર્પ)નાં જેવા ભયંકર છે, અશુચિ છે, અશુચિ પદાર્થોથી ઉત્પન્ન થાય છે. સડી જાય છે, ગળી જાય છે, નષ્ટ થઈ જાય છે, નિત્ય રહેતા નથી. કયો વિવેકી મનુષ્ય એવા ભોગો ભોગવવાની અભિલાષા કરશે ? કઈ વિવેકશીલ વ્યકિતને વમન કરેલાંનું ભક્ષણ કરવાની ઇચ્છા થશે ? અહા ! કોણ ઇચ્છશે કે-હું અત્યંત દુર્ગંધવાળા પરૂ અને રૂધિરના પ્રવાહમાં અવગાહન (સ્નાન) કરીશ ? શું કોઇ સિંહની ગુફામાં નિવાસ કરવાની ઇચ્છા કરે છે ? ઊકળતા સીસાંની કઢાઈમાં કયો બુદ્ધિમાન્ મનુષ્ય કૂદી પડવાની કામના કરે ? કોઇ કરે નહિ. અથવા ચારે બાજુએથી અગ્નિથી ધગી રહેલા ઘરમાં પેસવાનું સાહસ કોણ કરી શકે ? અને અજગર સર્પનું ઉપધાન (ઓશીકું) બનાવીને સૂવાની કોણ ઈચ્છા કરશે ? એ વિષય-ભોગ ક્ષણમાત્ર સુખ દેવાવાળા છે અને ઘણા કાળ સુધી દુઃખ દેવાવાળા છે." એવો વિચાર કરીને મુનિજન નિર્વેદ (વૈરાગ્ય) ને પ્રાપ્ત કરે છે. (૧૬)

## ભોગ કે વિચાર સે સંયોગાદિ કા ત્યાગ એવં સંવરધર્મ તથા શુકલ ધ્યાન વ લોક સ્વરૂપ કા કથન

**जया निव्विंदए०** ઈત્યાદિ. જ્યારે દેવસંબંધી અને મનુષ્ય સંબંધી ભોગોને જાણી ..રે મુનિ સુવર્ણ-મણિ-માણિકયાદિ બાહ્ય પરિગ્રહને તથા ક્રોધાદિ આંતરિક પરિગ્ર.. ..ર્થાત્ બાહ્યાભ્યંતર પરિગ્રહને ત્યજી દે છે. (૧૭)

**जया चयइ०** ઇત્યાદિ. જ્યારે બાહ્યાભ્યંતર પરિગ્રહનો મુનિ પરિત્યાગ કરે છે ત્ય.. ..ડિત થઈ જાય છે. મુંડન બે પ્રકારનાં હોય છે-(૧) દ્રવ્ય-મુંડન અને (૨) ભાવ મુંડ.. ..તકના કેશનું લુંચન કરવું એ દ્રવ્યમુંડન કહેવાય છે. રાગ-દ્વેષ આદિને દૂર કરવા

ભાવ-મુંડન છે. બેઉ પ્રકારે મુંડિત થઇને સર્વવિરતિરૂપ સામાયિક આદિ ચારિત્રને પ્રાપ્ત થાય છે. (૧૮)

**जया मुंडे०** ઈત્યાદિ. જ્યારે મુંડિત થઇને સર્વ વિરતિને પ્રાપ્ત થાય છે. અત્યંત પ્રશસ્ત નિરતિચાર થવાને કારણે સર્વશ્રેષ્ઠ નિશ્ચલ આચરણીય સંવરધર્મને સ્પર્શ કરે છે. આવતાં કર્મ જે આત્મપરિણામથી રોકાઈ જાય છે તેને સંવર કહે છે. સંવર દ્રવ્ય-ભાવના ભેદે કરીને બે પ્રકારનો છે. જળપર ચાલતી નૌકાના છિદ્રવાટે નૌકામાં પ્રવેશ કરનારા જળને ચીકણી માટી, વસ્ત્ર આદિથી બંધ કરી દેવું તે દ્રવ્યસંવર છે. આત્મારૂપી નૌકામાં આસ્રવરૂપી છિદ્રોદ્વારા આવનારા કર્મરૂપી જળને રોકી દેવું એ ભાવ-સંવર છે. અહીં ભાવસંવર એટલે ચારિત્રનો અધિકાર છે. અર્થાત્ સર્વવિરત મુનિ ભાવસંવરરૂપી ધર્મને પ્રાપ્ત કરે છે, અથવા અનુત્તર-રૂપે સ્પર્શ કરે છે, કારણકે 'અનુત્તર' એ ક્રિયાવિશેષણ પણ હોઈ શકે છે. (૧૯)

**जया संवर०** ઈત્યાદિ. જ્યારે સાધુ ઉત્કૃષ્ટ અનુત્તર સંવરધર્મને સ્પર્શ કરે છે ત્યારે આત્માના મિથ્યાત્વ-પરિણામરૂપી પાપથી ઉત્પન્ન થએલ કર્મરૂપ રજને ધોઈ નાંખે છે.

કર્મરજ બે પ્રકારની છે :-(૧) દ્રવ્યકર્મરજ, અને (૨) ભાવકર્મરજ કુપ્પીમાં ભરેલા કાજળની પેઠે સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત તથા આત્માની સાથે બંધાયલા તથા બંધાનારા અને બંધાતા વિશેષ પ્રકારના (કાર્મણ જાતિના) પુદ્ગલપરમાણુઓને દ્રવ્ય કર્મ કહે છે. આત્માના રાગ-દ્વેષ આદિ વિભાવ-પરિણામોને ભાવકર્મ કહે છે. વૃક્ષથી બીજ ઉત્પન્ન થાય છે અને બીજથી વૃક્ષ ઉત્પન્ન થાય છે. બેઉ કાર્ય--કારણભાવ અનાદિકાળનો છે. એ પ્રકારે દ્રવ્યકર્મ અને ભાવકર્મમાં કાર્ય-કારણભાવ રહેલો છે. તેથી દ્રવ્યકર્મ, ભાવકર્મનું કારણ છે અને કાર્યપણ છે, તેમજ ભાવકર્મ દ્રવ્યકર્મનું કરણ છે અને કાર્યપણ છે. કહ્યું છે કે-

"જીવના રાગાદિ અશુદ્ધ ભાવોનું કારણ દ્રવ્યકર્મ છે, અને રાગાદિ અશુદ્ધ ભાવ દ્રવ્ય-કર્મનું કારણ છે, જેમ કોઇ પુરૂષ કોઇનો ઉપકાર કરે છે તો એ ઉપકૃત પુરૂષ એનો પાછો ઉપકાર કરે છે. (૧)"

સંસારી જીવ અનાદિ કાળથી કર્મોનો બંધ કરી રહ્યો છે. એ બંધાયલાં કર્મનો ઉદય થતાં આત્મામાં રાગદ્વેષ આદિની ઉત્પત્તિ થાય છે. રાગાદિનો ઉદય થતાં જેમ તપાવેલો લોખંડનો ગોળો આસપાસના જળને આકર્ષિત કરી લે છે તેમ આત્મા એક-ક્ષેત્રાવગાહી અર્થાત્ જે આકાશના પ્રદેશમાં આત્મા સ્થિત છે એ આકાશપ્રદેશમાં રહેલાં કર્મના પુદ્ગ-લોને ગ્રહણ કરે છે, એ રાગાદિ-ભાવોથી ફરી દ્રવ્યકર્મ અને ભાવકર્મ એક બીજાનાં ઉત્પાદક છે. એજ કર્મોને રજ કહે છે, કારણ કે તે આત્મામાં મલિનતા ઉત્પન્ન કરે છે. સંવરધર્મને ગ્રહણ કરવાથી એ ચાર ઘાતિકર્મરૂપી રજ દૂર થઈ જાય છે,

જો કે કર્મરજ ધર્મધ્યાનથી દૂર થાય છે તોપણ આત્યન્તિક રૂપથી તો શુકલ ધ્યાન-થીજ થાય છે. જેમ મેલ દૂર કરવાથી શુચિતા-ધર્મ આવી જાય છે તેથી વસ્ત્રને શુક્લ (સફેદ) વસ્ત્ર કહે છે, તેમ રાગદ્વેષરૂપી મેલ હઠી જતાં શુચિતાધર્મના સંબંધથી ધ્યાન પણ શુક્લધ્યાન કહેવાય છે.

શુકલ ધ્યાનના ચાર પ્રકાર છે. (૧) પૃથક્ત્વવિતર્ક-સવિચાર, (૨) એકત્વવિતર્ક-અવિ-ચાર, (૩) સૂક્ષ્મક્રિય અનિવર્તિ, (૪) સમુચ્છિન્નક્રિય અપ્રતિપાતિ.

(૧) પૃથક્ત્વવિતર્ક-પૂર્વગત શ્રુતજ્ઞાન અનુસાર કોઈ ધ્યેય પદાર્થના ઉત્પાદ આદિ નાના પ્રકારના પર્યાયોનું દ્રવ્યાર્થિક યા પર્યાયાર્થિક આદિ નયોથી, અર્થ વ્યંજન અને યોગની સંક્રાન્તિસહિત ચિંતન કરવું એ પૃથક્ત્વવિતર્ક શુકલધ્યાન છે, ધ્યેયવસ્તુના એક પર્યાયને છોડીને બીજા પર્યાયનું ધ્યાન કરવું યા વ્યંજન અથવા યોગમાં સંક્રાન્ત થઈ જવું

એ અર્થસંક્રાન્તિ છે. અહીં ચૌદ પૂર્વરૂપ શ્રુતના શબ્દોને વ્યંજન કહેલ છે, એ શબ્દોમાંથી કોઈએક શબ્દનું ધ્યાનઆરંભીને પછી કોઈ બીજા વ્યંજનનું ધ્યાન લગાવવું અથવા અર્થ યા યોગમાં સંક્રાન્ત થઇ જવું એ વ્યંજનસંક્રાન્તિ છે. કાયયોગથી મનોયોગમાં, મનોયોગથી વચનયોગમાં, એ પ્રકારે એક યોગથી બીજા યોગમાં સંક્રાન્ત થઈ જવું એ યોગસંક્રાન્તિ છે. એ ત્રણે જાતનું સંક્રમણ, ધ્યાતાની ઈચ્છા ન હોવા છતાં પણ એટલું અધિક સામર્થ્ય ન હોવાને કારણે થાય છે.

તાત્પય એ છે કે–આ ધ્યાનમાં પૂર્વગત શબ્દ યા તેના અર્થનું ધ્યાન કરવામાં આવે છે, કિંતુ એટલું સામર્થ્ય હોતું નથી કે એકજ શબ્દ યા એકજ અર્થનું ધ્યાન કરતો રહે તેથી કરીને એક પદાર્થ યા એના પર્યાયને છોડીને બીજા પર્યાયનું ધ્યાન કરે છે. આ પ્રકારના પરિવર્તનને યા બદલાવાને સંક્રમણ કહે છે. કહ્યું છે કે–

"એક અર્થથી બીજા અર્થમાં, એક શબ્દથી બીજા શબ્દમાં તથા એક યોગથી બીજા યોગમાં સંક્રમણ થાય છે, તેથી તેને અવિચાર (સંક્રાન્તિ) કહે છે. (૧)

અર્થ વ્યંજન અને યોગની સંક્રાન્તિરૂપ થતા નિજ શુદ્ધ આત્મ–દ્રવ્યને, એક ગુણથી બીજા ગુણને, એક પર્યાયથી બીજા પર્યાયને પ્રાપ્ત થાય છે, તેથી તેને સપૃથક્ત્વ કહે છે." (૨)

પ્રશ્ન–હે ગુરૂમહારાજ ! આ ધ્યાનમાં અર્થ વ્યંજન અને યોગમાં મન સંક્રાન્ત થયા કરે છે તે કારણથી સ્થિરતા રહી શકતી નથી, તો પછી તેને ધ્યાન કેમ કહી શકાય ?

ઉત્તર–હે શિષ્ય ! પરિવર્તન તો થયા કરે છે, પરન્તુ ધ્યેય એકજ રહે છે. ધ્યેયની એકતાને કારણે એ ધ્યાન કહેવાય છે.

એ ધ્યાન પૂર્વધારી ત્રણ યોગવાળા શ્રેષ્ઠ મુનિઓને જ થાય છે. આ ધ્યાનથી દસમા ગુણસ્થાનના અંત સમયે ક્ષપકશ્રેણીમાં આરૂઢ મુનિ બળવાન્ મોહનીય–કર્મનો ક્ષય કરીને બારમા ગુણસ્થાનમાં પહોંચી જાય છે; અને જો ઉપશમ–શ્રેણીમાં આરૂઢ હોય તો અગ્યારમા ઉપશાન્તમોહ ગુણસ્થાનમાં જાય છે. એ પ્રથમ ધ્યાન, ઉપશમ–શ્રેણીની અપેક્ષાએ કરીને આઠમા ગુણસ્થાનથી લઇને અગ્યારમા ગુણસ્થાન સુધી થાય છે. ક્ષપક-શ્રેણીની અપેક્ષાએ કરીને આઠમાથી લઇને દસમા ગુણસ્થાન સુધી થાય છે; અગ્યારમું ગુણસ્થાન ઉપશાન્તમોહ હોવાથી ક્ષપક શ્રેણીમાં આરૂઢ મુનિ એનો સ્પર્શ ન કરતાં બીજા ધ્યાનનો આરંભ કરીને બારમા ગુણસ્થાનમાં જાય છે.

(૨) એકત્વવિતર્ક–અવિચાર–જેમ મંત્ર જાણવાવાળો પુરૂષ આખા શરીરમાં વ્યાપેલા વિષને મંત્રની શક્તિદ્વારા અન્ય-અન્ય અવયવોમાંથી ખેંચી લઇને દંશસ્થાન (જ્યાં ઝેરી જંતુ કરડયો હોય તે સ્થાન) પર સ્તંભિત કરી દે છે, તેમ પૂર્વગત શ્રુત અનુસાર અર્થ વ્યંજન અને યોગના પરિવર્તનથી રહિત થઇને બધા વિષયોથી વિમુખ થઈ એકજ પર્યાયના ધ્યાનમાં રાખેલા દીપકની શિખાની પેઠે સ્થિર થઈ જવું એ 'એકત્વવિતર્ક' કહેવાય છે.

તાત્પર્ય એ છે કે પહેલું ધ્યાન પૃથક્ત્વ (અનેક-પ્રકારતા) સહિત હોય છે કિન્તુ બીજા ભેદમાં પૃથક્ત્વ રહેતું નથી. એમાં એક અર્થમાંથી બીજા અર્થમાં, એક શબ્દમાંથી બીજા શબ્દમાં અને એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમણ થતું નથી, તેથી એને એકત્વવિતર્ક ધ્યાન કહે છે.

એ ધ્યાન મન વચન કાયાના યોગોમાંના કોઈ એક યોગવાળો મુનિરાજનેજ થાય છે, અર્થાત્ એ ધ્યાનને સમયે એકજ યોગમાં સ્થિર રહે છે, કારણ કે એમાં યોગોનું સંક્રમણ થતું નથી. કહ્યું છે કે-

"જે ધ્યાનમાં કેવળ નિજ આત્માનું અથવા એના એક પર્યાયનું યા એક ગુણનું ધ્યાન કરવામાં આવે છે, તેને 'એકત્વ' કહે છે. (૧) વ્યંજન અર્થ અને યોગોના પરિવર્તનથી રહિત ચિંતન કરવામાં આવે છે તેને 'અવિચાર' કહે છે. (૨)"

એ ધ્યાન ક્ષીણમોહનીય ગુણસ્થાનમાં જ થાય છે. એ ધ્યાનના અંતમાં જ્ઞાનાવરણીય' અને અન્તરાય નામનાં ત્રણ ઘાતિ-કર્મોનો એકીસાથે જ ક્ષય થઈ જાય છે. એ ધ્યાનનું ફલ કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત વીર્યની પ્રાપ્તિ છે. એ બેઉ ધ્યાન વિના કેવળ જ્ઞાન પ્રપ્ત થઈ શકતું એ બેઉ ધ્યાન છદ્મસ્થોને થાય છે, તથા ત્રીજું અને ચોથું ધ્યાન કેવળીઓને થાય છે. (૨૦)

ઘાતીકર્મોનો ક્ષય થવાથી ઉત્પન્ન થનારૂં ફળ બતાવે છે-**जया धुणइ** ઇત્યાદિ.

જ્યારે સાધુ મિથ્યાત્વરૂપી પાપથી ઉત્પન્ન થએલી કર્મરજને નષ્ટ કરી નાખે છે, ત્યારે સમસ્ત લોકાકાશ અને અલોકાકાશમાં વ્યાપેલા દ્રવ્ય પર્યાયોને જાણવાવાળું કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રાપ્ત થાય છે. પદાર્થોનું સામાન્ય જ્ઞાન થવું એ દર્શન છે અને વિશેષ જ્ઞાન થવુંતે જ્ઞાન છે એ બેઉમાં ભેદ છે. કહ્યું છે કે-

"સામાન્યનું ગ્રહણ થવું દર્શન છે. અને વિશેષનું ગ્રહણ થવું એ જ્ઞાન છે."

કર્મોથી ઉત્પન્ન થએલાં સર્વ આવરણોના અભાવથી એ બેઉ (જ્ઞાન-દર્શન) ને પ્રાપ્ત કરે છે, (૨૧)

કેવલજ્ઞાન અને કેવલદર્શનનું ફળ કહે છે-**जया सव्वत्तगं** ઇત્યાદિ.

જ્યારે સર્વવ્યાપી જ્ઞાન તથા દર્શનને પ્રાપ્ત કરે છે ત્યારે કેવળી થઇને લોક અને અલોકને જાણે છે.

જે જોઇ શકાય તેને લોક કહે છે.

પ્રશ્ન-જો કોઇએ એક ગ્રામ જોયું હોય તો લોક શું એટલો જ હોય ?

ઉત્તર-એટલો જ નહિ હોય, કારણ કે બીજાઓ એથી વધારે ગ્રામો જુએ છે.

પ્રશ્ન-તો આપણે જેટલા ગ્રામોને જોઇએ છીએ એટલો જ લોક છે ?

ઉત્તર-એટલો જ નહિ. અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાનદ્વારા જેટલો જોવાય છે એટલો લોક છે;

પ્રશ્ન-કેવળી ભગવાન્ તો અલોકને પણ જુએ છે તો એમના જોવાથી અલોક પણ લોક થઈ જશે ?

ઉત્તર-નહિ થાય. ભગવાને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું આધારભૂત જે આકાશ જોયું છે એને લોક કહે છે, એમ સમજવું જોઇએ.

એ લોક કમર પર બેઉ હાથ રાખીને, પગ ફેલાવીને ઊભેલા પુરૂષના આકારનો, અથવા નાચતા ભૈરવોપાસક (ભુવા) ની આકૃતિનો છે. તેના ત્રણ ભેદ છે. (૧) ઊર્ધ્વલોક, (૨) મધ્યલોક, (૩) અને અધોલોક. એ ચૌદ રાજુ જેવડો ઉંચો અને અસંખ્યાત પ્રદેશમય છે. અલોકાકાશ એથી વિપરીત છે.

પ્રશ્ન-જીવ અને પુદ્‌ગલ આદિ આધાર વિના રહી શકતા નથી, તેથી લોકાકાશ માનવું એ તો બરાબર છે, પરન્તુ અલોકાકાશના અસ્તિત્વનું શું પ્રમાણ છે ? કારણ એ છે કે ઇદ્રિયોનો એ વિષય નથી કેમકે અમૂર્ત છે. જે વિષયમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ થતી નથી તેમાં મન પણ પ્રવૃત્ત થઈ શકતું નથી. એથી કરીને ઈન્દ્રિયોથી અલોકાકાશને જાણી શકાતું નથી તેમજ મનથી પણ જાણી શકાતું નથી.

ઉત્તર—એ પ્રશ્ન બરાબર નથી. કેમકે ઈન્દ્રિય અને મનનો વિષય ન હોવાથી તેના અસ્તિત્વનું ખંડન થઇ શકતું નથી. એમ તો દાદા પરદાદા આદિ પૂર્વજોનું પણ અસ્તિત્વ સિદ્ધ નહિ થાય, કેમકે તે પણ ઈન્દ્રિય અને મનના વિષય નથી હોતા. જો કોઇ અનુમાનથી પૂર્વજોનું અસ્તિત્વ સિદ્ધ કરે કે પિતામહ (દાદા) આદિ પૂર્વજોનું કોઈ સમયે અસ્તિત્વ હતું, કારણ કે એના વિના આપણું શરીર બની શકે નહિ, તો અનુમાનથી જ અલોકની પણ સિદ્ધિ માની લેવી જોઇએ, અનુમાન એ છે કે—

લોક પોતાના પ્રતિપક્ષ (વિરોધી-અલોક) ની અપેક્ષા રાખે છે, કારણ કે એ વ્યુત્પત્તિવાળા સમાસરહિત શબ્દનો વાચ્ય (અર્થ) છે. જે જે વ્યુત્પત્તિવાળા સમાસરહિત શબ્દનો વાચ્ય હોય છે તે પ્રતિપક્ષસહિત જ હોય છે. જેમ ઘટ, ઘટ·વ્યુત્પત્તિવાળો છે અને·સમાસરહિત છે, અર્થાત્ બે શબ્દો મળવાથી બનેલો નથી, તેથી ઘટનો પ્રતિપક્ષ—અઘટ—પટ, મુકુટ, શકટ, કટ આદિ પણ અવશ્ય હોય છે. લોકનો જે પ્રતિપક્ષ છે તે અસ્તિત્વવાન્ અલોક છે, કારણ કે અસ્તિત્વવાન્ પદાર્થ જ કોઈનો પ્રતિપક્ષ થઈ શકે છે. ગધેડાનુ શીંગડું વગેરે નાસ્તિત્વવાન્ પદાર્થ કોઇનો પ્રતિપક્ષ થતો નથી.

પ્રશ્ન—'જે લોક નથી તે અલોક છે' એમ માનવાથી લોકથી ભિન્ન જેટલા ઘટ પટ આદિ—પદાર્થો છે તે બધા અલોક થશે, કારણ કે તે લોક નથી—લોકથી ભિન્ન છે. પછી ઘટ આદિ પદાર્થોથી ભિન્ન એક જૂદો અલોક કેમ માનો છો ?

ઉત્તર—જે લોક નથી તે અલોક છે. એમાં નઞ્ સમાસ છે. નઞર્થ બે પ્રકારના હોય છે. એક નઞર્થ એવો હોય છે કે તે જેનો નિષેધ કરવામાં આવે છે એ નિષેધ્યની સમાનને જ ગ્રહણ કરનાર હોય છે, તેને પર્યુદાસ કહે છે, કહ્યું છે કે— "પર્યુદાસ સદ્દશનો બોધક હોય છે" તેથી કરીને લોકના નિષેધરૂપ અલોક પણ લોકની જ સમાન હોવો જોઇએ. અહીં નિષેધ્ય જીવ—અજીવ આદિ દ્રવ્યોનો આધારભૂત આકાશ—વિશેષ છે, તેથી અલોક પણ આકાશ વિશેષ (જીવ અજીવ આદિ દ્રવ્યોના આધારથી ભિન્ન) હોવો જોઇએ, જેમકે કોઇએ કહ્યું કે એ 'અધન' છે, એ વાકયમાં 'અધન' શબ્દથી એમ નથી સમજાતું કે એ ઘડો છે યા કપડું છે, કિન્તુ 'ધનરહિત મનુષ્ય' એવો અર્થ જ સમજાય છે. એ રીતે અહીં 'અલોક' શબ્દથી ઘડો યા કપડું નસમજવું જોઇએ, કિન્તુ આકાશવિશેષ જ સમજવું જોઇએ. કેવળી ભગવાન્ એ લોક અને અલોક બેઉને જાણે છે. (૨૨)

## શૈલેશીકરણ કા સ્વરૂપ તથા અયોગી ધ્યાન કી સિદ્ધિ ઔર સિદ્ધોં કે ઉર્ધ્વ સ્વરૂપગમન કા કથન

जया लोगं०ઇત્યાદિ. જ્યારે ઘાતી કર્મોને જીતવાવાળા કેવળી ભગવાન્ લોક અને અલોક ને જાણી લે છે ત્યારે યોગોનો નિરોધ કરીને શૈલીશી અવસ્થાને પ્રાપ્ત કરે છે.

(૩) અન્તર્મુહૂર્ત માત્ર આયુ શેષ રહેતાં બાકી રહેલા ચારે અઘાતી કર્મોની સ્થિતિ સ્વભાવથી બરાબર હોય તો નિષ્કલંક પરમ કલ્યાણના આશ્રયભૂત કેવળી પ્રભુ સૂક્ષ્મક્રિય નામના શુકલ ધ્યાનના ત્રીજા પાયાનું ધ્યાન પ્રારંભે છે. કિન્તુ જેમને ઉત્કૃષ્ટ આયુકર્મ છ માસ અવશેષ રહેતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેમને નિયમથી કેવળી સમુદ્ઘાત કરવો પડે છે, કારણ કે એમનું આયુકર્મ અલ્પ હોય છે અને એમનાં વેદનીય નામ ગોત્ર કર્મોની સ્થિતિ વધારે હોય છે. તેથી કરીને તે પહેલાં સમુદ્ઘાતની દ્વારા ચારે કર્મોની સ્થિતિ બરાબર કરીને પછી ત્રીજા પાયાનું ધ્યાન આરંભે છે.

જ્યારે જઘન્ય યોગવાળા સંજ્ઞી પર્યાપ્તકના મનોદ્રવ્ય અને મનોદ્રવ્યના વ્યાપારોથી અસંખ્યાતગુણહીન મનોદ્રવ્યોનો પ્રતિ સમયે નિરોધ કરતાં અસંખ્યાત સમયોમાં સંપૂર્ણ મનોયોગનો નિરોધ કરીને પર્યાપ્ત દ્વીન્દ્રિયના વચનયોગના પર્યાયોથી અસંખ્યાતગુણહીન વચનયોગના પર્યાયોનો પ્રતિસમય નિરોધ કરતાં સમસ્ત વચનયોગનો નિરોધ કરે છે. વચનયોગનો સંપૂર્ણ નિરોધ કરીને પ્રથમ સમયમાં ઉત્પન્ન નિગોદિયા જીવના જઘન્ય કાયયોગના પર્યાયોથી અસંખ્યાતગુણહીન કાયયોગનો પ્રતિસમય નિરોધ કરતાં અસંખ્યાત સમયોમાં બાદર કાયયોગનો પણ સર્વથા નિરોધ કરી નાંખે છે. અર્થાત્ સમસ્ત મનોયોગ અને વચનયોગના તથા બાદર–કાયયોગનો નિરોધ થતાં સૂક્ષ્મક્રિયાઽનિવર્તિ નામના ત્રીજા ધ્યાનનો આરંભ કરે છે. ત્રીજા ધ્યાનને સમયે શ્વાસોચ્છ્વાસરૂપ કાયયોગની સૂક્ષ્મ-ક્રિયા જ રહે છે, એ ધ્યાનથી તે સૂક્ષ્મ-ક્રિયાનો પણ નિરોધ કરીને અયોગી થઇ જાય છે. અયોગી થઇને અર્થાત્ તેરમે ગુણ સ્થાન થી ચૌદમાં ગુણસ્થાનમાં પહોચીને શૈલશી અવસ્થાને પ્રાપ્ત થાય છે. જેમાં શૈલો (પર્વતો)ના ઈશ (સ્વામી) સુમેરૂ પર્વતની પેઠે સ્થિરતા રહે છે તેને શૈલેશી અવસ્થા કહે છે, અથવા શીલ (યથાખ્યાત–ચારિત્ર) ના ઈશ (સ્વામી) ને શીલેશ કહે છે, એની અવસ્થાને શૈલેશી કહે છે. એ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થઇને, નહીં ધીમે કે નહિ જલદી અર્થાત્ મધ્યમ કાલથી अ–इ–उ–ऋ–ऌ એ પાંચ હ્રસ્વ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે એટલા સમય સુધી ચૌદમે અયોગિકેવળી ગુણસ્થાનમાં રહીને સમુચ્છિન્નક્રિયાઽપ્રતિપાતિ ધ્યાન ધ્યાવે છે.

પ્રશ્ન—હે ગુરૂ મહારાજ ! મનની સ્થિરતાને ધ્યાન કહે છે. કેવળી ભગવાનને એ સમયે મન રહેતું નથી, એટલે સૂક્ષ્મક્રિયાઽનિવર્તિ શુકલધ્યાનને ધ્યાન કેવી રીતે કહી શકાય ?

ઉત્તર—સ્થિરતાને જ ધ્યાન કહે છે. એ સ્થિરતા જેવી છદ્મસ્થના મનોયોગની હોય છે તેવીજ કેવળીના કાયયોગની સ્થિરતા હોય છે; તેથી તેને ધ્યાન કહે છે.

પ્રશ્ન—તો સમુચ્છિન્નક્રિયા–અપ્રતિપાતિ–શુકલ–ધ્યાનને ધ્યાન કેવી રીતે કહી શકાય ? કારણ કે ત્યાં કાયયોગનો પણ અભાવ છે.

ઉત્તર—જેમ કુંભારનો ચાકડો, તેને ફેરવનાર દંડ આદિનો સંયોગ ન થવા છતાં પણ પૂર્વકાળના વેગથી ઘુમ્યા કરે છે, તેમજ મન વચન કાયનો નિરોધ થઈ ગયા પછી

પણ પૂર્વ ધ્યાનની ધારાના વેગથી અયોગી કેવળીને ધ્યાન હોય છે.

અથવા દ્રવ્યયોગનો અભાવ થયા છતાં પણ ભાવયોગના સદ્ભાવથી ધ્યાન થાય છે. કારણ કે જીવના ઉપયોગરૂપ ભાવમન એ અવસ્થામાં પણ રહે છે. અથવા જેમ પુત્ર ન હોવા છતાં જો કોઈ પુત્રનું કાર્ય કરે છે તો તે પુત્ર કહેવાય છે, તેમજ ભવોપગ્રાહી કર્મોની નિર્જરારૂપ ધ્યાનનું કાર્ય કરવાથી ઉપચારે કરીને તે ધ્યાન કહેવાય છે. અથવા જેમ વિવિધાર્થક શબ્દના ઘણાય અર્થો થાય છે તેમ ધાતુઓના પણ અનેક અર્થો થાય છે, અહીં ધ્યૈ ધાતુથી બનેલા ધ્યાન શબ્દનો અર્થ સમુચ્છિન્નક્રિયાઽપ્રતિપાતિ–શુકલ–ધ્યાન અર્થાત્ અયોગી ગુણસ્થાન વાળાઓની ક્રિયા પણ સમજી લેવી. અથવા જિનાગમમાં એને ધ્યાન કહ્યું છે તેથી એમાં ધ્યાનત્વ નિર્બાધ છે. (૨૩)

**जया जोगे** ઇત્યાદિ. જ્યારે યોગોનો નિરોધ કરીને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મોનો ક્ષય કરીને સર્વ કર્મોથી મુક્ત થઈને ભગવાન્ મોક્ષને પ્રાપ્ત થાય છે. (૨૪)

**जया कम्मं** ઇત્યાદિ. જ્યારે સર્વ કર્મોનો ક્ષય કરીને નિષ્કર્મ થઇને મોક્ષગમન કરે છે, ત્યારે લોકના અગ્રભાગ પર સ્થિત, સર્વ કર્મોથી રહિત હોવાને કરણે કદાપિ સંસારમાં ન આવવાથી શાશ્વત સિદ્ધ થઇ જાય છે.

પ્રશ્ન—હે ગુરૂ મહારાજ ! સિદ્ધોનાં બધાં કર્મોનો નાશ થઇ જાય છે, એટલે ત્રસનામ-કર્મ પણ રહેતું નથી, તો પછી સિદ્ધ ભગવાન્ લોકના અગ્રભાગ સુધી કેવા પ્રકારે ગમન કરી શકે છે ?

ઉત્તર—હેશિષ્ય ! જેવી રીતે ધનુષ્યથી છૂટેલું બાણ ધનુષ્યનો સંબંધ ન હોવા છતાં ગતિ કરે છે, કારણ કે તેમાં પહેલાંના વ્યાપારનુ સામર્થ્ય રહેલું છે, તેવી રીતે સંસાર અવસ્થામાં મોક્ષ પ્રાપ્ત કરવાને માટે કરેલાં અનેક પ્રકારનાં અનુષ્ઠાનોના વેગથી મુક્તાત્મા પણ ગમન કરે છે.

પ્રશ્ન—હે ગુરૂ મહારાજ ! ગતિ તો હોય છે પણ ઊર્ધ્વ ગતિ જ કેમ થાય છે ? નીચેની બાજુએ અથવા તિર્છી ગતિ કેમ નથી થતી ?

ઉત્તર—હે શિષ્ય ! નીચેની બાજુએ તેની ગતિ થાય છે કે જેમાં ગુરૂત્વગુણ (ભારે-પણું) હોય છે. સિદ્ધોમાં ગુરૂત્વ ગુણ નથી, તેથી તેમની ગતિ નીચેની બાજુએ નથી થતી કાય આદિ યોગ અને બીજાની પ્રેરણા ન હોવાથી તિર્છી ગતિ પણ થતી નથી.

જેમ છિદ્રરહિત, બિલકુલ સુકાયલી, તૂટ્યા ફૂટ્યા વિનાની તુંબડીને ચારે બાજુએ ઘાસ–તરણાંથી બાંધીને તેની ઉપર ચીકણી માટીનો સારી પેઠે લેપ કરીને તડકામાં સૂકવી નાંખે, આઠ વાર એમ કરીને અગાધ જળમાં એ તુંબડીને નાંખી દે તો આઠ વારના લેપના ભારે પણાથી જળને તળીયે પહોંચીને તે પૃથ્વીને અડીને રહે છે. પછી જ્યારે લીલાપણાથી ધીરે ધીરે એ માટીનો લેપ છૂટવા લાગે છે ત્યારે ક્રમશઃ માટીના ભારથી રહિત થઇને લઘુતા (હલકાપણું) પામીને એ તુંબડી નીચેથી ઉઠીને જળની ઉપર આવી જાય છે. એજ પ્રકારે આઠ કર્મરૂપી લેપના ભારથી ભારે એવો આત્મા સંસારરૂપી સમુદ્રમાં ડુબી રહે છે. જ્યારે કર્મરૂપી લેપથી રહિત થઇ જાય છે ત્યારે ઉર્ધ્વગમનનો સ્વભાવ હોવાથી ઊર્ધ્વ ગમન કરે છે. ભગવાને કહ્યુ પણ છે કે—

'જેમ માટીના લેપથી લિપ્ત તુંબડી ભારે હોવાથી નીચેની બાજુએ જાય છે, તેમજ આસ્રવથી ઉત્પન્ન થએલાં કર્મોથી આત્મા અધોગતિને પ્રાપ્ત થાય છે. (૧) જેમ તુંબડી

લેપથી મુક્ત થતાં લઘુ થઇને જલની ઉપર આવી જાય છે, તેમ કર્મથી મુક્ત થઇને આત્મા લોકના અગ્રભાગ પર વિરાજમાન થઈ જાય છે. (૨)''

અથવા, જેમ હવા આદિ કોઇ બાધક ન હોવાથી દીપની જ્યોત ઉપર જ જાય છે, બીજકોષનો બંધ તૂટવાથી એરંડાનું બીજ ઉપર જ જાય છે, તેમ આત્માના ઊર્ધ્વગમનના વિરોધી કર્મબંધનો સર્વથા અભાવ થઇ જવાથી આત્મા ઊર્ધ્વગતિ જ કરે છે.

જેમ એરંડાનું બીજ પહેલાં ઉપર જઇને પછી નીચે પડી જાય છે, તેમ આત્મા પડી શકતો નથી કારણ કે નીચે પાડવાનું કારણ ગુરૂત્વ ગુણ આત્મામાં નથી એ પહેલાં કહેવામાં આવેલું જ છે.

પ્રશ્ન—હે ગુરૂ મહારાજ ! શરીરનો અભાવ હોવાથી સિદ્ધોના આત્માના પ્રદેશો પારાની પેઠે ફેલાઇ કેમ જતા નથી ?

ઉત્તર—હે શિષ્ય ! આત્મપ્રદેશોને ફેલાવનારા નામકર્મનો અભાવ હોવાથી તથા પ્રદેશ-વત્ત્વ ગુણનો સદ્ભાવ હોવાથી સિદ્ધોના આત્મપ્રદેશ ફેલાતા નથી.

સિદ્ધોના ચરમ શરીરથી ત્રિભાગ ઓછી, એકહાથત્રણસો તેત્રીસ (૩૩૩) ધનુષ અને બત્રીસ (૩૨) આંગળની તથા જઘન્ય એક રત્નિ અને ઉત્કૃષ્ટ આઠ આંગળની અવગાહના હોય છે.

મરૂદેવીના શરીરની અવગાહના સવા પાંચસો (૫૨૫) ધનુષ્યની હતી, તેમાંથી ત્રીજો ભાગ ઓછો કરવાથી સાડા ત્રણસો (૩૫૦) ધનુષ્યની અવગાહના થાય છે. કિન્તુ અહીં ઉત્કૃષ્ટ અવગાહના ત્રણસોને તેત્રીસ ધનુષ અને બત્રીસ આંગળની બતાવી છે, તેથી વિરોધ સમજવો નહીં, કારણ કે મરૂદેવી હાથી પર આરૂઢ હતી. તેને લીધે યા વૃદ્ધાવસ્થાને કારણે શરીરનું સંકુચિત થવું એ સંભવિત છે.

આગમમાં જે સંભળાય છે કે—જઘન્ય સાત હાથ ઉંચા શરીરવાળાઓને જ મોક્ષ પ્રાપ્ત થાય છે તે નિયમ તીર્થંકરોની અપેક્ષાએ સમજવો જોઇએ. તીર્થંકરો સિવાયના બીજા ભવ્ય જીવો બે હાથ ઉંચા શરીરવાળા હોવા છતાં પણ મુક્ત થઇ જાય છે. એમની અપે-ક્ષાએ જ સિદ્ધોની જઘન્ય અવગાહના એક રત્નિ અને આઠ આંગળની કહેવામાં આવી છે.

એવા સિદ્ધો જન્મજરા-મરણ, આધિ-વ્યાધિ. બાધા, કલંકલીભાવ (સંસાર-પરિભ્ર-મણ), ગર્ભવાસનાં દુઃખોથી રહિત શાશ્વત સિદ્ધ થઇ જાય છે. અહીં 'શાશ્વત' શબ્દથી એમ બોધિત કરવામાં આવ્યુ છે કે સિદ્ધિપદને પ્રાપ્ત થએલો આત્મા ફરી સંસારી અવસ્થાને પ્રાપ્ત થતો નથી, કારણ કે સંસારમાં આવવાનાં કારણભૂત કર્મોનો અભાવ છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. (૨૫)

## સુગતિ ધર્મ ફલ કિસ કો દુર્લભ એવં કિસ કો સુલભ હૈ ઉસકા કથન

અહીં સુધી ધર્મનું સુગતિરૂપ ફળ કહ્યું, એ ફળ કોને દુર્લભ થાય છે તે દર્શાવે છે—**सुहसायगस्स** ઇત્યાદિ.

પ્રાપ્ત થએલા મનોજ્ઞ શબ્દાદિ ઉપભોગોને આસકિતપૂર્વક ગ્રહણ કરનારા, સુખપ્રાપ્તિને

માટે વ્યાકુળ રહેનારા, બે મધ્ય પ્રહરોથી વધુ રાત્રિમાં યા કારણ-વિશેષ વિના દિવસમાં અર્થાત્ સૂત્રાર્થનું મનન કરવાના સમયનું ઉલ્લંઘન થાય ત્યાં સુધી સૂનારા તથા વિભૂષા (શોભા) ને માટે આંખ, મુખ, નખ હાથ-પગ વસ્ત્ર આદિને ધોનારા અર્થાત્ શરીરને વિભૂષિત કરનારા એટલે કે તીર્થંકરની આજ્ઞાના વિરાધક, એવા શ્રમણને સિદ્ધગતિની પ્રાપ્તિ દુર્લભ છે.

**सुहसायगस्स** શબ્દથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે સાધુએ પ્રાપ્ત શબ્દાદિ વિષયોમાં આસક્તિ રાખવી ન જોઇએ, **सायाउलगस्स** શબ્દથી અપ્રાપ્ત વિષયસુખોને માટે આકુળ ન થવું જોઇએ એવું સૂચિત કર્યું છે. **निगामसाइस्स** શબ્દથી પ્રમાદનો પરિત્યાગ કરવાનું પ્રદર્શિત કર્યું છે. **उच्छोलणापहोयस्स** શબ્દથી બ્રહ્મચર્યના રક્ષણને માટે શરીરને વિભૂષિત કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. (૨૬)

જો એમ છે તો સુગતિ કોને માટે સુલભ હોય છે? એવી જિજ્ઞાસા થતાં. કહે છે- **तवोगुणपहाणस्स** ઇત્યાદિ.

જે આઠ કર્મોને ભસ્મ કરનારા છટ્ઠ અટ્ઠમ આદિ તપગુણથી પ્રધાન છે, સરલ-બુદ્ધિ છે, તથા ક્રોધાદિકષાયના નિગ્રહ અને સાવદ્ય વ્યાપારના ત્યાગસ્વરૂપ સંયમમાં લીન છે, અનુકૂળ-પ્રતિકૂળ-પરીષહોને જીતવાવાળા, એવા મોક્ષના માર્ગરત્નત્રયના આરાધક મુનિઓને સિદ્ધિ-સ્વરૂપ સુગતિની પ્રાપ્તિ સુલભ છે.

**तवोगुणपहाणस्स** એ શબ્દથી ઇંદ્રિયો તથા મનને જીતવાનું સૂચિત કરેલું છે. **उज्जुमइ** શબ્દથી સૂચવ્યું છે કે મોક્ષાર્થીએ કપટ અને કદાગ્રહથી રહિત થવું જોઇએ. **खंतिसंजमरयस्स** એ પદથી સૂચિત થાય છે કે તેજ સંયમ ફળદાતા થાય છે કે જે ક્ષમાથી યુક્ત હોય. **परीसहे जिणंतस्स** પદથી મનની સ્થિરતા તથા શરીરની મમતાનો ત્યાગ બતાવેલો છે. (૨૭)

## ચારિત્ર કા મહત્વ એવં અધ્યયન કા ઉપસંહાર

ચારિત્રનું મહત્ત્વ બતાવે છે-**पच्छावि ते०** ઈત્યાદિ.

જે શ્રમણોને અનશન આદિ બાર પ્રકારના તપ, સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપ સત્તર પ્રકારનો સંયમ, ક્રોધજનક અક્ષેપપૂર્ણ વચનોને સહન કરવારૂપ ક્ષાન્તિ, સર્વથા મૈથુનનો પરિત્યાગ, એ પ્રિય હોય છે, તેઓ કદાચિત મોહકર્મના ઉદયથી ખંડિતચારિત્ર થઇને પણ અથવા વૃદ્ધ હોવા છતાં પણ ચડતા પરિણામોથી આર્દ્રકુમાર, પુંડરીક આદિની પેઠે ફરી સંયમને ગ્રહણ કરીને શીઘ્ર અમરભવન (સિદ્ધસ્થાન અથવા સ્વર્ગલોક) ને પ્રાપ્ત થાય છે.

'અમરભવન' ના બે અર્થ થાય છે. (૧) જ્યાં મૃત્યુ હોતું નથી એવું સ્થાન મોક્ષ છે, કારણ કે ત્યાં આયુકર્મનો સર્વથા અભાવ હોય છે. અને (૨) અમરભવન સ્વર્ગલોકને પણ કહે છે, કારણ કે સ્વર્ગલોકમાં અકાલમૃત્યુ થતું નથી (૨૮)

ઉપસંહાર કરે છે-**इच्चेयं०** ઇત્યાદિ.

તત્ત્વોના યથાર્થ સ્વરૂપનું શ્રદ્ધાન કરવાવાળો સમ્યગ્દષ્ટિ જીવ દુર્લભ શ્રમણતાને પ્રાપ્ત કરીને સદૈવ પહેલા કહેલાસ્વરૂપવાળા ષડ્જીવનિકાયની મન વચન કાયાથી એકદેશ યા સર્વદેશે કરીને કદાપિ વિરાધના ન કરે-પીડા ન ઉપજાવે. શ્રીસુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે

છે–હે જંબૂ ! અંતિમ તીર્થંકર શ્રી ભગવાન્ મહાવીર સ્વામી પાસેથી જેવું મેં સાંભળ્યું છે તેવું જ તને કહ્યું છે-ઇત્યાદિ પહેલાંની પેઠે સમજી લેવું. (૨૯)

ઇતિ ''ષડ્જીવનિકાયા'' નામક ચોથા અધ્યયનનો
ગુજરાતીભાષાનુવાદ સમાપ્ત (૪)

## પાચવાં અધ્યયનકી અવતરણિકા

### પાંચમું અધ્યન.

ચોથા અધ્યયનમાં ષડ્જીવનિકાયની રક્ષારૂપ ભિક્ષુનો આચાર પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. આ આચારનું પાલન શરીરની સ્થિતિ પર નિર્ભર છે. જેમ ઉંજણ વિના ગાડું ચાલી શકતું નથી અને કોયલા વિના રેલગાડી ચાલી શકતી નથી. તેમ જઠરાગ્નિના સંતાપ રૂપ વ્યાધીની બાધાને શાન્ત કર્યા વિના શરીરની સ્થિતિ રહી શકતી નથી. તે માટે પાંચમા અધ્યયનમાં વિસ્તારથી એ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે 'સંયમીએ ક્યારે, કોની પાસેથી, કેવી વિધિથી અને કેવા પ્રકારનો આહાર ગ્રહણ કરવો જોઇએ ?

અથવા–ચોથા અધ્યયનમાં મૂળ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે, આ અધ્યયનમાં મૂળ ગુણોને પુષ્ટ કરનારા ઉત્તર ગુણોમાંથી પિંડૈષણાનું કથન કરવામાં આવે છે. 'પિંડ' શબ્દ શાસ્ત્રીય-ભાષામાં અન્નપાનના નામે ઓળખાય છે, તેની એષણા કરવી એ પિંડૈષણા કહેવાય છે. એક સ્થાન પર ઘણા પદાર્થોનો સમુદાય હોવો એ 'પિંડ' કહેવાય છે, પિંડ બે પ્રકારના હોય છે, (૧) દ્રવ્ય–પિંડ અને (૨) ભાવપિંડ. અશન આદિને દ્રવ્યપિંડ કહે છે. કારણ કે તેથી ક્ષુધાનો નાશ થાય છે. જ્ઞાનાદિ એ પ્રશસ્ત–ભાવપિંડ છે, કારણ કે તે કર્મોનો નાશ કરવાવાળું છે. અપ્રશસ્ત–ભાવપિંડ અસંયમાદિરૂપ છે, એનો અહીં અધિકાર નથી.

દ્રવ્યપિંડ એ પ્રશસ્ત–ભાવપિંડનો પોષક છે. કારણ કેતેના વિના પ્રશસ્ત–ભાવપિંડની પ્રાપ્તિ થઇ શકતી નથી. અર્થાત્ જ્ઞાનાદિ-રૂપ પ્રશસ્ત–ભાવપિંડની આરાધના શરીરની સ્થિતિને અધીન છે, અને શરીરની સ્થિતિ આહાર વિના હોઇ શકતી નથી. આહારાદિ દ્રવ્યપિંડજ છે તેથી એ સિદ્ધ થયું કે દ્રવ્યપિંડ પ્રશસ્ત ભાવપિંડનો પોષક છે. દ્રવ્યપિંડ સાવદ્ય પણ હોય છે અને નિરવદ્ય પણ હોય છે. સંયમીએ તો નિરવદ્યપિંડ જ ગ્રહણ કરવો જોઇએ એટલા માટે દ્રવ્યપિંડની એષણાનો અધિકાર પ્રારંભવામાં આવે છે–संपत्ते भिक्खकालम्मि ઇત્યાદિ.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસાર સ્વાધ્યાયાદિ ક્રિયાઓની પછી જ્યારે ગોચરીનો સમય થાય ત્યારે મુનિ કોઇ કારણવશ ઉત્પન્ન થએલા ચિત્તવિક્ષેપથી જન્મેલી ભ્રાન્તિથી રહિત થઇને અર્થાત્ ઈર્યા (ગમન) માં ઉપયોગ રાખીને, અથવા ક્યારે અને ક્યાં અશન આદિની પ્રાપ્તિ થશે ? એ પ્રકારની ચિંતાજન્ય ચંચલતાથી રહિત થઇને આહાર તથા મનોજ્ઞ-શબ્દાદિ વિષયોમાં આસક્ત ન થતાં. આ અધ્યયનમાં વર્ણવ્યા પ્રમાણેની વિધિથી, મુનિને યોગ્ય ઓદન આદિ ભકત તથા દ્રાક્ષ આદિના ધોવણરૂપ. પાનની ગવેષણા કરે.

ગાથામાં **संपत्ते** શબ્દથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે મુનિએ સમય પર જ કાર્ય કરવું જોઇએ **असंभंतो** શબ્દથી એમ પ્રકટ કર્યું છે કે સાધુએ મનની સ્થિરતા રાખવી જોઇએ **अमुच्छिओ** શબ્દથી વિષયોમાં આસકિતનું નિરાકરણ કરવામાં આવ્યું છે. (૧)

## ભત્તકપાન ગવેષણ કી વિધિ

હવે ગવેષણાની વિધિ બતાવે છે-**से गामे वा०** ઇત્યાદિ.

મુનિ શબ્દના અનેક અર્થો છે. (૧) જે સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગની પ્રતિજ્ઞા કરે છે-તેને મુનિ કહે છે. (૨( જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા અનુસાર જીવ અજીવ આદિ પદાર્થો ને અનેકાન્તસ્વરૂપ જાણવાવાળા મુનિ કહેવાય છે. મુનિ બે પ્રકારના હોય છે. (૧) દ્રવ્યમુનિ અને (૨) ભાવમુનિ મુનિઓના આચારનું પાલન ન કરનારા મુનિવેષધારી દ્રવ્ય-મુનિ કહેવાય છે, મોહનીય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થએલા સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયના દ્વારા જેના આત્માનુ સ્વરૂપ પ્રકટ થઇ ગયું છે. તેને ભાવમુનિ કહે છે. અહીં ભાવમુનિનો અધિકાર સમજવો જોઇએ,

એ ભાવ મુનિ પિંડગવેષણાનો સમય થતાં ગ્રામ, નગર, ગામડું, કર્બટ આદિમાં યથા-યોગ્ય થોડા થોડા નિર્દોષ આહાર ગ્રહણ કરતાં કરતાં, ભિક્ષાના બધા દોષોનો ઉપયોગ રાખવા વાળા અર્થાત્ અવ્યાક્ષિપ્ત-ચિત્તથી અલાભ આદિ પરીષહથી ઉત્પન્ન થતા ક્ષોભથી રહિત થઇને ઇર્યાપથ શોધતા મંદ ગતિએ ચાલે.

## ગોચરીમેં ચિત્ત કી સ્થિરતા કા ઉપદેશ

**गोयरग्गगओ** શબ્દથી એમ સૂચિત થયું છે કે સાધુએ નવકોટિએ વિશુદ્ધ આહાર લેવો જોઇએ **अव्वक्खित्तेण चेयसा** એથી એમ પ્રકટ થાય છે કે ચિત્તની સ્થિરતાથી જ ભિક્ષાની શુદ્ધિ બની શકે છે, **अणुव्विग्गो** શબ્દથી પરીષહ સહવાનું સામર્થ્ય પ્રકટ કર્યું છે. (૨)

## ગોચરી ગમનકી વિધિ

ગોચરીને માટે ગમનવિધિ બતાવે છે-**पुरओ** ઇત્યાદિ.

પોતાના શરીર પ્રમાણુ રસ્તા સામે સારી રીતે અવલોકન કરતાં, બીજ, વનસ્પતિકાય, દ્વીન્દ્રિયાદિ પ્રાણી, સચિત્ત જળ અને સચિત્ત માટીને બચાવી લેતાં ગમન કરે. (૩)

**ओवायं०** ઇત્યાદિ. પર અવલંબન અહીં પરાક્રમ અથવા પરાક્રમથી કહેવામાં આવેલ છે, એથી એવો અર્થ થાય છે કે બીજો માર્ગ હોવા છતાં, જેમાં ચાલવાથી પડી જવાની સંભાવના હોય, દુર્ગમ હોવાને લીધે વિકટ હોય, જેમાં કાપેલી જુવાર આદિનાં ઠુંઠા હોય, અને જે કીચડવાળો હોય, પાણી-કીચડ વગેરે વધુ હોવાના કારણે ઓળંગવા માટે ઈંટ, લાકડું કે પત્થર આદિ રાખેલાં હોય. એવા વિષમ માર્ગથી ગમન ન કરે.

**विज्जमाणे परक्कमे** એ શબ્દોથી એમ સૂચવ્યું છે કે બીજો માર્ગ ન હોય તો એનો નિષેધ નથી-અર્થાત્ અન્ય માર્ગને અભાવે એવા માર્ગથી પણ જઈ શકાય છે. (૪)

એવા માર્ગમાં ચાલવાથી થનારી ભીતિ બતાવે છે **पवडंते०** ઇત્યાદિ.

જો અવપાત આદિ પૂર્વોક્ત માર્ગોમાં ગમન કરવાથી પડી જાય યા લપસી જાય તો દ્વીન્દ્રિયાદિ ત્રસ યા પૃથ્વીકાયિક આદિ સ્થાવર જીવોની અથવા બેઉ પ્રકારના જીવોની હિંસા થાય છે, તથા પડવાથી આત્મવિરાધના પણ અવશ્ય થાય છે. (૫)

## વિષમ માર્ગ સે જાને મેં સંયમ વિરાધના કા સંભવ

**तम्हा** ઇત્યાદિ. ત્રસ સ્થાવરની વિરાધનાના ભયથી બધાં પ્રાણીઓની રક્ષા કરવાની ઇચ્છાવાળા મુનિ બીજો માર્ગ હોવા છતાં એ ખાડા આદિવાળા માર્ગથી ગમન કરે નહિ. બીજો માર્ગ ન હોય તો એ માર્ગે યતનાપૂર્વક ગમન કરે. **संजए** શબ્દથી સાધુની યતના-પરાયણતા અને **सुसमाहिए** શબ્દથી ઉપયોગવત્તા પ્રકટ કરવામાં આવી છે. અહીં એ વાત સમજવાની છે કે, ચોથી પાંચમી અને છઠ્ઠી એ ત્રણ ગાથાઓથી પ્રકાર દર્શાવવામાં આવ્યો છે અર્થાત્ ચોથી ગાથાથી પ્રતિજ્ઞા, પાંચમી ગાથાથી હેતુ અને છઠ્ઠી ગાથાથી ઉપસંહાર કરવામાં આવ્યો છે. (૬)

હવે પૃથિવીકાયની યતના કહે છે-**इंगालं** ઇત્યાદિ.

## ગમનમેં પૃથ્વીકાયકી યતના રખને કા વિચાર

સાધુ સચિત્ત-ધુળયુક્ત પગે અંગાર ભસ્મ (રાખ) અને છાણુ આદિના ઢગલાને ન ઓળંગે તથા તુષ (ભૂસું) ના ઢગલાનું પણ ઉલ્લંઘન કરીને ન જાય; કારણુ કે એથી પૃથ્વી-કાયની હિંસા થાય છે. ઉપલક્ષણે કરીને એમ પણ સમજવું કે જેથી પૃથિવીકાયની વિરાધના થાય એને ઉલ્લંઘીને ગમન ન કરે. (૭)

## અપકાયાદિ કી યતના કા વિચાર

અપ્કાયાદિની યતના કહે છે-**ન ચરેજ્જ વાસે૦** ઈત્યાદિ. જ્યારે વરસાદ વરસી રહ્યો, હોય, ધુમસ (ઝાકળ) પડી રહ્યો હોય આંધી ચાલી રહી હોય, ટીડ ઉડી રહ્યાં હોય, ત્યારે સાધુ ગમન ન કરે. **વાસે વાસંતે** એ શબ્દથી એમ પણ ગ્રહણ કરી લેવું જોઇએ કે જ્યારે વરસાદની ફરફર પડી રહી હોય ત્યારે પણ ગમન ન કરે; કારણ કે તે પણ વરસાદમાં જ આવી જાય છે, અને તે સમયે જવાથી અપ્કાયની વિરાધના થાય છે. (૮)

## ચતુર્થ મહાવ્રત-બ્રહ્મચર્ય યતના કા વિચાર

પ્રથમ મહાવ્રતની વિરાધના બતાવ્યા પછી હવે બીજાં મહાવ્રતોની વિરાધનાના કારણ હોવાને લીધે ચતુર્થ મહાવ્રતની વિરાધનાનું કથન કરે છે : **ન ચરેજ્જ વેસ૦** ઇત્યાદિ.

બ્રહ્મચારી સાધુ ગોચરીને માટે, બ્રહ્મચર્યનો નાશ કરવાવાળા વેશ્યાગૃહની સમીપે યા વેશ્યાઓના મહોલ્લામાં ન જાય, ત્યાં જવામાં શી હાની છે તે શંકાનું નિવારણ કરતાં કહે છે કે વેશ્યાના મહોલ્લામાં ગમન કરવાથી જિતેન્દ્રિય બ્રહ્મચારી સાધુના મનમાં પણ વિકાર ઉત્પન્ન થઈ શકે છે. અર્થાત્ વેશ્યાના રૂપ-લાવણ્યનું અવલોકન, વિચાર, ઇત્યાદિરૂપ કચરાથી ચિત્તરૂપી નળદ્વારા આત્મામાં આવતા વિશુદ્ધ ભાવનાજળનો પ્રવાહ રોકાઈ જવાથી એ સંયમ રૂપી તરૂ સુકાઈ જાય છે, છે જે તરૂ શ્રદ્ધારૂપી ભૂમિમાં ઉત્પન્ન થાય છે, બ્રહ્મચર્ય જેનાં મૂળ છે, અહિંસા સત્યઅસ્તેય-અપરિગ્રહરૂપી કયારી છે, જે જ્ઞાન અને ક્રિયારૂપી થડ વડે દૃઢ છે, સમિતિ-ગુપ્તિ આદિ શાખા-પ્રશાખા જેની ફેલાઈ રહી છે, અઢાર હજાર શીલાંગ જેનાં પાંદડાં છે, ધ્યાન જ જેનાં પુષ્પ છે અને મુક્તિસંપત્તિજ તે તરૂનાં ફળ છે. (૯)

એકવાર ગમન કરવાના દોષ બતાવીને વારંવાર ગમન કરવાના દોષો બતાવે છે-**અણાયયણે૦** ઇત્યાદિ.

વેશ્યાગૃહની સમીપે યા એવાજ અન્ય અયોગ્ય સ્થાનોમાં વારંવાર જવાવડે વેશ્યાને જોવા આદિ સંસર્ગથી સાધુના બ્રહ્મચર્ય આદિ વ્રતોમાં પીડા થઈ જાય છે, અર્થાત્ વ્રત દૂષિત થઈ જાય છે આ એક જ હાનિ નથી પરન્તુ એનાથી શ્રામણ્ય ( ચારિત્ર ) માં પણ સંદેહ ઉત્પન્ન થાય છે કે-" આ દુશ્ચર બ્રહ્મચર્યનું ફળ મળશે કે નહિ ?, જો મળશે તો પણ શી ખબર કેટલુ મળશે, કેમ મળશે અને કયારે મળશે ? (૧). મેં અપ્રાપ્ત સુખની પ્રાપ્તિને માટે પ્રાપ્ત સુખનો ત્યાગ કરી નાંખ્યો છે તો એ ઉચિત કર્યું છે કે અનુચિત ? (૨) " ઇત્યાદિ,

અથવા ગાથામાં આવેલા **ચ** શબ્દથી વિષય-સેવનની આકાંક્ષા, સંયમથી ઘૃણા, ભેદ, ઉન્માદ, દીર્ઘકાલિક રોગ અને કેવલી-પ્રરૂપિત ધર્મમાંથી ભ્રષ્ટતા આદિ અનેક દોષો સમજી લેવા. અર્થાત્ એવા અયોગ્ય સ્થાનોમાં ગમન કરવાથી એ પ્રકારના દોષ થાય છે. (૧૦)

**માર્ગની યતનાને વિશેષરૂપે બતાવે છે साणं० ઇત્યાદિ.**

**જ્યાં ઉન્મત્ત ( ગાંડો-હડકાયો ) અથવા કરડનારો કૂતરો, નવી વીયાયલી ( પ્રસૂતા ) કૂતરી, નવપ્રસૂતા ગાય યા નવપ્રસુતા ભેંશ આદિ, મદોન્મત્ત બળદ ઘોડો હાથી ઇત્યાદિ હોય તે સ્થાનને, તથા બાળકોએ રમવાના, કલહ ( મ્હોંની લડાઈ ) ના અને યુદ્ધ (શસ્ત્રની લડાઇ) ના સ્થાનને સાધુ દૂરથી જ ત્યાગે; અર્થાત્ જ્યાં એ બધાં હોય ત્યાં ન જાય-દૂર જ રહે, કારણ કે તેથી આત્મવિરાધના, સંયમવિરાધના અને ઉભયવિરાધના થાય છે (૧૨)**

## માર્ગ ગમનમેં યતના કા વિચાર

**માર્ગની યતનાને વિશેષરૂપે બતાવે છે साणं० ઇત્યાદિ.**

**જ્યાં ઉન્મત્ત ( ગાંડો-હડકાયો ) અથવા કરડનારો કૂતરો, નવી વીયાયલી ( પ્રસૂતા ) કૂતરી, નવપ્રસૂતા ગાય યા નવપ્રસુતા ભેંશ આદિ, મદોન્મત્ત બળદ ઘોડો હાથી ઇત્યાદિ હોય તે સ્થાનને, તથા બાળકોએ રમવાના, કલહ ( મ્હોંની લડાઈ ) ના અને યુદ્ધ (શસ્ત્રની લડાઇ) ના સ્થાનને સાધુ દૂરથી જ ત્યાગે; અર્થાત્ જ્યાં એ બધાં હોય ત્યાં ન જાય-દૂર જ રહે, કારણ કે તેથી આત્મવિરાધના, સંયમવિરાધના અને ઉભયવિરાધના થાય છે (૧૨)**

## ગોંચરીમેં કાયચેષ્ટા કા વિચાર

ચાલવાનો પ્રકાર કહે છે—**अणुन्नए०** ઇત્યાદિ.

માર્ગમાં ચાલતી વખતે સાધુ અનુન્નત અર્થાત્ દ્રવ્યથી ઉપરની બાજુએ ન જોતાં અને ભાવથી જાતિકુળના અભિમાનથી રહિત, નાવનત અર્થાત્ દ્રવ્યથી અત્યન્ત ન નમ્યા વિના તથા ભાવથી દીનતા-રહિત, અપ્રહૃષ્ટ અર્થાત્ મળવાવાળા આહારાદિના વિચારથી પ્રમોદરહિત, અનાકુલ અર્થાત્ ઇષ્ટની અપ્રાપ્તિ તથા અનિષ્ટની પ્રાપ્તિના વિચારથી ઉત્પન્ન થનારી વ્યાકુળતાથી રહિત જ્યાં જે ઇંદ્રિયનો વિષય ઉપસ્થિત હોય ત્યાં તે ઇંદ્રિયનું દમન કરીને અર્થાત્ મનોજ્ઞ-વિષયમાં રાગ અને અમનોજ્ઞ-વિષયમાં દ્વેષનો પરિત્યાગ કરતાં, ભિક્ષા આદિને માટે વિચરે.

**अणुन्नए** અને **नावणए** એ બે શબ્દોથી ઈર્યાની યતના અહંકારનો પરિહાર અને દીનતાનો ત્યાગ સૂચિત કર્યો છે. **अप्पहिट्ठे** શબ્દથી મધ્યસ્થતા પ્રકટ કરી છે **अणाउले** શબ્દથી સાધુની રસલોલુપતાનું નિરાકરણ કર્યું છે. **जहाभागं** શબ્દથી એમ પ્રદર્શિત કર્યું છે કે જ્યાં જે ઇંદ્રિયનો વિષય ઉપસ્થિત હોય ત્યાં તેનું દમન કરવું એજ વસ્તુતઃ ઇંદ્રિયદમન કહેવાય છે, કિંતુ ચક્ષુ ઇન્દ્રિયનો વિષય ઉપસ્થિત થતાં જો કાન સંકોચવામાં આવે તો તે ઇંદ્રિયદમન કહેવાતું નથી. ઇત્યાદિ. (૧૩)

**दवदवस्स०** ઈત્યાદિ. સાધુ ગોચરીને માટે ઉતાવળો ઉતાવળો ન ચાલે. વાત-ચીત કરતો કે હસતો-હસતો પણ ન ચાલે. ઉચ્ચ-નીચ અર્થાત્ ધનવાન-નિર્ધન આદિના કુળોમાં

સદા ભિક્ષાને માટે જાય.

ઉચ્ચકુળ બે પ્રકારનાં છે : (૧) દ્રવ્યથી ઉચ્ચ અને (૨) ભાવથી ઉચ્ચ. (૧) સાત=મજલા હોય, શરદૃઋતુનો ચંદ્રમા કપૂર, (મોતીનો) હાર, બરફ યા કુંદપુષ્પની પેઠે સ્વચ્છ (શ્વેત) હોય, ચૂનો ધોળવાથી ઝગમગતો હોય અને જેનું ફાટક ખૂબ ઉંચું હોય એવા મહેલ આદિ દ્રવ્ય-ઉચ્ચ કહેવાય છે. (૨) ધન-ધાન્યરૂપી સંપત્તિથી સમૃદ્ધ કુળ ભાવથી ઉચ્ચ કહેવાય છે.

નીચકુળ પણ બે પ્રકાનાં હોય છે :—

(૧) દ્રવ્યથી નીચું અને (૨) ભાવથી નીચું. (૧) વાંસ, લાકડાં, ઘાસ-પાંદડાથી બનેલાં ઝુપડાને દ્રવ્યથી નીચું કહે છે. (૨) ધન-ધાન્યાદિ સંપત્તિથી રહિત નિર્ધનના કુળને ભાવથી નીચું કહે છે. એ પ્રકારનાં બધાજ ઘરોમાં સાધુ ભિક્ષાને માટે જાય.

અથવા **उच्चावच** શબ્દથી ઉગ્રકુળાદિ સમજી લેવાં જોઇએ એ બાર પ્રકારનાં કુળો આચારાંગ સૂત્રમાં ( શ્રુ૦ ૧અ ૨ઉ૦સૂ૦ ૧૧ માં ) ભગવાને કહ્યા છે. આચારાંગ સૂત્રમાં આવેલા **अदुगुंछिए** અને **अगरहिए** શબ્દોથી એમ સૂચિત કર્યું છે કે જે દેશ અને જે સમયમાં જે કુળ અનિંદિત અને અગર્હિત હોય તેમાં મુનિ ભિક્ષાને માટે જાય.

અહીં **दवदवस्स** ઇત્યાદિ શબ્દોથી ષટ્કાયની રક્ષામાં સાવધાની પ્રકટ કરી છે. **भासमाणो** શબ્દથી એમ પ્રકટ કર્યું છે કે એકીસાથે બે કાર્યો ઉપયોગપૂર્વક થઇ શકતાં નથી. **हसंतो** શબ્દથી ગંભીરતા પ્રકટ કરી છે અને **उच्चावयं** ઇત્યાદિ શબ્દોથી પ્રતિબંધ (નેસરાય) રહિતતા અને સમતા સહિતતા પ્રકટ કરી છે. (૧૪)

## ગોચરીમેં કુલ (ગૃહ) પ્રવેશવિધિ કા વિચાર

**आलोयं** ઇત્યાદિ. ભિક્ષાને માટે ગમન કરતો મુનિ ઝરૂખો, જાળી, ભીંત, દરવાજો, ચોરે પાડેલું બાંકું (ખાતરીયાથી પાડેલું બાંકોરૂં) અને ઉદકભવન અર્થાત્ પાણીઆરાની તરફ દૃષ્ટિ ન નાંખે, કારણ કે એ બધાં શંકાસ્થાનો છે. તેની તરફ જોવાથી લોકોને સાધુના ચારિત્રમાં સંદેહ ઉત્પન્ન થાય છે. તેથી એ શંકાસ્થાનોનો વિશેષરૂપે પરિત્યાગ કરવો. (૧૫)

**रन्नो०** ઇત્યદિ, જે એકાન્ત ભવનમાં ચક્રવર્તી, અર્ધચક્રી, માંડલિક આદિ રાજા, શ્રેષ્ઠી (શેઠ) આદિ ગૃહસ્થ અને નગરની રક્ષા કરનારા (કોટવાળ) વગેરે સલાહ (મંત્રણા) કરતા હોય, એ ભવનને મુનિ દૂરથી જ ત્યાગે, કારણ કે એવાં સ્થાનો અસમાધિને ઉત્પન્ન કરવાવાળાં હોય છે. (૧૬)

**पडिकुट्ठं** ઇત્યાદિ. શાસ્રોમાં નિષેધ કરેલા ગૃહમાં સાધુ પ્રવેશ ન કરે. જેણે પોતાના ઘરમાં આવવાનો નિષેધ કર્યો હોય કે 'શ્રમણ નિર્ગ્રન્થે અમારા ઘરમાં આવવું નહિ' એવા ઘરોનો પણ સાધુ ત્યાગ કરે . સાધુને પ્રવેશ કરવાથી જે ઘરવાળાને અપ્રીતિ ઉત્પન્ન થાય, યા જે કુળમાં વિશ્વાસ ન હોય એવા કુળમાં પણ સાધુ પ્રવેશ ન કરે, કારણ કે એથી સાધુ પરથી બીજાઓનો પણ વિશ્વાસ હઠી જાય છે સાધુ એ ઘરમાં પ્રવેશ કરે કે જેમાં પ્રવેશ કરવાથી ગૃહસ્થને પ્રીતિ અને વિશ્વાસ ઉપજે. (૧૭)

**साणीपावार०** ઇત્યાદિ. ગૃહસ્વામીની આજ્ઞા લીધા વિના ટાટ યા કાંબળી આદિ કોઈ વસ્તુથી ઢાંકેલું યા સણના પડદાથી બંધ કરેલું એવુ દ્વાર તથા કમાડ, સાધુ પોતે ન ખોલે; કારણ કે એમ કરવું એ સ્નાનાદિ કરતી સ્ત્રી આદિને અપ્રતીતિનું કારણ બને છે, તથા લોકવ્યવહારથી પણ અનુચિત છે. તેથી જરૂર પડતાં તેના સ્વામીને પૂછી લઇને જ કમાડ પડદો આદિ ખોલવાં જોઇએ. (૧૮)

## ભિક્ષા કે લિયે સ્થિતમુનિ કી કાયચેષ્ટા કા વિચાર

**गोयरग्ग०** ઈત્યાદિ. ગોચરીએ જતાં પહેલાં લઘુનીતિ અને બડીનીતની શંકાને નિવૃત કરવા છતાં પણ જો ગોચરી માટે નીકળી ગયા પછી ફરી લઘુશંકા આદિની શંકા થઈ જાય તો મળ-મૂત્રને રોકવાં નહિ, કારણ કે કહ્યું છે કે-

મૂત્રનો નિરોધ કરવાથી નેત્રોને હાની થાય છે અને મળનો નિરોધ કરવાથી જીવનને હાનિ પહોંચે છે, અને ખરાબ રીતે આત્મ-વિરાધના થાય છે,'

તો શું કરવું, તે હવે બતાવે છે-જીવરહિત (નિરવદ્ય) સ્થાન જોઇને ગૃહસ્થની આજ્ઞા લઇને એ સ્થાનમાં મળ-મૂત્રનો ત્યાગ કરે. (૧૯)

**णोयदुवारं** ઇત્યાદિ. નીચા દ્વારવાળા ઓરડામાં ભિક્ષાને માટે ન જવું, કારણ કે તેમાં જવા આવવાથી આત્મા અને સંયમની વિરાધનાનો સંભવ છે. તથા અંધકારયુક્ત ઓરડામાં પણ આહાર આદિ ગ્રહણ ન કરવા; તાત્પર્ય એ છે કે જે ઓરડામાં અંધકારને કારણે નેત્રો કામ ન કરી શકતાં હોય અને તેથી કરીને દ્વીન્દ્રિયાદિ પ્રાણી સહેલાઇથી ન જોઇ શકાતાં હોય તેમાં ભિક્ષા લેવાથી સાધુની ઈર્યા તથા એષણાની શુદ્ધિ જળવાતી નથી. (૨૦)

**जत्थ पुप्फाइं०** ઇત્યાદિ. જે ઓરડા આદિમાં સચિત્ત પુષ્પ સચિત્ત બીજ વેરાયલાં હોય તથા તત્કાળલીંપવામાં આવ્યો હોવાથી લીલો હોય તે ઓરડામાં અથવા ગૃહાદિમાં પ્રવશ ન કરવો. (૨૧)

## ગૃહસ્થ કે ઘર સ્થિત રહને કા વિચાર

**पलगं०** ઈત્યાદિ. ઘેટું તથા બકરું, બાળક, કૂતરું, વાછડો તથા પાડા-પાડી આદિને ઓળંગીને અથવા તેને હાથ આદિથી હડાવીને સાધુ ઓરડામાં પ્રવેશ ન કરે. (૨૨)

**असंसत्तं०** ઇત્યાદિ. આસક્ત થઈને રાગાદિપૂર્વક કોઈનું અવલોકન ન કરવ દાતા જે સ્થાનમાંથી આવતો હોય એ સ્થાનથી વધારે દૂર ન જોવું, કારણ કે દૂર સુધી જોવાથી કોઇને એવી શંકા આવી જાય કે 'આ ચોર છે' ઈત્યાદિ. જો ભિક્ષાની પ્રાપ્તિ ન થાય તો દીન વચન ન બોલવાં, કે ન બડબડવું, પરન્તુ મૌનસહિત પાછાં ફરવું.

**असंसत्तं०** શબ્દથી નેત્રવિષયક અનુરાગનો ત્યાગ પ્રકટ કર્યો છે. **नाइदूरा०** ઇત્યાદિથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે સાધુએ એવું આચરણ કરવું જોઈએ કે જેથી કોઈને ચોર આદિ હોવાનો સંદેહ ન પડે. **उप्फुल्लं०** ઇત્યાદિ શબ્દથી એ સંદેહ દૂર કર્યો છે કે કોઇ એમ ન સમજે કે 'અરે ! આ બિચારા સાધુએ એવી વિભૂતિ નથી કોઇવાર જોઇ અને નથી કોઈવાર ભોગવી તેથી એ બહુ જ દીન છે. (૨૩)

**अइभूमिं०** ઇત્યાદિ. જે ઘરમાં ભૂમિની જેટલી મર્યાદા હોય એને ઉલ્લંઘીને મુનિ ગૃહસ્થની આજ્ઞા વિના આગળ ન જાય, પરન્તુ એ કુળની મર્યાદાને જાણીને ગમન કરવા યોગ્ય પરિમિત સ્થાન સુધી જ જઈને ઊભો રહે, અર્થાત્–કોઇની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે, એથી વિપરીત આચરણ કરવાથી ગૃહસ્થને ક્રોધ આદિ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે. (૨૪)

## પાકાદિ કાર્યમેં સ્ત્રી કી ઉપસ્થિતિ કા વિચાર

**तत्थेव०** ઇત્યાદિ. વિચક્ષણ ભિક્ષુ જે મર્યાદિત ભૂમિ પર ઊભો હોય ત્યાંના ભૂમિભાગનું પ્રતિલેખન કરે, સ્નાન–ઘર તથા ઉચ્ચાર આદિના સ્થાન (જાજરૂ) ની તરફ દૃષ્ટિ ન કરે. **वियक्खणो** શબ્દથી અગીતાર્થ સાધુને સ્વતંત્ર ગોચરી કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. **सिणाणस्स** ઇત્યાદિ પદોથી 'નગ્ન સ્ત્રી આદિ દેખાઇ જવાને કારણે રાગાદિ ભાવ ઉત્પન્ન થવાનો સંભવ છે'–એમ સૂચિત કરવામાં આવ્યું છે. (૨૫)

**दगमट्टिय०** ઇત્યાદિ. સચિત્ત જળ અને માટીનું અને શાલિ (ડાંગર) આદિ સચિત્ત બીજ, વનસ્પતિકાય તથા અન્ય અકલ્પ્ય પદાર્થોનું વર્જન કરતાં-તેનાથી દૂર હઠીને સર્વ ઇંદ્રિયોનો સંયમ કરતાં થકા ઉભા રહે. (૨૬)

**तत्थ से** ઇત્યાદિ. ગૃહસ્થના ઘરમાં ઊભેલા સાધુને ગૃહિણી (સ્ત્રી) આદિ તલ તંદુલ (ચોખા) આદિનું ધોવણ તથા અન્નાદિક આપે તો એમાંથી અકલ્પનીય (અનેષણીય) પદાર્થોને ગ્રહણ ન કરે, કલ્પનીયને ગ્રહણ કરે. (૨૭)

**आहरंती०** ઇત્યાદિ. અશનાદિ દેતી વખતે દાતાના હાથમાંથી ઘુંટણની ઉપરના પ્રદેશથી જો એક પણ કણ પડી જાય, અથવા ઘુંટણથી નીચેના પ્રદેશથી નિરંતર પડી રહ્યું હોય તો ભિક્ષુ દાતાને કહે કે એવાં અશનાદિ મારે ગ્રાહ્ય નથી.

રસોઇનું કામ પ્રાયઃ સ્ત્રીઓને અધીન રહે છે અને રસોઇમાં મુખ્યત્વે સ્ત્રી હાજર રહે છે, તેથી ગાથામાં સ્ત્રીને ગ્રહણ કરવામાં આવી છે. (૨૮)

**संमद्दमाणो०** ઇત્યાદિ પ્રાણ બીજ વનસ્પતિ આદિ સચિત્તને કચડતી–ઢાળતી (સ્ત્રી) અન્નાદિ આપે તો સાધુને માટે અયતના કરનારી સમજીને તેને ત્યજી દે. અર્થાત્ એના હાથથી અન્નાદિ ગ્રહણ ન કરે તાત્પર્ય એ છે કે–'આ ભિક્ષા આપવાને જે અયતના કરી રહી છે, એવી અવસ્થામાં આહાર લેવાથી મારે પણ એ હિંસાના ભાગી બનવું પડશે' એવો વિચાર કરીને મુનિ તેના હાથથી આહાર લે નહિ.

**साहट्टु०** ઇત્યાદિ. અને **ओगाहइत्ता०** ઇત્યાદિ. જો શ્રમણને માટે એક વાસણમાંથી બીજા વાસણમાં સંહરણ કરીને (કાઢીને), નિક્ષેપણ કરીને (એકની ઉપર બીજાને રાખીને), સચિત્તની સાથે સંઘટો કરીને, જળનું ઉપમર્દન કરીને (જળને હલાવીને) તથા અવગાહન કરીને, વર્ષા ઋતુમાં ઘરના આંગણામાં ભરેલા વરસાદના પાણીમાં પ્રવેશ કરીને યા એને નાળી (ખાળ) વડે કાઢી નાંખીને ભોજન-પાન આપે તો એ આપનારીને શ્રમણ કહે કે "એવાં અન્ન-પાન મારે ગ્રાહ્ય નથી."

પહેલાં સંહરણનું વર્ણન કરે છે. સંહણની ચૌભંગી આ પ્રકારે થાય છેઃ—

(૧) સચિત્તમાં સચિત્તનું, (૨) સચિત્તમાં અચિત્તનું, (૩) અચિત્તમાં સચિત્તનું, (૪) અચિત્તમાં અચિત્તનું.

એ ચાર ભાંગામાંથી ચોથો ભાંગો સાધુને માટે કલ્પનીય છે. એના પણ ચાર ભાંગા થાય છે.—

[૧] સૂકામાં સૂકાનું, (૨) સૂકામાં લીલાનું, (૩) લીલામાં સૂકાનું અને (૪) લીલામાં લીલાંનું.

એ ચાર ભાંગો પણ અલ્પતા અને બહુલતાના ભેદ કરીને ચાર ચાર પ્રકારના થાય છેઃ—

[૧] 'સૂકામાં સૂકાનું' એ પ્રથમની ચૌભંગી આ પ્રમાણે છેઃ–

(૧) થોડા સૂકામાં થોડા સૂકાનું, (૨) થોડા સૂકામાં બહુ સૂકાનું, (૩) બહુ સૂકામાં થોડા સૂકાનું, (૪) બહુ સૂકામાં બહુ સૂકાનું.

[૨] 'સૂકામાં લીલાનું' એ બીજા ભાંગાની ચૌભંગી–

(૧) થોડા સૂકામાં થોડા લીલાનું, (૨) થોડા સૂકામાં બહુ લીલાનું (૩) બહુ સૂકામાં થોડા લીલાનું, (૪) બહુ સૂકામાં બહુ લીલાનું.

[૩] 'લીલામાં સૂકાનું' એ ત્રીજા ભાંગાની ચૌભંગી–

(૧) થોડા લીલામાં થોડા સૂકાનું, (૨) થોડા લીલામાં બહુ સૂકાનું, (૩) બહુ લીલામાં થોડા સૂકાનું, (૪) બહુ લીલામાં બહુ સૂકાનું.

[૪] લીલામાં લીલાનું' એ ચોથી ચૌભંગી—

(૧) થોડા લીલામાં થોડા લીલાનું, (૨) થોડા લીલામાં બહુ લીલાનું. (૩) બહુ લીલામાં થોડા લીલાનું, (૪) બહુ લીલામાં બહુ લીલાનું.

આ ચાર ચૌભંગીઓમાંથી 'થોડા સૂકામાં થોડું સૂકું મેળવવું' અને 'બહુ સૂકામાં થોડું સૂકું મેળવવું' એ પહેલો અને ત્રીજો એ બે ભાંગા ગ્રાહ્ય છે. બીજા અને ચોથા ભાંગ ગ્રાહ્ય નથી. એ પ્રમાણે ગ્રહણ કરવાથી વાસણ ઉપાડવાને કારણે દાતાને કષ્ટ, વાસણ ફૂટી જવું અને વસ્તુ વેરાઇ–ઢોળાઈ જવી, અને અપ્રીતિ થવી આદિ દૂષણ થાય છે, જેમકે કોઇ

દાતાએ બહુ લીલાનું યા બહુ સૂકાનું સંહરણ કરવાને માટે બહુ ભારે વાસણ ઉપાડયું હોય તેને કષ્ટ થાય.

નિક્ષેપણ દોષ ત્રણ પ્રકારનો છે. (૧) સચિત, (૨) અચિત્ત, (૩) મિશ્ર. એ ત્રણને આશ્રિત કરવાથી ત્રણ ચૌભંગીઓ થાય છે.

[૧] સચિત્ત-અચિત્તની ચૌભંગી.

(૧) સચિત્ત પર સચિત્તનું, (૨) સચિત્તપર અચિત્તનું, (૩) અચિત્ત પર સચિત્તનું. (૪) સચિત્ત પર અચિત્તનું ।૧। (૨) સચિત્ત મિશ્રની ચૌભંગી-

(૧) સચિત્તપર સચિત્તનું (૨) સચિત્તપર મિશ્રનું (૩) મિશ્રપર સચિત્તનું ૪)) મિશ્ર પર મિશ્રનું, નિક્ષેપણ કરવું. ।૨।

[૩] અચિત્ત-મિશ્રની ચૌભંગી—

(૧) અચિત પર અચિત્તનું, (૨) અચિત્ત પર મિશ્રનું (૩) મિશ્ર પર અચિત્તનુ, (૪) મિશ્ર પર મિશ્રનું નિક્ષેપણ કરવું. ।૩।

વળી પણ પૃથિવી આદિ ષટ્કાય પર પૃથિવીકાયનું નિક્ષેપણ કરવાથી પ્રથમ ચઉભંગીના 'સચિત્ત પર સચિત્તનુ' એ પ્રથમ ભાંગાના છત્રીસ ભાંગા થાય છે. તે આ પ્રમાણે છે—

(૧) પૃથિવી પર પૃથિવીનું, (૨) અપૂ (જળ) નું (૩) તેજનું (૪) વાયુનું, (૫) વનસ્પતિનું, (૬) ત્રસનું નિક્ષેપણ કરવું.

એ રીતે અપ્કાય આદિ પર પૃથિવીકાય આદિ છ કાયોનું નિક્ષેપણ કરવાથી છત્રીસ ભાંગા થાય છે, અર્થાત્ છ કાય પર છકાયનું નિક્ષેપણ થાય છે. એટલે છને છએ ગુણવાથી પ્રથમ ભંગના છત્રીસ ભેદોની સંખ્યા નીકળે છે. એમ 'સચિત્ત પર સચિત્તનું' 'સચિત્ત પર મિશ્રનુ' 'મિશ્ર પર સચિત્તનુ' અને 'મિશ્ર પર મિશ્રનુ' એ બધા (૪) ભાંગાની છત્રીસ-છત્રીસ સંખ્યા જોડી દેવાંથી (૩૬+૩૬+૩૬+૩૬) એકસો ચુંવાળીસ (૧૪૪) ભાંગાં થાય છે. બીજી બે ચૌભંગીઓના પણ એટલાજ ભેદ થાય છે, એને જોડવાથી ચારસોને બત્રીસ (૪૩૨) ભાંગા થાય છે.

એ ૪૩૨ ભાંગા એક કાય પર એક કાયનું નિક્ષેપણ કરવાથી થાય છે. પરન્તુ એક કાય પર બે કાયનું, જેમકે—

પૃથિવી કાય પર પૃથિવી કાયનું અને અપૂકાયનું નિક્ષેપણ કરવાથી, તથા બે કાયો પર એક કાયનું જેમ પૂર્વોક્ત બે કાયો પર વનસ્પતિ આદિ કોઇ એક કાયનું નિક્ષેપણ કરવાથી બીજા પણ ઘણા ભાંગા થાય છે. એ સંયોગથી થતા ઊત્તર ભાંગા પોતાની મેળે સમજી લેવા; બહુ વિસ્તાર થવાને કારણે અહીં આપ્યા નથી.

પૂર્વોક્ત ભાગામાંથી અચિત્ત પર અચિત્તનું નિક્ષેપણ કરવારૂપ એક ભાંગો કલ્પનીય છે, બાકીના સાક્ષાત્ અથવા પારંપરિક નિક્ષેપણરૂપ બધા ભાંગા અકલ્પનીય છે.

સંસ્પર્શન ત્રણ પ્રકારનાં છેઃ-(૧) સચિત્ત સંસ્પર્શન, (૨) અચિત્ત સંસ્પર્શન, અને (૩) મિશ્ર સંસ્પર્શન. એ ત્રણેના પૃથિવી આદિ ષટ્કાયના ભેદે કરીને અઢાર ભેદ થાય છે. દાતા અને દેય (વસ્તુ) ના ભેદે કરીને છત્રીસ ભેદ થાય છે. અને પછી તેવી જ પરંપરાના

ભેદે કરીને બોંતેર (૭૨) ભેદ થાય છે. તે ઉપરાંત બે કાયનો યા ત્રણ કાયનો સ્પર્શ કરવાથી બીજા પણ ભેદ થાય છે. તે ભેદો બુદ્ધિમાનોએ સ્વયં વિચારી લેવા.

પ્રશ્ન--હે ગુરૂ મહારાજ ? જો પારમ્પરિક સંઘટનથી આપેલા આહારાદિનો પણ ત્યાગ કરવામાં આવશે તો સાધુ કદાપિ આહાર લઈ શકશે નહિ, કારણ કે પૃથિવીનું સંઘટન અનિવાર્ય છે-આહારાદિ પૃથિવી પર રહે છે અને સચિત્ત જળ પણ પૃથિવી પર જ રહે છે. એટલે સચિત્ત જળનું પૃથિવી સાથે સંઘટન છે. અને પૃથિવીનું આહારાદિ સાથે સંઘટન છે, તેથી કરીને આહારાદિનું તથા સચિત્ત જળનું પારમ્પરિક સંઘટન થતું જ હોય છે.

ઉત્તર-હે શિષ્ય ? પૃથિવી અચલ છે, તેનું સંચલન થતું નથી, તેથી એવા સંઘટનથી જીવોને બાધા થતી નથી એથી કરીને પૃથિવીથી સંઘટિત આહારનું ગ્રહણ કરવું એ સાધુ-ઓને માટે નિષિદ્ધ નથી. પૂર્વે પારમ્પરિક સંઘટિત આહારનો જે ત્યાગ બતાવવામાં આવ્યો છે, તેને ચલ-આધાર વિષયક જ સમજવો જોઇએ, કારણ કે એ સંઘટનથી પ્રાણીઓને પીડા થાય છે તથા વ્યવહારદોષ પણ લાગે છે. (૩૦-૩૧)

હવે પુરઃકર્મદોષ કહે છે-**पुरेकम्मेण०** ઇત્યાદિ.

## પુરઃ કર્મ કા કથન

સાધુ આવતાની પહેલાં યા સાધુની સામે કરવામાં આવતી ક્રિયાને પુરઃકર્મ કહે છે, પુરઃકર્મયુક્ત કડછીથી કે વાસણથી દેનારીની પ્રત્યે સાધુ કહે કે એવો આહાર મને કલ્પતો નથી.

પ્રશ્ન—હે ગુરૂ મહારજ ! ગૃહસ્થ જ્યાંસુધી પચન-પાચન આદિ ક્રિયા કરતો નથી, ત્યાં-સુધી આહાર બની શકતો નથી એટલે મુનિના આગમન પહેલાં પચન-પાચનાદિ ક્રિયા જરૂર કરવી પડે છે. એમ કરવાથી એ આહાર પુરઃકર્મથી દૂષિત થાય તો ભિક્ષુ કદાપિ ભિક્ષા ગ્રહણ કરી શકે નહિ, સાધુની સામે કરવામાં આવનારી ક્રિયાને પણ જો પુરઃકર્મ માનવામાં આવે તો ગૃહસ્થની અભ્યુત્થાનવંદન-આદિ ક્રિયાઓ પણ પુરઃકર્મ કહેવાશે, તો પછી તેને હાથે આપવામાં આવેલો પુરઃકર્મથી દૂષિત આહાર સાધુ કેવી રીતે ગ્રહણ કરશે. ?

ઉત્તર-હે શિષ્ય વ્યુત્પત્તિથી પચન-પાચન-આદિ ક્રિયાઓ ભલે પુરઃકર્મ કહેવાય, પરન્તુ સમય (શાસ્ત્ર)-નિ પરિભાષા પ્રમાણે ભિક્ષાદાનની પહેલાં સાધુને ઉદ્દેશ્ય કરીને સચિત્ત જલથી હાથ યા વાસણ આદિ ધોવાં એ જ પુરઃકર્મ કહેવાય છે. પચન-પાચન-આદિ ક્રિયા. ઓ અથવા ઊભા થવા આદિની ક્રિયા એ પુરઃકર્મ કહેવાતાં નથી,

આ પુરઃકર્મના, દાતા દ્રવ્ય અને ગૃહની વિવક્ષાએ કરીને આઠ ભાંગા થાય છે, તે અહીં બતાવે છે—

| | | | |
|---|---|---|---|
| ૧ | એજ (પુરઃકર્મ કરનાર) દાતા, | અન્ય દ્રવ્ય, | અન્ય ગૃહ |
| ૨ | એજ દાતા, | અન્ય દ્રવ્ય' | એજ ગૃહ |
| ૩ | એજ દાતા, | એજ દ્રવ્ય, | અન્ય ગૃહ |

| | | | |
|---|---|---|---|
| ૪ | એજ દાતા, | એજ દ્રવ્ય, | એજ ગૃહ |
| ૫ | અન્ય દાતા, | એજ દ્રવ્ય, | એજ ગૃહ |
| ૬ | અન્ય દાતા, | એજ દ્રવ્ય, | અન્ય ગૃહ |
| ૭ | અન્ય દાતા, | અન્ય દ્રવ્ય, | એજ ગૃહ |
| ૮ | અન્ય દાતા, | અન્ય દ્રવ્ય, | અન્ય ગૃહ |

આ આઠ ભાંગામાંથી પહેલો ભાંગો અને આઠમો ભાંગો સાધુને માટે કલ્પનીય છે અન બીજા બધા અકલ્પનીય છે.

એ વાત સદા યાદ રાખવી કે જો સાધુને નિમિત્તે હાથ યા કડછી આદિને ધોવાં હોય તો પુરઃકર્મા દોષ લાગે છે જ, તેથી એ દિવસે એ ઘરમાં સાધુ ભિક્ષા લે નહીં.

પ્રશ્ન–હે ગુરૂ મહારાજ ! કોઇ મકાનમાં એકે પુરઃકર્મ કર્યું હોય તો ત્યાં તેનાથી આહારાદિ ન લેતાં, બીજા વાસણથી યા બીજી વ્યક્તિના હાથથી લેવામાં આવે તો કેમ દોષ લાગે ?

ઉત્તર—હે શિષ્ય ? જેવી રીતે કોઇએ વિષમિશ્રિત આહાર બનાવ્યો હોય તો બનાવનારના હાથથી ન લેતાં બીજાના હાથથી લેવામાં આવે તોપણ એ આહાર મહાન અનર્થકારી થાય છે, તેમ પુરઃકર્મદૂષિત આહારાદિ પણ અનર્થકારક થાય છે.

એટલી વિશેષતા સમજવી જોઈએ કે, જે ઘરમાં પુરઃકર્મ કરવામાં આવ્યું હોય તે ઘરમાં એ દિવસે બધાં દ્રવ્યો અકલ્પનીય બને છે. (૩૨)

## પાશ્ચાત્કર્મ કા કથન

**एवं उदउल्ले** ઇત્યાદિ **गेरुय** ઇત્યાદિ.

એ પ્રમાણે, પડતાં સચિત્ત જળનાં બિંદુઓથી યુક્ત, થોડા લીલા (હાથની રેખાઓ લીલી હોય, ) સચિત્ત રજથી સહિત, તથા સાધારણ સચિત્ત માટી, ખારી માટી, હરતાલ, હિંગળો મણસીલ, સુરમો, સચિત્ત મીઠું, ગેરૂ, પીળી માટી, ખડીની માટી, ગોપીચંદન, તાજા દળેલા ઘઉં આદિનો આટો, તાજા ખાંડેલા ધાન્યના તુષ (થૂંલું), કોહલું, દૂધી તથા તડબૂચના કકડા, એ બધાથી હાથ લિપ્ત હોય અથવા કોઈ પ્રકારે સાધુને માટે તેને (સચિત્તથી ખરડાયેલા, હાથને) અલિપ્ત કર્યા હોય અને એ હાથથી ભિક્ષા આપે તો સાધુ કહે કે 'એવો આહાર મને કલ્પતો નથી. (૩૩–૩૪)

હવે પશ્ચાત્કર્મદોષ બતાવે છે–**असंसट्ठेण** ઇત્યાદિ.

ભિક્ષા આપ્યા પછી સાધુને નિમિત્તે સચિત્ત જળ આદિ દ્વારા હાથ આદિ ધોઈ નાંખવાની ગૃહસ્થને માટે સંભાવના હોય, તો સાધુ એવા વ્યંજન આદિથી અલિપ્ત હાથ, કડછી અથવા વાસણથી આપવામાં આવનારા આહારની અભિલાષા ન કરે.

ગૃહસ્થના હાથ પોતાને માટે વ્યંજનાદિથી લિપ્ત ન હોય તો એ હાથથી સાધુને ભિક્ષા આપે, પછી સચિત્ત જળથી હાથ ધોવાનો સંભવ છે અને એ પ્રક્ષાલન સાધુના નિમિત્તે થાય તેથી તેમાં પશ્ચાત્કર્મદોષ લાગે છે. જો એવા (લિપ્ત કરેલા–ખરડાયલા) જ હાથથી પોતે

ભોજન કરે યા બીજાને પીરસે તો પશ્ચાત્કર્મદોષ લાગતો નથી; કારણ કે ત્યારબાદ થનારૂં પ્રક્ષાલન-આદિ કર્મનું નિમિત્ત સાધુ રહોતો નથી. અર્થાત્ જે કડછી આદિમાં પશ્ચાત્કર્મ થવાની સંભાવના નહિ હોય. ત્યાં એ નિષેધ નથી. એટલે કે એ આહાર લેવા સાધુને કલ્પે છે. (૩૫)

**સંસટ્ઠેણ** ઉત્યાદિ. સંસૃષ્ટ હાથ, કડછી અને વાસણથી આપવામાં આવતા આહારમાંથી જે એષણીય અર્થાત્ ઉદ્‌ગમ-ઉત્પાદન-આદિ દોષથી રહિત હોય તે સાધુ ગ્રહણ કરે. (૩૬)

## આહાર ગૃહણમેં વિવેક વિચાર

**दुण्हं तु०** ઈત્યાદિ. જો એક વસ્તુના બે સ્વામી હોય તથા બે ગૃહસ્થો ભોજન કરતા હોય અને એ બેમાંથી એક આહાર આપવા માટે ઉદ્યત હોય તો એવા આહારની ઇચ્છા ભિક્ષુ ન કરે. પરંતુ બીજાના 'ભ્રમરો', નેત્ર, આદિના વિકારથી અભિપ્રાયનો અનુભવ કરે કે વહોરાવવામાં એની સંમતિ છે કે નહિ ? (૩૭)

એ પછી શું કરે ? કહે છે-**दुण्हं तु०** ઇત્યાદિ.

જો આહાર આપવામાં એ બેઉ ઉદ્યત હોય અને એ આહાર એષણીય હોય તો સાધુ તે ગ્રહણ કરે. (૩૮)

**'गुव्विणीए०'** ઇત્યાદિ. ગર્ભવતી સ્રીની ઇચ્છાને અનુસરીને અર્થાત્ એને માટે બનાવેલાં તથા ગર્ભને પુષ્ટ કરનારાં અનેક પ્રકારનાં પાન અને ભોજન (મોદક આદિ) નો અને તે જેનો ઉપભોગ કરી રહી હોય તે આહારનો સાધુ ત્યાગ કરે-ગ્રહણ ન કરે, કારણ કે એને માટે બનાવવામાં આવેલા ભોજનને ગ્રહણ કરવાથી તેને રૂચિને અનુસાર ભોજન નહિ મળે, તેથી એની ઇચ્છાનો ભંગ થશે અને ગર્ભને પીડા પહોંચશે, અને ગર્ભપાત પણ થઇ જવાંનો સંભવ રહેશે તો શું એવો આહાર લેવોજ નહિ ? તે માટે કહે છે કે-ગર્ભવતી ભોજન કરી રહે ત્યારપછી જે આહાર અવશેષ રહે તેને ગ્રહણ કરવામાં દોષ નથી. (૩૯)

**सिया य०** ઇત્યાદિ **तं भवे०** ઇત્યાદિ. પ્રસવકાળ-માસવાળી અર્થાત્ સાતમા મહીનાથી આરંભીને સાડા સાત રાત સહિત નવમા મહીના સુધી, એટલે કે સાતમા મહિના પછી પ્રસવ થાય ત્યાંસુધીના સમયવાળી સ્રી જો ઊભી હોય અને સાધુને ભિક્ષા આપવાને માટે બેસે, અથવા બેઠી હોય પરન્તુ ભિક્ષા આપવાને માટે ઉઠે તો તેણે આપેલો આહાર સંયમીઓને માટે કલ્પનીય નથી, દેનારી સ્રીને કહેવું કે 'એવો આહાર મને કલ્પતો નથી.'

બધાં-વાકયો 'સાવધારણ અર્થાત્ નિશ્ચય કરાવવાવાળાં હોય છે' એ ન્યાયાનુસાર અહીં એ તાત્પર્ય નીકળે છે કે જો આપનારી બેઠી હોય અને ઊભી થઇને જ આહાર આપે યા ઊભી હોય પરન્તુ બેસીને જ આહાર આપે તો એ રીતે આપવામાં આવતો આહાર અકલ્પ્ય બને છે એનું તાત્પર્ય એ થયું કે એવી ગર્ભવતી સ્રી જો બેઠી-બેઠી જ આહાર આપે યા ઊભી હોય તો ઊભી-ઊભી આહાર આપે તો સાધુને માટે તે અકલ્પ્ય નથી, પરંતુ કલ્પનીય છે. આ વાત સ્થવિર-કલ્પની અપેક્ષાએ સમજવી જોઇએ. વૃદ્ધોનો મત એવો છે કે જિનકલ્પી મહારાજ ગર્ભના પ્રથમ દિવસથી જ ગર્ભવતી સ્રીના હાથથી આપવામાં આવતો આહાર સર્વથા લેતા નથી.

**कालमासिनी** એ શબ્દથી સૂચિત કરવામાં આવ્યું છે કે છઠા મહિના પછી ગર્ભ ભારે થઇ જાય છે તેથી હીલ-ચાલ કરવાથી ગર્ભવતી તથા એના ગર્ભને અવશ્ય પીડા થાય છે.

थणगं० ઇત્યાદિ, तं भवे० ઇત્યાદિ.

જો સ્ત્રી પુત્ર પુત્રી કે નપુંસકને દૂધ પાતી હોય અને એ પીનારા રોતા બાળક આદિને જમીન પર મૂકીને ભોજન-પાન આપે તો સાધુ કહે કે 'એવો આહાર મને કલ્પતો નથી.' અહીં તાત્પર્ય એ છે કે જો બાળક દૂધમુખ (દૂધ પર જ) હોય અથવા દૂધ પીતું હોય તથા અન્ન પણ ખાતું હોય, તો એવા બાળકને સ્તનપાન છોડાવીને આહાર પાણી આપે; અથવા કોઈ બાળક સ્તનપાન ન કરતું હોય પણ ખોળામાં યા સમીપમાં બેઠું હોય, તેને છોડીને સ્ત્રી આહાર આપવાને માટે જાય અને બાળક રોવા લાગે તોપણ તેણે આપેલો આહાર સંયમી-ઓને માટે ગ્રાહ્ય નથી, કારણ કે તેથી તેના બાળકનાં આહારમાં અંતરાય પડે છે, માતૃ-વિરહજન્ય દુઃખ થાય છે, કઠોર હાથ, ભૂમિ, ખાટલા આદિના સ્પર્શથી પીડા થાય છે અને માંસભોજી બીલાડાં કૂતરાં આદિ જાનવરો દ્વારા ઉપઘાત થવાનો પણ સંભવ રહે છે. ક્યાંક ક્યાંક (પહાડી પ્રદેશોમાં) શિયાળ બાળકોને ઉઠાંવી જાય છે, એવું પણ જોવામાં આવે છે. (૪૨-૪૩)

जं भवे० ઈત્યાદિ. 'આ ભોજન-પાન કલ્પ્ય છે કે અકલ્પ્ય ?' એ પ્રકારનો જેમાં સંદેહ ઉત્પન્ન થાય તે ભોજત્ર-પાન આપનારીને સાધુ કહે કે એવો આહાર મને ગ્રાહ્ય નથી. (૪૪)

## શક્તિ-મુદ્રિત આહાર ગૃહણ કા નિષેધ

'दकवारेण०' ઇત્યાદિ, तं च ઇત્યાદિ.

જળથી ભરેલા વાસણથી. ઘંટીના પડથી, મસાલો વાટવાના પત્થર-શિલાથી બાજોઠથી, મસાલો વાટવાના વજનદાર પત્થરથી, ઢાંકેલું તથા માટી આદિના લેપથી અથવા અન્ય કોઈ પદાર્થથા છાદેલું કે લાખ આદિથી બંધ કરેલું વાસણ સાધુને માટે ઉઘાડીને અન્ન-પાન પોતે આપે યા બીજા પાસે અપાવે તો કલેશ અને હિંસાની સંભાવનાથી આપનારીને સાધુ કહે કે એવો આહાર મને ગ્રાહ્ય નથી. તાત્પર્ય એ છે કે ભારે વસ્તુ ઉપાડવામાં સ્વપર-વિરાધના આદિ અનેક દોષોની સંભાવના હોવાથી એ નિષેધ કરવામાં આવ્યો છે. (૪૫-૪૬)

## દાનાદિ કે લિયે યા પુણ્ય કે લિયે ઉપકલ્પિત આહાર ગૃહણ કા નિષેધ

असणं ઇત્યાદિ, તથા तं भवे० ઈત્યાદિ.

ઓદન આદિ અશન, દ્રાક્ષના ધોવણનું જળ આદિ પાન, કેળાં આદિ ખાદ્ય, લવીંગ, કપૂર, ઇલાયચી , સોપારી આદિ સ્વાદ્ય "આ દેશાન્તરથી આવેલા વણિક આદિએ પોતાની પ્રશંસાને લીધે આપવાને માટે રાખેલ છે." એવું જો સમજવામાં કે કાઇ પાંસેથી સાંભ-ળવામાં આવે તો એ અશનાદિ સંયમીઓને માટે કલ્પનીય નથી. તેથી એવાં ભોજન-પાન આદિ આપનારીને સાધુ કહે કે એ મને કલ્પતાં નથી. (૪૭-૪૮)

असणं० ઇત્યાદિ, તથા तं भवे० ઇત્યાદિ.

"આ અશન, પાન, ખાદ્ય, દયા-બુદ્ધિથી દીન-હીન જનોને આપવાને માટે છે, અર્થાત્

પુણ્યાર્થ બનાવવામાં આવ્યાં છે.'' એવું જાણવામાં યા સાંભળવામાં આવે તો એ સંયમીને માટે ગ્રાહ્ય નથી. તેથી કરીને એવો આહાર આપનારીને સાધું કહે કે–એ ભોજન-પાન લેવાં મને કલ્પતાં તથી. પહેલી ગાથામાં આવેલા **दाणट्ठा** પદના **दान** શબ્દથી 'પોતાની પ્રશંસાને માટે આપવામાં આવતું દાન ' એવો અર્થ ગ્રહણુ કર્યો છે; પણ આ ગાથામાં **पुण्णट्ठा** માના **पुण्य** શબ્દથી 'પોતાની પ્રશંસા સિવાયના અન્ય કોઈ પ્રયોજનથી આપવામાં આવતું દાન' એવો અર્થ થાય છે. દાન અને પુણ્યમાં એ અંતર છે.

[2]કોઇ-કોઈ કહે છે કે "મહાવ્રતધારી મુનિઓને જે દાન આપવામાં આવે છે તેમાં પુણ્ય છે. બીજાઓને દેવામાં પુણ્ય નથી, બીજાઓને દેવામાં ઉલટું પાપ લાગે છે.'' એમનું એવું કહેવુ ભ્રાન્તિમૂલક છે, કારણુ કે ભગવાને **पुण्णट्ठा पगडं** એ કથન વડે પુણ્યને માટે કાઢેલા દ્રવ્યને સાધુઓને માટે અકલ્પનીય બતાવ્યું છે. જો મહાવ્રતીઓ સિવાયના બીજાઓને આપવામાં પુણ્ય ન હોય તો ભગવાને કરેલો એ નિષેધ કોને લાગુ પડશે ?, તાત્પર્ય

૨ તેરહપંથી સંપ્રદાયના સાધુઓ ।

એ છે કે પુણ્યને માટે કાઢેલા દ્રવ્યને મુનિઓને માટે અકલ્પ્ય બતાવ્યું હોવાથી એમ સિદ્ધ થાય છે કે બીજાઓને દાન આપવાથી પણ પુણ્યની પ્રાપ્તિ થાય છે.

શંકા–જો પુણ્યાર્થ કાઢેલું દ્રવ્ય સાધુઓને માટે ગ્રાહ્ય ન હોય તો શિષ્ટ કુળમાં સાધુ કદાપિ ભિક્ષા ગ્રહણ કરી શકશે જ નહિ, કારણુ કે શિષ્ટજન પુણ્યને માટે જ રસોઇનો આરંભ કરે છે. સાધારણ (ક્ષુદ્ર) પ્રાણીઓની પેઠે માત્ર પોતાનુંજ ઉદર ભરવાને માટે નહિ.

સમાધાન–જો કે શિષ્ટ કુળમાં તૈયાર કરવામાં આવતો આહાર પુણ્યને માટેજ સંપાદિત હોય છે, તોપણ જે આહાર બીજાઓને માટે બનાવવામાં આવે છે,–પોતાના ઉપભોગને માટે નહિ, તે **पुण्णट्ठा पगडं (पुण्यार्थ निष्पादित)** અને એજ 'દેય' કહેવાય છે. એ પ્રકારના આહારને પણ ગ્રહણ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે; કારણ કે એ લેવાથી આરંભ અને અંતરાય આદિ દોષોનો પ્રસંગ ઉત્પન્ન થાય છે.

જે આહાર પોતાને માટે અને પોતાનાં આશ્રિત જનોના ઉપભોગને માટે ઉદાર-બુદ્ધિથી નિષ્પન્ન કરવામાં આવે છે તે અનિયત દાનને માટે હોવાથી 'અદેય' કહેવાય છે. એ અદેય આહાર ગ્રહણુ કરવાથી સાધુને આરંભઆદિ દોષો લાગત નથી, કારણુ કે એ સાધુને માટે બનાવવામાં આવેલો હોતો નથી. તથા શાસ્ત્રમાં શિષ્ટકુળમાં ભિક્ષા ગ્રહણુ કરવાનું વિધાન છે, તેથી પણ શિષ્ટકુળમાં આહાર ગ્રહણુ કરવામાં દોષ લાગી શકતો નથી. એટલું જ સમાધાન પૂરતું છે. (૪૯—૫૦)

**असणं०** ઈત્યાદિ તથા **तं भवे०** ઈત્યાદિ.

યાચક-માત્રને અથવા સિદ્ધ (તૈયાર) ભિક્ષા લઈને જીવન નિર્વાહકરનારાને 'વનીપક' કહે છે. **वनीपक** પાઠથી પક્ષમાં–દાતાના માનનીય ગુરૂઆદિમાં ભક્તિ પ્રકટ કરીને લેવામા આવતી ભિક્ષાને **वनी** કહે છે, અને એવી ભિક્ષા લેનાર **वनीपक** કહેવાય છે, અથવા જે ભૂખનો તાપ મિટાવીને સાંત્વના આપે તેન **वनी** (ભિક્ષા આપવાને રાખેલાં અન્નાદિ) કહે છે એને સુરક્ષિત રાખનાર ને પ્રાર્થના કરીને ભિક્ષા પ્રાપ્ત કરનારને **वनीपक** કહે છે. એ વનીપકને માટે બનાવેલો આહાર આપે તો આપનારીને સાધુ કહે કે એવાં આહાર મને કલ્પતો નથી (૫૧-૫૨)

असणं ઈત્યાદિ તથા तं भवे० ઈત્યાદિ.

લોકમાં પાંચ પ્રકારના શ્રમણો હોય છે. (૧) નિર્ગ્રંથ (પંચમહાવ્રતધારી), (૨) સૌગત (બુદ્ધના અનુયાયી), (૩) તાપસ (જટાધારી), (૪) ગૈરિક (ગેરૂઆં વસ્ત્રો પહેરનારા), (૫) આજીવક (ગોશાળના મતાનુયાયી). એમને માટે જે આહાર બનાવવામાં આવ્યો હોય તે સંયમીઓને માટે કલ્પ્ય નથી, તેથી એવો આહાર આપનારીને સાધુ કહે કે તે મને કલ્પતો નથી. (૫૩–૫૪)

उद्देसियं० ઇત્યાદિ (૧) કોઇને ઉદ્દેશીને બનાવેલો આહાર ઔદ્દેશિક કહેવાય છે તે બે પ્રકારનો હોય છે. (૧) સામાન્ય ઔદ્દેશિક અને (૨) વિશેષ-ઔદ્દેશિક. જેટલો આહાર પ્રતિદિન ગૃહસ્થ બનાવે છે એટલો આહાર બનાવતી વખતે એવો વિચાર કરવો કે 'ભિક્ષા આપવી એ ગૃહસ્થનું કર્તવ્ય છે, તેથી જો કોઈ સાધુ આવશે તો તેને આપીશ.' એવો વિચાર કરીને બનાવેલો આહાર સામાન્યઔદ્દેશિક, અને કોઇ એક સાધુને નિમિત્તે બનાવેલો આહાર વિશેષ ઔદ્દેશિક કહેવાય છે.

(૨)-ખરીદ કરેલો આહાર ક્રીતકૃત કહેવાય છે. તે ત્રણ પ્રકારનો છે–(૧) દ્રવ્યક્રીત, (૨) ભાવક્રીત, (૩) મિશ્રક્રીત, દ્રવ્યક્રીત ત્રણ પ્રકારનો છે–(૧) પોતાના દ્રવ્યથી ખરીદેલો, (૨) પરાયા દ્રવ્યથી ખરીદેલો, (૩) બેઉ દ્રવ્યોથી ખરીદેલો. એ ત્રણે ભેદ ત્રણ-ત્રણ પ્રકારના છે. સ્વદ્રવ્યક્રીતના ભેદ–(૧) પોતાના સચિત્ત દ્રવ્યથી ખરીદેલો, (૨) પોતાના અચિત્ત દ્રવ્યથી ખરીદેલો, (૩) પોતાના સચિત્ત અને અચિત્ત બેઉ પ્રકારના દ્રવ્યથી ખરીદેલો.

પરદ્રવ્યક્રીતના ભેદ–(૧( બીજાના સચિત્ત દ્રવ્યથી ખરીદેલો, (૨) બીજાના અચિત્ત દ્રવ્યથી ખરીદેલો, (૩) બીજાના બેઉ પ્રકારના દ્રવ્યથી ખરીદેલો.

ઉભયક્રીતના ભેદ–(૧) બેઉના સચિત્ત દ્રવ્યથી ખરીદેલો, (૨) બેઉના અચિત્ત દ્રવ્યથી ખરીદેલો, (૩) બેઉના સચિત્ત અને અચિત્ત દ્રવ્યથી ખરીદેલો. એ બધા દ્રવ્યક્રીત છે.

ભાવક્રીત બે પ્રકારનો છે. (૧) સ્વ-ભાવક્રીત, (૨) પર-ભાવક્રીત, સાધુ આવે ત્યારે સાધુને માટે પોતાની વિદ્યા યા પોતાનો મંત્ર આપીને ગૃહસ્થદ્વારા ખરીદેલો આહાર એ સ્વ-ભાવક્રીત છે. બીજાએ વિદ્યા-મંત્ર આપીને સાધુને માટે આહારાદિ ખરીદેલાં હોય અને સાધુ આવે ત્યારે એ આહારને બીજે લઇ લે તો તે પરભાવક્રીત કહેવાય છે. તે અનેક પ્રકારનો હોય છે તે પોતાની મેળે સમજી લેવું.

મિશ્ર (દ્રવ્ય-ભાવરૂપ) ક્રીતના નવ ભાંગા થાય છે.

૧ પોતાનાવદ્રવ્યથી પોતાના ભાવથી.

૨ પોતાનાદ્રવ્યથી પરના ભાવથી.

૩ પરના દ્રવ્યથી પોતાના ભાવથી.

૪ પરના દ્રવ્યથી પરના ભાવથી.

૫ પોતાના દ્રવ્ય-ભાવથી પરના દ્રવ્યથી.

૬ પોતાના દ્રવ્ય-ભાવથી પરના ભાવથી.

૭ પરના દ્રવ્ય-ભાવથી પોતાના દ્રવ્યથી.

૮ પરના દ્રવ્ય-ભાવથી પોતાના ભાવથી.

૯ પોતાના દ્રવ્ય-ભાવથી અને પરના દ્રવ્ય ભાવથી ખરીદેલો.

એ ક્રીતકૃત દોષની અંદર રહેલો છે, તેથી કરીને ગૃહસ્થની દ્વારા લાગે છે. કહ્યું છે કે–"સોળ ઉદ્દ્ગમદોષ ગૃહસ્થદ્વારા લાગે છે અને ઉત્પાદનાદોષ સાધુદ્વારા લાગે છે."

(૩) પૂતિકર્મ–પવિત્ર વસ્તુમાં અપવિત્ર વસ્તુ મળી જાય તેને પૂતિકર્મ કહે છે. એ આ પ્રકારનું છે. (૧) દ્રવ્ય-પૂતિકર્મ અને (૨) ભાવ-પૂતિકર્મ. (૧) પવિત્ર દ્રવ્યમાં અપવિત્ર દ્રવ્ય મેળવવું એ દ્રવ્ય–પૂતિકર્મ છે, જેમકે પીવા યોગ્ય દૂધથી ભરેલા વાસણમાં થોડીક મદિરાનું મળી જવું, અથવા પીવા યોગ્ય ખીર આદિમાં લોહી પરૂ આદિ અપવિત્ર પદાર્થનું પડી જવું (૨) વિશુદ્ધ આહારાદિ આધાકર્મી આદિ દોષોથી દૂષિત અન્નનો એક પણ કણ મળી જવો એ ભાવપૂતિ કર્મ છે. એવો આહાર લેવાથી મુનિઓના ચારિત્રમાં મલિનતા આવી જાય છે. તેથી તેને ભાવપૂતિ કહે છે.

આધાકર્મી દોષથી દૂષિત અન્નાદિથી ભરેલા હાથ યા વાસણના નિમિત્તથી પણ એ દોષ લાગી જાય છે.

(૪) આહૃત–સાધુને માટે સાધુની સામે લાવેલો આહાર આદિ અભ્યાહૃત કહેવાય છે. એવો આહાર અભ્યાહૃત-દોષ-દૂષિત આહાર છે,

(૫) અધ્યવપૂરક–પોતાને માટે ભોજન બનાવવાનો પ્રારંભ કર્યો હોય, તે સમયે 'ગામમાં સાધુ પધાર્યા છે' એમ સાંભળીને બીજું વધારે મેળવીને બનાવેલો આહાર અધ્યવપૂરક કહેવાય છે. તાત્પર્ય એ છે કે જો અન્યલિંગીઓ (અન્યધર્મીઓ) ને નિમિત્તે વધારે આહાર મેળવીને બનાવ્યો હોય તો તેને આપી દીધા પછી વધેલો આહાર સાધુઓને માટે ગ્રાહ્ય બને છે, કારણ કે તેમાં અંતરાય દોષ લાગતો નથી.

(૬) પ્રામિત્ય–સાધુને નિમિત્ત કહીંથી ઉધાર લાવીને આપવામાં આવેલો આહાર પ્રામિત્ય કહેવાય છે.

(૭) મિશ્રજાત–પહેલાં જ દાતા અને ભિક્ષુ બેઉને માટે બનાવેલો આહાર મિશ્રજાત છે. મિશ્રજાતના બે ભેદ છે. (૧) સામાન્ય-મિશ્રજાત (૨) વિશેષ-મિશ્રજાત. (૧) સાધારણ રીતે પોતાના પોષ્યવર્ગને માટે તથા ગૃહસ્થ, અગૃહસ્થ, સાધુ પાખંડી આદિને માટે એકઠો કરીને રાંધેલો આહાર 'સામાન્ય-મિશ્રજાત' કહેવાય છે. (૨) જે આહાર આદિ પોતાને માટે અને સાધુને માટે એકઠો કરીને બનાવવામાં આવે તેને વિશેષ મિશ્રજાત કહે છે. ઉપર કહેલા બધા પ્રકારના આહારનો અણગારે પરિહાર કરવો જોઇએ.

ઔદ્દેશિક, અધ્યવપૂરક અને મિશ્રજાત દોષોમાં આ ભેદ છે–ભોજન બનાવવામાં પ્રવૃત્ત થયા પછી અને સાધુ આવ્યા પહેલાં, કોઇ પણ એક સાધુને માટે અથવા અમુક એક

સાધુને માટે બનાવેલા આહારમાં ઔદ્દેશિક દોષ લાગે છે. આહાર બનાવતી વખતે સાધુનું આગમન સાંભળીને આંધણુમાં વધારે ઓરી દેવાથી અધ્યવપૂરક દોષ લાગે છે. ભોજન બનાવતી વખતે ગૃહસ્થ અને ભિક્ષુ બેઉને માટે ભોજન બનાવવાથી મિશ્રજાત દોષ લાગે છે. (૫૫)

## નિ:શઙ્કિત આહાર ગૃહણ કી આજ્ઞા

**उग्गमं०** ઇત્યાદિ. 'આહાર અશુદ્ધ છે કે વિશુદ્ધ છે' એ પ્રકારનો સંદેહ પડતાં સાધુ એવું પૂછી લે કે આહાર કોને માટે બનાવેલો છે અને કોણે બનાવ્યો છે ?, એનો ઉત્તર સાંભળીને નિરવદ્યતાનો નિશ્ચય કરીને નિ:શંકિત, એટલે નિરવદ્ય આહાર હોય તો સાધુ ગ્રહણ કરે. (૫૬)

**असणं०** ઇત્યાદિ, તથા **तं भवे०** ઇત્યાદિ. જે અશનપાન આદિ, સચિત્ત પુષ્પ. સચિત્ત બીજ અને હરિતકાય (વનસ્પતિ) થી યુક્ત હોય તે સંયમીને માટે કલ્પનીય નથી, એટલે એવો આહાર આપનારીને સાધુ કહે કે-એવો આહાર મને કલ્પતો નથી. (૫૭-૫૮)

## તેજોવિરાધનામેં આહાર ગૃહણ કા નિષેધ

**असणं** ઇત્યાદિ, તથા **तं भवे०** ઇત્યાદિ. જે અશન, પાન, ખાદ્ય. સ્વાદ્ય સચિત્ત જળ પર રાખેલો હોય, તથા કીડીનગર (કીડીયારા ) યા લીલન-ફૂલન પર રાખેલો હોય તે સંયમીઓને માટે કલ્પનીય નથી. એટલે એવો આહાર આપનારીને સાધુ કહે કે-એવો આહાર મને કલ્પતો:નથી.' (૫૯-૬૦)

**असणं०** ઇત્યાદિ, તથા **तं भवे०** ઇત્યાદિ. જે અશન પાન આદિ તેજસ્કાય પર રાખેલ હોય અથવા અગ્નિકાયનું સંઘટ્ટન કરીને આપે તો તે સાધુને માટે ગ્રાહ્ય નથી. એટલે તે આપનારીને સાધુ કહે કે 'એવો આહાર મને કલ્પતો નથી.' (૬૧-૬૨)

**एवं उस्सिक्किया०** ઇત્યાદિ, તથા **तं भवे०** ઇત્યાદિ.

'જયાં સુધી આહાર આપતી હોઉં, ત્યાં સુધી અગ્નિ હોલવાઇ ન જાય,' એવો વિચાર કરીને ચૂલામાં ઈંધણાં સળગાવીને, અન્નાદિ બળી જવાના ભયથી ઈંધણાં બહાર કાઢીને ફુંક આદિથી ચૂલો સળગાવીને, બળતા અગ્નિને તેજ કરીને યા બુઝાવીને, અગ્નિ પર પાકતા આહારને કોઇ એક બાજુએ કરીને તથા પાણી નાંખીને ઊભરાને શાંત કરીને, અથવા અન્નાદિ સહિત વાસણને નીચે ઊતારીને જો આહાર આપે તો તે આહાર અનગાર ને માટે ગ્રહણ કરવા યોગ્ય નથી એટલે તે આપનારીને સાધુ કહે કે-'એવો આહાર મને કલ્પતો નથી. (૬૩-૬૪)

## દુર્ગમ માર્ગ મેં ગમન કા નિષેધ

**दुज्ज कट्टं०** ઈત્યાદિ તથા **न तेण०** ઈત્યાદિ.

નદી આદિમાં વરસાદને વખતે આવવા-જવા માટે જે લાકડાં, પત્થર, ઈંટ વગેરે રોપેલા હોય અને જો તે હલતાં હોય તો સમાધિવાન સંયમી એ માર્ગે ગમન ન કરે અને જે પ્રદેશ નીચો હોવાથી અંધકારમય હોય યા ખાડાવાળો હોય તે માર્ગે પણ સાધુએ ગમન કરવું ન જોઈએ, કારણ કે એવા માર્ગે ગમન કરવાથી સ્વ-પર-વિરાધનારૂપ અસંયમ કેવલી ભગવાને જોયો છે.

હલતાં લાકડાં આદિ પર ચાલવાથી લપસી જવાથી યા પડી જવાથી આત્મવિરાધનાની અને એકેન્દ્રિય દ્વીન્દ્રિય પ્રાણીઓના ઉપમર્દનથી પર-વિરાધનાની સંભાવના સૂચિત્ત કરી છે. નીચાણવાળા પ્રદેશમાં ગમન કરવાથી ઉક્તદોષો ઉપરાંત હિંસક જંતુઓથી ઉત્પન્ન થનારો ઉપઘાત આદિ ઘણા દોષો હોવાનું સૂચિત કર્યું છે. **सव्विंदियसमाहिए** પદથી એમ કહેવામાં આવ્યું છે કે સાધુઓએ ઇન્દ્રિય ચપલતાનો ત્યાગ કરવો જોઈએ **भिक्खु** શબ્દથી એમ પ્રકટ કરવામાં આવ્યું છે કે સાધુઓએ યમ-નિયમોનું પાલન કરતારહીને જ ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ (૬૫-૬૬)

## માલાહૃત ભિક્ષા કા નિષેધ

હવે માલાપહૃત ભિક્ષાના દોષો બતાવે છે—**निस्सेणिं** ઇત્યાદિ. **दुरूहमाणो.** ઇત્યાદિ, તથા **पयारिसे** ઈત્યાદિ.

જો દાતા સાધુને માટે સીઢી (નીસરણી), પાટ, બાજોઠ, માંચો, ખૂંટી અથવા મૂશળ (સાંબેલું) આદિને ઉંચા કરીને ઉંચા મકાનના બીજા મજલા પર ચઢીને આહાર લાવે તો તે આહાર માલાપહૃત કહેવાય છે. સીઢી આદિ પર ચડવાથી જો પડી જાય તો હાથ-પગ તૂટી જાય, પૃથ્વીકાય આદિ જીવોની વિરાધના થાય, તથા જે પ્રાણી પૃથ્વી પર સંચાર કરી રહ્યા હોય તેમની પણ હિંસા થઇ જાય; તેથી એવી અવસ્થામાં સ્વ, પર અને ઉભયની વિરાધના થવી સંભવિત છે, એટલે સુધી કે દાતાનું મૃત્યુ પણ થઇ જઈ શકે છે; તેથી કરીને એ મહાદોષોને અત્યંત દુઃખદાયી જાણીને સંયમી મહામુનિ નીસરણી આદિ દ્વારા માળથી ઉતારેલા આહાર આદિ ને સ્વીકારે નહિ.

માળ-મજલા-ના ભેદે કરીને માલાપહૃત ભિક્ષા ત્રણ પ્રકાની છે. (૧) ઉર્ધ્વમાલાપહૃત, (૧) અધોમાલાપહૃત અને (૩) તિર્યગ્-માલાપહૃત એમાં ઉર્ધ્વમાલાપહૃત ભિક્ષાનું વિવેચન પહેલાં કરવામાં આવ્યું છે. ઉપરના મજલાથી નીચેની બાજુએ નીસરણી લગાવીને લાવેલી ભિક્ષા અધોમાલાપહૃત કહેવાય છે. જે મજલામાં ભિક્ષા આપનારી હાજર હોય, તેની બરાબર, બીજી બાજુએ જવાને માટે પૂલની પેઠે નીસરણી યા લાકડું-પાટિયું તીર્છું રાખીને ચડે તો ત્યાંથી લાવેલી ભિક્ષા તિર્યગ્માલાપહૃત કહેવાય છે. બહુ મુશ્કેલીથી પહોંચી શકાય એવાં સીકાં, યા છાજલીમાં તથા ઉંડી કોટડીમાં રાખેલા અશનાદિ ગ્રહણ કરવાથી પગ ઉપાડવા આદિનાં અનેક કષ્ટો પડે છે, તેથી એવી ભિક્ષાપણ આ (માલાપહૃત) ભિક્ષામાંજ સમાયલી સમજી લેવી. એ સર્વ પ્રકારની ભિક્ષા સાધુને માટે અકલ્પ્ય છે. (૬૭-૬૮-૬૯)

## આહાર ગૃહણ વિવેક વિચાર

**कंदं०** ઈત્યાદિ. સચિત્ત કંદ, મૂલ, તાડફળ અદિ તથા કાપેલાં હોવા છતાં સચિત્ત પાંદડાંનું શાક-બથુઆની ભાજી આદિ અને સચિત્ત દૂધી આદિ તથા આદુ પણ સાધુ ગ્રહણ ન કરે. **च** શબ્દથી એમ પણ સમજવું કે તે ઉપરાંત કોઈ પણ સચિત્ત-પ્રત્યેક યા સાધારણ વનસ્પતિ સાધુને કલ્પતી નથી. (૭૦)

**तहेव** ઈત્યાદિ તથા **विक्कायमाणं** ઇત્યાદિ.

જેમ સચિત્ત કંદ-મૂળ આદિ ત્યાજ્ય છે, તેમજ સત્તુ, બોરનું ચૂર્ણ. તલપાપડી, નરમ ગોળ, તથા એવા પ્રકારની બીજી દહીં આદિ નરમ વસ્તુઓ વેચવાને માટે દુકાનમાં રાખી હોય અને સચિત્ત રજથી વ્યાપ્ત હોય અર્થાત્ વસ્ત્રથી ઢાંકી રાખ્યા છતાં પવનદ્વારા પહોંચેલી સૂક્ષ્મ સચિત્ત રજથી યુક્ત હોય તો તે આહાર કલ્પનીય નથી. તેથી સાધુ તે આપનારીને કહે કે એવો આહાર મને કલ્પતો નથી. (૭૧ ૭૨)

## ત્યાજ્ય ફલોં કે નામોલ્લેખ

**बहुमट्ठियं०** ઈત્યાદિ, તથા અપ્પે **सिया०** ઈત્યાદિ. 'અસ્થિ' શબ્દનો અર્થ બીજ (ઠળીયો) થાય છે. રાયમુકુટ તથા વૈદ્યકોષોમાં અસ્થિ શબ્દનો બીજ એવો જ અર્થ છે, એમ 'શબ્દકલ્પદ્રુમ' માં પણ લખ્યું છે. એટલે **बहुयस्थिक** શબ્દનો અર્થ થાય છે બહુ બીજો વાળું, એ શબ્દ યોગરૂઢ છે, એટલે સીતાફળ અર્થ થાય છે. નિઘંટુમાં પણ સીતાફળનાં આટલાં નામ ગણાવ્યાં છે–

"સીતાફળ, ગંડમાત્ર, વૈદેહીવલ્લભ, કૃષ્ણબીજ અગ્રિમ, આતૃપ્ય અને બહુબીજક."

એમાં 'બહુબીજક' શબ્દ પણ સીતાફળને માટે આવ્યો છે, અને ઉપર બતાવવામાં આવ્યું જ છે કે 'અસ્થિ' શબ્દનો અર્થ 'બીજ' થાય છે એટલે બહુબીજક અને બહ્વસ્થિક એક જ છે, અર્થાત્ બહ્વસ્થિકનો અર્થ સીતાફળ જ છે. અથવા **अट्ठिय** ની છાયા **अष्ठिक** થાય છે, કોષમાં લખ્યું છે કે ફળના બીજને **'अष्ठि'** કહે છે. તેથી પણ પૂર્વોક્ત અર્થ જ સિદ્ધ થાય છે. એ રીતે સીતાફળ, તથા બંગ આદિ અન્ય-અન્ય દેશોમાં પ્રસિદ્ધ અનનાસ, કટહર, મુનિગાની (એક પ્રકારની) ફળી, તેન્દુ, બિલ્વફળ, (બીલા) શેરડીની કાતળી, સેમલ આદિ ફળ, જેમાં ખાદ્ય અંશ ઓછો હોય તથા ત્યાજ્ય અંશ વધારે હોય એ બધાં ફળ આદિ આપનારીને સાધુ કહે કે–એવો આહાર મને કલ્પતો નથી.

અનનાસમાં અંદર કાંટા હોય છે અને બહાર પણ હોય છે, અને કટહરના છોતરામાં સર્વત્ર કાંટા જ હોય છે. બેઉ બહુકંટક છે, પરન્તુ અનનાસમાં કાંટા ઓછા અને તીખાં હોય છે, તેથી તે કટહરથી જૂદું ફળ છે. અન્ય ભેદ લોક-પ્રસિદ્ધ છે.

સામાન્ય લક્ષણ બતાવવાથી ત્યાગવા યોગ્ય ફળોનું જ્ઞાન શિષ્યોને મુશ્કેલીથી થાય છે, એટલે પહેલાં કેટલાંક વિશેષ ફળોનાં નામ ગણાવીને એ પ્રકારનાં બધાં ફળોનો ત્યાગ બતાવ્યો છે. તેથી પહેલી ગાથાથી આનો સંબંધ ઠીક બંધ બેસે છે. (૭૩-૭૪)

અશન ગ્રહણ કરવાની વિધિ બતાવીને હવે પાન ગ્રહણ કરવાની વિધિ બતાવે છેઃ— **तहेवुच्चावयं** ઈત્યાદિ.

ઉચ્ચ (ઉત્કૃષ્ટ) મનોહર વર્ણ ગંધ રસ સ્પર્શવાળું દ્રાક્ષ આદિનું ધોવણ તથા શરબત આદિ પાન, અથવા (અનુત્કૃષ્ટ) અમનોજ્ઞ વર્ણ ગંધ રસ સ્પર્શવાળું મેથી, કેરાં, ખીજડાની ફળી (સાગરિઓ) તથા તલ છાશ આદિનું ધોવણ આદિ પાન, ગોળ યા ઘીના ઘડાનું ધોવણ, ઉકાળેલા લીલા શાક આદિનું પાણી, આટાની થાળી આદિનું ધોવણ, ચોખાનું ધોવણ એ બધાં જો તાજાં ધોએલાં હોય અર્થાત્ અંતર્મુહૂર્તની અંદર અંદર ધોએલાં હોય તો તેને ગ્રહણ કરવાં નહિ. એ તો ઉપલક્ષમાત્ર છે. **આચારાંગ**સૂત્રમાં ભગવાને કહ્યું છે કે–

"સાધુ અથવા સાધ્વી પાણીને માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને, લોટના વાસણનું ધોવણ, શાક આદિ જેમાં બાફેલાં હોય તે પાણી, ચોખાનું ધોવણ, તથા એ પ્રકારનુ બીજું પણ કોઇ પાણી તુરતનું ધોએલું હોય, સ્વાદથી ચલિત થયું ન હોય, અર્થાત્ જેનું ધોવણ હોય તે વસ્તુનો સ્વાદ ન આવતો હોય, જેનાં વર્ણ રસ ગંધ સ્પર્શ ન બદલાયાં હોય-સર્વથા અચિત્ત ન થયું હોય, શસ્ત્રપરિણત ન હોય, તો તે ગ્રહણ ન કરે જો તુરતનું ધોએલું ન હોય બહુ વખતનું ધોએલું હોય, સ્વાદથી ચલિત થયું હોય, અને શસ્ત્રપરિણત હોય તો ગ્રહણ કરે. તિલોદક, તુષોદક, યવોદક, ઓસામણ, સૌવીર, ઉષ્ણોદક તથા એ પ્રકારનું બીજું પણ પાણી ગૃહસ્થે આપેલું હોય તે કલ્પે છે. જો સાધુકેરીનું ધોવણ. અંબાડગ (આંબેળિયાંનું) ધોવણ, કોઠાનું ધોવણ, બીજોરાંનું ધોવણ, દ્રાક્ષનુ ધોવણ, અનારનું ધોવણ, ખજૂરનું ધોવણ, નારિયેળનું પાણી (ધોવણ), કેરાંનું ધોવણ, બોરનું ધોવણ, આંબળાંનું ધોવણ, આંબલીનું ધોવણ, અથવા એ પ્રકારનું બીજું પણ ધોવણ જાણે અને જો તે બહુ અમ્લ (ખાટું) ન હોય. તુરતનું ધોએલું ન હોય, સ્વાદચલિત હોય અને શસ્ત્રપરિણત હોય તો કલ્પે છે."

દિગંબરાચાર્ય વટ્ટકેર–સ્વામીએ પણ મૂલાચારમાં કહ્યું છેઃ—

"તિલોદક, તન્દુલોદક, ઉષ્ણોદક, ચણાનું પાણી તુષનું પાણી, તથા એ પ્રકારનું બીજું પણ જળ જો અવિધ્વસ્ત (સચિત્ત) હોય અને શસ્ત્રપરિણત નું હોય તો ગ્રહણ કરવુ ન જોઇએ અર્થાત્ શસ્ત્રપરિણત હોય તો લેવું કલ્પે છે (મૂલાચાર ગા. ૪૭૩) (૭૫).

કેવું ધોવણ ગ્રહણ કરવું જોઈએ ? તે બતાવે છેઃ—**जं जाणेज्ज०** ઇત્યાદિ, તથા **अजीवं** ઇત્યાદિ.

આગમાનુસારબુદ્ધિ અથવા દૃષ્ટિથી ધોવણનો વર્ણાદિ જાણી-પૂછીને અથવા કોઇ પાસેથી સાંભળીને ધોવણ બહુ વખતથી ધોએલું હોય તો તે ગ્રહણ કરે તેમજ 'ઉપયોગી છે કે અનુપયોગી ?' એ પ્રકારની શાંકાનો નિર્ણય કરીને પ્રાસુક તથા અવસ્થાંતરને પ્રાપ્ત થએલું જાણીને સાધુ તે ગ્રહણ કરે.

જે લોકો કહે છે કે–'ધોવણનું પાણી બે ઘડી પછી સચિત્ત હોવાથી અગ્રાહ્ય છે' તે તેમનું કહેવાનું બરાબર નથી. કારણ કે જો બે ઘડી પછી ધોવણનું જળ સચિત્ત થઇ જાય તો શાક આદિથી ખરડાયલા હાથ યા કડછી-આદિ ધોવાને માટે ગૃહસ્થ (રસોઈયો) રસોઇને

સમયે પોતાની પાસે પાણીનું એક વાસણ રાખે છે, એ જળથી હાથ અને કડછી ધોઇ-ધોઇને દાળ આદિ પીરસે છે, એવી દશામાં ઉક્ત મત પ્રમાણે કેટલાક સમય સુધી રહેલું હોવાને કારણે જો એ હાથ યા કડછી આદિનું ધોવણ સચિત્ત થઈ જાય તો એ ધોવણમાં ધોએલી કડછી યા હાથથી આપવામાં આવતું નિરવદ્ય અન્નાદિ પણ એમને અગ્રાહ્ય બની જાય. **तहेवुच्चावयं** એ ગથાના અંતિમ ચરણમાં **अहुणाधोयं विवज्जए** એમ કહીને ભગવાને એ સ્પષ્ટ કરી આપ્યું એ કે તુરતનું ધોએલું જળ અગ્રાહ્ય છે, અને એને **द्विर्बद्धं सुबद्धं भवति** એ ન્યાયે કરી **जं जाणेज्ज चिराधोयं** એ ગાથાથી સુસ્પષ્ટ કરી આપ્યું છે કે કેટ-લાક સમય પહેલાંનું ધોએલું ધોવણ ગ્રહણ કરવું જોઇએ એટલે બે ઘડી પછી ધોવણમાં જીવોની ઉત્પત્તિ માનવી એ જૈનાગમથી વિરૂદ્ધ છે અને ઉત્સૂત્રપ્રરૂપણાના ભાગી બનવું પડે છે.

તેમજ 'એથી તરસ મટશે કે નહિ ?' એવો સંદેહ ઉત્પન્ન થાય તો એ સંદેહ દૂર કરવાને માટે થોડું પાણી ચાખીને નિર્ણય કરવો **अजीवं** શબ્દથી જીવરાહિત્ય અને **परिणयं** શબ્દથી મિશ્રની શંકાનો અભાવ સૂચિત કર્યો છે. (૭૬-૭૭)

આસ્વાદન (ચાખવા) ની વિધિ બતાવતાં નિર્ણય કરવાનો પ્રકાર બતાવે છે-**थोव०** ઇત્યાદિ.

'ધોવણ ઉપયોગી છે કે નહિ ?' એ શંકાનું નિવારણ કરવાને માટે ધોવણ આપ-નારી બાઇને સાધુ કહે કે "મારા હાથમાં થોડું પાણી આપો.' એ આપેલા ધોવણનું અસ્વા-દન કરીને નિશ્ચય કરે કે 'આ બહુ ખાટું છે, દુર્ગંધ વાળું છે, તરસ શાંત કરવા માટે સમર્થ નથી, તેથી મારે માટે ઉપયોગી નથી.' (૭૮)

એવો નિશ્ચય કરીને શું કરવું જોઈએ ? તે હવે કહે છે-**तं च०** ઇત્યાદિ.

એવા બહુ ખાટા, દુર્ગંધિત અને તરસ છીપાવવામાં અસમર્થ ધોવણને આપનારી બાઈને સાધુ કહે કે એવું ધોવણ મને કલ્પતું નથી. (૭૯)

તં ચ ઈત્યાદિ. જો એવું પાણી અનિચ્છાપૂર્વક દાતાના અનુરોધથી અથવા બે-ધ્યાનથી ગ્રહણ કરી લીધું હોય તો પોતે ન પીએ અને ન બીજાને પીવડાવે (૮૦)

પછી શું કરે તે કહે છે-**एगंत०** ઈત્યાદિ.

એકાંત સ્થાનમાં જઇને એકેન્દ્રિય આદિ પ્રાણીઓથી રહિત સ્થાન જોઇને યતનાપૂર્વક **'वोसिरे'** એવું ત્રણવાર ઉચ્ચારણ કરીને પરિઠવે. પરિઠવ્યા પછી ગામમાં યા ગામની બહાર રહેવાનાસ્થાન પર આવીને ઈરિયાવહિયાનું પ્રતિક્રમણ કરે. (૮૧)

અશન-પાન ગ્રહણ કરવાની વિધિ બતાવ્યા બાદ આહાર કરવાની વિધિ બતાવે છે-

## કારણો પરિસ્તિમેં ગોચરીમેં આહાર વિધિ

**सिया य** ઇત્યાદિ તથા **अणुन्नवित्तु** ઈત્યોદિ.

જો ભિક્ષાને માટે ગએલા ભિક્ષુને બાળકપણા, ગ્લાનતા અથવા તરસ આદિ કોઇ કારણે આહાર કરવાની ઈચ્છા થઇ જાય તો ત્યાં પ્રાસુક કોઠો અથવા ભીંતની પાસે ખૂણા આદિની પ્રતિલેખના કરીને મકાનના સ્વામીની આજ્ઞા લઇને ઉપર ઘાસ આદિથી છાએલા ચારે બાજુથી બંધ પરન્તુ પ્રકાશયુક્ત સ્થાનમાં રહીને મન વચન કાયાની સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિ કરતાં સાધુ સામાચારીનો જ્ઞાતા મુનિ હાથને પ્રમાર્જિત કરીને(સાફ કરીને) યા હસ્તક (હસ્તગત રજોહરણ) થી કાય અને સ્થાનની પ્રમાર્જના કરીને આહાર કરે.

કોઈ-કોઈએ **हस्तकं संप्रमृज्य** નો એવો અર્થ કર્યો છે કે–'મુખવસ્ત્રિકા લઈને તેથી શરીરની પ્રમાર્જના કરે,' પણ એવો અર્થ કરવો એ બરાબર નથી, કારણ કે મુખવસ્ત્રિકાની સાથે પ્રમાર્જન કરવા સંબંધ મળતો નહિ જોવાથી તેમણે એક **आदाय** શબ્દ લઈને પોતાની તરફથી મેળવી દીધો છે. આ પ્રમાણે સંબંધ મેળવી દેવો એ ઉચિત નથી. વળી કોષોમાં ક્યાંય 'હસ્તક' શબ્દનો અર્થ મુખવસ્ત્રિકા કર્યો નથી અને વ્યાકરણમાં પણ એવો અર્થ જોવામાં આવતો નથી, આગમોમાં **मुहपत्तिं पडिलेहित्ता** ઇત્યાદિ પદ જોવામાં આવે છે, કિન્તુ **हत्थगं पडिलेहित्ता** ક્યાંય જોવામાં આવતું નથી.

તથા ''મુખવસ્ત્રિકારૂપ હસ્તકથી કાયની પ્રમાર્જના કરીને આહાર કરે'' એવી વ્યાખ્યા કરવી એ પણ અત્યંત અયુક્ત છે, કારણ કે મુખવસ્ત્રિકા ધારણ કરવાનું પ્રયોજન સૂક્ષ્મ, વ્યાપી, સમ્પાતિમ તથા વાયુકાય આદિ જીવોની હિંસાનો પરિહાર કરવો એ છે. મુખવસ્ત્રિકાને હાથમાં રાખવા ઉક્ત પ્રયોજન સિદ્ધ થતું નથી. એથી એમ સિદ્ધ થાય છે કે મુખવસ્ત્રિકા મુખ પર જ ધારણ કરવી જોઇએ. તેથી મુખના નિમિત્તે થનારી સૂક્ષ્મ, વ્યાપી, સંપાતિમ અને વાયુકાય આદિ જીવોની વિરાધનાની નિવૃતિને માટે મુખ પર ધારણ કરવા યોગ્ય એ મુખપરિમાણ દોરા સાથેના અને આઠ પડવાળા વસ્ત્રખંડને ભગવાને 'મુખવસ્ત્રિકા' કહી છે, 'હસ્તવસ્ત્રિકા' શબ્દનો પ્રયોગ કર્યો નથી. એટલે 'હસ્તક' શબ્દથી મુખવસ્ત્રિકાનો અર્થ કોઇ પણ પ્રકારે નીકળી શકતો નથી. એ રીતે 'મુખવસ્ત્રિકાથી કાયાની પ્રમાર્જના કરવી' એ અર્થ આગમથી સર્વથા વિરૂદ્ધ છે. )૮૩–૮૩)

**तत्थ से०** ઇત્યાદિ, તથા **तं उक्खिवित्तु०** ઇત્યાદિ. એ કોઠામાં આહાર કરનાર ભિક્ષુના ભોજનમાં બીજ, કાંટા, તણખલાં લાકડું, કોકરી-કાંકરા યા એવા પ્રકારની બીજી કોઇ વસ્તુ હોય તો તે કાઢી નાંખી જયાં-ત્યાં નાંખે નહિ, તથા મુખથી પણ થૂકે નહિ, પરંતુ તેને હાથમાં લઇને એકાન્ત સ્થાનમાં જાય. (૮૪–૮૫)

**एगंत०**ઇત્યાદિ. એકાન્તમાં જઇને અચિત્ત ભૂમિ જોઇને ત્યાં યતનાપૂર્વક એ બીજ કાંટા આદિને નાંખે. પછી પોતાના સ્થાન પર આવીને ઇરિયાવહિયાનું પ્રતિક્રમણ કરે. (૮૬)

## આહારમેં આયે બીજાદિ કા પરિઠવન કી વિધિ

**तत्थ से०** ઇત્યાદિ, તથા **तं उक्खिवित्तु०** ઇત્યાદિ. એ કોઠામાં આહાર કરનાર ભિક્ષુના ભોજનમાં બીજ, કાંટા, તણખલાં લાકડું, કોકરી-કાંકરા યા એવા પ્રકારની બીજી કોઇ વસ્તુ હોય તો તે કાઢી નાંખી જયાં-ત્યાં નાંખે નહિ, તથા મુખથી પણ થૂકે નહિ, પરંતુ તેને હાથમાં લઇને એકાન્ત સ્થાનમાં જાય. (૮૪–૮૫)

**एगंत०**ઇત્યાદિ. એકાન્તમાં જઇને અચિત્ત ભૂમિ જોઇને ત્યાં યતનાપૂર્વક એ બીજ કાંટા આદિને નાંખે. પછી પોતાના સ્થાન પર આવીને ઇરિયાવહિયાનું પ્રતિક્રમણ કરે. (૮૬)

## ઉપાશ્રય મેં આકરહી આહાર કરને કા કથન

**सिया य०** ઈત્યાદિ, તથા **विणएणं** ઇત્યાદિ. સાધુ ઉપાશ્રયમાં આવીને જ આહાર કરવાની ઇચ્છા કરે, અહીં **स्यात्** અવ્યય નિશ્ચયબોધક છે, તેથી એ તાત્પર્ય પ્રકટ થાય છે કે તરસ આદિ કોઇ પ્રબળ કારણ વિના ઉપાશ્રય સિવાય અન્યત્ર આહાર ન કરવો જોઇએ. એટલે ભિક્ષા લાવીને **मत्थएण वंदामि निस्सीहि** એ પાઠ ઉચ્ચારીને ઉપાશ્રયમાં પ્રવેશ કરે. પછી ભોજન કરવાના સ્થાનની સમ્યક્ પ્રકારે પ્રતિલેખના કરીને દીક્ષામાં મોટા મુનિની સમીપે આવીને **इच्छामि पडिक्कमिउं** ઇત્યાદિ ઈરિયાવહિયાનો પાઠ બોલીને કાયોત્સર્ગ કરે (૮૭-૮૮)

કાયોત્સર્ગમાં શું કરવું જોઇએ તે કહે છે-**आभोइत्ताण०** ઇત્યાદિ. તથા **उज्जुप्पन्नो०** ઈત્યાદિ.

કાયોત્સર્ગમાં સ્થિર થઇને ગમનાગમનમાં, તથા આહારપાણી લેવામાં જે અતિચાર લાગ્યા હોય તે સર્વનું ક્રમશઃ ચિંતન કરીને સરલબુદ્ધિ શાન્ત-ચિત્તવાળો સંયમી વ્યાકુળતા-રહિત ચિત્તથી ગુરૂની સમીપે આલોચના કરે. પ્રમાદ આદિને વશ થઇને જયા જેવો શુદ્ધ યા અશુદ્ધ આહાર આદિ લેવામાં આવેલ હોય તે પણ ગુરૂને નિવેદન કરે.

## ગોચરીમેં અતિચારોં કી આલોચન વિધિ

**उज्जुप्पन्नो** શબ્દથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે કુટિલતારહિત બુદ્ધિવાલો જ યથાર્થ આલોચના કરી શકે છે, **अणुव्विग्गो** શબ્દથી ક્ષુધા આદિ પરીષહોને જીતવાનું પ્રકટ કરવામાં આવ્યું છે. **अव्वक्खित्तेण चेयसा** શબ્દથી એમ સૂચિત્ત કર્યું છે કે એકાગ્ર-ચિત્તથી જ અતિચારોનું સારી રીતે સ્મરણ થઈ શકે છે. (૮૯-૯૦)

**न सम्म०** ઇત્યાદિ. આગળ-પાછળ કરેલા અતિચારોની સમ્યક્ પ્રકારે અર્થાત્ પહેલાં કરેલા અતિચારોનો પહેલાં અને પાછળ કરેલા અતિચારોની પાછળ આલોચના ન કરવામાં આવી હોય તો અતિચારોનું પુનઃપ્રતિક્રમણ કરવું જોઇએ, અને કાયોત્સર્ગમાં સ્થિત થઇને એવો (આગલી ગાથામાં કહેવામાં આવનારો) વિચાર કરે. (૯૧)

એ વિચાર હવે કહે છે-**अहो०** ઈત્યાદિ.

અહો ! આ શરીર મોક્ષની સિદ્ધિનું કારણ છે, એટલે એની સ્થિતિને માટે તીર્થંકર ભગવાને સાધુઓને નિર્દોષ ભિક્ષા લેવાનો જ ઉપદેશ આપ્યો છે. (૯૨)

## કાયોત્સર્ગમેં ચિન્તન પ્રકાર

णमुक्कारेण ઇત્યાદિ. મુનિ णमो अरिहंताणं પદનું ઉચ્ચારણ કરીને કાયોત્સર્ગને સમાપ્ત કરે, પછી लोगस्स उज्जोयगरे ઇત્યાદિ જિનસંસ્તવ પૂર્ણ કરીને धम्मो मंगलमुक्किट्ठं ઇત્યાદિ ઓછામાં ઓછી પાંચ ગાથાઓની મૂળશાસ્ત્રની સજ્ઝાય કરી થોડીવાર વિશ્રામ કરે જેથી અન્ય મુનિ પણ આવીને શામિલ થઈ જાય (૯૩)

વિશ્રામ કરતાં મુનિ શું કરે તે કહે છે–वीसमंतो० ઇત્યાદિ.

કર્મોની નિર્જરાનો અભિલાષી સાધુ વિશ્રામ કરતી વખતે આવા મુક્તિરૂપ હિતના કરવાવાળા અર્થનું ચિંતન કરે–જો કોઈ મુનિરાજ મારા પર અનુગ્રહ કરીને મારા ભાગના અન્ન આદિને ગ્રહણ કરે તો હું આ દુસ્તર ભવસાગરથી તરી જઉં. (૯૪)

એવો વિચાર કરીને પહેલાં બધા મુનિઓમાં જે રત્નાધિક (દીક્ષામાં વડા) હોય તેમને પોતાનો ભાગ ગ્રહણ કરવાની પ્રાર્થના કરે. જો તે ગ્રહણ કરે તો સારૂં, ન ગ્રહણ કરે તો એવું નિવેદન કરે–'હે ભદંત ! આપ જ કોઈ મુનિને આહાર વહેંચી આપો ' પછી રત્નાધિક ઇચ્છાનુસાર આપે. જો તે ન આપતાં એવી આજ્ઞા કરે કે 'તમે ઇચ્છાનુસાર આપી દો' તો શિષ્યે શું કરવું જોઈએ ? તે બતાવે છે–साहवो० ઇત્યાદિ.

## અન્યમુનિયોં કો આહાર ગૃહણ કે લિયે પ્રાર્થના કા વિચાર

ગુરૂની આજ્ઞા મળ્યા પછી પ્રસન્ન ચિત્તથી ઉદારતાની સાથે દીક્ષામાં મોટાનાનાના ક્રમે કરીને સાધુઓને પોતાનો ભાગ ગ્રહણ કરવાની પ્રાર્થના કરે અર્થાત્ 'આ આહાર ગ્રહણ કરવાનો અનુગ્રહ કરો' એમ કહે. એ મુનિઓમાંથી કોઈ ગ્રહણ કરવાની ઇચ્છા કરે તો તેમને વહેંચી આપીને તેમની સાથે પોતે પણ ચપડ-ચપડ અવાજ કર્યા વિના આહાર કરે. (૯૫)

अह० ઇત્યાદિ. જો કોઈ પણ મુનિ આહાર ગ્રહણ કરવાની ઇચ્છા પ્રકાશિત ન કરે અર્થાત્ ન લે તો એકલા–રાગદ્વેષરહિત તે એવા પાત્રમાં ભોજન કરે કે જેમાં પ્રકાશ પડતો હોય. પ્રકાશયુક્ત પાત્રમાં આહાર કરવાનું વિધાન એટલા માટે કર્યું છે કે મચ્છર આદિ સૂક્ષ્મ જંતુ દેખી શકાય. મંડલ દોષોનો વિચાર કરતાં એક કણ જેટલું પણ અન્ન ન વેરાવા દેતાં આહાર કરે. (૯૬)

## આહાર કા ઉપભોગ કી વિધિ

तित्तगं ઇત્યાદિ. તીખો, કડવા, કસાયલા, ખાટા, મીઠા, અથવા ક્ષારરસવાળા પદાર્થો

જે ગૃહસ્થે પોતાને માટે બનાવ્યા હોય અર્થાત્ સાધુને માટે ન બનાવ્યા હોય અથવા સ્વાદ-સુખ સિવાય અન્ય પ્રયો નને માટે અર્થાત્ શરીરના નિર્વાહને માટે જો આગમાનુસાર વિધિથી પ્રાપ્ત થાયા હોય તો તેમને એવી રીતે ભોગવે કે જેમ ઘી-સાકરનો આહાર કરવામાં આવતો હોય. તાત્પર્ય એ છે કે-સાધુને નિરવદ્ય અંત-પ્રાંત આદિ જેવો આહાર મળે એ બધાને સમભાવથી ભોગવવો જોઈએ. સંગ્રહ ગાથામાં કહ્યું છે કે—

'એક તરફ છાશમાં ભીંજવેલી વાલ ચણા આદિની ઠંડી રોટલી અને એક તરફ મનોજ્ઞ ઘેવર આદિ હોય, એ બેઉને જે સમભાવે ભોગવે છે તે શ્રમણ કહેવાય છે. (૧) ગરમ યા ઠંડુ અન્નાદિક અને એ જ પ્રકારે ગરમ યા ઠંડો દહીંનો કરંબો ઈત્યાદિને જે સંયમયાત્રાના નિર્વાહને માટે સમભાવે ભોગવે છે તે શ્રમણ કહેવાય છે." (૨) ઇતિ (૯૭)

**अरसं** ઈત્યાદિ, તથા **उप्पण्णं०** ઈત્યાદિ. મીઠાથી રહિત તથા વાલ-ચણા આદિ અરસ યા બહુ જૂનો ઓદન-આદિ વિરસ, હીંગ આદિથી વઘારેલું યા ન વઘારેલું, લીલો કરંબો આદિ, સૂકા-ભૂંજેલા ચણા આદિ, બોરનું ચૂર્ણ આદિ અથવા કળથી યા અડદના બાકળાનું ભોજન, એ સર્વ જો શાસ્ત્રોક્ત વિધિથી પ્રાપ્ત થયાં હોય, પ્રાસુક હોય, મંત્ર-તંત્ર આદિનો પ્રયોગ કર્યા વિના મળ્યા હોય, થોડા હોય યા વધારે હોય, અર્થાત્ સરસ અન્નાદિ થોડું હોય અને નીરસ આહાર વધારે હોય, તો મુધાજીવી—અર્થાત્ સંયમયાત્રાના નિર્વાહને માટે જીવન ધારણ કરનારો અથવા નિર્દોષ અર્થાત્ જાતિ આદિને પ્રકટ કર્યા વિના ભિક્ષા લેનારો સાધુ એ આહારની અવહેલના કરે નહિ, તાત્પર્ય એ છે કે—સરસ આહાર ઓછો મળે તો એમ ન કહે કે 'આટલા થોડા આહારથી ઉદરપૂર્તિ કેવી રીતે થશે—?' નીરસ આહાર વધારે મળે તો એમ ન કહે કે 'આ ઘણા બધા વ્યર્થ આહારથી શો લાભ ?' એ પ્રમાણે આહારની નિન્દા ન કરે, પરન્તુ આહારના સંયોજના આદિ મંડલ દોષોને ટાળીને ભોગવે.

## મુધા દાતા એવં ઉપભોક્તા કા મોક્ષગમન કા કથન

**उप्पन्नं** શબ્દથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે ગીતાર્થ સાધુએ શાસ્ત્રની મર્યાદા અનુસાર જ આહાર ગ્રહણ કરવો જોઈએ. **फासुयं** શબ્દથી સચિત્ત અચિત્તની પરીક્ષા કરીને ગ્રહણ કરવાનું કહેવામાં આવ્યુ છે. **मुहालद्धं** શબ્દથી એમ દર્શાવવામાં આવ્યું છે કે દાતાનો ઉપકાર કરીને ભિક્ષા ગ્રહણ કરવાથી આધાકર્મ આદિ ઘણા દોષો લાગે છે; તેથી એવી ભિક્ષા ન લેવી જોઇએ. **दोसवज्जियं** શબ્દથી એમ બતાવવામાં આવ્યું છે કે નિર્દોષ ભિક્ષા ઉપલબ્ધ થતાં પણ મંડલ દોષ લાગવાથી એ ભિક્ષા અવશ્ય દૂષિત થઇ જાય છે, તેથી એનો પરિહાર કરીને જ આહાર કરવો જોઇએ. (૯૮-૯૯)

**दुलहाओ०** ઈત્યાદિ નિષ્કામ-પ્રત્યુપકાર (બદલા) ની આશા ન રાખનારદાતા દુર્લભ છે અને નિષ્કામ—દાતાનું કાર્ય કર્યા વિના ભિક્ષા ગ્રહણ કરનાર-સાધુ પણ વિરલ જ હોય છે. પ્રત્યુપકારની ઈચ્છા ન રાખનાર દાતા અને કોઇનું કર્ય કર્યા વિના ભિક્ષા ગ્રહણ કરનાર આત્માર્થી સાધુ, એ બેઉને મોક્ષ ગતિની પ્રાપ્તિ થાય છે.

શ્રી સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે કે—હે જંબૂ ! ચરમ જિનેશ્વર ભગવાન્ મહાવીર સ્વામીએ જેવો ઉપદેશ આપ્યો છે તેવો જ મેં કહ્યો છે (૧૦૦)

ઇતિ દશવૈકાલિકસૂત્રના પાંચમાં અધ્યયનનો પહેલા ઉદ્દેશાનો
ગુજરાતીભાષાનુવાદ સમાપ્ત. (૫-૧)

## અપર્યાપ્ત આહાર હોને પર પુનર્ગોચરી ગમન કી વિધિ

### અધ્યયન પાંચમું-ઉદ્દેશ બીજો.

પ્રથમ ઉદ્દેશમાં કહેલી વિધિ ઉપરાંત અવશિષ્ટ પિંડૈષણાની વિધિ આ બીજા ઉદ્દેશમાં કહે છે—**पडिग्गहं** ઈત્યાદિ.

આહાર કરવામાં પાત્રમાં જે લેપ લાગેલો રહી જાય, તેને આંગળી આદિ વડે લૂછીને મુનિ અમનોજ્ઞ ગંધ યા મનોજ્ઞ ગંધવાળા બધા અન્ન પાનને ભોગવે, તેને છોડે નહિ, અર્થાત્ જરા પણ બાકી ન રાખે. જૂના ઘઉં, બાજરી, વાલ, ચણા આદિની બનાવેલી ઠંડી યા ગરમ રોટલી આદિ અન્ન, ખાટી છાશની બનેલી ઠંડી યા ગરમ કઢી આદિ શાક, પર્યુષિત ખાટી છાશ આદિ પાન, એ બધા અમનોજ્ઞગંધવાળાં હોય છે. અને ઘેબર, પાયસ (દૂધપાક) આદિ, એલચી લવીંગ, કેસર આદિથી મિશ્રિત હોવાથી મનોજ્ઞ ગંધવાળાં હોય છે, એ બધાંને સમભાવે ભોગવે. (૧)

**सेज्जा०** ઇત્યાદિ, તથા **तओ०** ઈત્યાદિ ઉપાશ્રયમાં બેસવાના સ્થાનમાં અર્થાત્ સ્વાધ્યાયભૂમિમાં તથા ગોચરીમાં ગએલા મુનિને અલ્પ અર્થાત્ ક્ષુધાની શાન્તિ ન થઇ શકે અર્થાત લાવેલો આહાર પૂરતો ન હોય, તો એવું કારણ ઉત્પન્ન થતાં અર્થાત્ ક્ષુધાવેદનીય શાન્ત ન થવાને લીધે **संपत्त भिक्खकालम्मि** ઇત્યાદિ પૂર્વોક્ત વિધિથી, તથા **कालेण णिक्खमे भिक्खू** એ ગાથાથી પ્રારંભ કરીને આગળ બતાવવામાં આવનારી વિધિથી ભક્ત-પાનની ગવેષણા કરે અર્થાત્ ભિક્ષાને માટે ફરીથી ગમન કરે. (૨-૩)

એ વિધિને બતાવતાં કાળની યતના કહે છેઃ-**कालेण०** ઇત્યાદિ.

જે દેશમાં ગૃસ્થોના ભોજનનો જે સમય હોય તે સમય ભિક્ષાને માટે ઉચિત છે. તેથી ભિક્ષાને માટે તે સમયે જવું જોઈએ. અને ગોચરીને માટે ગએલા સાધુએ એવા ઉચિત સમયે પાછા ફરવું જોઇએ કે જેથી સ્વાધ્યાય આદિ ક્રિયાઓમાં અંતરાય ન પડે. તથા જે સમય ભિક્ષાને માટે ઉચિત ન હોય તેનો પરિહાર કરીને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી ઉચિત સમયે જ ભિક્ષાને માટે જવું જોઈએ ગાથામાં ઘણીવાર કાલ શબ્દનો પ્રયોગ કરવાથી એ આશય પ્રકટ થાય છે કે-સાધુઓએ પ્રત્યેક ક્રિયા ઉચિત સમયે જ કરવી જોઈએ. (૪)

## સમય કી મર્યાદાનુસાર ગોચરી ગમન કા કથન

કોઈ સાધુ અસમયમાં ભિક્ષાને માટે જનારા બીજા સાધુને પૂછયું કે-'હે ભિક્ષુ ! તમને ભિક્ષાનો લાભ થયો કે નહીં' ત્યારે તેણે કહ્યું 'આ કંગાલ કંજૂસોના ગામમાં ભિક્ષા કયાંથી પ્રાપ્ત થઈ શકે ?' ત્યારે એ અકાળે ગોચરી કરનારા સાધુ પ્રત્યે કહે છે-**अकाले०** ઈત્યાદિ.

હે ભિક્ષુ ! આપ અસમયમાં ભિક્ષાછે માટે જાઓ છો, સમયનો ખ્યાલ રાખતા નથી. એ કારણે વધારે ફરવાથી યા ભિક્ષા ન મળવાથી તમે તમારા આત્માને પીડિત કરો છો અને ગ્રામ-નગરનો નિંદા કરો છો. અકાળે ભિક્ષાને માટે જવારૂપી ભગવાનની આજ્ઞાના

વિરાધના કરવાથી તથા દીનતા પ્રકટ કરવાથી ચારિત્રમાં મલિનતા આવે છે, તેથી અનુચિત સમયે ભિક્ષાને માટે જવું ન જોઈએ. (૫)

**સઇ કાલે૦** ઈત્યાદિ. ભિક્ષુ ઉચિત સમય થતાં જ ભિક્ષાને માટે જાય. ઉત્સાહપૂર્વક ભિક્ષાર્થ ભ્રમણરૂપ પુરૂષાર્થ કરે. કોઈવાર ભિક્ષાનો લાભ ન થાય તો એવો વિચાર ન કરે કે 'આજ મને ભિક્ષા ન મળી.' પરંતુ એવો વિચાર કરીને સંતુષ્ટ રહે કે-'આજ ભિક્ષા ન મળી તો સહેજે મારાથી અનશન આદિ તપ થઇ ગયું. અર્થાત્ ભિક્ષાનો લાભ ન થવાથી પણ મેં ભલીપેઠે વીર્યાચારનું આરાધન કર્યું છે.' સાધુ કેવળ અન્નાદિની પ્રાપ્તિને માટે જ ભિક્ષાચરી કરતા નથી, કિન્તુ વીર્યાચારની આરાધનાને માટે પણ ભિક્ષાચરીમાં જવું ભગવાને બતાવ્યું છે. (૬)

## ગોચરી મેં ક્ષેત્ર યતના કા કથન

હવે ક્ષેત્રની યતના કહે છેઃ-**તહેવુ૦** ઇત્યાદિ

હંસ—આદિ ઉચ્ચ-જાતીય અને કાગડો-આદિ નીચ જાતીય પ્રાણી જો ભોજન પાન ને માટે રસ્તામાં આવેલા હોય તો તેની સામે ન જવું સામે જવાથી તેમને પાણી પીવા ચણવા વગેરેમાં વિઘ્ન પડવાથી ભક્ત-પાનમાં અંતરાય આદિ અનેક દોષો લાગે છે. એટલે યતનાપૂર્વક અર્થાત્ જે રીતે તેઓ ભયભીત ન થાય એ રીતે બીજે માર્ગે યા એક બાજુએથી ગમન કરવું. તાત્પર્ય એ છે કે જો આખો માર્ગ હંસ કબૂતર યા કાગડા વગેરે પ્રાણીઓથી ભરેલો હોય તો બીજે માર્ગેથી અને એક તરફ તેઓ ચણતાં કે પાણી પીતા હોયતો તેની બાજુએ થઇને ગમન કરવું જોઈએ. (૭)

## ભિક્ષાકે લિયે ગૃહ પ્રવેશ વિધિ

**ગોયરગ્ગ૦** ઇત્યાદિ ગોચરીને માટે ગએલો મુનિ કોઈના ઘરમાં ન બેસે, ઊભો-ઊભો સંદર્ભ સહિત ધર્મ કથા કહેવાનો આરંભ ન કરે અવસર હોય તો એક પ્રશ્નનું એકજ સમાધાન ઊભાં ઊભાં સંક્ષેપમાં કરી દે. બેસવાથી યા લાંબી ધર્મકથા કરવાથી દાતાની અરૂચિ આદિ અનેક દોષો થાય છે (૮)

હવે દ્રવ્ય-યતના કહે છે-**અગ્ગલં** ઈત્યાદિ.

ગોચરી માટે ગએલા મુનિએ આગળો, સાંકળ, ફલક (ખૂંટી આદિ) દરવાજો યા કમાડનો આધાર લઇને ઊભા રહેવું ન જોઈએ (૯)

**સમણં૦** ઇત્યાદિ. તથા **તમઇ૦** ઇત્યાદિ શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ અને વનીપકને ગૃહસ્થના દરવાજા પર ભોજન યા પાણી ને માટે આવેલા જેમને સાધુ એમને ઓળંગીને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ ન કરે, એટલું જ નહિ જ્યાં એમની દૃષ્ટિ પડતી હોય એવા સ્થાન પર પણ ઊભો ન રહે, કિન્તુ એકાંત પ્રદેશમાં જઈને ઊભો રહે કે જ્યાં એમની દૃષ્ટિ પહોંચે નહિ. (૧૦-૧૧)

એમ ન કરવામાં દોષ કહે છે—'**વણીમગસ્સ૦**' ઈત્યાદિ.

સંભાવત છે તેમને ઓળંગીને જવાથી યા એમની સામે ઊભા રહેવાથી એ વનીપક યા દાતાને અથવા બેઉને દ્વેષ તથા ખેદ ઉત્પન્ન થઈ જાય. તથા પ્રવચનની લઘુતા થાય છે, એટલે એમને ઓળંગીને જવું એ સાધુનો કલ્પ નથી. (૧૨)

ક્યારે જવું જોઈએ ? તે કહે છે-**પડિસેહિપ૦** ઈત્યાદિ.

દાતાએ વનીપક આદિને દાન દેવાની મનાઈ કર્યા પછી અથવા અન્ન આદિ આપી ચૂકયા પછી યા મૌન સાધી લીધા પછી, અથવા વિલંબ થવો ઈત્યાદિને કારણે જ્યારે એ વનીપક આદિ એ ઘેરથી પાછા ફરે ત્યારે સંયમીએ ભક્ત-પાનને માટે એ ઘરમાં જવું જોઇએ (૧૩)

## પુષ્પ સંસ્પર્શહસ્તસે ભિક્ષા લેને કા નિષેધ

**उप्पलं** ઈત્યાદિ. તથા **तं भवे०** ઈત્યાદિ. જો દાતા, નીલું કફેદ યા લાલ કમળ, સૂર્ય-વિકાસી કમળ, ચંદ્રવિકાસી કમળ, માલતીનું પુષ્પ તથા અન્ય સચિત્ત પુષ્પ તોડીને પછી આહાર પાણી આપે તોં તે સયમીઓને માટે ગ્રાહ્ય નથી. તેથી તે આપનારીને સાધુ કહે કે એવો દોષયુક્ત આહાર મને કલ્પતો નથી (૧૪-૧૫)

**उप्पलं** ઈત્યાદિ, તથા **तं भवे०** ઈત્યાદિ-

પૂર્વોક્ત કમળ આદિમાંથી કોઈ સચિત્ત ફૂલનું મર્દન કરીને અથવા માત્ર સંઘટન પણ કરીને આહાર આપે તો આપનારીને સાધુ કહે કે એવો આહાર લેવો મને કલ્પતો નથી. અહીં 'મર્દન' શબ્દથી સ્પર્શ-માત્રનું પણ ગ્રહણ થાય છે, કારણ કે કમળ આદિના જીવોને સ્પર્શ કરવાથી પણ અવશ્ય પીડા થાય છે. પ્રથમ ઉદ્દેશમાં **संमद्दमाणी पाणाणि बीयाणि हरियाणि य** એ પદથી જ બધી વનસ્પતિકાયનું ગ્રહણ કરવામાં આવ્યું હતું, અહીં ફરીથી કમળ આદિનું ગ્રહણ કર્યું છે, એ પુનરૂક્તિ દોષ સમજવો નહિ, કારણ કે પહેલાં સામાન્યરૂપે નિષેધ કર્યો હતો, અને અહીં વિશેષરૂપે નિષેધ કર્યો છે, (૧૬-૧૭)

## સચિત્ત હરિતકાય ગૃહણ કા નિષેધ

**सालुयं०** ઈત્યાદિ, **तरुणगं०** ઈત્યાદિ. કમળનું મૂળ, પલાશનું મૂલ, અર્થાત્ સાધારણ વનસ્પતિની જાતિ વિશેષ, તથા સફેદ કમળ, કમળની નાળ, સરસવનાં પાંદડાંનું શાક, શેરડીની કાતળી, એ બધાં જો શસ્ત્રથી પરિણુત ન હોય તો એનો તથા આંબલી આદિનાં વૃક્ષનાં, મધુર તૃણ આદિ જો સચિત્ત હોય તો એનો ત્યાગ કરવો જોઈએ. (૧૮) (૧૯)

**तरुणियं** ઈત્યાદિ. જેનાં બીજ પાકયાં ન હોય એવા મગ, ચોળા, તુવેર આદિની સીંગ એકવાર ભૂંજેલી હોય તથા સચિત્ત હોય તો તે આપનારી બાઇને સાધુ કહે કે એ લેવી મને કલ્પતી નથી.

'**तहा कोलं०**' ઈત્યાદિ. એ પ્રમાણે જળ અને અગ્નિમાં નહિ ઉકાળેલાં બોર, સચિત્ત વાંસના અંકુર તથા કાશ્યપનાલિકા (ગવાર ફળી), તલપાપડી અને કદમ્બનાં ફળ જો સચિત્ત હોય તો એનો ત્યાગ કરવો-ગ્રહણ કરવાં નહિ, (૨૧)

## સચિત્ત આહાર પાન લેને કા નિષેધ

**तहेव०** ઇત્યાદિ. એ જ પ્રમાણે તત્કાળનો દળેલો ચોખા ઘઉં આદિનો આટો, તથા પહેલાં અચિત્ત હોવા છતાં પણ કાળની મર્યાદા વ્યતીત થતાં પુનઃ સચિત્ત થએલું જળ, તુરતનો બનાવેલો તલકુટ, તુરતની સરસવ આદિનો ખોળ એ સચિત્ત વસ્તુઓને પણ ગ્રહણ ન કરે. ગરમ પાણી અચિત્ત રહેવાની મર્યાદા ઠંડુ થઇ ગયા પછી ગ્રીષ્મ ઋતુમાં પાંચ પહોર, શીયાળામાં ચાર પહોર અને વર્ષાઋતુમાં ત્રણ પહોરની હોય છે, ત્યારબાદ એ જળ સચિત્ત બની જાય છે. એ વિષયમાં એક સંગ્રહગાથા છે તે સંસ્કૃત ટીકામાં લખી છે. (૨૨)

**'कविट्ठं'**—ઈત્યાદિ. કોઠું, બીજોરા–લીંબુ, મૂળા અને મૂળાના કકડા જો અચિત્ત-શસ્ત્ર-પરિણત ન હોય તો તે ગ્રહણ કરવાની ઈચ્છા પણ ન કરવી જોઇએ. મૂળો અનંતકાય છે એટલે એ શસ્ત્રપરિણત થવો કઠિન છે, તેથી અહીં એક અર્થવાળા 'આમક' અને 'અશસ્ત્ર-પરિણત' એવા બે શબ્દો આપેલાં છે. (૨૩)

**'तहेव फल०'** ઈત્યાદિ. એ પ્રકારે બોર આદિનું ચૂર્ણ, ફળનાં બીજોનું ચૂર્ણ, તથા બહેડાં, રાયણ અથવા દ્રાક્ષ એ સચિત્ત હોય તો ગ્રહણ કરવાં નહિ. (૨૪)

**'समुयाणं०'** ઈત્યાદિ. ભિક્ષુ સદા ધન-ધાન્ય આદિથી સમૃદ્ધ કુળોમાં તથા ધન-ધાન્યથી હીન કુળોમાં સમુદાની ભિક્ષાને માટે ગમન કરે. એક જ ઘેરથી ભિક્ષા ન લે. કારણ કે આધાકર્મ આદિ દોષ લાગવાનો સંભવ છે. નિર્ધન કુળને છોડીને સરસ ભક્ત-પાનની લાલસાથી સંપત્તિશાળી કુળમાં ભિક્ષાને માટે જવું ન જોઇએ.

**'समुयाणं'** પદથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે અનેક કુળોમાંથી થોથી-થોડી ભિક્ષા લેવાથી જ ભિક્ષાની નિર્દોષતા જળવાય છે. **उच्चावयं** શબ્દથી સમભાવ સૂચિત કર્યો છે. **'नीयं कुलं'** ઇત્યાદિ ઉત્તરાર્ધથી રસ-લોલુપતાનો ત્યાગ વ્યક્ત કર્યો છે. (૨૫)

## ભિક્ષાચરણમેં વિવેકશીલ હોને કા કથન

**अदीणो०** ઇત્યાદિ. ભિક્ષાના બધા દોષોનો જ્ઞાતા મુનિ આહારમાં મૂર્ચ્છા ન રાખે અને આહારના પરિમાણનો ખ્યાલ રાખે જેટલા આહારથી ક્ષુધા વેદનીય ઉપશાન્ત થઇ જાય તે જ આહારનું પરિમાણ છે એથી વધારે આહાર કરવાથી પ્રમાદ આદિ દોષ ઉત્પન્ન થાય છે, તેથી સાધુઓએ આહારનું પરિમાણ અવશ્ય કરવું જોઇએ. સાધુ ઉદ્ગમ આદિ દોષો ન લાગવા દેતાં દીનતાનો ત્યાગ કરીને ભિક્ષાની ગવેષણા કરે, અને ભિક્ષાનો લાભ ન થાય તો તેથી ખેદ ન કરે.

**'अदीणो'** શબ્દથી એમ પ્રકટ થાય છે કે દીનતા બતાવવાથી આત્માનું અધઃપતન અને જિનશાસનની લઘુતા થાય છે. **न विसीएज्ज** શબ્દથી એમ સૂચિત કર્યું છે કે આહારલાભ ન થાય તો પણ આત્મિક પ્રસન્નતાનો પરિત્યાગ ન કરવો જોઇએ. **पंडिए** શબ્દથી સર્વથા

શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરવાની યોગ્યતા વ્યક્ત થાય છે **अमुच्छिओ** શબ્દથી આહાર આદિની લોલુપતાનો ત્યાગ ધ્વનિત થાય છે. **मायन्ने** શબ્દથી એજ સૂચિત કરવામાં આવ્યું છે કે નિર્દોષ અને સરસ આહાર વધારે પ્રાપ્ત થઈ રહ્યો હોય તો પણ પ્રમાણથી વધારે ગ્રહણ ન કરવો જોઈએ. **एसणारए** શબ્દથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે આધાકર્મ આદિ ભિક્ષાના બધા દોષોનું અનુસંધાન કરવાથી જ વિશુદ્ધ ભિક્ષાનું ગ્રહણ સંભવિત છે (૨૬)

**'बहुं०'** ઈત્યાદિ. ગૃસ્થના ઘરમાં તરેહ-તરેહના ખાદ્ય અને ભાત ભાતનાં સ્વાદ્ય વિદ્યમાન હોય છે; તે તેની ઇચ્છા હોય તો આપે અને ન હોય તો ન આપે.જો ન આપે તો સાધુએ એવો ક્રોધ ન કરવો જોઈએ કે, 'આ કેવો અવિવેકી છે કે 'આટલાં બધાં ખાદ્ય-સ્વાદ્ય હાજર હોવા છતાં પણ સાધુને આપતો નથી.' અહીં **पण्डिए** શબ્દથી સત્ અને અસતનો વિવેક કર્યો છે, અને તેથી મનને જીતવાનું સૂચિત કર્યું છે. (૨૭)

એનું વિસ્તારપૂર્વક કથનકરે છે–**सयणा०** ઈત્યાદિ.

જે કોઈ ગૃહસ્થ શય્યા, આસન, વસ્ત્ર, ભક્ત યા પાન સામે દેખાતાં હોવા છતાં પણ સાધુને ન આપે તો પણ સાધુ ક્રોધ ન કરે. (૨૮)

**इत्थियं०** ઇત્યાદિ. સ્ત્રી, બાળક, જુવાન યા વૃદ્ધ વંદના કરી રહ્યાં હોય તો તે વખતે તેમની પાસે ભિક્ષાની યાચના કરવી ન જોઈએ. કોઈ વંદના કરી રહ્યાં હોય અને તેમની પાસે યાચના કરવામાં આવે તો વંદનામાં અંતરાય પડે છે, અને ગૃહસ્થના મનમાં એવો વિચાર આવે છે કે 'જુઓ, આ સાધુ કેવો પેટ ભરો છે કે વંદના કરતી વખતે પણ ધીરજ ધરતો નથી, રંકની પેઠે કેવળ ભિક્ષાની ચિંતા કરી રહ્યો છે.' બીજા સમયે યાચના કરતાં પણ જો ગૃહસ્થ ભિક્ષા ન આપે તો સાધુ કઠોર વચન ન બોલે કે 'બસ, રહેવા દો, તારી વંદના વૃથા છે, તેથી સાધુઓને સંતોષ નથી થઈ શકતો; તું કેસૂડાંના ફૂલની પેઠે દેખાડવાની રમણીયતા (નમ્રતા) ધારણ કરનારો છો,' ઈત્યાદિ. (૨૯)

**जे०** ઇત્યાદિ. કોઈ સાધુને વંદના ન કરે તો સાધુએ તેના પર કુપિત ન થવું જોઈએ કે 'આ કેવો અવિવેકી છે કે સામે ઊભેલા સાધુનો અનાદર કરે છે ?' તથા ચક્રવર્તી આદિ રાજા-મહારાજા પણ વંદના કરે તો આત્મપ્રશંસા (ઘમંડ) ન કરે કે હું જગતમાં એવો માનનીય છું કે એવા રાજા મહારાજા પણ મારા ચરણોમાં પડે છે.' એ રીતે જિનશાસનમાં સ્થિત એવા સાધુનું ચારિત્ર સ્થિર (દઢ) રહે છે, અર્થાત્ સત્કાર અને તિરસ્કાર થતા પણ અંતઃકરણમાં વિકાર ન કરનારા અનગારનો આચાર નિરતિચાર પણે પલે છે. (૩૦)

## ભિક્ષામેં ચોરીકા નિષેધ એવં ચોરી કે દોષ

સ્વપક્ષમાં ચૌર્યનો નિષેધ કરે છે—**सिया** ઈત્યાદિ.

જો ક્ષુદ્ર પ્રકૃતિવાળો સાધુ ઉત્કૃષ્ટ સરસ આહાર પ્રાપ્ત કરીને એવા વિચારથી એને છુપાવે કે–હું એને બતાવીશ તો આચાર્ય આદિ એ લઈ લેશે, મને નહીં આપે અથવા થોડો જ આપશે' (૩૧)

**अत्तट्ठा०** ઈત્યાદિ એ બીજાથી છુપાવીને સરસ આહાર કરનારો સ્વાર્થ સાધનમાં સમર્થ સાધુ મનોજ્ઞ રસનો અભિલાષી થઇને અત્યંત પાપકર્મનું ઉપાર્જન કરે છે. તે આ જન્મમાં સાધારણ નીરસ આહારથી કદાપિ સંતુષ્ટ ન થતાં મોક્ષને પ્રાપ્ત કરી શકતો નથી.

**अत्तट्ठागुरुओ** એ પદથી પુદ્ગલાનંદીપણું, **लुद्धो** પદથી માયાચારમાં પરાયણતા તથા તસ્કરવૃત્તિ (ચૌર્યવૃત્તિ) અને **दुत्तोसओ** પદથી અભીષ્ટ વસ્તુ ન મળવાથી ઉપજતો અસંતોષ સૂચિત કર્યો છે. (૩૨)

ગુરૂ સમક્ષનો અપહાર કહીને હવે ગુરૂની પરોક્ષનો અપહાર કહે છે—**सिया०** ઈત્યાદિ.

કદાચિત કોઈ રસલોલુપી સાધુ વિવિધ પ્રકારનાં પાન-ભોજન મેળવીને સારૂં-સારૂં ભોજન ભિક્ષાચરીમાં જ કોઇ એકાંત સ્થાનમાં ખાઈ લે અને વાલ ચણા આદિ અંત-પ્રાંત તથા મીઠા મરચા વિનાનો નીરસ ઠંડો આહાર ઉપાશ્રયમાં લઇ આવે (૩૩)

એમ કરવાનું પ્રયોજન કહે છે.—**जाणंतु०** ઇત્યાદિ.

આ ઉપાશ્રયમાં રહેલા સાધુ મને એવો માને કે-'આ સાધુ આત્માર્થી છે, જેવો આહાર મળ્યો તમાં સંતોષ માનનારો છે, સરસ આહારની આકાંક્ષા કરતો નથી થોડા જ આહારથી સંતુષ્ટ થઈ જાય છે, અને સારરહિત ઠંડા અંત-પ્રાંત આહારનું સેવન કરે છે,' (૩૪)

પોતાના દોષ કેમ છુપાવે છે ? તે કહે છે—**पूयणट्ठा०** ઈત્યાદિ

સારાં-સારાં વસ્ત્ર પાત્ર-અન્ન-પાન આદિથી પોતાનો સત્કાર ચાહનાર, પ્રશસ્ત વસ્તુઓનાં-ભોગનો લોલુપી-અહો ! એ આ જ છે' એવા યશનો અભિલાષી, માન (આવતાં જ ઉભા થઈ જવું)તથા સમ્માન (ગુણગાનદ્વારા ગૌરવ પ્રકટ કરવું) ની ઇચ્છાવાળો સાધુ ઘણાં પાપોને તથા કપટરૂપ માયાશલ્યને ઉત્પન્ન કરે છે. છાતીમાં પેસીને ત્યાં જ તૂટી જનારા દ્રવ્ય-શલ્ય (તીરની અણી) ની પેઠે હૃદયમાં રહેલું માયારૂપ ભાવ-શલ્ય નિરંતર અસીમ વ્યથાનું કારણ બને છે, તથા ચતુર્ગતિ સંસારમાં અહીં-તહીં ભટકતાં અવિચલ શાન્તિમય સુખથી એ સાધુને વંચિત (રહિત) કરી નાંખે છે. (૩૫)

## મદ્યપાન કા નિષેધ

મદ્યપાનનો નિષેધ કહે છે-**सुरं वा०** ઈત્યાદિ

જે સાધુ પોતાના સંયમની રક્ષા કરવા ઇચ્છે છે, તેણે મદિરા યા સરકો એકાતમાં પણ કદાપિ પીવો ન જોઇએ. મદિરા ત્રણ પ્રકારની છે, (૧) ગૌડી, (૨) માધ્વી, (૩) પૈષ્ટી. ગોળ-માંથી બનાવેલી ગૌડી, મહુડાંમાંથી બનાવેલી માધ્વી, તથા ધાન્ય આદિના પિષ્ટ (આટા) માંથી બનાવેલી પૈષ્ટી કહેવાય છે. **पिट्ठेण सुरा होइ** એ વચનથી એમ માલુમ પડે છે કે-ધાન્ય આદિના આટાથી મદિરા બને છે. અથવા પૈષ્ટી મદિરા 'ચંદ્રહાસ' નામની મદિરા સમજવી જોઇએ. તે ઉપરાંત ભાંગ, ગાંજો, બીજી-બીજી કોઈ પણ કેફી વસ્તુનું સેવન સાધુ ન કરે; જેમકે કહ્યું છે કે—

'મદના કારણ સ્વરૂપ પીગળેલા પદાર્થને મદ્ય કહે છે' મદ્ય બાર પ્રકારના સમજવા, તે નીચે મુજબ—

"(૧) મહુડાનો, (૨) ફણસનો, (૩) દ્રાક્ષનો (૪) ખજૂરનો (૫) તાડનો (તાડી), (૬) શેરડીનો, (૭) મૈરેય-ધાવડીનાં ફૂલનો, (૮) માક્ષિક.મધનો, (૯) ટંક (કોઠા) નો; (૧૦) મધુનો, (૧૧) નારિએળનો, અને (૧૨) પિષ્ટ (આટા) નો બનેલો મદ્ય. એમ મદ્યના મુખ્ય ભેદ બાર છે.

એ બધાને કેવળી ભગવાનની સાક્ષીએ પીએ નહિ. કેવલી ભગવાનની સાક્ષી કદાપિ ક્યાંય રોકાતી નથી, કારણ કે તે સર્વદર્શી છે, એટલે તાત્પર્ય એ છે કે એકાંતમાં પણ મદ્ય પીવો નહિ. (૩૬)

**પિયય૦** ઇત્યાદિ. હે શિષ્ય ! ભગવાન્ તીર્થંકરની આજ્ઞા વિના ગ્રહણ કરનાર એટલે ચોર, આત્માના સહચર ધર્મને પણ ત્યાગીને એકાંતમાં સ્થિત થઈને એમ સમજે છે કે- 'મારા આ મદિરાપાનને કોઇ જાણતું નથી' એમ સમજીને જે મદિરાપાન કરે છે તે દ્રવ્ય-લિંગી સાધુના સંયમને દૂષિત કરનારી ચેષ્ટાઓ (દોષો) ને તો જુઓ ! એક તો મદિરાપાનનો માયાચાર, વળી તેને છુપાવવા માટે બીજા અનેક માયાચાર અને મૃષાવાદ આદિનું સેવન કરવામાં આવે છે તે મારી પાસેથી સાંભળી-અર્થાત્ ગુરૂ મહારાજ શિષ્યને આમંત્રિત કરીને કથન કરે છે. (૩૭)

પૂર્વપ્રતિજ્ઞાત દોષો કહે છે—**वड्ढइ०** ઇત્યાદિ.

મદિરાપાન કરનાર સાધુ સદા મદિરા પીવામાં જ મગ્ન રહે છે તે માયાચાર કરે છે મૃષા બો અથવા કપટસહિત જૂઠું બોલે છે. દુરાચારી હોવાને કારણે તેની અપકીર્તિ ફેલાઈ જાય છે, એની લોલુપતા અધિકાધિક વધતી જાય છે, તેથી કદાપિ તૃપ્તિ થતી. નથી.મુનીને યોગ્ય આચરણથી હીન હોવાને કારણે એ સાધુ કહેવાવાને યોગ્ય નથી રહેતો, એટલે એનિ અસાધુતા વધે છે.

'**सुंडिया**' શબ્દથી એમ સૂચિત કર્યું છે કે શરાબીની શરાબ પીવાની આદત છૂટવી કઠિન હોય છે. મદિરામાં આસક્તિ થતાં માયા-મૃષા મદિરાપાન કરનારનો પીછો છોડતી નથી, અર્થાત્ એ માયા-મૃષા દોષોમાં તત્પર રહે છે. માયા અને મૃષાની વૃદ્ધિ થતાં સ્વ-પક્ષ પર પક્ષમાં જરૂર નિંદા થાય છે, અને નિંદા થવા છતાં પણ મદિરાપનમાં મસ્ત થઈને તે મદિરાપાન ત્યાગતો નથી. એવી અવસ્થામાં તે જરાએ સાધુ કહેવાવાને યોગ્ય રહેતો નથી.

એ વિષયને બીજી રીતે કહે છે—**निच्चुव्विग्गो०** ઇત્યાદિ.

જેમચોર પોતાના કુકર્મોને કારણે સદા વ્યાકુળ રહ્યા કરે છે, અર્થાત તેને સદા એવો ભય રહે છે કે મારાં કુકર્મને કોઈ જાણી ન લે, નહિ તો રાજા મને પકડી લેશે અને પ્રાણ ગુમાવવા પડશે એ પ્રકારની ચિંતાથી ચોરના ચિત્તમાં સદા ખળભળાટ મચ્યા કરે છે એજ રીતે મદિરાપાન કરનાર મુનિના મનમાં હમેશાં અસમાધિ રહે છે કે-કયાંક મારો મદિરાપાનનો દુરાચાર પ્રકટ ન થઇ જાય, નહિ તો સન્માન બધું નાશ પામશે. એ પ્રકારની આશંકાથી તે પોતાના દુરાચારને છુપાવવાને માયાચાર અને અસત્ય આદિના નવા નવા ઉપાયો વિચાર્યા કરે છે. એની સંયમ સંબંધી સમાધિ કોઈ પ્રકારે રહેતી નથી. એવો દુર્બુદ્ધિ સાધુ મૃત્યુની અવધિના સમયે પણ સર્વસાવદ્યયોગના ત્યાગરૂપ સંવરની આરાધના કરતો નથી, કરણ કે તેના એવા વિશુદ્ધ ભાવ થતા નથી.

**निच्चुव्विग्गो** શબ્દથી એમ સૂચિત કરવામાં આવ્યું છે કે પાપી સદા સશંક રહે છે. **दुम्मई** શબ્દથી એમ પ્રકટ કર્યું છે કે દુર્વ્યસનીની મતિમાં મલિનતા અવશ્ય આવે છે (૩૯)

**आयरिए** ઈત્યાદિ. એવો દુરાચારી સાધુ આચાર્ય તથા રત્નાધિક શ્રમણની પણ આરાધના કરતો નથી, કારણ કે એનું અંતઃકરણ કલુષિત થઈ જાય છે, જેથી ગૃહસ્થ પણ એ સાધુને પિછાણી લે છે અને એની નિંદા કરે છે તાત્પર્ય એ છે કે એવો સાધુ સૌને નિંદનીય બની જાય છે. (૪૦)

## મધપાન કે દોષોં કા ત્યાગ કરનેવાલે કા ગુણ

**एवं तु** ઈત્યાદિ. પ્રમાદ આદિ દોષોમાં લીન, સમ્યગ્-દર્શન-ચારિત્ર તથા ક્ષાન્તિ આદિ ગુણોનો ત્યાગ કરનાર એવો સાધુ મૃત્યુ સમયે પણ સંવરની આરાધના કરતો નથી. (૪૧)

પૂર્વોક્ત દોષોના ત્યાગીના ગુણ કહે છે-**तवं०** ઈત્યાદિ.

જે તપસ્વી સાધુ આત્માને વિવેકવિકળ બનાવનાર શરાબથી વિરત રહે છે, તે પ્રવચન પ્રતિપાદિત સંયમમર્યાદામાં સ્થિત રહે છે, 'સૌથી મોટો તપસ્વી હું છું' એવો તપનો દર્પ (અભિમાન) ન કરતાં ચતુર્થભક્ત આદિ તપ કરે છે, તથા ઘેવર આદિ પ્રણીત ભોજનને અને ઘી-દૂધ આદિ પુષ્ટિકારક રસોને ત્યાગે છે. (૪૨)

**तस्स०** ઈત્યાદિ હે શિષ્ય ! ઉક્તગુણવિશિષ્ટ એવા સાધુના અનેક-મુનિ-સમૂહથી પ્રશંસિત, મુક્તિપદનો સાધક થવાથી મહાન્, મોક્ષરૂપી અર્થથી યુક્ત, અનંતસુખદાતા કલ્યાણ અર્થાત્ સંયમને જુઓ. હું એના ગુણોનું વર્ણન કરીશ, તે તમે સાંભળો. (૪૩)

**एवं तु०** ઈત્યાદિ. એ રીતે જ્ઞાનાદિ-ગુણોના ઉપાર્જનમાં લીન, પ્રમાદ આદિ અવગુણોના ત્યાગી એવા સાધુઓ મૃત્યુ સમયે અવશ્ય સંવર=ચારિત્ર-ધર્મની આરાધના કરે છે. અથવા મૃત્યુસમાન કષ્ટ ઉપસ્થિત થતાં પણ તેઓ સંવરની આરાધના કરે છે, અર્થાત્ એ સમયે પણ તેઓ સંવરનો ત્યાગ કરતા નથી. (૪૪)

**आयरिए** ઈત્યાદિ. એવા સાધુઓ, આચાર્યોની તથા શ્રમણોની આરાધના કરે છે. અર્થાત્ આચાર્યાદિકને પોતાના સંયમની ઉત્કૃષ્ટતાથી પ્રસન્ન કરે છે, જેથી ગૃહસ્થો પણ તેમને બેાા જ ઉત્કૃષ્ટ સમજે છે અને તેમનું સન્માન કરે છે કેવળ ગૃહસ્થો જ એમનું સન્માન નથી કરત, પરન્તુ સાધુઓ પણ એમની પ્રશંસા કરે છે. (૪૫)

## તપચોર કે દોષ કથન

**तवतेणे०** ઈત્યાદિ. જે સાધુઓ તપના ચોર, વચનના ચોર, રૂપના ચોર અથવા આચારના ચોર તથા ભાવના ચોર હોય છે, તેઓ દેવોમાં ઉત્પન્ન થઇને પણ કિલ્બિષી જ બને છે.

તાત્પર્ય એ છે કે-પરની તપસ્યાને પોતાની પ્રતિષ્ઠાને માટે પોતાની બતાવવી એ તપની ચોરી છે. (૧) તપના ચોર ત્રણ પ્રકારના છે.

(૧) કોઈ અતપસ્વી સાધુને કોઇ પૂછે કે-'આપ તપસ્વી છો ?' તેના ઉત્તરમાં 'હા, હું તપસ્વી છું' એમ કહેનાર તપચોર છે.

(૨) તપસ્યા કર્યા વિના રોગાદિ જેવા કોઈ કારણે યા સ્વભાવથી જ ક્ષીણ શરીરવાળા સાધુને કોઈ પૂછે 'શું આપ એજ તપસ્વી છો કે જેમની કીર્તિ અમે પહેલાં સાંભળી છે ?'

એમ પૂછતાં 'સાધુ તો તપસ્વી જ હોય છે, આ પ્રશ્ન કરવો જ વૃથા છે, એવા પ્રકારનો ઉત્તર આપનાર તે તપ ચોર છે.

(૩) 'શું આપ જ ઉગ્ર તપસ્વી છો ?' એવો પ્રશ્ન પૂછવામાં આવતાં પોતાની કીર્તિની કામના કરીને કેવળ મૌન સાધનાર-કાંઈ ન બોલનાર પણ તપચોર છે, કારણ કે મૌન સાધવાથી પ્રશ્નકર્તા એમ સમજી લે છે –'એ બહુ મોટા તપસ્વી છે. તેથી પોતાના ગુણ વર્ણન કરવામાં જરા પણ પ્રવૃત્ત થતા નથી, એટલે સુધી કે પૂછતાં છતાં ઉત્તર પણ નથી આપતા.'

[૨] વાક્યના ચોરને વચનચોર કહે છે. જેમ કે, કોઇ પૂછે 'જે ધર્મદેશના આપવામાં અત્યંત નિપુણ સંભળાય છે તે શું આપ જ છો ?' એ પ્રશ્નના ઉત્તરમાં એમ કહેવું કે 'સાધુ ધર્મદેશના આપવામાં નિપુણ જ હોય છે.' અથવા ચુપકી પકડવી અથવા શાસ્ત્રોથી અનભિજ્ઞ હોવા છતાં વાગાડમ્બરથી પરિષદ્‌ને પ્રસન્ન કરતાં કોઈ પૂછે કે 'આપ અંગ-ઉપાંગોને જાણો છો કે ? એવા પ્રશ્નના ઉત્તરમાં 'સાધુ અંગ ઉપાંગોના જ્ઞાતા જ હોય છે' એમ કહેનાર વચનચોર છે.

[૩] પરના રૂપનું પોતામાં આરોપણ કરનાર રૂપચોર કહેવાય છે. જેમકે કોઈ પૂછે કે 'પૂર્વજ્ઞાત રૂપવાન્ 'શું આપ જ છો ?' તેના ઉત્તરમાં વચનથી સ્વીકાર કરનાર અથવા ચૂપ રહેનાર રૂપચોર છે.

[૪] પરના જ્ઞાનાદિ પાંચ આચારોને પોતામાં આરોપિત કરનાર આચારચોર કહેવાય છે. જેમ કે કોઈ પૂછે 'શું સાંભળવામાં આવતા ઉત્કૃષ્ટ ક્રિયાપાત્ર આપ જ છો ?' એમ પૂછવામાં આવતાં પહેલાંની પેઠે સમાધાન કરનાર અર્થાત 'સાધુ તો ક્રિયાપાત્ર જ હોય છે' એમ કહેનાર આચારચોર છે.

[૫] કોઈ ગીતાર્થ મુનિ પાસેથી સૂત્રાર્થના સંદેહનું નિવારણ કરીને એમ કહે કે- 'એ તો હું પહેલેથી જાણતો જ હતો, આપના મુખેથી કાંઇ નવીનતા સાંભળવામાં આવતી નથી' તો તે ભાવ (જીવાદિ-પદાર્થ) નો ચોર કહેવાય છે.

## તપચોર કો અનિષ્ટ ફલ પ્રાપ્તિ કા કથન

એવા તપ આદિનો ચોર સાધુ દેવતાઓનાં અસ્પૃશ્ય કિલ્વિષી દેવનાં કર્માને ઉપાર્જે છે, અર્થાત એ સાધુ દેવભવ પામીને પણ કિલ્વિષી દેવ થાય છે. (૪૬)

**લદ્ધૂણવિ०** ઇત્યાદિ દેવગતિ પ્રાપ્ત કરીને પણ કિલ્બિષી દેવોમાં ઉત્પન્ન થઇને એ નથી જાણતો કે–'મને કયા કર્મો કરવાથી આ ફળ મળ્યું છે ?' તાત્પર્ય એ છે કે કાંઇક કાયક્લેશ કરવાથી ભવપ્રત્યયિક અવધિ–જ્ઞાન સુધી ત્રણ જ્ઞાન થઇ જાય છે, તો પણ ચોરી આદિ પાપ કર્મોના પ્રભાવથી જ્ઞાનાવરણનો પ્રબળ ઉદય થવાને કારણે અવિશુદ્ધ અવધિ રહે છે. (૪૭)

ઉક્ત ચોરીનું એટલું જ ફળ નથી, પરંતુ બીજું પણ ફળ મળે છે તે દર્શાવે છે–

**તત્તોવિ** ઇત્યાદિ.

એ કિલ્મિષી દેવ દેવભવથી ચવીને મનુષ્ય ભવમાં અજ (બકરા),ની પેઠે બોલનાર-બોબડો થશે, અને પછી નરકગતિ યા તિર્યંચ ગતિને પ્રાપ્ત થશે કે જ્યાં બોધિ (સમ્યક્ત્વની પ્રાપ્તિ) અત્યંત દુર્લભ છે. (૪૮)

ઉપસંહાર કરતાં કહે છે—**एयं च०** ઇત્યાદિ.

ચારિત્રને અંગીકાર્યા પછી પણ કિલ્બિષ–દેવત્વની પ્રાપ્તિ આદિ દોષ જ્ઞાતપુત્ર (સિદ્ધાર્થનંદન) ભગવાન વર્ધમાન સ્વામીએ કેવળજ્ઞાનથી જાણીને પ્રતિપાદન કર્યા છે. તેથી કરીને કાર્ય–અકાર્યના વિવેકી શ્રમણોએ અણુમાત્ર પણ માયા-મૃષાવાદનું આચરણ ન કરવું જોઈએ, અર્થાત્ મુનિ માયા-મૃષાવાદનું થોડું પણ સેવન ન કરે. (૪૯)

**सिक्खिऊण** ઇત્યાદિ. તત્ત્વના જ્ઞાની સંયમીઓની સમીપે આધાકર્મ આદિ દોષોનું જ્ઞાન મેળવીને, આહારની વિધિને સમ્યક્ પ્રકારે જાણીને, જિતેન્દ્રિય થઇને તથા અકાર્ય કરવાથી તીવ્ર લજ્જા પામતાં ભિક્ષુ વિચરે.

**संजयाण बुद्धाण** એ બેઉ શબ્દોથી એમ ધ્વનિત કર્યું છે કે જ્ઞાન અને ક્રિયા બેઉથી જ ભિક્ષા-શુદ્ધિ થાય છે **सुप्पणिहिइंदिए** એ પદથી એમ સૂચિત કર્યું છે કે શિષ્યે એકાગ્રચિત્ત થવું જોઇએ. **तिव्वलज्जगुणवं** થી એમ પ્રદર્શિત કર્યું છે કે લજ્જાવાન્ જ પ્રવચન પ્રતિપાદિત મર્યાદા (આચાર)નું પરિપાલન કરે છે.

શ્રી સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને કહે છે કે હે જમ્બૂ ! મેં ભગવાન શ્રીમહાવીર સ્વામી પાસેથી જેવું સાંભળ્યું તેવું જ તમને કહ્યું છે (૫૦)

**ઈતિ પાંચમા અધ્યયનનો બીજો ઉદ્દેશો સમાપ્ત.**

**ઈતિ શ્રીદશવૈકાલિકસૂત્રના "પિંડૈષણા" નામક**
**પાંચમા અધ્યયનની 'આચારમણિમંજૂષા'**
**ટીકાનો ગુજરાતીભાષાનુવાદ સમાપ્ત. (૫)**

**॥ સમાપ્ત ॥**